ન્યાયવિશારદ - ન્યાયાચાર્ય મહોપાધ્યાય

# શ્રી યશોવિજયજી મ. કૃત ચોવીસી

## અર્થ-ભાવાર્થ સહિત



અનુવાદક:

પૂ. પં. શ્રી કુંદકુંદ વિજયજી ગણિવર

શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-ભદ્રંકર-સદ્ગુરુભ્યો નમઃ ।।

*    *    *

ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય

શ્રીયશોવિજયજી વાચક વિરચિત

# સ્તવન ચોવીસી

(અર્થ-ભાવાર્થ સહિત)

-: અનુવાદક :-

પૂ. પં. શ્રી કુંદકુંદવિજયજી ગણિવર

પ્રકાશક :

**ભક્તિ પ્રકાશન મંદિર**

C/o શ્રી ચંદ્રકાંત કાંતિલાલ શાહ

૧૧, નવરંગ કોલોની, નવરંગપૂરા. **અમદાવાદ-૯**

નકલ ; ૧૨૫૦

વિ. સં. : ૨૦૩૭

ઇસ્વીસન : ૧૯૮૧

**મૂલ્ય રૂપિયા પાંચ**

**મુદ્રક :**

પ્રીમા પ્રીન્ટરી

ગોલવાડ શાહપુર, **અમદાવાદ.**

# પ્રકાશકનું નિવેદન

થોડા દિવસ પહેલાં જ શ્રી આનંદઘન ચોવીસી અર્થ– ભાવાર્થ સહિત બહાર પાડયા પછી ન્યાય વિશારદ, ન્યાયાચાર્ય, સમર્થશાસ્ત્રકાર, મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વિરચિત આ સ્તવન ચોવીસી બહાર પાડતા અમો અતિ આનંદની લાગણી અનુભવીએ છીએ. આ ચોવીસી પણ શ્રી જૈન સંઘમાં અતિ આદર પામેલી એક પ્રમાણભૂત સુંદર કૃતિ છે. તેના આલંબનથી આજ સુધીમાં અનેક આત્માઓએ મહાન આત્મિક લાભ પ્રાપ્ત કર્યો છે.

પરમ પૂજ્ય, અધ્યાત્મમૂર્તિ, પંન્યાસપ્રવર, શ્રી ભદ્રંકર વિજયજી ગણિવરશ્રીના શિષ્ય પૂ. પં. શ્રી કુંદકુંદવિજયજી મહારાજશ્રીએ સાદી અને સરલ ભાષામાં આ ચોવીસીનો અર્થ અને ભાવાર્થ તૈયાર કરી આપ્યો છે.

અર્થ અને ભાવાર્થના આલંબનથી આ ચોવીશીનું તાત્પર્ય ખ્યાલમાં આવતાં બાળ જીવોને પ્રભુભક્તિમાં વધારે રસ પ્રાપ્ત થાય એ સ્વાભાવિક છે.

ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય, સમર્થશાસ્ત્રકાર, પૂ. મહોપાધ્ય શ્રી યશોવિજયજી મ૦શ્રીની સાહિત્ય સૃષ્ટિ અને તેઓશ્રીનો ઉપકાર આપણા ઉપર કેટલો બધો મહાન છે તે જાણવા માટે આધ્યાત્મ યોગી પૂ. ગુરૂદેવશ્રી પંન્યાસ

પ્રવર શ્રીભદ્રંકરવિજયજી મ૦શ્રીનો લેખ આ બુકમાં પ્રગટ થયો છે. તેને મનન પૂર્વક વાંચવા ખાસ ભલામણ છે.

આ પુસ્તક સમયસર પ્રગટ થયું છે તેમાં પ્રીમા પ્રિન્ટરી વાલા ભાઈશ્રી મહેન્દ્રભાઈએ દાખવેલો ઉત્સાહ ખાસ નોંધ પાત્ર છે. તથા બહુજ ટુંકા ગાળામાં ત્રિરંગી સુંદર ટાઈટલ ચિત્ર તૈયાર કરી આપવામાં ચિત્રકાર મહેન્દ્રભાઈ એ પણ અમારા કાર્યને ઘણું સરળ બનાવી આપ્યું છે.

સૌ કોઇ આ પુસ્તકનું વાંચન મનન કરી આત્મ-કલ્યાણને સાધો એજ અભિલાષા !!!

# શ્રી અરિહંત પ્રાર્થના

**હે જગચ્ચિંતામણિ–જગનાથ!**

આપને વંદન! ત્રિવિધે કોટિકોટિશઃ વંદન!

**ચિંતાની આગને ઠારનારા ધર્મના હે દાતાર!**

મારા ચિત્તનો કબજો આપને સોંપવાની સદ્બુદ્ધિ આપો!

**સર્વભય જેતા હે ભગવાન!**

ભયંકર ભવ–અટવીમાં આપનું અભયપ્રદ સ્વરૂપ મારું ધ્યાન બનો!

**હે પુરુષોત્તમ પરમાત્મા!**

આપની ઉત્તમત્તા મારા પ્રાણોનો પ્રાણ વાયુ બનો!

**હે અરિહંત ભગવંત!**

મારી હૃદયવીણાના પ્રત્યેક તાર આપના નામે ઝણ-ઝણી ઉઠો!

**હે જગજીવ ત્રાતા!**

ન સંભાળી શકાય એવા અણમોલ આત્મધનની સુરક્ષાનો ભાર આપને સોંપીને નિશ્ચિંત બનવાની મારી મુરાદ આપ બર લાવો!

**સર્વપાપ પ્રમાશક હે પ્રભુ!**

આપની આજ્ઞાના સૂરજનું અજવાળું ઝીલવાની પાત્રતા બક્ષો!

**મહામોહજેતા હે માલિક !**

કષાયના તાપથી દાઝેલા મને આપના ખોળે લ્યો !

**હે નિર્મોહી નાથ !**

સંસાર–શેરીમાં આળોટી–આળોટીને ધુળીઆ બનેલા મારા આત્માને નિર્મળ બનવાની ભૂખ જગાડો !

**હે સર્વદર્શી પરમાત્મા !**

જ્યાં આપ નહિ, ત્યાં હું નહિ, એ સત્ય મારું જીવન બનો !

**હે સમરથ સાહિબ !**

આપની ભક્તિ એ જ મારી શક્તિ છે, એ જ મુક્તિનું સાચું બીજ છે, એ વાતને મૃત્યુ પણ ન મારી શકે એટલી ઊંડી મારા જીવનમાં ઉતારો !

**હે સર્વમંગળકર સ્વામિન્ !**

મને અખૂટ વિશ્વાસ છે કે મારી આ પ્રાર્થના અચૂક ફળવાની છે !

—o—

## સમર્થ શાસ્ત્રકાર, પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ શ્રીની સાહિત્ય સૃષ્ટિ અને તેઓશ્રીનો અજોડ ઉપકાર.

લે. : અધ્યાત્મયોગી, પૂજ્યપાદ, ગુરૂદેવ, પંન્યાસપ્રવર, શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર.

શ્રી જૈન શાસનરૂપી નભો મંડલમાં પ્રકાશને પાથરનાર અગણિત તારકો થઈ ગયા. તેમાં છેલ્લે છેલ્લે વર્તમાન શાસનને સૌથી વિશેષ પ્રભાવિત કરનાર મહાન્ વિભૂતિ તે ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા. જેઓશ્રીએ પરમાત્મા શ્રી મહાવીર પ્રભુના શાસનને સાચી રીતે ઓળખ્યું, અને જગતને ઓળખાવ્યું.

અનેકાંત ગર્ભિત જૈન સિદ્ધાંતને સાચી રીતે ઓળખાવવો એ બાળકના ખેલ નથી. છતાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે બાલ્યવયમાં એ ખેલ ખેલી બતાવ્યો. બાલ્યવયમાં દીક્ષા લઈ મન, વચન, અને કાયાથી ગુરૂને સમર્પિત થઈ, સાધુધર્મને શુદ્ધ પાળી, પોતાના સમયમાં વિદ્યમાન જૈન–અજૈન ઘણાખરા શાસ્ત્રોના પારંગત બની, સ્યાદ્વાદ સિદ્ધાંતના સારને નૂતન વાણીમાં ગુંથી દેવો, તર્ક અને કાવ્ય ઉપર અદ્ભૂત પ્રભુત્વ પ્રાપ્ત કરીને, જિનશાસનની મહાન પ્રભાવના કરવી, અને અનેક ગ્રંથરત્નોનું સર્જન કરીને, ભવિષ્યની પ્રજાને સમ્યગ્ જ્ઞાનનો અમૂલ્ય વારસો આપી જવો, એ કાર્ય નાનું સુનું નથી.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ એક એવું કાર્ય કરી ગયા છે કે જેથી સમ્યગ્ જ્ઞાનનો ભૂખ્યો કોઈ પણ માનવી, તેમના ગ્રંથો વડે પોતાની ભૂખ ભાંગી શકે. સમ્યગ્ દર્શનનો તરસ્યો, તેમની વિવિધ પ્રકારની કૃતિઓ રૂપી જલનું પાન કરીને પોતાની તરસ છીપાવી શકે અને સમ્યગ્ ચારિત્રનો રસિયો કોઈ પણ મુનિ તેમના આદર્શ સંયમી જીવનના આદર્શ વડે પોતાના સંયમી જીવનને ઉજ્જવળ બનાવી શકે.

ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજના જીવનની ખરેખરી મહત્તા અને ઉપકારકતા વળી બીજી જ છે. આજના જિજ્ઞાસુ જીવોને પ્રભુનો સત્યમાર્ગ શું છે? તે જાણવા માટે તેમની કૃતિઓ સર્વમાન્ય છે. એક બાળકથી માંડીને વિદ્વાન્ પર્યંત સર્વ કોઈને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાના ટંકશાલિતામાં લેશ પણ સંદેહ થતો નથી. સર્વ કોઈ માર્ગ ભૂલેલાને માર્ગ પામવાનું આજે એકનું એક વિશ્વસનીય સ્થાન, ઉપાધ્યાયશ્રીની વિદ્યમાન ગ્રંથ કૃતિઓ છે. પૂર્વધરો અને અતીન્દ્રિય જ્ઞાનીઓના આ વિરહ કાળમાં સાચો જૈનધર્મ, અને સાચો મોક્ષમાર્ગ શુ છે? તેને યથાસ્થિતપણે જો કોઈને જાણવો હોય તો તેને ઉપાધ્યાયશ્રીની કોઈ પણ કૃતિનું અધ્યયન કોલ આપે છે કે–'હું તમને સત્ય માર્ગ જણાવીશ.'

આજના માનવીને ઉપાધ્યાયજીની કૃતિઓનો આધાર લીધા વિના જૈન શાસનનું સત્ય સમજવું હોય તો તે અશકય નહિ, દુઃશકય તો લાગે જ! ધાર્મિક જ્ઞાન આપવા

માટે અને નવી પ્રજાને, જીવનમાં ધર્મ સંસ્કારવાળી બનાવવા માટે બીજા અનેક ઉપાયોની સાથે આ પણ એક ઉપાય કરવામાં આવે કે–ઉપાધ્યાયશ્રીની વિદ્યમાન કૃતિઓને વિભિન્ન વિભાગોમાં વહેંચી, જેની જેની જેટલી શકિત હોય, તે પ્રમાણે તેને તે તે વિભાગમાં નિષ્ણાત બનાવવામાં આવે! આમ થવાથી થોડાજ વખતમાં જૈન ધર્મની વિશેષતાઓને સમજનાર એક સારો એવો શ્રદ્ધાળુ, વિદ્વદ્વર્ગ તૈયાર થઈ જાય. તેનું વચન સર્વ કોઈને આદેય બને અને તે દ્વારા જ્ઞાન અને શ્રદ્ધાનો નવો પ્રકાશ ફેલાય. ઉપાધ્યાયશ્રીની ગ્રંથરચના સંસ્કૃત–પ્રાકૃત ભાષાની સાથે ગુજરાતી ભાષામાં પણ એટલી વિશાળ છે કે–ધાર્મિક પાઠશાળાઓમાં તેમાંથી ચૂંટીને માત્ર થોડીક જ કૃતિઓ દાખલ કરવામાં આવે, તોય ધર્મ ભાવનાની વૃદ્ધિ થયા વિના રહે નહિ. તેમાંથી બે–ચાર કૃતિઓનો માત્ર નામનિર્દેષ આ મુજબનો છે.

(૧) **સમ્યક્ત્વની શુદ્ધિ** માટે–સમ્યક્ત્વના ૬૭ બોલની સજ્ઝાય અને ત્રણ ચોવીસીઓ.

(૨) **જ્ઞાનની શુદ્ધિ માટે** ૧૨૫–૧૫૦ અને ૩૫૦ ગાથાના ત્રણ સ્તવનો સાથે નિશ્ચય વ્યવહારના શ્રી શાંતિનાથ અને **શ્રી સીમંધર સ્વામીના સ્તવનો** (૩)

(૩) **'ચારિત્રની શુદ્ધિ'** માટે અઢાર પાપ સ્થાનકની અને આઠ દૃષ્ટિની સજ્ઝાયો ઉપરાંત આધ્યાત્મિક સ્તવનો, પદો આ વિગેરે દર્શન–જ્ઞાન ચારિત્રરૂપી આત્માના ગુણોની શુદ્ધિ કરનારા, અનેક ગ્રંથરત્નોનું મનનપૂર્વક અધ્યયન કરવામાં આવે, તો સમજી શકાય કે પૂ. ઉપાધ્યાયજીનું સાહિત્ય કેટલું બધું **ઉપકારક** છે!

## પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. કૃત ચોવીસી.

# પ્રસ્તાવના

શ્રી જિનશાસન ખરેખર જયવંતુ છે, એવા હૃદયોદ્ગાર આ સ્તવન ચોવીસી વાંચતાં–વિચારતાં અનાયાસે સરી પડે છે.

આ ચોવીસી, પરમ શાસન પ્રેમનું જ સર્જન છે. અણિશુદ્ધ જિનભક્તિનો આવિષ્કાર છે.

શ્રી જિનરાજ તરફ આવો અવિચળ પ્રેમભાવ–ભક્તિભાવ કેમ પ્રગટે છે ? એનો ઉત્તર એ છે કે શ્રી જિનેશ્વર દેવોએ રાગ–દ્વેષના કીચકમાં આળોટતા જીવોને આત્માની ઓળખ કરાવી છે, એ આત્માને સાધવાનો શ્રેષ્ઠ માર્ગ બતાવ્યો છે, જીવને શિવ બનાવવાની ઉત્કૃષ્ટ ભાવદયાની ગંગા ત્રિલોકમાં વહાવી છે.

જીવ માત્રનું પરમ હિત ચાહનારા આવા શ્રી જિનેશ્વરદેવને ચાહવામાં જ જીવનું હિત છે, એ સત્ય આ ચોવીસીના ચોવીસે સ્તવનોમાં પૂરેપૂરું પ્રકાશી રહ્યું છે.

આવાં પ્રાણવંતા સ્તવનો કેવળ પ્રયત્ન કરવાથી રચી શકાતા નથી, પણ ભક્ત હૃદયમાં સો ટચની પ્રભુભક્તિ પ્રગટ થયા પછી જ રચી શકાય છે.

આજથી લગભગ અઢીશો વર્ષ પહેલાં થઈ ગએલા પૂ. ઉપાધ્યાય ભગવંતે શ્રી જિનશાસનનું ઋણ ચૂકવવા

માટે પોતાના એકે એક શ્વાસોચ્છ્વાસને સાર્થક કરીને ઉત્તમ કોટિના શ્રુતનો જે વારસો આપણને આપ્યો છે, તેમાં આ ચોવીસીનો પણ સમાવેશ થાય છે.

વિપત્તિઓથી ડઘાયા કે ડગ્યા સિવાય, વિપત્તિઓ વિરુદ્ધની ફરિયાદ પાછળ સમય અને શક્તિ બગાડયા સિવાય, એક જિનેશ્વરદેવના શાસનને ત્રિવિધે સેવનારા આ મહાપુરૂષના અમાપ ઉપકારોને નમસ્કાર કરીને આપણે તેમની રચનાઓમાં પ્રવેશીએ.

આ જિન–ચોવીસીની શરૂઆત '**જગજીવન**' શબ્દથી કરીને પૂજ્યપાદે શ્રી જિનેશ્વરદેવના વિશ્વોપકારી અચિન્ત્ય સામર્થ્યને જ મોખરે રાખ્યું છે.

પોતાના અંતરમાં ઉભરાતી જિન ભક્તિને પૂજ્યશ્રીએ એવો મનોહર શબ્દ–દેહ આપ્યો છે કે આરાધકનું ચિત્ત ત્યાંથી ખસતું જ નથી.

બીજા સ્તવનમાં સાચી જિનભક્તિના પાકા રંગની જમાવટ છે.

એક શ્રી વીતરાગ પરમાત્મા સિવાય બીજા કોઈમાં મારૂં મન ઠરતું નથી, એમ કહેનારા પૂજ્યવર જેવી જિન-ભકિતના મનોરથ પ્રત્યેક ભકતે પણ સેવવા જોઇએ એવું તેમાં ગર્ભિત સૂચન પણ રહેલું છે.

ત્રિભુવનપતિના સેવકની ખરી ખુમારી ત્રીજા સ્તવનમાં છે.

દેશો તો તુમ હી ભલું.,

બીજા તો નવિ યાચું રે.

આવી પરમાત્મ–પરાયણતા આપણે પણ ખીલવવી જ પડશે, ત્યારે જ આત્માનો વિજયડંકો વાગશે.

ભક્તિ–પુષ્પો વડે મઘમઘતા ચોથા સ્તવનમાં પ્રભુ–દર્શનની પ્રાપ્તિનો અપાર આનંદ છલકાઈ રહ્યો છે.

આ આનંદ એટલો સ્વાભાવિક છે કે તે ગાથા ગાનાર પુણ્યાત્માને પણ તેનો અનુભવ થાય છે.

હાથમાં ચિંતામણિરત્ન આવે, ઘરના આંગણામાં કલ્પવૃક્ષ ઉગી નીકળે એટલે જે હર્ષ સંસારી જીવને થાય તેનાથી અદકો આનંદ મુક્તિ રસિક જીવને શ્રી જિન-દર્શનથી થાય તે આ સ્તવન પુરવાર કરે છે.

પાંચમાં સ્તવનમાં પરમ સૌભાગ્યવંતા શ્રી જિનેશ્વર દેવની ભકિતના પાકા રંગની છોળો ઉડી રહી છે.

શ્રી જિનરાજની ભકિતના પાકા રંગમાં રંગાએલા હૃદયનાં લક્ષણો આ સ્તવનમાં છે.

છઠ્ઠા સ્તવનમાં શ્રી વીતરાગ પરમાત્માની ભક્તિ કઈ રીતે થઈ શકે તે બતાવ્યું છે.

સાતમા સ્તવનમાં ત્રિભુવનપતિ શ્રી જિનેશ્વર દેવની ઠકુરાઈનું હૃદયસ્પર્શી વર્ણન છે.

'પિઉ–પિઉ' કરી તુમને જપું રે,
હુ ચાતક તુમે મેહ ।'

આઠમા સ્તવનના સારરૂપ આ પંક્તિ પૂજ્યશ્રીના પરમાત્મપ્રેમની પરાકાષ્ઠા સૂચવે છે.

આત્મામાં જડાએલા સંસારને સજ્જડ લપડાક મારવાનું દૈવત આ સ્તવન જગાડે છે.

સર્વ ચંચળતાને છોડીને પરમાત્મ–સ્વભાવમાં સુસ્થિર બનવાની શ્રેષ્ઠ નમસ્કાર–રતિ નવમા સ્તવનમાં નિરૂપાએલી છે.

પરમ શીતળતા પ્રદાયક શ્રી જિનેશ્વરદેવને ચોકખા ચિત્તે ભજવાની તાત્ત્વિક વાત દશમા સ્તવનમાં છે.

મેલ પ્રત્યે મમતા રાખીને શ્રી જિનરાજને ભજી શકતા નથી.

પરમ કરૂણાસાગર પરમાત્માને છેતરી શકતા નથી, છેતરનારજ છેતરાય છે.

પ્રભુપદ–ઝંખતા ભક્ત હૃદયની નિષ્કપટ વાચા આ સ્તવનમાં છે.

'તુમ વિણુ બીજો રે નવિ ગમે,
એ મુજ મોટી રે ટેક.'

૧૧મા સ્તવનની આ પંક્તિઓ આપણને કહી રહી છે કે, વીતરાગ, સર્વજ્ઞ શ્રી જિનેશ્વરદેવને જ દૃઢ શ્રદ્ધાપૂર્વક ભજો. અપૂર્ણને ભજવાથી આત્માનું દારિદ્ર ફીટતું નથી.

નિષ્કારણ કરૂણાસિંધુ ભગવાનને ભાવથી ભજવામાં જ ભવનો ઉચ્છેદ કરવાની તમન્ના વ્યક્ત કરવાની સદ્બુદ્ધિ આ સ્તવન પેદા કરે છે.

'ક્લેશે–વાસિત મન સંસાર,
કલેશ–રહિત મન તે ભવપાર.'

૧૨મા સ્તવનની આ કડી ઘણું–ઘણું કહી જાય છે, જેના વડે પ્રભુને ભજવાના છે તે ચિત્તને રાગ–દ્વેષથી રહિત બનાવવાનું સામર્થ્ય, આ સ્તવનમાં રહેલું છે.

સમ્યગ્દર્શનની દુર્લભતા અને મહત્તા ૧૩મા આ સ્તવનમાં છે.

આત્માની આંખે જ પરમાત્માને સાચા રૂપમાં ઓળખી શકાય છે.

સુગુરૂને સેવતાં આ આંખ અર્થાત્ સમ્યગ્ દર્શન ઉઘડે છે. તે પછી તો એક પ્રભુમાં જ જીવ રહે છે.

તાત્ત્વિક આ સ્તવન ઉપર વારંવાર ચિંતન કરવાથી આત્મતત્ત્વમાં રમણુતા ખીલે છે.

'સાચો રંગ તે ધર્મનો, સાહેલડિયાં,
બીજો રંગ પતંગ રે, ગુણુ–વેલડિયાં.'

આત્મ સ્વભાવમય જીવનની અદ્ભુત સુરભિ ૧૪ મા સ્તવનની આ કડીમાં છે.

આત્મા અવિનશ્વર છે, તેને પૂર્ણતયા પામેલા પરમાત્માના ગુણોમાં રમણુતા રાખવાનું મનોહર સંગીત આ સ્તવનમાં ગૂંજી રહ્યું છે.

અલ્પતામાં રાચતા મનને પરમ તત્ત્વની પ્યાસ આ સ્તવન જગાડે છે.

જડ એવું ચિંતામણિ રત્ન પણ એના ધારકને વાંચ્છિત ફળ આપે છે તો પરમ ચેતનામય પ્રભુને ભાવથી ભજતાં પરમપદનું પરમસુખ એના ભજનારને મળે તેમાં શી નવાઈ? એ મતલબનું આ ૧૫મું સ્તવન—આત્માને પરમાત્મ—પ્રેમની ખરી ચાનક લગાડે છે.

જે આત્મા જે પળે, જે સ્થળે પરમાત્માના ધ્યાનમાં તરબોળ બને છે તે પળ અને તે સ્થળ બંને ધન્યવાદને પાત્ર ઠરે છે.

લૌકિક સર્વ પદાર્થોનાં ધ્યાન જીવ સહેલાઈથી ધરી શકે છે, આ એકજ ધ્યાન તેને કઠિન પડે છે. પરંતું સકળ સંસારના રસને ઝેર ગણીને આત્માના પ્રદેશોની બહાર કાઢી નાખવાની અચિન્ત્ય શક્તિ તો માત્ર પ્રભુના ધ્યાનમાં જ છે.

આવા ધ્યાનની ધૂન આ સ્તવન પેદા કરે છે.

શુદ્ધ દશાનાં નિર્મળ તેજની જ્યોત ૧૭મા સ્તવનમાં સ્થિરપણે ઝળહળી રહી છે.

આત્મા સિવાયના પર પદાર્થોમાંથી આસક્તિને દૂર કરવાનું દૈવત આ સ્તવન જગાડે છે.

'પ્રભુ પદ વળગ્યા તે રહ્યા તાજા,
અલગા અંગ ન સાજા રે.'

૧૮ મા સ્તવનની આ કડી કહી રહી છે કે, સચ્ચારિત્રમાં રમણતા કરવાથી સદા આત્મકલ્યાણ છે.

સચ્ચારિત્રના જતનમાં જ પરમાત્મ-ચરણનું ગ્રહણ છે. તેને છોડીને બીજાને બાઝનારા આપોઆપ સ્વભાવભ્રષ્ટ થઈને નિગોદ જેવી નિષ્કૃષ્ટ અવસ્થા પામીને દુઃખી-દુઃખી થાય છે.

પ્રભુને રીઝવવાની શ્રેષ્ઠ રીત ઓગણીસમા સ્તવનમાં પૂજ્યપાદે વર્ણવી છે.

લોકોત્તમ એવા શ્રી જિનેશ્વર દેવને જીવનમાં સર્વોત્તમ-પદે સ્થાપવાથી જ તેમને રીઝવી શકાય છે.

પરમ પુરુષની પરમ પાત્રતાને પૂજવાથી જ પાત્રતા પ્રગટે છે, એ સત્ય આ સ્તવનમાં ઝળહળે છે.

શ્રી જિનેશ્વરદેવ ગુણના મહાસાગર છે. તેમના મનના કોઈ પ્રદેશમાં એક પણ અવગુણ નથી.

ગુણનો સ્વભાવ ઉપકાર કરવાનો છે.

એટલે આવા પરમગુણસંપન્ન પ્રભુના અસીમ ઉપકારોની ગંગામાં સતત સ્નાન કરનારા મનને તે પ્રભુની પ્રભુતાનો અનુભવ થાય છે.

અનુભવરસના ઝરણા સમા આ વીસમા સ્તવનનું ચિંતન આવશ્યક છે.

૨૧ મા સ્તવનમાં પરમ કલ્યાણકારી શ્રી જિનેશ્વરદેવને ભાવથી ત્રિવિધે ભજવાથી સાંપડતાં સર્વ શ્રેષ્ઠ સુખોનું પ્રતિપાદન છે.

આત્મસત્તાગત પરમાત્માને જગાડવામાં પરમ સહાય-

ભૂત શ્રી જિનેશ્વર પરમાત્માને ભજવાથી જીવનમાં નિત્યાનંદ છવાય છે, અશુભ બળોનાં આક્રમણ દૂર થાય છે.

જીવ માત્રના પરમ હિતના સ્વામી એવા શ્રી જિનરાજને હરહંમેશ ભાવપૂર્વક ભજવાની ઉલટ આ સ્તવન મનમાં જગાડે છે.

૨૨ મું સ્તવન અધ્યાત્મ રસ પ્રચુર છે. વીતરાગનો રાગ, સરવાળે તારક નીવડે છે, એ સત્યનું તેમાં સમર્થન છે.

પોતાની માતાને હિતકારી માની તેને અનુસરતા બાળકની જેમ પ્રભુની પાછળ પડવાથી, શ્રી જિનાજ્ઞાના સંદર્ભને વળગી રહેવાથી જીવ, પરમાત્માને પકડી શકે છે, જન્મ-મૃત્યુની પકડમાંથી કાયમને માટે મુક્ત થઇ શકે છે, એ હકીકત સભર આ સ્તવન આપણા હૈયે વસો!

સાચી ભક્તિમાંથી જન્મેલા શ્રેષ્ઠ ઉદ્‌ગારોની ઉજ્જવળ હારમાળા ૨૩ મા સ્તવનમાં છે.

એક-એક જે ઉપમા આ સ્તવનમાં છે, તેના ઉપર વધુને વધુ ચિંતન-મનન કરવાથી ત્રિભુવનપતિ શ્રી તીર્થંકર પરમાત્માના પરમ ઉપકારી સ્વરૂપમાં અપૂર્વ લગની પેદા થાય છે.

પરમ તારક શ્રી જિનેશ્વરદેવના ગુણની મીઠાશમાં મુગ્ધ બનેલું મારૂં મન હવે બીજા કોઈ વિચાર-વ્યાપારમાં વળે તેમ નથી. એ મતલબના સૂર ૨૪ મા સ્તવનમાં ગૂંજી રહ્યા છે.

ચાંદની જેવા ચોકખા શ્રી જિનરાજના ચરિત્રમાં વારંવાર મહાલવાની ખરી ઝંખના આ સ્તવન–જીવનનાં પેદા કરે છે.

આ ચોવીસ સ્તવનોનું એકવાર પણ સ્વસ્થ ચિત્તે, ભાવપૂર્વક પઠન કરનારને તેમાં રહેલી પ્રભુભક્તિની મીઠાશ અનુભવવા મળશે. કારણ કે આ સ્તવનો એ પરમ જિન-ભક્ત ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરના મુક્તિ–રસિક હૈયાની પેદાશ છે.

વર્ષા પછી ધરા હરિયાળી બની જાય છે તેમ ભક્તિની વર્ષારૂપ આ સ્તવનોનું હાર્દિક ગૂંજન આપણા અધ્યવસાયને હરિયાળું બનાવે છે. અર્થાત્ પરમાત્મભાવ વાસિત બનાવે છે.

શ્રેષ્ઠ ભક્તિયોગનો શ્રેષ્ઠ આવિષ્કાર આ સ્તવનોમાં છે.

કોઈ પણ નય વડે નિહાળતાં આ સ્તવનો સર્વાંગ–સુંદર પ્રતીત થાય છે.

ન્યાયનિપુણ મતિવાળા પૂજ્યશ્રીએ આ સ્તવનોમાં અકાટ્ય ન્યાયને યથાર્થપણે સાચવ્યો છે. અને રાગ–દ્વેષ રહિત જીવનની સર્વ કલ્યાણકારક ક્ષમતાને બિરદાવી છે.

સર્વજ્ઞ, વીતરાગ, શ્રી તીર્થંકર પરમાત્મા સદૈવ પરમ સ્તવનીય શા માટે છે, તેનાં સર્વ કારણોનું તત્ત્વ તેમજ તર્ક સંગત પ્રતિપાદન આ સ્તવનોમાં છે.

મોહનિદ્રામાં ઘોરતા ચેતનરાજને જગાડવામાં શંખ-નાદ સમા આ સ્તવનો હૃદયના તારને ઝણઝણાવીને આત્માના પ્રદેશોમાં જોરદાર આંચકા પહોંચાડે છે અને તેના પ્રભાવે

આત્માનું સત્ જીવંત બનતું અનુભવાય છે. આત્મા સિવાયના પદાર્થો પરદેશી લાગે છે તેમાંની આસક્તિ અલોપ થઈ જાય છે.

આ સ્તવનોમાં પૂરેપૂરી શાસ્ત્ર–સાપેક્ષતા છે. પરમાત્મ-પદને પામવાની આત્માની ક્ષમતાને આવિષ્કૃત કરનારી સચોટ શાસ્ત્રીય પ્રક્રિયા પણ આ સ્તવનોમાં છે.

પૂ૦ ઉપાધ્યાય મહારાજે જે જે વિષયમાં જે કાંઈ નિરૂપણ કર્યું છે તેમાં તેમણે પોતાના અનુભવ સ્પર્શને પણ સુંદર રીતે વણી લીધો છે. પ્રભુભક્તિનું સામર્થ્ય બતાવતાં તેઓશ્રી, એક સ્થાને જણાવે છે કે–

**મારે તો બનનારૂં બન્યું જ છે,**
**હું તો લોકને વાત શિખાવું રે.**

આ પંક્તિનો ભાવાર્થ એ છે કે શ્રી જિનેશ્વર પ્રભુની ભક્તિ કરતાં મને જે અંતરંગ આનંદ પ્રાપ્ત થયો છે તે વચનાતીત છે. તેને આલેખવા માટે કોઈ શબ્દો નથી. તે આનંદ મોક્ષના આનંદનો નમુનો છે.

આવા અંતરંગ આનંદની બીજાને પણ પ્રાપ્તિ થાય તે માટે મારો અનુભવ બીજાને જણાવું છું, કે જેથી દુઃખ-મય આ સંસારમાં બીજા પણ ભવ્ય આત્માઓ પ્રભુ આજ્ઞા પૂર્વક ભક્તિ માર્ગમાં લીન થઈ અહીં જ મોક્ષ સુખનો અનુભવ કરનારા થાય.

પ્રત્યેક સમ્યગ્દૃષ્ટિ મહાત્માની ભાવના ઘણી ઉચ્ચ કોટિની હોય છે. આખા જગતના તમામ જીવો ઉત્કટ

આનંદ રસથી ભરપુર અને એવી ભાવના તેઓ ભાવતા હોય છે. પૂ૦ ઉપાધ્યાય મહારાજે તે ભાવનાને શબ્દમાં વ્યકત કરવાની અજોડ કળા પ્રાપ્ત કરી હતી તેથી તેમની રચનામાં ઘણા ઘણા અપૂર્વ ભાવોનો સ્પર્શ વાંચનારને પણ થાય છે.

એક પ્રભુને મન સોંપી દેનારા ભકતવરના આત્માના ઉદ્દગારો સ્વરૂપ આ સ્તવનોમાં રાગ-દ્વેષરૂપી સંસારના ઝેરને નીચોવી નાખીને, આત્માના અસલ સ્વરૂપને જ આલિંગવાની ઉચ્ચતર અભિલાષા પેદા કરવાની અનુપમ જે ક્ષમતા છે, તેનો અનુભવ આ સ્તવનોના સ્વાધ્યાય-મનન-ચિંતન કરનારા સહુ આત્માર્થીઓને થતો રહ્યો છે.

આત્માનુભવના અમર આનંદમાં એકાકાર થવાની લગની લગાડનારાં આ સ્તવનોના રચયિતા ભગવંતને પુનઃ પુનઃ પ્રણામ.

શ્રી નેમિનાથ જૈન દેરાસર
શ્રી ચંદ્રકાંત કાંતિલાલનો બંગલો
૧૧, નવરંગ કોલોની,
નવરંગપૂરા
અમદાવાદ ૩૮૦૦૦૯

પં. કુંદકુંદવિજય ગણી

### પ. પૂ. ગુરૂદેવ પંન્યાસજી મ. સા.ની દૃષ્ટિએ

# આ ચોવીસીની વિશિષ્ટતા

[પૂ. પં. શ્રી પ્રદ્યોતન વિજયજી મ. અને અમારૂં પ્રથમ ચાતુર્માસ મહારાષ્ટ્રમાં આવેલા તળેગામમાં થયેલું તે વખતે ગુરુદેવ પૂ. પંન્યાસજી મહારાજશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર શ્રીએ આ ચોવીસીની મહત્તાને દર્શાવનાર એક પત્ર પૂ. પં. શ્રી પ્રદ્યોતન વિજય મ. ઉપર લખેલો હતો તેને અહીં હવે પછીના પૃષ્ઠમાં અક્ષરશઃ રજુ કરીએ છીએ.

ગૂર્જર સાહિત્ય સંગ્રહ નામનો ગ્રન્થ કે જેમાં પૂ. ઉપાધ્યાય મહારાજશ્રીની ગૂર્જર કૃતિઓનો સંગ્રહ છે. કે જે સંગ્રહ પૂ. ગુરૂદેવશ્રીએ પોતાની દીક્ષાના પ્રથમ વર્ષે જ એટલે કે આજથી ૫૧ વર્ષ પહેલાં તૈયાર કરેલો હતો. તે ગ્રંથમાંથી અમારા દીક્ષાના પ્રારંભના વર્ષોમાં અનેક કૃતિઓ પૂ. ગુરૂદેવશ્રીએ અમને કંઠસ્થ કરાવી હતી અને પૂ. ઉપાધ્યાયજી મ. ના સાહિત્ય પ્રત્યે આદર, બહુમાન અને રસ ઉત્પન્ન થાય તે માટે પૂજ્યાપાદ ગુરૂદેવશ્રીએ અથાગ પ્રયત્ન કર્યો હતો.

[પં. કુંદકુંદ વિજય ગણી]

**જે સ્તવન ચોવીસી આ પુસ્તકમાં પ્રગટ થઈ છે તે ચોવીસીની વિશિષ્ટાતાદર્શક પૂ. ગુરૂદેવશ્રીનો પત્ર**

"આ ચોવીશીના સ્તવનો અદ્ભૂત છે" પ્રભુની સાથે આત્માને એકમેક બનાવવા માટે એ ચોવીશ સ્તવનો કરતા બીજી કોઇ વધારે સહેલી ચીજ હજુ સુધી મારા અનુભવમાં આવી નથી. એ નાનકડા સ્તવનોના એક એક અક્ષર અર્થ ગાંભીર્યથી ભરેલો છે. શાસ્ત્રોનો અધિક બોધ થયાપછી જ તેની અર્થ ગંભીરતાનો ખ્યાલ આવે છે. બીજાં સ્તવનો મોઢે થાય કે ન થાય, તેની ફિકર નહિ, પણ આ ચોવીસીને તો કદી ભૂલવી નહિ, એવી મારી તમને ફરી ફરીને ભલામણ છે. એમાં જે છે તે પ્રાયઃ ગુજરાતી ભાષામાં બીજે મળવું શકય નથી. એનું એકેક પદ સેંકડો વાર બોલશો તો પણ નવો નવો ભાવ ઝર્યા જ કરશે. એવું પ્રાયઃ બીજી કૃતિઓમાં ઓછું જ બને છે. માટે તેને હૈયાનો બનાવશો,

**અધ્યાત્મયોગી, ગુરૂદેવ પૂ. પંન્યાસ પ્રવર,**
**શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર**

# પ્રભુપાસજીસુખદાઈ

સુખદાઈ રે સુખદાઈ, દાદો પાસજી સુખદાઈ;
ઐસો સાહિબ નહિ કોઈ જગમે,
સેવા કીજે દીલ લાઈ. સુખ. ૧

સબ સુખદાયક એહિજ નાયક, એહિસાયક સુસહાઈ;
કિંકરકું કરે શંકર સરિસો,
આપે અપની ઠકુરાઈ. સુખ. ૨

મંગલ રંગ વધે પ્રભુ ધ્યાને, પાપવેલી જાએ કરમાઈ;
શીતલતા પ્રગટે ઘટ અંતર,
મિટે મોહકી ગરમાઈ. સુખ. ૩

કહા કરૂં સુરતરૂ ચિંતામણિકું, જો મેં પ્રભુ સેવા પાઈ;
**શ્રી જસવિજય** કહે દર્શન દેખ્યો,
ઘર–અંગન નવનિધિ આઈ. સુખ. ૪

# —: પુસ્તક પ્રાપ્તિસ્થાનો :—

[૧] સોમચંદ ડી. શાહ
જીવણનિવાસ સામે,
**પાલીતાણા** [સૌ.]

[૨] સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજનગલી, ૧લે માળે
ઝવેરીબજાર, **મુંબઈ–૨.**

[૩] શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ
જૈન પુસ્તક ભંડાર,
**શ્રી શંખેશ્વર.** વાયા
હારીજ [ઉ. ગુ.]

[૪] જસવંતલાલ ગીરધરલાલ
૩૦૯/૪ દોશીવાડાની પોળ,
કાળુપુર, **અમદાવાદ–૧.**

[૫] સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના,
**અમદાવાદ–૧.**

[૬] જૈન ધાર્મિક તત્ત્વજ્ઞાન
પાઠશાળા, આરતી, સી–
બ્લોક નં. ૫, જુના નાગર
રોડ, ચિનોઈ કોલેજ સામે,
અંધેરી [ઈસ્ટ]
**મુંબઈ–૬૯.**

[૭] જયકુમાર કે. ઝવેરી
૧૧૧, ત્રાંબા કાંટા,
**મુંબઈ–૩.**

[૮] મેઘરાજ પુસ્તક ભંડાર
૨૧૯A, કીકા સ્ટ્રીટ,,
ગોડીજી ચાલ, **મુંબઈ–૨.**

[૯] જયંતિલાલ માણેકલાલ
C/o. શા. મેઘજીપૂંજાભાઈ
ઘીવાલા
૨૬૧, નરશી નાથા સ્ટ્રીટ,
ભાત બજાર. **મુંબઈ–૯.**

[૧૦] શાહ ધીરજલાલ વેલજી
૧૬૮, મોતીશા લેન,
મોતીશા જૈન પાર્ક,
ભાયખલા, **મુંબઈ–૨૦.**

[૧૧] શા. ઝવેરચંદમોતીચંદગુઢકા
C/o. હરખચંદ એન્ડ કું.
પોસ્ટ બોક્ષ નં. ૫૦૬૨,
૧૨-૧૪, કાઝી સૈયદ સ્ટ્રીટ,
ત્રીજે માળે, **મુંબઈ–૯.**

[૧૨] શાહ વાઘજી વેલજી ગુઢકા
પો. બોક્ષ ૮૨૨૧૫
**મોમ્બાસા** [કેન્યા]

[૧૩] સંઘવી મણિલાલ ધરમશી
પો. નં. ૪૨૧૩૫
**નાઇરોબી** [કેન્યા]

॥ ॐ अर्हं नमः ॥

ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ

પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ૦ વિરચિત

# શ્રી જિન સ્તવન-ચોવીસી

## ૧. શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન

જગજીવન જગવાલહો,
મરૂદેવીનો નંદ લાલ રે;
મુખ દીઠે, સુખ ઉપજે,
દરિશન અતિ હિ આનંદ લાલ રે. જગ. ૧

●

**અર્થ :** જગતના જીવનરૂપ, જગતને વહાલા એવા શ્રી ઋષભદેવ પ્રભુ મરૂદેવી માતાના સુપુત્ર છે. તેમનું મુખ જોવાથી સુખ ઉપજે છે અને દર્શન કરવાથી અતિશય આનંદનો અનુભવ થાય છે.

**ભાવાર્થ :** શ્રી ઋષભદેવ પ્રભુ (અને બીજા પણ શ્રી તીર્થંકર દેવો) સાચે જ જગજીવન છે, જગબંધુ છે, જગનાથ છે.

પાણી જેમ છોડ માટે જીવનદાતા ગણાય છે, તેમ આધિ વ્યાધિ અને ઉપાધિથી પીડાતા જગતના જીવોના

જીવનમાં–ધર્મોપદેશ દ્વારા શાતાનું અમૃત સિંચનારા શ્રી ઋષભદેવ પ્રભુ સાચા અર્થમાં જગજીવન છે.

જગતના જીવોના જીવનમાંથી પ્રભુના ધર્મને બાદ કરી દઈએ, તો જીવોના જીવન ચન્દ્ર વગરની શ્યામ રાત્રિ કરતાં પણ વધુ શ્યામ બની જાય.

આવા પરમોપકારી પ્રભુ, જગતના વિવેકી જીવોને પ્રાણ પ્યારા લાગે તે સ્વાભાવિક છે.

મરૂદેવી માતાના નંદ ઋષભદેવ પ્રભુ ખરેખર આનંદના કંદ છે!

જુઓ જુઓ! કેવા નિર્વિકાર ભાવ તેમના મુખ પર વિલસી રહ્યા છે? અને તેમનું દર્શન તો અહા હા! દિલમાં એવી ટાઢક જન્માવે છે કે જેનું વર્ણન થઈ શકે એમ નથી.

**આંખડી અંબુજ પાંખડી,**
**અષ્ટમી શશિ સમ ભાલ લાલ રે;**
**વદન તે શારદ ચંદલો,**
**વાણી અતિ હિ રસાલ લાલ રે. જગ. ૨**

●

**અર્થ:** પ્રભુનાં નયન દ્વય કમળની પાંખડી સમાન છે, પ્રભુનું લલાટ અષ્ટમીના ચન્દ્ર જેવું છે, પ્રભુનું વદન શરદ ઋતુના પૂર્ણ ચન્દ્ર જેવું છે અને તેમની વાણી અત્યંત રસ પેદા કરનારી છે.

**ભાવાર્થ : હે ધર્મસ્નેહીઓ ! એકી ટસે જોતાં પ્રભુની** એ આંખો કમળની પાંખડી જેવી લાગે છે. વિષય વિકારના મળની સહેજ પણ અસર ત્યાં નથી. કરુણાભાવની કોમળતા તેમાં છે. આત્મ તુલ્યતાના ભાવની મહેક ત્યાં છે. પ્રેમ–વાત્સલ્ય રસનાં ઝરણાં તેમાંથી સતત વહ્યા જ કરે છે.

અને પ્રભુનું લલાટ તો જુઓ ! મધ્યાકાશે ચમકતા આઠમના ચન્દ્રની જેમ કેવું ચળકી રહ્યું છે ! નથી ત્યાં ચિંતાની રેખા, નથી વિષાદની છાંટ, પૂર્ણ વિકસિત ભવ્યત્વનું તેજ ત્યાં ઝળકી રહ્યું છે.

અને વહાલા એ વિશ્વેશ્વરનું વદન મુખ તો નિહાળો. શરદ ઋતુના પૂર્ણ ચન્દ્રની જેમ તે હસી રહ્યું છે. જાણે કે નર્મળ આત્મચન્દ્રની આરસી જ જોઈ લો ! ત્યાં રસ છે, પણ આત્માનો, આત્મા માટેનો, વિશ્વ કલ્યાણ માટેનો, પણ બીજો કોઈ નહિ.

આવા જગજીવનની વાણીમાં જીવને પાણી પાણી કરી નાખવાની એવી તો વત્સલતા વહી રહી છે કે જાણે બસ સાંભળ્યા જ કરીએ !

મધરાતે રડતું બાળક પોતાની માતાના વાત્સલ્યભર્યા એ શબ્દો સાંભળીને શાન્ત થઈ જાય છે, તેમ વિષય–કષાય ગ્રસ્ત જીવો આ વાણી સાંભળીને હર્ષવિભોર બની જાય છે.

માલકોશ રાગમાં વહેતી પાત્રીસ ગુણયુક્ત આ વાણી પથ્થર જેવા કઠણ હૃદયને પણ કૂણું પાડીને દયાભીનું બનાવે છે.

'બુજઝ બુજઝ ચંડકોશિયા! દેવાધિદેવ શ્રી મહાવીર સ્વામી પ્રભુના આ શબ્દોએ ચંડકૌશિક જેવા અતિ ક્રોધી સર્પને પણ તત્કાલ કેવો શાન્ત, દયાળુ બનાવી દીધો હતો તે આપણે જાણીએ જ છીએ.

'સંસાર–દાવાનલ–દાહનીરં', એટલે જ શ્રી જિનેશ્વર-દેવની પાંત્રીસ ગુણયુક્ત વાણીરૂપી પાણી.

**લક્ષણ અંગે વિરાજતાં,**
**અડહિય સહસ ઉદાર લાલ રે;**
**રેખા કરચરણા–દિકે,**
**અભ્યંતર નહિ પાર લાલ રે. જગ. ૩**

●

**અર્થ :** પ્રભુના પુણ્યદેહે એક હજાર ને આઠ ઉત્તમ લક્ષણો શોભે છે. હાથ–પગના તળિયાં પર અનેક પ્રકારની શુભ રેખાઓ હોય છે. આ બધાં તો બાહ્ય લક્ષણો છે. જ્યારે આંતરિક લક્ષણો યાને આત્મિક ગુણોનો તો કોઈ પારજ નથી.

**ભાવાર્થ :** પરનારી સહોદર અને પરદુઃખ ભંજક મહારાજા વિક્રમ જેવા પુરુષો બત્રીસ–લક્ષણા કહેવાય છે.

જ્યારે વાસુદેવના દેહ પર ૧૦૮ શુભ લક્ષણો હોય છે.

પણ ૧૦૦૮ ઉત્તમ લક્ષણો તો શ્રી તીર્થંકર પરમાત્માના પુણ્યદેહ પર જ શોભતાં હોય છે. આ લક્ષણો

પ્રભુની પ્રભુતાનો સ્પષ્ટ ખ્યાલ આપીને તેમની સેવા કરવાની પ્રેરણા આપે છે.

પ્રભુના કર—તલ અને પાદ તલે છત્ર, ચામર, યવ, પદ્મ, સ્વસ્તિક અને ચક્ર આદિ અનેક આકૃતિઓ સ્પષ્ટપણે અંકિત થએલી હોય છે.

આ બધાં બાહ્ય શુભ લક્ષણો ઉપરાંત, પ્રભુમાં આંતરિક ગુણો તો એટલા બધા પાર વિનાના હોય છે, કે તેની ગણત્રી કોઈથી પણ થઈ શકતી નથી.

આ આંતરિક ગુણોથી આકર્ષાઈને પ્રભુને ભજવાનું ઉત્તમ કાર્ય, તત્ત્વજ્ઞ પુરુષો સહેલાઈથી કરી શકતા હોય છે, પણ બાળજીવો તો પ્રભુના બાહ્ય લક્ષણો જોઈને જ પ્રભુને ભજવામાં ઉત્સાહિત થાય છે. પ્રભુના બા લક્ષણો પણ જગત ઉપર મહાન ઉપકાર કરે છે.

શ્રેષ્ઠ સામુદ્રિક લક્ષણો ધરાવતો પુરુષ, સમાજમાં તરત આદરપાત્ર બની જાય છે, તો પછી સર્વોત્કૃષ્ટ બાહ્યાભ્યંતર લક્ષણોવાળા શ્રી તીર્થંકરદેવ જગતના જીવોને અતિ પ્યારા લાગે તે તદ્દન સ્વાભાવિક જ છે.

**ઇન્દ્ર, ચન્દ્ર, રવિ, ગિરિતણા**
**ગુણ લહી ઘડીયું અંગ લાલ રે;**
**ભાગ્ય કીહાં થકી આવિયું,**
**અચરિજ એહ ઉત્તંગ લાલ રે. જગ. ૪**

**અર્થ :** માની લઈએ કે ઈન્દ્ર, ચન્દ્ર, સૂર્ય અને મેરૂગિરિના ગુણો લઈને પ્રભુનો પુણ્યદેહ ઘડવામાં આવ્યો હોય, પણ આવું ઉત્કૃષ્ટ ભાગ્ય ક્યાંથી આવ્યું ? એ મોટું આશ્ચર્ય છે.

**ભાવાર્થ :** પ્રભુજી આમ તો નિરૂપમ છે. કોઈ ઉપમા વડે પૂરેપૂરા વર્ણવી ન શકાય તેવા અનુપમ ગુણ—લક્ષણોના સ્વામી છે, તેમ છતાં ભવ્ય જીવોને તેમના તરફ ભક્તિભાવ જગાડવા માટે જગતમાં ઉપલબ્ધ શ્રેષ્ઠ ઉપમાઓ વડે તેમની સર્વોત્તમતાને બિરદાવવી પડે છે.

એટલે જ પૂ. ઉપાધ્યાયજી ભગવંત લખે છે કે, ઈન્દ્રનું રૂપ, ચન્દ્રની શિતળતા, સૂર્યનો પ્રતાપ અને મેરૂની અડગતા-સ્થિરતા, એ બધા ગુણો વડે પ્રભુજીનો પુણ્યદેહ ઘડાએલો છે.

પણ આ ઉપમાઓ દ્વારા, નિરૂપમ એવા જગજીવનની રખેને લાઘવતા ન થઈ જાય એટલે ઉમેરે છે કે, પ્રભુનું ભાગ્ય તો પોતાનું જ છે. કારણ કે ઈન્દ્ર-ચન્દ્રાદિ તો પ્રભુને વંદન કરતાં હોય છે. એટલે તેમના ભાગ્યમાંથી પ્રભુજીનું ભાગ્ય ન જ ઘડાય તે સ્વાભાવિક છે.

પ્રભુજીના ભાગ્યમાં તો ગમે તેવા ભાગ્યહીનને પણ ક્ષણ વારમાં જ મહાભાગ્યવંત બનાવી દેવાનું અમાપ સામર્થ્ય રહેલું છે.

દુર્ભાગ્યવશ દુઃખી થતા જીવો, જો ભાવથી શ્રી અરિહંતને ભજે છે, તો તેમના જીવનમાં અપૂર્વ ઉલ્લાસનું મંગળ પ્રભાત ઉઘડે છે.

ત્રણ જગતના જીવોનું પરમ કલ્યાણ ચિંતવનારા જગચિંતામણિ શ્રી જિનેશ્વરદેવને ભાવથી ભજનારા ભાગ્યશાળીના ચિત્તમાં કોઈ ચિંતા ટકી શકતી નથી. સૂર્ય સામે જે હાલત અંધકારની થાય, તેવી જ હાલત શ્રી જિનભક્તિના પગલે પાપકર્મોની થાય.

આવા પરમ ભાગ્યવાન ભગવાનને ભજનારા સહુ પણ ભાગ્યશાળી છે તેમાં કોઈ શક નથી.

**ગુણ સઘળા અંગે કર્યા,**
**દૂર કર્યા સવિ દોષ લાલ રે;**
**વાચક યશવિજયે થુણ્યો,**
**દેજો સુખનો પોષ લાલ રે. જગ. ૫**

●

**અર્થ** : એ પ્રભુએ સર્વ ગુણોને સ્વાધીન કર્યા છે, દોષ માત્ર દૂર કર્યા છે. વાચક શ્રી યશોવિજયજી મહારાજે એ પ્રભુને સ્તવ્યા છે. અને પ્રાર્થના કરતા કહે છે કે હે પ્રભુ! અમારા આત્મિક સુખની પુષ્ટિ કરો.

**ભાવાર્થ** : એ પ્રભુએ એટલે દેવાધિદેવ શ્રી ઋષભદેવ સ્વામીએ આત્માના અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ અનંત ગુણો, સર્વ ઘાતી કર્મોનો નાશ કરી પ્રગટાવ્યા છે અર્થાત્ સ્વઅંગભૂત બનાવ્યા છે. અને મિથ્યાત્વ, અજ્ઞાન. અવિરતિ પ્રમાદ કામ તથા રાગ દ્વેષાદિ અનંત દોષોને આત્માના ઘરમાંથી સર્વથા દૂર કરી દીધા છે.

એ ત્રિલોકેશ્વર પ્રભુને મેં સ્તવ્યા છે. ભજ્યા છે એમ પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મ. કહે છે.

મતલબ કે પુણ્યશાળીઓએ પૂરા પ્રેમથી શ્રી જિનેશ્વરદેવને ભજવા જોઈએ, તેમના ગુણ ગાવા જોઈએ.

સ્વતનને અંતે પૂ. ઉપા. ભગવંત પ્રભુને અરજ કરે છે કે, આત્મિક સુખોનું પોષણ કરવાનું સામર્થ્ય આપ મારામાં પ્રગટાવજો.

'દેજો સુખનો પોષ લાલ રે,' એ પંક્તિનો એક અર્થ એવો પણ થાય છે કે, હે વહાલા પ્રભુ! મને પસલી ભરીને સુખ આપજો. મતલબ કે મુઠીભર સુખ મારે નથી જોઈતું, પણ અનર્ગળ આત્મિક સુખ જોઇએ છે.

આનંદના કંદ એવા શ્રી જિનેશ્વરદેવ પાસે અનર્ગળ આત્મિક સુખથી ઓછું સુખ શા માટે માગવું જોઈએ?

અને આત્મિક સુખ સિવાયનાં સઘળા ભૌતિક સુખો કાયમ ટકતાં નથી, એટલે કોઇ પણ વિવેકીને તેમાં રસ નથી પડતો. એવો સ્પષ્ટ પ્રતિધ્વનિ ઉક્ત પંક્તિમાંથી ઉઠે છે. તેને આપણે ગ્રહણ કરીએ અને ભાવે, જિનભક્તિ કરીએ.

આત્મામાં પરમાત્મા પ્રતિષ્ઠિત થાય છે ત્યારે આવા ભક્તિરસભીના ઉદ્‌ગારો નીકળે છે.

દેવના દર્શન વગરનો દિવસ વાંઝીઓ ગણાય છે એવો વાંઝીઓ દિવસ કોઈના પણ જીવનમાં ન ઉગજો!

સુંદરમાં સુંદર કલાકૃતિ કરતાં પણ શતગુણી આકર્ષક્તા શ્રી જિનપ્રતિમા ધરાવે છે એ અનુભવ કરવા આપણે દરરોજ દહેરાસર જઈને દેવાધિદેવને દિલની આંખે નિરખવા જોઈએ. પછી જુઓ મજા આત્મમસ્તીની! આત્માના આનંદની. પ્રભુના આલંબનથી આત્મામાં જે સુખ પ્રગટે છે તેજ નિર્દોષ સુખ છે, તે જ નિર્દોષ આનંદ છે.

●

## ૨. શ્રી અજિતનાથ સ્વામીનું સ્તવન

અજિત જિણંદશું પ્રીતડી,
　　મુજ ન ગમે હો બીજાનો સંગ કે;
માલતી ફૂલે મોહિયો,
　　કિમ બેસે હો, બાવળતરુ ભૃંગ કે. અજિત. ૧

●

**અર્થ** : મારી પ્રીતિ શ્રી અજિતનાથ જિનેશ્વરદેવ સાથે બંધાઈ ગઈ છે, એટલે મને બીજા કોઇની સોબત ગમતી નથી. માલતીના મનોહર ફૂલમાં મુગ્ધ બનેલો ભમરો શું બાવળના ઝાડ પર બેસે ? ન જ બેસે.

**ભાવાર્થ** : ઉપસર્ગ, પરિષહાદિ વડે નહિ જીતાએલા એવા શ્રી અજિતનાથ ભગવાનની સ્તુતિ કરતાં પૂ. ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય જનો સમક્ષ અથવા પોતે જ પોતાની ચેતના સખીને કહે છે કે–શ્રી અજિતનાથ પ્રભુ સાથે મારે પાકી પ્રીત બંધાઈ ગઈ છે, એટલે હવે બીજા કોઈની સોબત મને ગમતી નથી.

પ્રભુ જ મારી પ્રીતિના સાચા પાત્ર છે, મારા આત્માના સ્વામી છે. આત્મા સિવાય અન્યને વશ નહિ થનારા પરમાત્માને છોડીને હું બીજા સાથે પ્રીત શી રીતે બાંધી શકું ?

હે સુજ્ઞ જનો તમેજ વિચારો કે મઘમઘતી સૌરભથી ભરપુર માલતીના ફૂલમાં મુગ્ધ બનેલો ભમરો, કદી બાવળની કાંટાળી ડાળે બેસવાનું પસંદ કરે? ન જ કરે.

એટલે કાંટાની સેજ જેવી આ સંસારની પથારી છોડીને, અગણિત ગુણો વડે મહેકતા પ્રભુના કરૂણાર્દ્ર ચરણોમાં રહેવાનું મને ગમે છે, પણ દોષનું પડખું સેવનારા સાથે પ્રીત બાંધવાનું નથી ગમતું.

**ગંગાજળમાં જે રમ્યા,**
**કિમ છીલર હો રતિ પામે મરાલ કે;**
**સરોવર જળધર જળ વિના,**
**નવિ ચાહે હો જગ ચાતક બાળ કે. અજિત. ૨**

●

**અર્થ**: (શ્રી જિનવર સાથેની પોતાની પ્રીતના સમર્થનમાં પૂ. ઉપાધ્યાયજી મ. કહે છે કે) ગંગાના નિર્મળ નીરમાં ગેલ કરનારા રાજહંસને ખાબોચીઆના ગંધાતા પાણીમાં આનંદ આવે? ન જ આવે વળી ચાતક પંખી, મેઘના જળને બદલે સરોવરનું જળ ચાહે ખરું? ન જ ચાહે.

**ભાવાર્થ**: ગંગાનું નીર જેમ નિર્મળ ગણાય છે, તેમ શ્રી જિનેશ્વરદેવનું જીવન સર્વમળરહિત-નિર્મળ હોય છે, એટલે જીવરૂપી હંસને તેમાં રમણતા કરવામાં અપાર આનંદ આવે છે.

ખાબોચિયું બંધિયાર હોવાથી તેમાંનું પાણી ગંધાઈ ઉઠે છે તેમ અનેક પાપકર્મો વડે ગ્રસ્ત આત્માની પરિણતિ પણ મલિન હોય છે, એટલે કોઈ વિવેકી આત્મા યાને હંસ જેવી વિવેક બુદ્ધિવાળો આત્મા તેમાં દાખલ થાય તો દુઃખી જ થાય, પણ સુખી ન થાય.

લખનૌના એક નવાબને રાષ્ટ્રદ્રોહના કહેવાતા ગુન્હાસર સજા કરવાનો પ્રસંગ ઊભો થયો ત્યારે સલાહ-કારોએ, તે વખતના વાઈસરોયને સલાહ આપી કે, એને વિષ્ટાથી ભરેલી ગાડી પાસેથી પસાર થવાની સજા કરો, દરરોજ અત્તરથી મિશ્રજલમાં સ્નાન કરીને સુગંધી પુષ્પ-શય્યામાં આળોટનારો એ તરત મુચ્છિર્ત થઈને મરણ તોલ થઇ જશે.

કહેવાનું તાત્પર્ય એ છે કે શ્રી જિનેશ્વરદેવના ઉત્તમ ગુણોની ગંગામાં સ્નાન કરનારને, અશુભ વિચાર, વાણી અને વર્તનનું પડખું સેવનારની સોબત–સો–સો વીંછીના ડંખની એકસામટી વેદનાનો અનુભવ કરાવે છે. એટલે પ્રભુનો ભક્ત તેનાથી દૂર જ રહે છે.

વળી ચાતક પંખી મેઘના જળથી જ તૃપ્ત થાય છે, પણ નદી–સરોવરના જળ તરફ નજર પણ નથી કરતું તેમ સાચો જિનભક્ત, શ્રી જિનવાણીના મેઘથી પોનાના આત્માને તૃપ્ત કરે છે પણ અન્યત્ર દોડાદોડી નથી કરતો.

શ્રી જિનેશ્વરદેવના ઉપદેશને પુષ્કરાવર્ત મેઘની જે ઉપમા આપવામાં આવી છે તે આ રીતે સાર્થક થાય છે.

કહેવાય છે કે ચાતકના ગળાના ભાગમાં એક છિદ્ર હોય છે એટલે નદી–સરોવરનું પાણી તે છિદ્ર વાટે બહાર નીકળી જાય છે. પોતાના આ છિદ્રથી સભાન ચાતક, જમીન પર આડે પડખે સુઈ ને ઉપરથી વરસતા વરસાદનું પાણી પોતાના પેટમાં પહોંચાડે છે,

કુમતિ એ પણ ચાતકના ગળામાંના છિદ્ર જેવી છે. તેનું નિવારણ કરવાનું સામર્થ્ય શ્રી જિનવાણીરૂપ મેઘમાં હોય છે પણ સામાન્ય કક્ષાના આત્માઓના ઉપદેશમાં એવું સામર્થ્ય નથી હોતું, પ્રભુનુ સામર્થ્ય અચિંત્ય હોય છે એટલા માટે જ ચતુર જનો, શ્રી જિનભક્તિ વડે આત્માને ઉજમાળ બનાવે છે.

પૂ. ઉપાધ્યાયજી ભગવંતની આ પ્રીત–કહાણી આગળ જોઈએ.

**કોકિલ કલ કૂજિત કરે,**
**પામી મંજરી હો પંજરી સહકાર કે;**
**ઓછાં તરુવર નવિ ગમે,**
**ગિરૂઆશું હો હોયે ગુણનો પ્યાર કે. અજિત. ૩**

●

**અર્થ** : ( પ્રભુ સાથેની પોતાની પ્રીતને દર્શાવતાં પુ, ઉપાધ્યાયજી મ. ગાય છે કે ) કોયલ મનોહર આંબાનો મોર–આમ્રમંજરી ખાઈને મધુર શબ્દ કરે છે, તેને બીજાં

વૃક્ષો ગમતાં જ નથી. ગુણજ્ઞ પુરૂષોને મોટાઓની સાથે જ ગુણાનુરાગ થાય છે.

**ભાવાર્થ** : ઉનાળાની બપોરે આમ્રવૃક્ષની ઘટામાંથી આવતો કુઉ...કુઉ...શબ્દ સાંભળીને માણસને આલ્હાદ થાય છે તે આપણે જાણીએ છીએ.

ખીલેલા આંબાની તાજી મંજરી ખાધા પછી જ કોયલના અવાજમાં પૂરી તરલતા, સરળતા અને મધુરતા–કર્ણપ્રિયતા પ્રગટે છે. અને શ્રોતાઓ તેના વડે મુગ્ધ થઈ જાય છે,

એટલે કોયલ આંબાને છોડીને બીજા વૃક્ષ પર વિશ્રામ લેતી નથી કારણ કે દેખાવમાં લાંબા ઘણા વૃક્ષો હોય છે પણ ત્યાં જઈને બેસવાથી તેને તેના કંઠને સુધારનારી મંજરી મળતી નથી. એટલે તે વૃક્ષો તેના માટે કામનાં નથી રહેતાં.

તે જ રીતે ગુણે કરીને જેઓ ખરેખર મોટા છે, તે શ્રી જિનરાજની પ્રીતિ મને ગમે છે. તેમના સંગે મને પણ કોયલની જેમ મન મૂકીને આત્મ-ગાન લલકારવાની ચાનક જાગે છે. બધાં જ બંધનોને તોડી નાખવાની તાકાત અનુભવવા મળે છે.

એટલે શ્રી જિનરાજને છોડીને હું બીજા સાથે પ્રીત નથી બાંધી શકયો, તેનું મૂળ કારણ શ્રી જિનરાજ સર્વ-ગુણસંપન્ન છે —તે છે.

આપણે પણ આ રીતે પ્રભુ—પ્રેમીની વાતો! હોંસે-હોંસે હૈયે ધરીએ તો આપણોપણ બેડો પાર થઈ જાય.

**કમલિની દિનકર કર ગ્રહે,**
**વળી કુમુદિની હો ધરે ચંદશું પ્રીત કે;**
**ગૌરી ગિરીશ, ગિરિધર વિના,**
**નવી ચાહે હો કમલા નિજ ચિત્ત કે. અજિત. ૪**

**અર્થ :** (પ્રભુ સાથે પોતાની પ્રીત કેટલી સ્વાભાવિક છે તે વર્ણવતાં પૂ. ઉપા. ભગવંત કહે છે કે) સૂર્ય-વિકાસી કમળ સૂર્યના કિરણોને ગ્રહણ કરે છે અને ચન્દ્ર વિકાસી કુમુદ ચન્દ્રની સાથે જ પ્રીત ધરાવે છે.

વળી ગૌરી–પાર્વતી શંકર વિના કોઈને પણ પોતાના ચિત્તમાં ધારણ કરતી નથી અને કમળા લક્ષ્મી, વિષ્ણુ વિના બીજાને ચિત્તમાં ધારણ કરતી નથી.

**ભાવાર્થ :** કમલિની સૂર્યને સેવે છે પણ ચન્દ્રને સેવતી નથી. કુમદિની ચન્દ્રને સેવે છે સૂર્ય તેને માટે કોઇ કામનો નથી, પાર્વતી, શંકર સિવાય બીજા કોઈને દિલમાં ધારણ કરતી નથી શંકરની તે અર્ધાંગભૂત ગણાય. છે અને લક્ષ્મીજી વિષ્ણુમય બનીને રહે છે પણ પોતાના ચિત્તમાં બીજા કોઈને ધારણ કરતી નથી. કમલિની, કુમુદિની પાર્વતી અને લક્ષ્મી પોતાના પ્રિયપાત્ર સિવાય બીજા કોઈને ચિત્તમાં ધારણ ન કરે તેમાં તેમનો કોઈ દોષ નથી. પણ પોતાના વહાલનું પોતાના વહાલામાં વિસર્જન છે.

વહાલની આ કક્ષા લૌકિક સ્તરની ગણાય તો પણ વહાલાને સમર્પિત થવાની જે રીત છે, તે તો સર્વમાન્ય છે.

ચન્દ્ર કંઈ ઓછો સોહામણો નથી હોતો, તેમ છતાં કમલિની તેના તરફ આંખ પણ નથી કરતી એ જ સૂર્ય તરફના તેના પાકા પ્રેમની નિશાની છે.

પોતાનો પતિ જરાગ્રસ્ત હોય તો પણ સતી સ્ત્રી, સશક્ત અને સોહામણા પુરૂષ તરફ કદી નજર નથી કરતી તેમ પોતપોતાની કક્ષાએ સ્નેહની વફાદારી જાળવીને જીવ. કાળક્રમે પરમ કરૂણાસાગર પરમાત્માનો વફાદાર સેવક બની શકે છે.

**તિમ પ્રભુશું મુજ મન રમ્યું,**
**બીજાશું હો નવિ આવે દાય કે;**
**શ્રી નય વિજય વિબુધ તણો,**
**વાચક યશ હો નિતનિત ગુણ ગાય કે. અજિત. ૫**

●

**અર્થ**: તે પ્રમાણે મારૂં મન પ્રભુ સાથે મળ્યું છે, તેને બીજાની સાથે મેળ આવતો જ નથી. તેથી શ્રી નયનવિજય પંડિતના શિષ્ય ઉ. શ્રી યશોવિજયજી મ. નિરંતર તે પ્રભુના ગુણ ગાય છે.

**ભાવાર્થ** : ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે, ભ્રમર, હંસ, ચાતક, કોયલ, કમલિની, કુમુદિની, ગૌરી અને લક્ષ્મીની જેમ મારૂં મન શ્રી અજિતનાથ પ્રભુમાં એકાકાર થઈ ગયું છે.

આ આઠે દૃષ્ટાંતો તરીકે પણ ઘટાવી શકાય તેવાં છે અને આપણી જાત ઉપર પણ ઘટાવી શકાય તેવાં છે.

પણ તેનું તાત્પર્ય એ છે કે. પ્રભુને મનના મંદિરના માલિક બનાવીએ એ સ્થાન બીજાને ન આપીએ.

વીતરાગ, સર્વજ્ઞ શ્રી તીર્થંકર પરમાત્માને મનની માલિકી સોંપવી એ ખરે જ ગૌરવવંતુ અનુમોદનીય મહા-કાર્ય છે.

શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ગુણવાળા પ્રભુને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સ્થાને બિરાજમાન કરવાનો લહાવો લેનારા ખરેખર શ્રેષ્ઠ પદને લાયક બને છે.

શ્રી જિનભક્તિના રંગમાં રંગાએલો આત્મા, ઉમંગમાં આવીને કેવા કેવા મનોહર, મુલાયમ, રસદાર ભક્તિ-સુમનોની માળા ગૂંથીને પોતાના વહાલા પ્રભુના કંઠે ધરે છે તેનો અનુભવ આ સ્તવન કરાવે છે.

સ્તવનની આખરમાં પોતાના ગુરૂદેવનું નામ આપીને પૂ. ઉપાધ્યાયજીએ ગુરૂકુળ પરંપરાના ઉપકારક મહત્ત્વને યથાર્થ રીતે બિરદાવ્યું છે.

પૂ. ઉપાધ્યાયજી મ. મહાજ્ઞાની હતા, દરેક વિષયના પ્રકાંડ પંડિત હતા, તેમણે અનેક શાસ્ત્રો રચ્યા એ શાસ્ત્રોમાં જૈન શાસનની અનેક ધાર્મિક બાબતોને સરળતાથી રજુ કરી છે. સર્વનય સાપેક્ષ તેમની વાણી સર્વમાન્ય છે.

તેમનું વચન ટંકશાળી ગણાય છે. તેમને જ્ઞાન પરિણામ પામ્યું હતું તેની નિશાની એ છે કે હરેક પ્રસંગે પોતાની નાનામાં નાની પાંચ ગાથાની કૃતિમાં પણ પોતાના ઉપકારી ગુરૂજીને યાદ કર્યા વિના રહી શકયા નથી.

આપણે ખરેખર નસીબદાર છીએ કે આજના બળ-બળતા કાળમાં આવા મહાજ્ઞાની રચિત જિન ભક્તિ રસ ભીનાં આવાં અમૂલ્ય સ્તવનો વાંચવા-સાંભળવા તેમજ વિચારવા આપણને સરળતાથી મળી રહ્યાં છે.

ફાયદો અમાપ કરે છતાં મૂલ્ય કોઈ નહિ, એ શું ઓછી લાભની વાત છે? સહૃદય આત્માને કહેવું જ પડે કે આનાથી વિશેષ લાભ બીજો એકે નથી અને એ જ છે શ્રી જિનશાસનની અમાપ ઉપકારકતાનું રહસ્ય. જેને તેના સપુતો હર હાલતમાં દીપાવી રહ્યા છે.

# ૩. શ્રી સંભવનાથ સ્વામીનું સ્તવન

સંભવ જિનવ વિનતિ,
અવધારો ગુણજ્ઞાતા રે;
ખામી નહિ મુજ ખીજમતે;
કદી ય હોશો ફળદાતા રે;

●

**અર્થ :** હે ગુણના જ્ઞાતા શ્રી સંભવનાથ જિનેશ્વરદેવ! મારી એક અરજ સાંભળો, આપની જે સેવા ચાકરી હું કરું છુ તેમાં કોઈ ખામી નથી તો આપ ક્યારે ફળ આપનારા થશો?

**ભાવાર્થ :** હૃદયની ભાવનાથી ભરપુર આવી અરજ તો સાચો ભક્ત જ કરી શકે. મારી જિનભક્તિ ખરેખર ખામી વગરની છે, એવું બોલવાનું બીજાનું ગજું નહિ.

'ખિજમત' શબ્દ, પડયો બોલ ઝીલી લેવાના અર્થમાં વપરાયો છે.

અને આપણે પણ જાણીએ છીએ કે પોતાના સ્વામીનો પડયો બોલ સહર્ષ ઝીલી લે છે, તેજ સાચો સેવક કહેવાય છે. પણ બહાનાં કાઢીને ખસી જાય છે તે સાચો સેવક નથી કહેવાતો.

વિધિ અને બહુમાનપૂર્વક નય-નિક્ષેપાને ધ્યાનમાં રાખીને, પ્રમાદ સેવ્યા સિવાય, શ્રી જિનાજ્ઞા સાપેક્ષપણે,

સર્વજ્ઞ–વીતરાગ–શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિમાં નિજત્વનું નિષ્કપટભાવે સમર્પણ કરી દેવું તેનું નામ–ખામી વગરની ખીજમત છે.

આવી ખીજમત કરનાર પોતાના સ્વામી પ્રભુ પાસે તેનું ફળ માગી શકે છે કારણ કે સાચી ભક્તિના કારણે તેને તે અધિકાર મળી જતો હોય છે.

અત્રે કોઈને કદાચ સંશય થાય યા મનમાં પ્રશ્ન ઉઠે કે, સાચા પ્રભુભક્તે ફળની આશા શા માટે રાખવી જોઈએ ?

આ ફળ એટલે શું તેની હવે પછીની ગાથાઓમાં સ્પષ્ટતા થશે એટલે આ સંશય યા પ્રશ્નનું સમાધાન થઈ જશે.

**કર જોડીને ઉભો રહું,**
**રાત–દિવસ તુમ ધ્યાને રે;**
**જો મનમાં આણો નહિ,**
**તો શું કહીએ થાને રે. સંભવ. ૨**

●

**અર્થ :** હું દિવસ અને રાત બે હાથ જોડીને આપના ધ્યાનમાં ઊભો છું, એ હકીકત આપ ધ્યાન ઉપર ન લો, તો આપને મારે શું કહેવું ?

**ભાવાર્થ :** પૂ. ઉપાધ્યાયજી કહે છે કે હે સંભવનાથ સ્વામી ! હું રાત કે દિવસ જોયા સિવાય બસ એક આપના જ ધ્યાનમાં સમય સાર્થક કરૂં છે.

મારા વિચાર, મારી વૃત્તિ, મારું ચિંતન, મારુ મનન બધામાં આપજ છો. સમયના કણુકણુને એક આપમય બનાવીને હું જીવું છું. એક માત્ર આપની આજ્ઞાનેજ સન્મુખ રાખીને હું તમામ પ્રવૃત્તિ કરૂં છું.

જે આત્મા પોતાની મન, વચન, કાયાની તમામ પ્રવૃત્તિઓમાં માત્ર એક પ્રભુઆજ્ઞાને જ નજર સમક્ષ રાખે છે, તે આત્માની તમામ પ્રવૃત્તિઓ ધ્યાન જ ગણાય છે. કારણ કે પ્રભુ આજ્ઞા પાલનનો મંગળમય અધ્યવસાય એજ પ્રભુનું ધ્યાન છે. એ અપેક્ષાથી પૂ. ઉપાધ્યાયજી મ. કહે છે કે હે પ્રભુ ! હું રાત દિવસ આપના ધ્યાનમાં રહું છું.

આમ કહીને મધુર ઉપાલંભ આપતા પૂ. ઉપાધ્યાય મ. કહે છે કે છતાં મારી વાત આપ ધ્યાન ઉપર ન લો તો મારે આપને શું કહેવું તે સમજાતું નથી.

આ નિવેદન લૌકિક પદ્ધત્તિએ કરેલું છે.

જેમકે આપણે કોઈ સ્નેહીને અનેક પત્રો લખીએ, છતાં તેનો જવાબ ન જ આવે તો છેવટે એમ લખીએ, છીએ કે, મારા કોઇ પત્રનો જવાબ નથી, તો મારે શું સમજવું ?

પણ આ પદ્ધતિએ પાકી પ્રીત બંધાયા પછી જ અપનાવાતી હોય છે.

ખોટ ખજાને કો નહિ,
 દીજીએ વાંછિત દાનો રે;
કરૂણા નજર પ્રભુજી તણી,
 વાધે સેવક વાનો રે. સંભવ. ૩

●

અર્થ : આપના ખજાનામાં કોઈ જાતની ખોટ નથી. તો ઈચ્છિત વસ્તુનું દાન આપો. જો પ્રભુની કૃપાદૃષ્ટિ હોય તો જ સેવકનો વાન–આત્મિક તેજ વધે છે, એવો નિયમ છે.

ભાવાર્થ : પહેલી ગાથામાં વર્ણવેલી ફળની માગણી આ ગાથામાં સ્પષ્ટ થાય છે.

ભક્તાત્મા પરમાત્માને કહે છે કે, આપનો ખજાનો અખૂટ છે. અનંત જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ ગુણોથી ભરપુર છે. મારે પણ ખપ તેનો જ છે. અને આપની કૃપાદૃષ્ટિ વિના એ શક્ય નથી.

અહીં ભાર પ્રભુની કૃપાદૃષ્ટિ ઉપર છે.

શેઠની કૃપા સેવકને ન્યાલ કરે છે તે ન્યાયે પ્રભુની કૃપાની યાચના પૂ ઉપાધ્યાયજીએ કરી છે.

સાનુકૂળતા ભોગવતો શાણો માણસ એમજ બોલતો હોય છે કે, 'મારે તો પ્રભુની કૃપાથી લીલા લહેર છે. મારે કાંઈ ઓછપ નથી.

વ્યવહાર નયની આ વાત બરાબર છે, કારણ કે માણસ સારી કરણી દ્વારા પ્રભુને રાજી રાખવારૂપ પુણ્ય બાંધે છે તેના ઉદયે તેને સાનુકૂળતા મળતી હોય છે.

અહીં પ્રભુની કૃપાદૃષ્ટિની યાચના, આત્મિક તેજ માટે કરી છે. આત્મિક–તેજની વૃદ્ધિ એજ આત્માની પરમાત્મભક્તિનું પરિણામ છે. પણ મારા પ્રયત્ને મેં આત્મતેજ ખીલવ્યું એવો હુંકાર કોઈ ભક્ત નથી કરતો, પણ એ તો ભગવાનને જ નિજ સર્વસ્વ માની–સ્વીકારીને સઘળી શ્રેષ્ઠ ઉપલબ્ધિઓનો યશ ભગવાનનેજ આપે છે.

પોતાની યાચના લંબાવતાં પૂ. ઉપાધ્યાયજી ગાય છે કે—

**કાળલબ્ધિ નહિ મતિ ગણો,**
**ભાવલબ્ધિ તુમ હાથે રે;**
**લડથડતું પણ ગજ બચ્ચું,**
**ગાજે ગયવર સાથે રે. સંભવ. ૪**

●

**અર્થ :** હે નાથ ! અત્યારે ‘કાળ લબ્ધિ’ (મોક્ષગમનને યોગ્ય કાળ) નથી, એમ તમે ન ગણશો, કેમકે ‘ભાવલબ્ધિ’ (મોક્ષગમન યોગ્ય આત્મશક્તિ આપને પ્રગટ થએલી છે. એમાંથી જરૂર જેટલી શક્તિ મને આપવી તે) આપના હાથમાં છે. અથવા કાળલબ્ધિનો પરિપાક આપની ભક્તિને આધીન છે. મોટો હાથી સાથે હોય છે તો, માંડ–માંડ

ચાલી શકતું હાથીનું બચ્ચું પણ ગજબનું જોર બતાવતું હોય છે.

**ભાવાર્થ** : હે પ્રભુ ! આ કાળે આ ક્ષેત્રમાંથી મોક્ષે નથી જઈ શકાતું તે હું પણ જાણું છું, પણ મને તેની ચિંતા નથી. કારણ કે કાળલબ્ધિથી યે મોટી એવી ભાવ-લબ્ધિના આપ માલિક છો.

અને આપની આ ભાવલબ્ધિ પર મુસ્તાક થઈને હું વિનવું છું કે, આપ મારા આત્મામાં પણ મોક્ષે જવાની શકિત જગાડો, આપે આ શક્તિને સિદ્ધ કરેલી છે એટલે તેના વિનિયોગ બાબતમાં હું નિશ્ચિંત છું.

હે સર્વજ્ઞ–સ્વામી ! આપ સારી રીતે જાણો છો કે જે હાથીના બચ્ચામાં ચાલવા જેટલી શકિત હોતી નથી, જેની સ્થિતિ ડગુમગુ હોય છે, તેજ હાથીનું બચ્ચું જ્યારે મોટા હાથીની સમીપમાં હોય છે ત્યારે કેવું ગાજે છે ? તેના અંગમાં કેટલો ઉત્સાહ અને પગમાં કેટલું જોર આવે છે ?

આપ મોટા હાથી સમાન છો, હું હાથીના બચ્ચા સમાન છું. પણ પડખું આપનું સ્વીકાર્યું છે એટલે હું માયકાંગલાપણું છોડીને આત્માની મહાનતાને પ્રગટ કરીશ. કારણ કે આપની ભકિતનો મહિમા અચિંત્ય છે. તે કાળલબ્ધિને પણ પકાવી શકે તેમ છે.

**દેશો તો તુમ હિ ભલું,**
**બીજા તો નવિ જાચું રે;**
**વાચક યશ કહે સાંઈશું,**
**ફળશે એ મુજ સાચું રે. સંભવ ૫**

●

**અર્થ :** હે કૃપાનિધાન ! હું જે ઉત્તમ વસ્તુ યાચું છું, તે જો આપ આપશો તોજ મારે જોઈએ છે. પણ બીજા પાસે હું તેની યાચના કરવાનો નથી.

પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે– કે આપ જરૂર આપશોજ એવો મારો નિશ્ચય છે અને તે ખરેખર ફળશે જ. એમા મને લેશપણ શંકા નથી.

**ભાવાર્થ :** કેવો વિશ્વાસ ? કેવી ભક્તિ ? કેવી દૃઢતા ? કેવી ટેક ? વાહરે વાહ ! વાચકવર્ય વાહ ! વારી જાઉં છું આપની આસ્થા પર. આપની ટેક પર.

કહેવું પડશે કે ભકત હો તો શ્રી યશોવિજયજી જેવા હોજો.

પણ ત્રિલોકપતિ શ્રી જિનેશ્વરદેવ જેવા દેવને પોતાનું દિલ દેનારના દિલમાં પરમાત્મભાવ સિવાય બીજી કોઈ વસ્તુની માગણી જાગે જ શી રીતે ?

અને બીજી વાત એ કે ભકત જ્યારે પોતાના મનને બીજે બધેથી ખસેડી લઈને એક માત્ર ભગવાનમાં કેન્દ્રીભૂત કરે છે એટલે તેની શ્રદ્ધા એવી ઉચ્ચ ભૂમિકા પર પહોંચે

છે કે ભગવાન અને પોતા વચ્ચેના અંતરનો પડદો અવશ્ય નાશ પામી જશે એ બાબતમાં તે સર્વથા નિઃસંદેહ બની જાય છે.

સમ્યક્ત્વની શુદ્ધિ પછી આ કક્ષા આવે છે. મૂળને વફાદાર રહેનારા વૃક્ષને ફળ માટે ચિંતા કરવી પડતી નથી તેમ સમ્યક્ત્વશીલ આત્માને પણ મોક્ષરૂપી સુફળ માટે ચિંતા રહેતી નથી. પણ એવો અફર વિશ્વાસ બેસી જાય છે કે તે પણ પૂ. ઉપાધ્યાયજીના શબ્દોમાં બોલવાની લાયકાત ધરાવતો થઈ શકે છે.

વીતરાગ આપણા દેવ.

તેમને ભજનારાના મનમાં પણ અપ્રશસ્ત–અયોગ્ય રાગ ન જોઈએ.

આ રીતે વીતરાગને ભજવાથી જ આનંદ આવે છે, જે પ્રસન્નતા પ્રગટે છે તેજ એમ કહી જાય છે કે--સમર્થનું શરણું એજ સાચું ભવજળ-તરણું છે.

આ સ્તવનનો સાર એ છે કે સેવકભાવે, શ્રી જિનેશ્વરદેવને ભજવા જોઈએ. બસ, ભજવા જોઈએ. બાકી બધાજ સંકલ્પ–વિકલ્પો ત્યજવા જોઈએ.

## ૪. શ્રી અભિનંદન સ્વામિનું સ્તવન

**દીઠી હો પ્રભુ! દીઠી જગગુરૂ! તુજ,**
**મૂરતિ હો પ્રભુ ! મૂરતિ મોહન વેલડીજી;**
**મીઠી હો પ્રભુ! મીઠી તાહરી વાણ,**
**લાગે હો પ્રભુ ! લાગે જેસી સેલડીજી. દીઠી હો. ૧**

●

**અર્થ :** હે પ્રભુ! હે જગગુરૂ! મેં આપની મૂર્તિ જોઈ. તો તે મને સાક્ષાત્ મોહનવેલ જેવી લાગી.

અને આપની વાણી હે પ્રભુ! મને શેરડીના રસ જેવી મીઠી લાગી.

**ભાવાર્થ :** શ્રી જિનપ્રતિમા અને શ્રી જિનાગમ એ બે પ્રત્યેની શ્રેષ્ઠ ભક્તિ-અષાડ માસમાં છલકાતી નદીની જેમ છલકાઈ રહી છે.

શ્રી જિનપ્રતિમાને મોહનવેલ કહી તે પણ તેનાથી ચઢીઆતી ઉપમાના અભાવે જ. તેમ છતાં એ ઉપમા પણ ભાવિક જીવોના મનને મુગ્ધ કરે એવી છે.

બે હાથ જોડી, મસ્તક નમાવી, પગની બે એડીઓ વ્યવસ્થિત રાખી, નિસ્તંદ્ર જિનમુદ્રાનું દર્શન કરવાથી, અધ્યાત્મ વિજ્ઞાનના નિયમ અનુસાર પણ મોરને જોતાંવેંત દૂર ભાગી જતા સર્પોની જેમ, સંચિત કર્મોરૂપી સર્પોમાં

ભયની ધ્રૂજારી શરૂ થાય છે અને ચૈતન્યશક્તિ જોરમાં આવે છે.

શ્રી જિનપ્રતિમા ખરેખર દર્શનીય છે તેમાં કોઇ સંદેહ નથી.

દર્પણમાં મુખની જેમ પ્રતિમામાં આત્માનું દર્શન કરતાં આવડે તો પોતાના આત્મામાં સત્તાગત પરમાત્મા આળસ મરડીને બેઠા થતા હોય તેવો અપૂર્વ અનુભવ થાય.

ભાગ્યશાળીનું મુખ જોનાર પણ ભાગ્યશાળી ગણાતો હોય છે, તો પરમ ભાગ્યવંત પરમાત્માની પ્રતિમાના દર્શન કરનાર મહાભાગ્યશાળી ગણાય તેમાં કશી અતિશયોક્તિ નથી.

પોતાના પરમ ઉપકારી પ્રભુનાં દર્શન કર્યા સિવાય, મુખમાં પાણી પણ નહિ મૂકનારા પુણ્યશાળીઓ આ ભૂમિ પર જીવે છે તે મોટા આનંદની વાત છે.

વિકારજનિત પૌદ્ગલિક રૂપને જોવાથી મોહ જાગે છે. પણ શ્રી જિનપ્રતિમા તો સ્વ–રૂપનું દર્શન કરાવીને મોહને ભગાડે છે.

મનને ઇચ્છારહિત બનાવનારી શ્રી જિનપ્રતિમા તો સાક્ષાત્ જિન સમાન છે.

અને શ્રી જિનવાણીને પૂ. ઉપાધ્યાયજી ભગવંતે શેરડીના રસ જેવી મીઠી કહી છે તે કહેવા ખાતર નહિ, પણ તેની એવી મીઠાશ અનુભવ્યા પછી જ કહી છે.

શ્રી જિનવાણીનો મહાસાગર જેમાં ઘૂઘવી રહ્યો છે, તે આગમ શાસ્ત્રોએ જગતના જીવો ઉપર જે ઉપકારો કર્યા છે તેનો જોટો નથી.

આગમોમાં સર્વજ્ઞ શ્રી જિનેશ્વર દેવનાં વચનોનો જ સંગ્રહ છે. પ્રભુ પાસેથી ત્રિપદી સાંભળીને ગણધર ભગવંતોએ તેને સૂત્રરૂપે ગૂંથ્યા છે.

શેરડીના રસમાં જે ગુણો છે, તેના કરતાં અનંતા ગુણો શ્રી જિનવાણીમાં છે.

શ્રી જિનવાણી શાન્તરસોત્પાદક છે, મોહોચ્છેદક છે, વૈરાગ્યજનક છે. સંસારતારક છે.

મહાસતી મયણા અને મદનરેખા, અંજના અને સુલસા, ચંદન બાળા, સીતા અને સુલસા વગેરે આપત્તિઓના બારે મેઘ વચ્ચે આત્મભાવમાં અડગ રહી શક્યાં– તે પ્રભાવ શ્રી જિનવાણીનો છે.

સાવ જૂઠા આળ વચ્ચે પણ સુદર્શન શેઠ, જરાય ડગ્યા સિવાય શૂળી સુધી પહોંચી ગયા–તે પ્રભાવ જિનવાણીનો છે. ત્યાં શૂળીનું સિંહાસન થઈ ગયું અને સર્વત્ર જિનશાસનનો જયજયકાર થયો તેના મૂળમાં પણ પ્રભાવ જિનવાણીનો છે. જિનવાણીના અમૃતનું પાન, આત્માને એવો જોરદાર બનાવે છે કે તેનો સર્વત્ર જયજયકાર જ થાય છે.

ભૂખ્યાનું ભોજન, તરસ્યાનું જળ, થાકેલાનો વિસામો, ડૂબતાનું જહાજ–જે કહો તે જિનવાણી છે.

પરિણામને–અધ્યવસાયને પવિત્ર કરવાની જે તાકાત જિનવાણીમાં છે તે ખરેખર અજોડ છે.

શ્રી જિનેશ્વરદેવ આજે આ ક્ષેત્રમાં વિદ્યમાન નથી તેનું દુઃખ ટાળવા માટે આપણે તેમની વાણીનું પાન કરીને અમૃતમય ઓડકાર વડે દૂર કરી શકીએ તેમ છીએ.

જિનવાણીની મીઠાશ કાનને જ નહિ, કાયાના કણ-કણને ટાઢક આપે છે, વિષય–કષાયથી દાઝેલા મન ઉપર મલમનું કામ કરે છે. નિરાશ જીવનમાં આશાનું અમૃત સિંચે છે. સુખ–દુઃખમાં સમભાવ શિખવે છે આત્માના ગુણોના પક્ષકાર બનાવે છે.

નવરાશ યા વિષાદની પળે આડાઅવળા વિચારે ચઢી જતા મનને જો જિનવાણીના અમૃતનું પાન કરાવવામાં આવે છે તો તે તરત પ્રસન્ન થઈ જાય છે.

થોયો, સ્તવનો, સજ્ઝાયો વિવિધ પ્રકરણો, સૂત્રો, વ્યાખ્યાનો વગેરેમાં શ્રી જિનવાણીના જ અમૃતબિંદુઓ છે.

તેનો સ્વાદ લેવામાં આવે તો વિષય–કષાય કડવા વિષ જેવા લાગ્યા વિના ન રહે.

જાણું હો પ્રભુ! જાણું જન્મ કયત્થ,
જો હું હો પ્રભુ! જો હું તુંમ સાથે મિલ્યોજી;
સુર–મણિ હો પ્રભુ! સુરમણિ પામ્યો હત્થ,
આંગણે હો પ્રભુ! આંગણે મુજ સુરતરૂ
ફળ્યોજી દીઠી હો. ૨

**અર્થ** : હે પ્રભુ ! તમને મળવાથી હું તમારા સ્વ-રૂપને પામી ગયો, અભેદ ભાવે તમારી સાથે મળી ગયો. તેથી હું મારા જન્મને કૃતાર્થ માનું છું.

હે પ્રભુ ! તમે મને મળવાથી મારા હાથમાં ચિંતા-મણિ–રત્ન આવ્યું છે અને મારા ઘરના આંગણામાં કલ્પ-વૃક્ષ ફળ્યું છે, એમ હું માનું છું.

**ભાવાર્થ** :

પ્રભુ–દર્શન સુખ સંપદા, પ્રભુ–દર્શન નવનિધ,
પ્રભુ–દર્શનથી પામીએ, સકળ પદારથ સિધ (દ્ધ).

આ પંક્તિઓને સાર્થક કરતી આ ગાથા વાંચ્યા પછી દિલમાં એવો પ્રશ્ન થાય છે કે પૂ. શ્રી યશોવિજયજીએ પ્રભુજીને કઈ આંખે નિરખ્યા હશે ?

તેમણે કહ્યું કે, આપને પામ્યો તેથી મારો જન્મ સફળ થઈ ગયો.

દિલમાં સમ્યક્ત્વરૂપી દીવો પ્રગટે છે ત્યારે જ આવું સ્વ–રૂપ દર્શન શક્ય બને છે.

આ સમ્યક્ત્વ એટલે આત્મામાં જ આત્મબુદ્ધિ. આ સમ્યક્ત્વને આત્માનો આત્મા પણ કહ્યો છે. સમ્યક્ જે કાંઈ છે, તે સઘળું આત્મા છે. મિથ્યા જે કાંઈ છે તેની સાથે આત્માને કશી લેવા દેવા હોતી નથી.

એટલે આંતર–નયન, પુદ્ગલના પંકમાંથી આત્માના હીરા પર ઠરે ત્યાર પછી પરમાત્મ–સ્વરૂપ માટેની જે

લગની પેદા થાય તે લગનીની સાચી કથા આ ગાથાઓમાં ગૂંથાએલી છે.

એટલે તો પૂ. ઉપાધ્યાય ભગવંતે ગાયું કે હે પ્રભુ તમારી મૂર્તિનું દર્શન થતાં ચિંતામણિ–રત્ન મારા હાથમાં આવી ગયું. કલ્પવૃક્ષ મારા આંગણામાં ફળ્યું.

આપણા હૃદયમાં આવા જ ઉદ્ગારો જગાડવા માટે ભક્તની આંખે આપણે ભગવાનને જોવા પડશે.

મિત્રની આંખે જીવને જોનારને જીવ તરફ જે હેત જાગે છે તે બીજી આંખે જોતાં નથી જાગતું, તેમ ભકતની આંખે ભગવાનને જોતા થવામાં જીવનની સફળતા છે. પરમ કલ્યાણનું સર્જન છે.

**જાગ્યા હો પ્રભુ! જાગ્યા પુણ્ય અંકુર,**
**માગ્યા હો પ્રભુ! મુહ માગ્યા પાસા ઢળ્યા જી;**
**વૂઠયા હો પ્રભુ! વૂઠયા અમીરસ મેહ,**
**નાઠા હો પ્રભુ! નાઠા અશુભ, શુભ દીન**
**વળ્યાજી. દીઠી હો. ૩**

●

**અર્થ** : હે પ્રભુ! આપ મળવાથી મારા પુણ્યના અંકુર પ્રગટ થયા, બધા પાસા સવળા પડયા. મારે ત્યાં અમૃતરસના મેઘ વરસ્યા. મારા બધા નબળા દિવસો દૂર થયા અને મારા શુભ દિવસો ઉદયમાં આવ્યા, એમ હું માનું છું.

**ભાવાર્થ :** આ બધો પ્રભાવ સમ્યગ્દર્શનનો છે.

સમ્યક્ત્વ વિહોણી દશા એટલે શિર્ષાસન કરીને ચાલવા જેવી ઊંધી દશા. જેને મિથ્યાત્વદશા પણ કહેવાય છે.

સમ્યક્ત્વ સ્પર્શે-બરાબર સ્પર્શે એટલે સાચું, સાચું, દેખાય. ખોટું, ખોટું દેખાય. પદાર્થનું આખુંય સ્વરૂપ નજર સામે ખડું થાય.

પછી કાયાનું કષ્ટ, કષ્ટ ન લાગે, પણ જૂઠો એક શબ્દ પણ આત્માને હચમચાવી નાખે.

આવા નિર્મળ સમ્યક્ત્વના સ્પર્શે, આત્મા એવો તો ગદ્ગદ્ થઈ જાય છે કે, ઉપરના ઉદ્ગારો વડે તે પોતાનો હર્ષ વ્યકત કર્યા સિવાય રહી શકતો નથી.

સમ્યક્ પ્રકારે વસ્તુનું દર્શન કરવું, તેની શ્રદ્ધા કરવી એજ સમ્યક્ત્વની પ્રાપ્તિની નિશાની છે.

જેનો આત્મા સમ્યક્ત્વવાસિત થયો છે. તેને રોજ દિવાળી છે, તેના ચિત્તમાં આનંદ ઘર કરે છે. પછી તેની આખી તાસીર બદલાઈ જાય છે.

સાચા જિનભકતની આ વાણીનાં પવિત્ર પાણી આપણા આત્માને પાવન કરો !

**ભૂખ્યા હો પ્રભુ! ભૂખ્યા મળ્યા ઘૃતપૂર,**
**તરસ્યા હો પ્રભુ! તરસ્યા દિવ્ય ઉદક મિલ્યાં જી;**
**થાકયા હો પ્રભુ! થાકયા મળ્યા સુખપાલ,**
**ચાહતાં હો પ્રભુ! ચાહતાં સજ્જન હેજે,**
**હળ્યા. દીઠી હો. ૪**

●

**અર્થ** : હે પ્રભુ! આપ મળવાથી ભૂખ્યાને ઘેબર મળતાં, તરસ્યાને અમૃત મળતાં, થાકેલાને પાલખી મળતાં અને સ્વજનોને મળવાને આતુર માણસને, સ્વજનો હેત પૂર્વક મળતાં, જે આનંદ થાય તેવો આનંદ મને થયો છે.

**ભાવાર્થ** : અહીં વિચારવાનું એ છે કે કેટલા ભારે અંતરાય કર્મનો ઉદય હોય ત્યારે માણસ રોટલાથી વંચિત રહે. અને એજ માણસને જ્યારે રોટલાને બદલે ઘેબર મળે ત્યારે જે હર્ષ થાય તેમાં પછી કોઈ ઉણપ ન રહે.

આ બધા દાખલાઓ દ્વારા પૂ. ઉપાધ્યાયજી ભગવંતે પ્રભુ-દર્શનથી પોતાને થએલા અકથ્ય આનંદને વ્યકત કર્યો છે. અને સજ્જનોના સ્નેહપૂર્વકના મેળાપને પણ તેમાં વણી લીધો છે.

તેનું કારણ એ છે કે સજ્જનોની સોબત પણ મોટા પુણ્યોદય સિવાય નથી સાંપડતી.

કહેવાનું તાત્પર્ય પ્રભુનું દર્શન જ્યારે આત્માને સ્પર્શે છે. સૂતેલા ચેતનરાજને જગાડે છે. ત્યારે આત્માર્થીના

આનંદને કોઈ સીમા રહેતી નથી. તાત્ત્વિક રીતે-એ આનંદ અનિર્વચનીય હોય છે. તો પણ બીજા ઉત્તમ જીવો સુધી આ આનંદ પહોંચે એટલા માટે આવાં અનુપમ સ્તવનો મારફત પહોંચાડવાનો ઉપકારી મહાપુરૂષો યથાશક્ય પ્રયત્ન કરે છે.

**દીવો હો પ્રભુ! દીવો નિશા, વન ગેહ,**
**સાખી હો પ્રભુ! સાખી થળે, જળે નૌ મળીજી;**
**કલિયુગે હો પ્રભુ! કલિયુગે દુલ્લહો તુજ,**
**દરિશન હો પ્રભુ! દરિશન લહ્યું આશા**
**ફળીજી. દીઠો હો. ૫**

●

**અર્થ :** હે પ્રભુ! માણસને અંધારી રાતે દીવાનો પ્રકાશ મળે, ઘોર જંગલમાં ઘર મળે, રણની-ભૂમિમાં આંબો મળે, જળમાં નૌકા મળે અને જે આલ્હાદ થાય તેવો આલ્હાદ મને આ કળીયુગમાં દુર્લભ એવું આપનું દર્શન મળ્યું તેથી થયો છે.

**ભાવાર્થ :** આ સ્તવનની અગાઉની ગાથાઓની જેમ આ ગાથામાં પણ સમ્યક્ત્વનો મહામહિમા પૂ. ઉપાધ્યાયજી મ૦શ્રીએ ગાયો છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિ એટલે આત્મ દર્શનની પ્રાપ્તિ, પ્રભુ-દર્શનની પ્રાપ્તિ.

અનાદિ અનંત સંસારમાં ભટકતા જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ મોટે ભાગે નિમિત્ત જોગે મળે છે, જો કે ક્યારેક નૈસર્ગિક રીતે પણ મળે છે. જેમકે કોઈને વિખરાતાં વાદળ જોતાં સમ્યક્ત્વ સ્પર્શે છે, તો કોઈને સુપાત્રે દાન દેતાં સ્પર્શે છે.

આ સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી જ આત્મદશાનું પુનિત પ્રભાત પ્રગટે છે અને પુદ્ગલાનંદીપણાની કાળી રાત વિદાય લ્યે છે.

એટલે સમ્યગ્દૃષ્ટિ આત્મા જિનપ્રતિમામાં જિનરાજનાં દર્શન કરીને હર્ષવિભોર બની જાય છે. તે સમયે તેને એમ જ લાગે છે કે મારે આંગણે મોતીના મેઘ વરસ્યા. મારો દિવસ લાખેણો ઉગ્યો.

અને તેવાજ ઉચ્ચ ભાવોને આ સ્તવનમાં પૂ. ઉપાધ્યાયજી મ. શ્રીએ સ્વાનુભવરૂપે વર્ણવ્યા છે, વહાવ્યા છે.

ભવચક્રમાં પરિભ્રમણ કરતા જીવોને દુન્યવી સંપત્તિની પ્રાપ્તિ સહેલી છે, ચક્રવર્તિ પદ પણ સહેલું છે. ઈન્દ્રનું પદ પણ સહેલું છે પણ વધુમાં વધુ કઠિન સમ્યક્ત્વરૂપી ભાવરત્નની પ્રાપ્તિ થવી તે છે.

એ મળે એટલે મેળવવા જેવું બધું તેની પાછળ ખેંચાઈને આવે છે.

**એટલે ચક્રવતી'ને ચક્ર–રત્ન મળતાં જે આનંદ થાય** તેના કરતાં પણ અધિક આનંદ, ભવ્ય આત્માને સમ્યક્ત્વરૂપી રત્ન પ્રાપ્ત થતાં થાય, તે સ્વાભાવિક છે.

**વાચક હો પ્રભુ! વાચક યશ તુમ દાસ,**
**વિનવે હો પ્રભુ! વિનવે અભિનંદન સુણોજી.**
**કહી (દી) એ હો પ્રભુ! કહીએ મ દેશો છેહ,**
**દેજો હો પ્રભુ! દેજો સુખ દરિશન તણોજી;**
**દીઠી હો. ૬**

●

**અર્થ** : હે અભિનંદન પ્રભુ! આપ સાંભળો. આપનો દાસ યશોવિજય આપને એ પ્રમાણે વિનવે છે કે હવે મને ક્યારેય છેહ ન દેશો. અને સદાકાળ આપના દરિશનનું સુખ આપજો, અર્થાત્ ક્ષાયિક સમકિતનું દાન કરજો.

**ભાવાર્થ** : હે અભિનંદન પ્રભુ! આપ મારા નાથ છો, હું આપનો દાસ છું. એમ કહીને પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ પ્રભુને વિનવે છે કે–હે પ્રભુ! ઘણી–ઘણી મહેનતે આપની ભક્તિમાં મન પરોવીને સમક્તિને આવરનારા કર્મોને મેં દૂર કર્યાં છે. એ સમકિતથી હું ક્યારે ભ્રષ્ટ ન થાઉં એવી કૃપા આપ આ સેવક પર કરજો.

સમક્તિ વગરનું ચક્રવતી'પણું ખરાબ પણ સમકિત સાથેનું દરિદ્રપણું સારૂં એ ઉદ્‌ગારો જેમના હૈયામાંથી

નીકળ્યા છે તે પરમાર્હત્ મહારાજા કુમારપાળને આ પ્રસંગે આપણે યાદ કરવા જ જોઈએ.

નિર્મળ સમ્યક્ત્વવાન આત્મા, ક્યારેય પોતાનું ઘર છોડીને, પરઘરમાં આશ્રય લેતો નથી.

પર–ઘરને સ્વ–ઘર મનાવનારી જે મતિ યા દૃષ્ટિ મિથ્યા–મતિ યા મિથ્યાદૃષ્ટિ જ છે. તેને વશ થએલા સહુ પરવશ છે અને માટે જ દુઃખી છે.

જ્યારે સાચો સમકિતી સદા આત્માનંદમાં રહીને કર્મ–નિર્જરા કરતો મોક્ષને વરે છે. એવો આ સ્તવનનો ભાવાર્થ છે.

●

# ૫. શ્રી સુમતિનાથ સ્વામીનું સ્તવન

**સુમતિનાથ ગુણ શું મિલીજી,**
**વાધે મુજ મન પ્રીતિ;**
**તેલબિંદુ જેમ વિસ્તરેજી,**
**જળમાંહે ભલી રીતિ;**
**સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ. સોભાગી. ૧**

●

**અર્થ :** જળમાં વિસ્તરતા તેલ બિંદુની જેમ, શ્રી સુ-મતિનાથ પ્રભુના ગુણોમાં લીન થએલા મારા મનમાં એ પ્રભુ પ્રત્યેની પ્રીતિ ઉત્તરોત્તર વધતી જાય છે.

કહો કે મને—મારી અસ્મિતાના અણુએ અણુમાં—પરમ સૌભાગ્યવંતા એ શ્રી જિનેશ્વર દેવના પ્રેમનો અવિહડ રંગ લાગ્યો છે.

**ભાવાર્થ :** શ્રી સુમતિનાથ પ્રભુના ગુણ ગાવા માટે કેવી સુમતિ જોઇએ, તેનો શ્રેષ્ઠ નમુનો આ ગાથા પૂરો પાડે છે.

તેલના ટીંપામાં જેવો સ્નેહ—ગુણ છે. તેવો સ્નેહ પ્રભુભક્તિમાં પ્રગટે છે એટલે મનના આખા સરોવરમાં તે ફેલાઈ જાય છે. પછી એ મનને પ્રભુના ગુણો ગાવામાં જ રસ પડે છે. કોઈના અવગુણ ગાવાની રૂચિ મુદ્દલ રહેતી નથી.

કોઈ પણ માણસ, ભાગ્યશાળી માણસની દોસ્તી ઈચ્છતો હોય છે, તે સારી રીતે જાણનારા પૂ. ઉપાધ્યાયજી મ. કહે છે કે મને પરમ સૌભાગ્યવંતા પ્રભુની સાથે પાકો પ્રેમ લાગ્યો છે.

'સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ' એ પંક્તિ પોતે જ સાચી જિનભક્તિને સુંદર રીતે દર્શાવે છે. આ પંક્તિનું પુનઃ પુનઃ રટણ કરવાથી મનમાં અજબની ખુમારી સાથે આનંદ જન્મે છે.

**સજ્જનશું જે પ્રીતડીજી,**
**છાની તે ન રખાય;**
**પરિમલ કસ્તુરી તણોજી,**
**મહીમાંહે મહકાય. સોભાગી. ૨**

●

**અર્થ :** કસ્તુરીની સુગંધ વાતાવરણમાં સર્વત્ર ફેલાઈ જાય છે, તેમ સજ્જન સાથેની પ્રીત પણ છાની રાખી શકાતી નથી.

**ભાવાર્થ :** સાચી પ્રીતની રીત નિરાળી છે. એમાં ગુણની એવી મહેક જાગે છે. ગુણનો એવો અનુરાગ જન્મે છે કે, તે પ્રગટ થઈ જ જાય છે.

અને ગુણવાનના ગુણો તરફનો માણસનો અનુરાગ છતો થઈ જાય છે તેથી બીજા અનેકને પણ તેવા અનુરાગની પ્રેરણા જગાડે છે.

ભક્તિજન્ય પ્રીતિ, ગુણાનુરાગજન્ય રાગમાં પણ કસ્તુરીની સુગંધ જેવી ભાવ–સુગંધ હોય છે એટલે તે સુગંધ દબાવી દબાતી નથી, પણ સર્વત્ર ગુણાનુરાગરૂપે ફેલાતી રહે છે.

**આંગળીએ નવિ મેરૂ ઢંકાએ,**
**છાબડીએ રવિ–તેજ;**
**અંજળિમાં જીમ ગંગ ન માએ,**
**મુજ મન તિમ પ્રભુ હેજ. સોભાગી. ૩**

**અર્થ :** જેમ આંગળી વડે મેરૂ પર્વત ઢાંકી શકાતો નથી, છાબડી આડી ધરવાથી સૂર્યના તેજને ઢાંકી શકાતું નથી. ખોબામાં ગંગાનું જળ સમાઈ શકતું નથી, તેમ મારા મનમાં પણ પ્રભુ પ્રત્યેનો સ્નેહ સમાઈ શકતો નથી.

**ભાવાર્થ :** પરમ સૌભાગ્યવંતા શ્રી જિનેશ્વરદેવની ભક્તિમાં રંગાએલું હૃદય કહે છે કે, જો આંગળી વડે મેરૂ પર્વત ઢાંકી ન શકાતો હોય, છાબડી વડે સૂર્યનો પ્રકાશ ન ઢાંકી શકાતો હોય, ખોબામાં ગંગાનું નીર ન સમાઈ શકતું હોય, તો મેરૂ પર્વતથી મોટા અને નિશ્ચલ, સૂર્યતેજ કરતાં અધિક તેજસ્વિ અને ગંગાના નીરથી અધિક પવિત્ર એવા શ્રી જિનેશ્વરદેવ પ્રત્યેનો પ્રેમ મારા અંતઃકરણમાં હું કઈ રીતે સંઘરી શકું ? અર્થાત એ પ્રેમ ઉભરાઈ–ઉભરાઈ ને સર્વત્ર ફેલાઈ રહ્યો છે. મારા હૃદયમાં તે શમાતો નથી એટલો તે અગાધ છે.

બિંદુ, સિંધુને પોતામાં શી રીતે સમાવી શકે? તેમ સાગર સમા પ્રભુના પ્રેમને ભક્ત–હૃદય શી રીતે પોતામાં સમાવી શકે? એ પ્રેમ તો ઉછળી–ઉછળીને આસપાસ રેલાતો જ રહે છે અને સર્વત્ર પ્રભુ–પ્રેમની ખુશબો ફેલાવતો રહે છે.

પ્રભુ પ્રત્યેના સાચા પ્રેમથી મઢેલી આ ગાથા અને આખુંય સ્તવન ખરેખર હૃદયમાં મઢી લેવા જેવું છે.

**હુઓ છીપે નહિ અધર અરૂણ જિમ,**
**ખાતાં પાન સુરંગ;**
**પીવત ભરભર પ્રભુગુણ–પ્યાલા,**
**તિમ મુજ પ્રેમ અભંગ. સોભાગી. ૪**

**અર્થ** : સુરંગી (કાથો–ચૂનો ચોપડેલ) નાગરવેલનું પાન ખાતાં જેમ હોઠની લાલાશ છાની રહી શકતી નથી, તેવી જ મારા પ્રેમની સ્થિતિ છે.

પ્રભુના ગુણરૂપ રસના પ્યાલા ભરી-ભરીને પીવાથી મારો પ્રભુપ્રેમ–અભંગ–ન ખૂટે એવો થયો છે.

**ભાવાર્થ** : પાન ખાનારના હોઠ લાલ થાય છે તે હકીકત છે.

એ લાલાશ જોનાર કહી શકે કે આ માણસે પાન ખાધું છે.

તેમ સાચી પ્રભુ–ભક્તિનો રંગ પણ છાનો નથી રહેતો,

એવા પ્રભુ–ભક્તના વિચાર–વાણી અને વર્તનમાં મૈત્રીની મહેક, સત્યનું તેજ અને સદાચારની સુવાસ હોય છે.

પ્રભુમાં ગુણ કેટલા ? અપરંપાર.

એમાં મુખ્ય અને ઉડીને આંખે વળગે એવા ગુણો શ્રી નમુત્થુણં સૂત્રમાં આપેલા છે.

એ ગુણોનું પાન કરવાનું છે.

ચમચી વડે નહિ, પણ પ્યાલે–પ્યાલે. ના, ના– લોટે–લોટે પાન કરવાનું છે.

અવગુણોથી અભડાએલા આત્માને અજવાળવાનો, આ ઉત્તમ ઉપાય છે.

પ્રભુના ગુણરૂપી અમૃતનું પાન કરનાર ભક્ત-હૃદયની આ અનુભવ વાણી છે. પીતાં કદી ન ધરાઈએ એવા ગુણોવાળા પ્રભુના પ્રેમમાં ઓતપ્રોત પ્રેમીનો પ્રભુ–પ્રેમ સદાય અતૂટ રહે છે.

પ્રભુના ગુણની ગંગામાં અહર્નિશ સ્નાન કરીને પાવન થવા માટે એ ગુણો વિષેની સમજ જરૂરી ગણાય.

પહેલાં આપણા મનને પૂછવું કે પ્રભુ કેવા ? તે પછી તેમના એક પછી એક ગુણની કાન્તિમાં સ્નાન કરતા રહેવાનું.

તે આ રીતે.

પ્રભુ–પરાર્થ વ્યસની. આ એક ગુણમાં ખૂબ ખૂબ રમણતા કરવાથી તેનો ભાવ આત્મસાત્ થાય છે અને ક્ષુદ્ર સ્વાર્થ-વૃત્તિ નિમૂંળ થવા માંડે છે.

પછી બીજા ગુણમાં પ્રવેશ કરવો. ક્રમસર પ્રભુના ગુણોમાં આમ સ્નાન કરતા રહેવાથી જે આનંદ અને ઉલ્લાસ મનમાં ઉભરાય છે તે શબ્દાતીત છે.

**ઢાંકી ઈક્ષુ પરાળશું જી,**
**ન રહે લહી વિસ્તાર;**
**વાચક યશ કહે પ્રભુ તણોજી,**
**તિમ મુજ પ્રેમ–પ્રકાર. સોભાગી. ૫**

●

**અર્થ** : વિસ્તારને પામેલી શેરડી જેમ પોતાના ઉપર ઉગેલાં પાંદડાને લીધે ગુપ્ત રહેતી નથી, તેમ પ્રભુ ઉપરના મારા પ્રેમનો પ્રકાર પણ એવો છે, એમ શ્રી યશોવિજયજી મહારાજ કહે છે.

**ભાવાર્થ** : જુવાર, બાજરી કે ઘઉંના છોડ ઉગ્યા હોય તો દૂરથી, ‘આ જુવાર, બાજરી કે ઘઉં છે; એ બાબત નિર્ણય થઈ શકતો નથી. પણ શેરડી ઉગી હોય, સારી રીતે વધેલી હોય અને તેનાં પાંદડાંથી ઢંકાએલી હોય. તો પણ તે છાની રહી શકતી નથી. અર્થાત્ આ શેરડી છે, એમ દૂરથી પણ જણાઈ આવે છે.

આ શેરડીના દાખલા દ્વારા પૂ. ઉપાધ્યાયજી મ૦ જણાવે છે કે, મારો પ્રભુપ્રેમ પણ શેરડી જેવો છે, ઢાંક્યો ન ઢંકાય તેવો છે, કોઈ પણ પ્રકારનો અવરોધ તેના ઉપર સત્તા જમાવી શકે તેમ નથી. કોઇપણ પ્રકારનો અંતરાય તેમાં ડહોળાણ પેદા કરી શકે તેમ નથી.

પૂજ્યશ્રીનો કેવો અનુપમ પ્રભુપ્રેમ ?

તો એ પ્રભુજી કેવા કે જેમણે પૂજ્યશ્રીનું દિલ હરી લીધું !

પ્રભુ સાચેજ પ્રેમસાગર છે, ગુણસાગર છે, દયાસાગર છે. સમતા અમૃત રસના મહાસાગર છે.

એટલે સાચો ગુણાનુરાગી જીવ, તેમના પ્રેમમાં રંગાયા પછી બીજા કોઈ રંગનું વસ્ત્ર ઓઢવા તૈયાર થઈ શકતો નથી.

પ્રભુપ્રેમથી છલોછલ આ સ્તવન, એ માત્ર શબ્દોની હારમાળા નથી; પરંતુ ભકત–હૃદયની સાચી ભક્તિનો પ્રાણવંતો સ્રોત છે.

આવો ગુણાનુરાગ; આવી; ભક્તિ આવો પ્રેમ; વહેલો-વહેલો આપણા જીવનમાં પણ જાગો !

●

## ૬. શ્રી પદ્મપ્રભુ સ્વામીનું સ્તવન

**પદ્મ પ્રભ જિન જઈ અળગા રહ્યા,**
**જિહાંથી નાવે લેખોજી;**
**કાગળને મસી તિહાં નવિ સંપજે,**
**ન ચલે વાટ વિશેષોજી;**
**સુગુણ સનેહારે કદીય ન વિસરે. ૧**

●

**અર્થ :** શ્રી પદ્મપ્રભુ જિનેશ્વરદેવ અહીંથી દૂર જઈને વસ્યા છે. ત્યાંથી પત્ર આવતો નથી. કાગળ અને શાહી ત્યાં મળતા નથી. સીધા ત્યાં જવા માટે અહીં વર્તમાનકાળે કોઈ વિશિષ્ટ માર્ગ પણ નથી. આ રીતે સ્નેહીજનો દૂર રહ્યા હોય તો પણ સુંદર ગુણોવાળા એ સ્નેહીજનો ક્યારેય પણ વિસરાતા નથી. મનથી ભૂલાતા નથી.

**ભાવાર્થ :** ભક્તિપ્રધાન જીવનની એ આગવી વિશિષ્ટતા છે કે સ્થળ અને કાળના અંતરને આંજીને પણ એ પોતાને પ્યારા પ્રભુને ભજવાનું ચાલુ જ રાખે છે.

ઘાતી-અઘાતી સર્વ કર્મો ખપાવીને, અહીંથી સાત રાજલોક દૂર આવેલી સિદ્ધશિલા પર જઈ વસેલા પ્રભુ તરફથી પત્ર આવતો નથી. પત્ર લખવા માટે ત્યાં કાગળ કે શાહી હોતાં નથી. વળી સીધે સીધા ત્યાં પહોંચવા માટેનો રસ્તો આ કાળમાં, આ ભરક્ષેત્રમાંથી અત્યારે બંધ

છે, છતાં સમસ્ત ગુણના નિધિ અને એમના સ્વરૂપનું ધ્યાન કરનારા યોગીજનો ઉપર સ્નેહ રાખનારા એ પ્રભુને હું વિસરી શકતો નથી-એવા પૂ. ઉપાધ્યાયજીનાં વચનો વાંચતાંની સાથે મન તેમની પ્રભુ ભકિત પર ઓવારી જાય છે.

કહો, કેટલી ઊંડી શ્રદ્ધા છે તેમને પ્રભુજીની સ્વાભાવિક તારક શકિતમાં ?

આત્માનો સ્નેહ પ્રભુ પર જાગૃત થાય છે પછી પ્રભુ દૂર નથી એ સાર આ ગાથામાંથી આપણે ગ્રહણ કરવાનો છે. ક્ષેત્રથી પ્રભુ ભલે દૂર હોય, પણ ભાવથી પ્રભુ દૂર નથી. પ્રભુ કેવળ ભાવ ગ્રાહ્ય છે.

સાચી ભકિતની શકિત અમાપ છે, તે પણ આ ગાથાનો ધ્વનિ છે.

**ઇહાંથી તિહાં જઈ કોઈ આવે નહિ,**
**જેહ કહે સંદેશોજી.**
**જેહનું મિલવું દોહિલું તેહશું,**
**નેહ તે આપ કિલેશોજી. સુગુણ. ૨**

●

**અર્થ** : અહીંથી ત્યાં જઈને કોઈ પાછું આવતું નથી, કે જે ત્યાંના સમાચાર આપી શકે. જેમનો મેળાપ થવો દુર્લભ છે, તેમની સાથે સ્નેહ રાખવો તે પોતાને દુ:ખરૂપ છે.

**ભાવાર્થ :** આ ગાથા ઉપાલંભાત્મક હોવા છતાં શ્રી જિનેશ્વરદેવ તરફની આસ્થા, રૂચિ, પ્રીતિ અને ભકિતને દૃઢતર બનાવનારી છે.

વ્યાવહારિક રીતે જોતાં-વિચારતાં માણસ-માણસ વચ્ચેનો સ્નેહ-સંબંધ, પરસ્પરને મળવાથી, પત્ર-વ્યવહારથી, સંદેશાની આપ-લેથી ટકે છે તેમજ વધે છે.

જ્યારે મોક્ષે સિધાવેલા પરમાત્મા તો એમના ભક્તને મળવા માટે પાછા આવતા નથી તેમજ પોતાના સારા સમાચાર પણ મોકલતા નથી એટલે તેમની સાથેનો સ્નેહ-સંબંધ ટકાવી રાખવાનું કામ તેમના ભક્ત માટે ઘણું અઘરૂં બની જાય છે અને તે કારણે તે દુઃખી પણ થાય છે.

આ હકીકતના નિરૂપણ દ્વારા પૂજ્ય શ્રી આપણું ધ્યાન એ મુદ્દા પર કેન્દ્રિત કરે છે કે, પ્રભુ સાથેનો સ્નેહ–સંબંધ ટકાવવાનું તેમજ વધારવાનું કામ અઘરું છે, પણ અશક્ય નથી. એટલે જ તેમણે એમ નથી લખ્યું કે આવા પ્રભુ સાથે કોઈ પ્રેમ–સંબંધ બાંધશો નહિ, પણ ઉલટાનું એમ લખ્યું છે કે–આવી આવી વિષમતાઓ છતાં હું એમને ભૂલી શકતો નથી.

મહત્ત્વનો મુદ્દો પ્રભુના ઉપકારોની સ્મૃતિને હૃદયમાં જડી રાખવી તે છે.

વળી પોતાની વિપદ કથા વર્ણવતાં કહે છે કે—

**વીતરાગશું રે રાગ તે એક પખો,**
**કીજે કવણ પ્રકારોજી;**
**ઘોડો દોડે રે સાહેબ વાજમાં,**
**મન નાણે અસવારોજી. સુગણ. ૩**

●

**અર્થ :** શ્રી વીતરાગ પરમાત્મા સાથે એક પક્ષીય રાગ કેવી રીતે કરવો ? માલિકની લગામ અનુસાર ઘોડો વેગમાં દોડયા કરે, પણ તેના ઊપર સ્વારી કરનાર તે વાત મનમાંએ ન લાવે (એ કેવું ?)

**ભાવાર્થ :** પૂ. ઉપાધ્યાયજી ભગવંત અહીં પણ એજ વાત દોહરાવે છે કે–પ્રભુ તો વીતરાગ છે, સર્વથા રાગ રહિત છે. તેમની સાથે મારે એકતરફી રાગ કેવી રીતે કરવો ?

હું તેમના તરફ રાગ રાખું, છતાં પોતે વળતો સાનુકૂળ જવાબ ન આપે તો એમની સાથે સ્નેહ સંબંધ સ્થાપવો શું કામનો ?

આ તો એવું થાય છે કે, અસવાર ઘોડાને મંદ રીતે કે ત્વરિત રીતે ચલાવવા લગામ દ્વારા જે રીતે સૂચવે છે, તે રીતે ઘોડો બિચારો પોતાને માટે કાંઇ પણ વિચાર કર્યા વિના, માત્ર માલિકની ઇચ્છાને જ અમલમાં મૂકે, ચાલે, દોડે, પણ માલિકને તેની કાંઈ કદર જ નહિ !

પ્રભુ અને મારી વચ્ચે આવી સ્થિતિ વર્તે છે, તેમ છતાં કોણ જાણે ક્યું એવું વિશિષ્ટ કારણ છે, કે હું તેમને સ્વપ્ને ય ભૂલી શકતો નથી.

ભક્ત હૃદયની વેદના દર્શાવનારી આ વાત મૂળ મુદ્દે તો પ્રભુ તરફ ખેંચવા માટે છે, પ્રભુની ભક્તિમાં જોડવા માટે છે.

વીતરાગ બનવા માટે, શ્રી વીતરાગ પરમાત્મા તરફનો અવિહડ રાગ જોઈએ જ.

**સાચી ભક્તિ રે ભાવના રસ કહ્યો,**
**રસ હોય તિહાં દોય રીઝેજી;**
**હોડા હોડે રે બીહુ રસ રીઝથી,**
**મનના મનોરથ સીઝેજી. સુગુણ. ૪**

●

**અર્થ :** પ્રભુના સ્વરૂપની વિચારણારૂપ ભાવના રસને જ સાચી ભક્તિ કહી છે. જ્યાં રસ હોય ત્યાં બંને રીઝે છે. (એટલે હું રીઝું અને પ્રભુ ન રીઝે એમ ન થવું જોઈએ) એવી સ્પર્ધાથી જ એક બીજાના રસની રીઝથી જ મનના મનોરથો સિદ્ધ થાય છે.

**ભાવાર્થ :** પ્રીતમાં ઉભય પાક્ષિક રસનો મુદ્દો ઊભો કરીને પૂજ્યશ્રી સ્વગત-પોતાની જાતને ઉદ્દેશીને કહે છે કે હું પ્રથમ જે વિચારો કરી ગયો એ જાણીને કોઈ મને

ઠપકો આપે કે, 'તારે તો પ્રભુમાં દૃઢ વિશ્વાસ રાખી, એમના સ્વરૂપની વિચારણામાં મગ્ન રહેવું, પણ બીજા વિચારો ન જ કરવા. એથી જ તને ખરો રસ ઉત્પન્ન થશે.' તો તે મારે કબુલ છે. મારે એ બાબત કોઈ વાંધો નથી.

માટે તો પ્રભુ તરફથી પ્રત્યુત્તર નહિ આવવા છતાં મેં આજ પર્યંત કયારેય એમનું વિસ્મરણ કર્યું જ નથી.

(હવે મૂળ પ્રશ્નને સ્પર્શતાં કહે છે)

પણ હું હજી એક બાબત સમજી શકતો નથી, અને તે એ છે કે, જ્યાં એવો પ્રેમરસ વર્તતો હોય ત્યાં બંને વ્યક્તિઓ રીઝે એમ હોવું જોઇએ! હું રીઝું અને પ્રભુ ન રીઝે! ઉત્તર ન આપે, સામું પણ ન જુએ એમ ન જ હોવું જોઈએ.

બંનેએ રીઝવુંજ જોઈએ.

પછી બંને વચ્ચે આનંદિત થવાની હરિફાઈ થાય. એક ચાહે તેના કરતાં અધિક ચાહવાનું બીજો કરે. એટલે પ્રથમ વ્યકિત વળી ચાહનામાં આગળ વધે. એમ ઉત્તરોત્તર પરસ્પર વચ્ચેનો રાગ વધતો જાય અને ત્યારે જ મનના મનોરથો પૂરા થાય.

બાકી એકતરફી રાગથી તો કંઈજ ન વળે! તેમ છતાં પણ એ પરમ ઉપકારી પ્રભુના સ્મરણમાં જ મને ખરો આનંદ આવે છે, એ એમનો જ પ્રભાવ માનું છું.

નકારને છેક છેલ્લી હદ સુધી તાણીને, હકારના દ્વાર પાસે પહોંચવાની આ પણ સાચા પ્રભુભકતોની એક પદ્ધતિ છે,

અને તેનો સચોટ અનુભવ નીચેની ગાથા કરાવે છે.

**પણ ગુણવંતા રે ગોઠે ગાજીએ,**
**મ્હોટા તે વિશ્રામજી;**
**વાચક યશ કહે એહજ આશરે,**
**સુખ લહું ઠામોઠામજી. સુગુણ. ૫**

●

**અર્થ** : પણ ગુણવાનની સોબતથી હું ગાજું છું કારણ કે મહાપુરુષો વિશ્રાંતિના સ્થાનરૂપ હોય છે.

પૂ. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે એ જ પ્રભુના આશ્રયથી હું ઠેર–ઠેર સુખ અનુભવું છું.

**ભાવાર્થ** : જોયુંને ભક્ત હૃદયની ભક્તિએ કેવો વળાંક લીધો ?

અગાઉની ગાથાઓમાં જે નિરૂપણ હતું તે મુખ્યત્વે જન સાધારણના હૃદયમાં વીતરાગ પરમાત્માની ભક્તિ કરતાં જે વિચારો સ્ફુરે છે તેનો પ્રતિધ્વનિ હતો.

અને આ ગાથામાં તેનું નિરાકરણ છે.

મોટા માણસની સોબત કરનારા નાના માણસના દિમાગમાં પણ જબરદસ્ત ખુમારી પેદા થાય છે, તે સર્વ-વિદિત હકીકત છે.

રાષ્ટ્રપતિના સંબંધમાં રહેલો માણસ, અમલદારથી નથી ડરતો પણ એ ખુમારી સાથે ફરે છે કે મારા સંબંધી રાષ્ટ્રપતિ પોતે છે એટલે મારે નિર્ભયપણે જીવવું જોઈએ.

તો પછી ત્રણ જગતના નાથ એવા શ્રી તીર્થંકર પરમાત્માના મહાન ગુણો સાથે ગોઠડી બાંધનાર, તેમના વિશુદ્ધ લોકોત્તર સ્વરૂપમાં લીન રહેનાર કોઇથી ગાંજ્યો જાય ખરો ?

એ કોઈથી ગાંજ્યો ન જાય એ તો ઠીક પણ એનામાં એવું આત્મબળ પ્રકટે છે કે બધે શ્રી જિનશાસનની પ્રભાવના કરતો રહે છે. અને એજ તેનું મોટામાં મોટું સુખ હોય છે.

તાત્પર્ય કે પરમ ગુણવાન પરમાત્માનું પડખું સેવવાથી જ અને પરમાત્મ ભક્તિમાં લીન બનવાથી જ આત્મા સર્વ અવગુણોથી રહિત થઈ પરમાત્મા બની શકે છે.

પડખું સેવવું તેનો અર્થ એ છે કે અહર્નિશ શ્રી જિનસ્વરૂપની વિચારણાથી મનને વાસિત કરતા રહેવું અને શ્રી જિનગુણથી ભાવનાની હૃદયને ભાવિત કરતા રહેવું.

સર્વજ્ઞ, વીતરાગ શ્રી મહાવીરસ્વામી પ્રભુ પ્રત્યેનો શ્રી ગૌતમસ્વામીનો રાગ, અંતે તેમને વીતરાગ બનાવવામાં પરિણમ્યો તેમ આપણે પણ શ્રી વીતરાગ પરમાત્માના અચિન્ત્ય સામર્થ્યમાં અખૂટ શ્રદ્ધા સ્થાપીને તેમની ભક્તિ કરતા રહીશું, તેમની આજ્ઞાની આરાધના કરતા રહીશું, તો આપણા જીવનની પ્રત્યેક પળ સુખ અને શાન્તિની સોનેરી પળ બની જશે. સાચા ભકતને મુક્તિ કરતાં પણ પ્રભુની ભક્તિ અધિક પ્યારી હોય છે.

સંસારના રાગને નિર્મૂળ કરવાનો શ્રેષ્ઠ ઈલાજ વીતરાગની ભક્તિ જ છે.

## ૭. શ્રી સુપાર્શ્વનાથ સ્વામીનું સ્તવન

શ્રી સુપાસ જિનરાજ !
તું ત્રિભુવન શિરતાજ;
આજ હો રાજે રે ઠકુરાઇ,
પ્રભુ તુજ પદતણીજી. શ્રી સુપાસ. ૧

●

**અર્થ** : હે શ્રી સુપાર્શ્વ જિનેશ્વરદેવ ! આપ ત્રણ ભુવનના મસ્તકના મુકુટરૂપ છો.

હે પ્રભુ ! આપના તીર્થંકર પદનું ઐશ્વર્ય આજેય મારા દિલ તથા દુનિયામાં દીપી રહ્યું છે.

**ભાવાર્થ** : શ્રી તીર્થંકર પરમાત્મા ત્રણ જગતના શિરતાજ છે એ હકીકત સાવ સાચી છે.

નિસર્ગનું મહાશાસન અર્થાત્ ધર્મ મહાસત્તા શ્રી તીર્થંકર પરમાત્માને આ પદે બિરાજમાન કરે છે તે તેમના તરફના રાગ વિશેષને કારણે નહિ, પરંતુ તેમના મહાન ગુણ, સકળ જીવ હિતવત્સલતાને કારણે તેઓ પોતે સ્વયમેવ આ પદને સર્વથા પાત્ર બનેલા હોય છે માટે તેમનું ઉચિત બહુ–માન આ રીતે કરે છે.

શ્રી તીર્થંકરદેવના ચરમ ભવ પૂર્વેના ભવોમાં શ્રી તીર્થંકર પરમાત્માના આત્મા, ત્રણ જગતના બધા જીવોના

કલ્યાણની ઉત્કૃષ્ટ ભાવનામાં પોતાના સમય, શક્તિ અને શ્વાસોચ્છ્વાસ સુદ્ધાંને સાર્થક કરતા રહે છે એટલું જ નહિ પણ તે ભાવનાને દળદાર બનાવવા માટે વિધિ અને બહુમાનપૂર્વક તપ–જપ આદિમાં નિજ આત્મવીર્યને ફોરવે છે.

જીવ એના શિવસ્વરૂપને પામે એ એક માત્ર ઉત્કૃષ્ટ આશય તેમના જીવનમાં એવો વણાઇ જાય છે કે, સ્વાર્થનો વિચાર તો તેમના કોઈ રૂવાડામાં ય ફરકતો નથી.

આવી ઉત્કૃષ્ટ ભાવદયાના પરિણામે તેઓ શ્રી તીર્થંકર-દેવના ભવ પૂર્વેના ત્રીજા ભવમાં શ્રી તીર્થંકર નામકર્મની નિકાચના કરે છે.

મતલબ કે શ્રી તીર્થંકર પરમાત્માનું ત્રિભુવનસ્વામિત્વ એ કોઈની ભેટ નથી, પણ તેમના ત્રિભુવન હિતચિન્તક-તમત્વનું ફળ છે.

માટે તો દેવ–દેવેન્દ્રો રાજેન્દ્રો અને નાગેન્દ્રો પણ તેમની ભક્તિ કરવામાં અહોભાગ્ય સમજે છે,

આવા વિશ્વવત્સલ સ્વામીનું સ્વામિત્વ સર્વત્ર દીપી રહ્યું છે એમ કહીને સ્તવન કર્તા ભગવંત, પ્રભુની પ્રભુતા તરફનો પોતાનો અહોભાવ વ્યકત કરી રહ્યા છે.

**દિવ્ય ધ્વનિ સુર ફુલ,**

**ચામર, છત્ર; અમૂલ;**

**આજ હો રાજે રે ભામંડલ,**

**ગાજે દુંદુભિજી. શ્રી સુપાસ. ૨**

●

**અર્થ** : (જુઓ–જુઓ ! સમવસરણમાં બિરાજેલા શ્રી તીર્થંકર પરમાત્માને જુઓ અને જન્મ સાર્થક કરો.

**અર્થ** : એ ત્રિભુવનપતિના મહા મહિમાને દશે દિશામાં બુલંદ કરતા પ્રાતિહાર્યો તો જુઓ !

દિવ્ય ધ્વનિ, દેવોએ વરસાવેલાં પુષ્પો, ચામર, ત્રણ છત્ર, ભામંડલ અને દુંદુભિ એ છ પ્રાતિહાર્યો પ્રભુની પ્રભુતાના પ્રભાવે કેવાં શોભી રહ્યા છે.

**ભાવાર્થ** : અષ્ટ મહા પ્રાતિહાર્યની રચના એ શ્રી તીર્થંકર પરમાત્માની ઉત્કૃષ્ટ ભાવ દયાને નિસર્ગની શ્રેષ્ઠ અંજલિ છે.

આ ગાથામાં જે છ પ્રાતિહાર્યોનો ઉલ્લેખ છે તેનો ભાવાર્થ તથા હવે પછીની ગાથાઓમાં અન્ય જે બે પ્રાતિહાર્યોનો ઉલ્લેખ છે તેનો તથા પ્રભુજીના અતિશયો વગેરેનો ભાવાર્થ સળંગ રીતે આપવાથી, આકર્ષક–હૃદયસ્પર્શ એક ચિત્ર ઊભું થાય તે ગણત્રીએ હવે તે ગાથાઓ ટાંકીને તેના અર્થ અને ભાવાર્થનું સળંગ વર્ણન કર્યું છે.

**સિંહાસન અશોક, બેઠા મોહે લોક;**
**આજ હો રાજે રે દીવાજે. છાજે આઠશું જી;**
**શ્રી સુપાસ. ૩**

●

**અર્થ**: બીજી ગાથામાં છ પ્રાતિહાર્યોનો ઉલ્લેખ છે, આ ગાથામાં બાકીના બે પ્રાતિહાર્યોનો ઉલ્લેખ છે. જેનો સળંગ ભાવાર્થ પાંચેય ગાથાઓ પછી રજુ કર્યો છે.

**અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર;**
**આજ હો કીધારે, ઓગણીસે;**
**સુરગુણ ભાસુરેજી. શ્રી સુપાસ. ૪**

●

**અર્થ** શ્રીતીર્થંકર પરમાત્માને જન્મથી ચાર અતિશય હોય છે. ઘાતી કર્મોનો ક્ષય થવાથી બીજા અગ્યાર અતિશયો ઉત્પન્ન થાય છે અને વિનયવંત દેવો ૧૯ અતિશયો સર્જે છે. આમ કુલ ૩૪ અતિશયો વડે જગદીશ્વર શ્રી જિનરાજ શોભતા હોય છે.

અતિશય એટલે લૌકિક કોઈ પણ પુરુષ કરતાં પ્રભુમાં જે બાહ્ય અપ્રતિમ શકિત વર્તે છે તે શકિત સમજવી.

અતિશાયી ગુણ એટલે એક માત્ર શ્રી તીર્થંકર પરમાત્મામાં રહેલા વિશિષ્ટતમ ગુણ એવો અર્થ પણ થઈ શકે.

**વાણી ગુણ પાંત્રીશ,**
**પ્રતિહાર જ જગદીશ;**
**આજ હો સ્વામી રે શિવગામી,**
**વાચક યશ થુણ્યોજી; શ્રી સુપાસ. ૫**

●

**ભાવાર્થ:** પ્રભુની વાણી ૩૫ ગુણયુક્ત હોય છે. ઉપર કહ્યા તે આ આઠ પ્રાતિહાર્યની શોભા માત્ર પ્રભુને જ ઘટે છે.

આવા પરમ તારક, શિવપદગામી શ્રી તીર્થંકર પરમાત્માની સ્તવના કરતાં હું મને ધનભાગ્ય સમજું છું.

હવે સળંગ ભાવાર્થ લઈએ.

ઘાતી કર્મોનો ક્ષય કરીને ભાવ તીર્થંકરપણે વિચરતા શ્રી તીર્થંકર પરમાત્માના દર્શનથી જીવોને કૃતકૃત્ય કરવા માટે દેવો અષ્ટ મહાપ્રાતિહાર્યયુક્ત સમવસરણની રચના કરે છે.

એક યોજન પ્રમાણ આ સમવસરણની મધ્યમાં સ્ફટિક મણિનું સિંહાસન હોય છે. આ સિંહાસન ઉપર– 'નમો તિથ્થસ્સ' બોલીને પરમાત્મા શ્રી તીર્થંકરદેવ પૂર્વ દિશામાં મોં રાખીને બિરાજમાન થાય છે.

સર્વ પ્રકારના શોકને ટાળવાના તેમના સામર્થ્યનું સમર્થન કરતું અશોકવૃક્ષ તેમાં બિરાજે છે. તે સિંહાસન

પર છાયા ઢાળતું આખા સમવસરણમાં ફેલાએલું હોય છે. આ વૃક્ષની ઉંચાઈ, પ્રભુજીની ઉંચાઈથી ૧૨ ગુણી હોય છે.

મણિ, સુવર્ણ અને ચાંદીના ત્રણ ગઢમાં બેસીને બાર પર્ષદા પ્રભુની દેશના સાંભળે છે.

એ દેશના પ્રભુ માલકોશ રાગમાં આપે છે. અને પ્રભુ તરફની ભક્તિથી પ્રેરાઈને ત્યાં રહેલા દેવો બંસરીના મીઠા સૂર તેમાં પૂરે છે.

સમવસરણમાં બેઠેલા બધા જીવો આ દેશના પોત-પોતાની ભાષામાં સાંભળી શકે છે. પશુ પશુની ભાષામાં અને માણસ, માણસની ભાષામાં સાંભળી શકે છે.

સમવસરણમાં પુષ્પ વૃષ્ટિ કરીને દેવો, દેવાધિદેવના ગુણની સુવાસ ફેલાવે છે.

પ્રભુની ત્રણ ભુવનની ઠકુરાઈને સૂચવતાં ત્રણ છત્રો તેઓશ્રીની ઉપર શોભી રહ્યાં હોય છે.

દેવાધિદેવની અસીમ ઉપકારકતાને બિરદાવતા દેવો તેમની બંને બાજુએ ચામર ઢાળે છે.

શ્રી તીર્થંકર પરમાત્માના નિર્મળ વદન પર તેજ એટલું બધું હોય છે કે કોઈ માણસ તેના પર આંખ માંડીને દર્શન પણ ન કરી શકે. એટલે પ્રભુભક્ત દેવો ભામંડળમાં એ તેજને સંક્રાન્ત કરે છે. જેથી સમવસરણમાં બેઠેલા જીવો પ્રભુના દર્શન કરીને દિલની તૃષા શમાવી શકે છે.

'હે ભવ્ય જીવો ! પ્રમાદ છોડીને આ પરમાત્માને ભજવા માટે આવો !' એવો દુંદુભિનાદ કરી તે દેવો, દેવાધિદેવની દેશનાનો લાભ લેવા માટે જીવોને આમંત્રે છે, આકર્ષે છે.

શ્રી તીર્થંકર પરમાત્માના બાર ગુણોમાં પણ આ અષ્ટ મહાપ્રાતિહાર્યનો સમાવેશ થએલો છે.

પ્રભુની પ્રભુતાનો ત્રણ જગતમાં ડંકો વગાડનારા આ અષ્ટ મહાપ્રાતિહાર્યની રચના શ્રી તીર્થંકર પરમાત્માના સમવસરણમાં જ થતી હોય છે.

પ્રભુનો શ્વાસોચ્છ્વાસ કમળ જેવો સુગંધી હોય છે. તેઓશ્રીના પુણ્ય દેહમાં વહેતું રૂધિર દૂધની ધારા જેવું શ્વેત હોય છે. પ્રભુના આહાર–નિહાર કોઈ છદ્મસ્થ જીવ નજરે જોઈ શકતો નથી. પ્રભુને પરસેવો થતો નથી.

આ ચાર અતિશય તેમને જન્મથી જ હોય છે. તેમના સિવાય અર્થાત્ શ્રી તીર્થંકર પરમાત્મા સિવાય બીજા કોઈ આત્માને આ અતિશયો હોતા નથી.

આ ચાર અતિશયો ઉપરાંત, વધુ ૧૯ અતિશયો વિવેકી દેવો નિર્માણ કરે છે અને ઘાતીકર્મ ખપતાં ૧૧ અતિશયો ઉત્પન્ન થાય છે. આમ કુલ ૩૪ અતિશયો વડે દેવાધિદેવની પ્રભુતા જળમાં વિસ્તરતા તેલની જેમ, ત્રિભુવનમાં વિસ્તરે છે.

જગતના જીવોને તારવા, સંસારથી ઉદ્ધારવા પ્રભુ–શ્રમણપ્રધાન ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરે છે.

પ્રભુની કરૂણા, પ્રભુની ઉપકારકતા, પ્રભુની પરમાર્થ-પરાયણતા, પ્રભુની પ્રભુતા, પ્રભુની ભક્તિ કરનારને જરૂર તારે છે.

આવા પ્રભુને ભજવાનો અવસર પણ મહાપુણ્યે મળે છે. એ પુણ્યનો સદુપયોગ કરનારાને પણ ધન્ય છે.

ધર્મતીર્થના પ્રવર્તક શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિમાં શક્તિ ગોપવ્યા વિના લીન બનીને સહુ ભવ્યાત્માઓ શિવપદના સ્વામી બનો !

હે મારા સ્વામી ! વહાલા તીર્થંકર ! આપની ત્રિભુવન વ્યાપી પ્રભુતાને કોટિ–કોટિશઃ પ્રણામ !

●

## ૮. શ્રી ચંદ્રપ્રભ સ્વામીનું સ્તવન

ચંદ્રપ્રભ જિન સાહેબા રે,
　　તુમે છો ચતુર સુજાણ મનના માન્યા;
જાણો સેવા દાસની રે,
　　દેશો, દેશો પદ નિર્વાણ, મનના માન્યા;
આવો આવો રે ચતુર સુખભોગી,
　કીજે વાત એકાંત અભોગી;
　　ગુણ ગોઠે પ્રકટે પ્રેમ. મનના માન્યા. ૧

●

અર્થ : હે ચંદ્રપ્રભુ જિનેશ્વરદેવ ! હે સાહેબા ! આપ ચતુર છો સુજાણ છો અને મનને પ્રિય છો. દાસની કરેલી સેવા જાણો છો અને તેથી આપ મોક્ષપદ આપશો જ એવી મને ખાત્રી છે.

હે ચતુર અને સુખભોગી પ્રભુ ! આવો, આવો આપણે એકાંતમાં આત્માની વાતો કરીએ. કારણ કે એ પ્રકારે ગુણની ગોષ્ઠિ કરવાથી પ્રેમ પ્રકટે છે.

ભાવાર્થ : આઠમા શ્રી ચન્દ્રપ્રભુ સ્વામી ચંદ્રની કાન્તિથી ચઢીઆતી કાન્તિ વડે સોહી રહ્યા છે, દિલને હરી રહ્યા છે. મનને મોહી રહ્યા છે.

પ્રભુ સર્વજ્ઞ હોવાથી ચતુર છે. સર્વદર્શી હોવાથી સુજાણ છે.

આવા સ્વામીને મારા મને માલિક તરીકે માની લીધા છે.

પ્રભુને આમ બિરદાવીને પૂજ્ય ઉપાધ્યાયજી મ૦ કહે છે કે; આપની જે સેવા મેં કરી છે તે આપ સર્વજ્ઞ અને સર્વદર્શી હોવાથી સારી રીતે જાણો છો, તો સેવકને નિર્વાણ પદ આપીને આપની તુલ્ય બનાવશો જ એવી મને ખાત્રી છે.

શાશ્વત સુખના ભોક્તા હે સ્વામી ! આપ પૌદ્ગલિક સુખોથી સર્વથા પર (અભોગી) છો, તે હું જાણું છું.

એટલે મારે એકાંતમાં આપની સાથે આત્માના સુખની ખૂબ–ખૂબ વાતો કરવી છે. કારણ કે એ પ્રકારે થતી ગુણ-ગોષ્ઠિ આત્મપ્રેમવર્ધક બને છે.

પ્રભુભાવમાં તરબોળ હૈયાની આ વાતો માર્મિક છે. છતાં હૃદયમાં તરત બેસી જાય તેવી સચોટ છે.

સાચી ભક્તિની ખૂબી અને તાસીર જ એ હોય છે કે, કર્ણપ્રિય સંગીતની જેમ-તે પણ વાંચકના હૃદયને સ્પર્શી જાય છે.

મનથી મેં આપને જ મારા સ્વામી માની લીધા છે એમ કહીને આપણે પણ પ્રભુને કહેવું જોઈએ કે આપ સમક્ષ મારે મારૂં દિલ ખોલવું છે, મારા મનને મુંઝવતી

વાતો કરવી છે. કારણ કે આપ સર્વ કર્મ ખપાવીને મોક્ષે સિધાવ્યા, જ્યારે આપનો દાસ એવો હું હજી સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છું. એટલે મને એ જાણવાની તાલાવેલી લાગી છે કે મારો મોક્ષ ક્યારે થશે ?

આતમ સાખે ધર્મ છે, ત્યાં જનનું શું કામ !
જન મન રંજન ધર્મનું, મૂલ ન એક બદામ.

આ દુહાનો જે સાર છે તે આ ગાથામાં પણ ગૂંથાએલો છે.

એટલે જ તેમાં એમ લખ્યું છે કે,
'કીજે વાત એકાંત.'

લોકમાં પણ હિતની ગંભીર વાતો જાહેરમાં નથી કરાતી તેમ આત્માનું હિત કરનારી પ્રભુભક્તિ, આત્મસાખે કરવાની હોય છે. 'મારી ભક્તિ જોઈને લોકો મને ભક્ત કહેશે, મારાં વખાણ કરશે,' એમ માનીને ભક્તિ કરવાથી ભક્તિનો ભેજ હૃદયમાં નથી પહોંચતો પણ બહાર નીકળીને ચાલ્યો જાય છે.

સાચા બે પ્રેમીઓ વાતચીત માટે એકાંતને જ પસંદ કરે છે તેમ પ્રભુ આગળ દિલ, એકાંતમાં જ ખોલી શકાય છે.

પૂજ્યશ્રીએ ગુણ-ગોષ્ઠિની વાત કરીને તો આપણાં હૃદય-ચક્ષુઓ ખોલી નાંખ્યા છે.

આત્મા, આત્મસાખે, આત્મા સાથે જ્યારે વાતે ચઢે છે ત્યારે તેમાં આત્મિક ગુણોની ઉજ્જવળ હારમાળા સર્જાય છે. પૌદ્ગલિક સુખની કોઈજ વાત તેમાં ચર્ચાતી નથી. આત્મા સાથેની એ વાતચીતનો સાર એ હોય છે કે, સર્વ જીવોને અભય આપનારી મુક્તિ મને ક્યારે મળશે ?

પરમાત્મા પોતે મુકત હોઈને તેમના ચરણ-કમળ પાસે બેસીને જ આ વાતો કરતા હોઈએ એવો મનોભાવ પાકો કરવાની ભૂમિકા પ્રભુભક્તિ દ્વારા સર્જાય છે.

પછી પ્રભુ દૂર છે એ વાત ભકતના મનમાં રહેતી નથી અને તે ગળગળો થઈને પ્રભુ પાસે પ્રભુપદની વાતો રજુ કરી દે છે. રજુ કરી શકે છે.

**ઓછું અધિકું પણ કહે રે,**
**આસંગાયત જેહ, મનના માન્યા;**
**આપે ફળ જે અણ કહે રે,**
**ગિરુઓ સાહેબ તેહ, મનના માન્યા આવો. ૨**

**અર્થ :** મનના માનીતા હે માલિક! જે બહુ હળી મળી ગએલ હોય તે (બાળક જેમ માતાપિતાને કહે તેમ) ઓછું–વધતું કહે એ બનવાજોગ છે.

મોટા પુરૂષ તે જ કહેવાય કે જે કહ્યા વિના ફળ આપે.

**ભાવાર્થ :** હે વહાલા સ્વામી ! આપ સાથેનો મારો સંબંધ નવોસવો નથી, પણ અતિ દીર્ઘ કાળનો છે. આ

સંબંધના કારણે ઓછું-વધતું કાંઈ બોલાઈ જાય તો માઠું ન લગાડશો.

મનગમતી ચીજ માટે મમતે ચઢેલું બાળક માબાપને પજવે છે. મારી મનગમતી ચીજ એક માત્ર આપ છો. આપનું શુદ્ધ સ્વરૂપ છે. આત્માનંદ છે. અખૂટ એ આપ તો જાણો જ છો.

મોટા માણસની એ વિશેષતા હોય છે. કે એ નિજ સેવકને વણમાગ્યે, વાંછિત વસ્તુ આપી દે છે.

જ્યારે આપની મોટાઈ તો મહીમાં માતી નથી, દેવલોકમાં પણ આપની મોટાઈ વખણાય છે અને છતાં એક મને કેમ સંતોષતા નથી?

હે મનમોહન! આવો, પધારો! સેવકના સૂના હૃદયમંદિરને પાવન કરો!

**'દીન' કહ્યા વિણ દાનથી રે,**
**દાતાની વાધે મામ, મનના માન્યા;**
**જળ દીએ ચાતક ખીજવી રે,**
**મેઘ હુઓ તિણે શ્યામ. મનના માન્યા આવો. ૩**

●

**અર્થ**: 'અમે દીન-ગરીબ છીએ' એમ કહેવરાવ્યા વિના, દાન આપવાથી દાતાનો મહિમા વધે છે.

બાકી તો ચાતકને ખીજવી પજવીને મેઘ જળ તો આપે છે, પણ તેથી મેઘની શોભા ઘટી છે, તે શ્યામ થઇ ગયો છે.

**ભાવાર્થ :** દાન વ્યસની પુરુષ, યાચકની માગણીની અપેક્ષા રાખ્યા સિવાય દાન આપીને તેનું દારિદ્ર દૂર કરતો હોય છે.

કોઈ માગે એટલે આપવું એ સાચા દાતારનું લક્ષણ નથી.

હે વહાલા! આપ જ જુઓને ચાતક પંખીની ઘણી ઘણી વિનવણીઓ પછી મેઘ તેને જળ આપે છે તો તેની વાહ–વાહ નથી થતી પણ નિંદા થાય છે, વગોવણી થાય છે અને તેની અસરથી તે શ્યામ થઈ ગયો છે.

આત્મામાં જાગેલી પરમાત્મ ભાવની પ્રીત, દુનિયાના અભિપ્રાયની ચિંતા કર્યા સિવાય, પોતાના પ્રિયતમ પ્રભુને ઘણું ઘણું કહી શકે છે. કારણ કે એ પ્રીતમાં પ્રભુ જ હોય છે. પ્રભુમય બનવાનું જ ગીત હોય છે. ભેદદશાથી અકળાએલા આત્માનો અભેદદશા માટેનો પોકાર હોય છે.

હે મનમોહન! મારો આત્મા એક આપ માટે તલસે છે. આપની કરૂણાનું વારિ વાંચ્છે છે. જો વિલંબ કરશો તો ચાતકને તડપાવતા મેઘ અને આપ વચ્ચે કોઈ તફાવત નહિ રહે.

આ બધી ગુણ–ગોઠડી મારે આપની સાથે જ કરવી છે તો આવો પધારો સેવકના ઘરને પાવન કરો.

**'પીઉ પીઉ,' કરી તુમને જપું રે,**
**હું ચાતક તુમ મેહ, મનના માન્યા;**
**એક લહેરમાં દુઃખ હરો રે,**
**વાધે બમણો નેહ, મનના માન્યા આવો. ૪**

●

**અર્થ :** હે મનમાન્યા માલિક! 'પીઉ–પીઉ', શબ્દો વડે તમારો જાપ હું જપું છું.

હું ચાતક છું, તમે મેઘ છો. તો તરત મારાં દુઃખ દૂર કરો જેથી આપણો સ્નેહ બમણો થઈ જાય

**ભાવાર્થ :** કહેવું જ પડે કે શ્રી જિનરાજના ભક્ત હો તો આવા હોજો!

ચાતક પંખી, નદી–સરોવરનાં નિર્મળ નીર સામે પણ નજર નથી કરતું. તેનો એકજ નિર્ધાર હોય છે. બસ પીઉં તો મારા વહાલા મેઘનું પાણી, નહિતર તરસ્યા રહેવું પડે ત્યાં સુધી તરસ્યા રહેવાની મારી તૈયારી છે.

તેમ જિન ભક્તિને સમર્પિત પૂ. ઉપાધ્યાયજી મ. પણ શ્રી જિનરાજને કહે છે કે, હું ચાતક છું, આપ મેઘ છો, હું ઝંખું છું તુજ કરૂણાની એક લહેર.

આ ગાથામાં વપરાએલો 'લહેર' શબ્દ, પૂરેપૂરો તાત્ત્વિક છે. આત્મામાં આત્મભાવની પરિણતિના અર્થમાં તે વપરાએલો છે. આત્મભાવની યથાર્થ પરિણતિ પછી આત્માના પ્રદેશે પદેશે આત્મવીર્ય એટલા બધા વેગથી

સ્ફૂરાયમાન થાય છે કે, એ આત્મા પ્રચંડ શિલાઓને તોડીને આગળ વધતા જળના જોરદાર પ્રવાહની માફક પરમાત્મ-દશા તરફ ગતિમાન બની જાય છે.

આ 'લહેર'ની તાકાત અદમ્ય છે.

પણ તેને માટે લાયક થવા ચાતક જેવી ધ્યેયનિષ્ઠા અને ધીરજપૂર્વક 'પીઉ પીઉ' અથવા 'પ્રભુ પ્રભુ' રટવું પડે. ચાતકના પ્રિયતમ જેમ મેઘરાજ છે તેમ મારા પ્રિયતમ પ્રભુ શ્રી જિનરાજ છે.

જેને તેને મન દેવાથી આત્માનું સત્ અર્થાત્ સમ્યક્ત્વ કલંકિત થાય છે એ મુદ્દાને લક્ષ્યમાં રાખીને પૂજ્યશ્રીએ આખા સ્તવનમાં પ્રભુને, મનના માન્યા !' કહીને સંબોધ્યા છે. અર્થાત્ આપના સિવાય, બીજે મારૂં મન નથી માનતું એ ભાવ પ્રદર્શિત કર્યો છે.

અને પ્રેમ–સંવાદ અથવા ગુણ–ગોષ્ઠિ તો મનના માનેલા સાથે જ થાય.

શ્રી જિનેશ્વરદેવના જગદુપકારી સ્વરૂપમાં જેનું મન ઠરે છે તે ખરેખર મહાભાગ્યશાળી છે. મહાપુણ્યશાળી છે.

**મોડું વહેલું આપવું રે,**
**તો શી ઢીલ કરાય ? મનના માન્યા;**
**વાચક યશ કહે જગધણી રે,**
**તુમ તુઠે સુખ થાય, મનના માન્યા આવો. ૫**

●

**અર્થ :** હે પ્રભુ ! જો મોક્ષરૂપી ફળ, વહેલું મોડું આપે આપવાનું જ છે, તો વિલંબ શા માટે કરો છો ? આપ તુષ્ટમાન થાઓ, તો જ હે જગનાથ ! મને સુખ થાય તેમ છે.

**ભાવાર્થ :** હે પરમાત્મા ! જે આત્મિક ગુણોની અનુભૂતિ મને થઇ રહી છે તેના આધારે કહી શકું છું કે મને મોક્ષ આપ્યા સિવાય આપનો છૂટકો થવાનો નથી. પણ એમ આપવાથી આપની કૃપા ગણાવાની નથી.

તેથી જો આપ મારી વિનંતીનો તત્કાળ સ્વીકાર કરી મારી આત્માનુભૂતિને પરાકાષ્ઠાએ પહોંચાડવારૂપ કૃપા કરો તો ભવવાસના સઘળાં દુઃખોથી મુકત થઈને હું પરમાનંદ પદના પરમ સુખનો અનુભવ કરી શકું.

બાળક ખસતું ખસતું માતાના ખોળામાં પહોંચી જાય છે એટલે એના આનંદની સીમા નથી રહેતી તેમ આત્મા–મોહ અજ્ઞાન, રાગ–દ્વેષ, આદિને છોડીને આગળ વધતો જાય છે, ત્યારે ઝળાંહળાં થતા પરમાત્મસ્વરૂપને પામીને અનિર્વચનીય આનંદમાં એકાકાર થઈ જાય છે.

પ્રભુને પૂરા પ્રેમે ભજવાથી જ આ પરમપદ અને પરમાનંદ પમાય છે એ સદા સ્મરણમાં રાખીએ.

# ૯. શ્રી સુવિધિનાથ સ્વામીનું સ્તવન

લઘુ પણ હું તુમ મન નવિ માવું રે,
જગગુરૂ તુમને દિલમાં લાવુ' રે;
કુણને એ દીજે સાબાશી રે,
શ્રી સુવિધિ જિણુંદ વિમાસી રે. ૧

●

**અર્થ** : હે સુવિધિનાથ જિનેશ્વરદેવ! હું નાનો છતાં આપના મનમાં સમાઈ શકતો નથી. પણ હે જગદ્ગુરુ! આપ મહાન છતાં આપને હું મારા હૃદયમાં સ્થાપી શકું છું, તો આ બાબતમાં સાબાશી કોને આપવી? મને કે આપને?

**ભાવાર્થ** : આ પણ ભક્તિનો જ એક અંકુર છે. જે ભક્તની ભક્તિરસભીની હૃદય–વાટિકામાં ખીલી ઉઠયો છે.

વહેવાર એમ કહે છે કે, મોટામાં નાનો સમાઈ જાય, પણ નાનામાં મોટો ન સમાઈ શકે, પણ અહીં તો એના કરતાં ઉલ્ટી વાત છે. જે પહેલી નજરે વિચિત્ર તેમજ વિસ્મયકારી લાગે છે.

આશ્ચર્યનો આંચકો લગાડવા માટે જ જાણે આ સ્તવન ન રચાયું હોય એવું પણ કોઈને લાગે તો નવાઈ નહિ.

આવા આંચકા–પ્રમાદગ્રસ્ત જીવનને ખૂબ ઉપકારક નીવડે છે.

પ્રભુ મોટા, આપણે નાના છતાં આપણે પ્રભુને મનમંદિરમાં પધરાવી શકીએ છીએ, જ્યારે પ્રભુના મનમાં આપણે નથી સમાઈ શકતા એ નવાઈ જેવું જ ગણાય.

તો મોટું કોણ? પ્રભુ કે આપણે?

શાબાશી પાત્ર કોણ? પ્રભુ કે આપણે?

ગહન ભક્તિસાગરમાં પાકતા ગુણરત્નોનું તેજ આ પ્રશ્નોમાં છે. ધીમે–ધીમે આપણા હૃદયમાં જરૂર પ્રકાશ પાથરશે.

**મુજ મન અણુમાંહે ભક્તિ છે ઝાઝી રે,**
**તેહ દરીનો તું છે માજી રે;**
**યોગી પણ જે વાત ન જાણે રે,**
**તેહ અચરિજ કુણથી હુઓ ટાણે રે. ૨**

●

**અર્થ:** હે જિનરાજ! મારા મનનો પ્રત્યેક અણુ આપની ભક્તિમાં ઓતપ્રોત છે.

મારા આ મનરૂપી હોડીના આપ માઝી એટલે સુકાની છો. તો પછી યોગી પુરૂષને પણ અગમ્ય એવું આશ્ચર્ય કોનાથી થયું?

**ભાવાર્થ:** હે સુવિધિનાથ જિનેશ્વર દેવ! મારા મનના અણુમાં ભક્તિનો મહાસાગર ઉછળ્યો છે, આ પણ એક આશ્ચર્યકારક હકીકત છે. નાનકડી વસ્તુમાં મહાસાગર જેટલા ઉછાળા શી રીતે શમાય?

વળી આગળ વધતાં પૂ૦ ઉપાધ્યાયજી મ૦ જણાવે છે કે મારા મનમાં ઉત્પન્ન થયેલ ભક્તિના મહાસાગરમાં મારી આરાધના રૂપી જે નાવડી ચાલે છે તેના સુકાની (નાવડાના ચલાવનારા) હે પ્રભુ તમેજ છો. કેટલી સુંદર કલ્પના પૂજ્ય શ્રીએ કરી છે કે જે ભકત હૃદયને ભક્તિરસમાં તરબોળ બનાવી મૂકે છે.

શ્રી કલ્યાણ મંદિરમાં કહ્યું છે કે હે પ્રભુ! તમને હૃદયમાં ધારણ કરીને ભવ્યાત્માઓ ભવસાગરને તરી જાય છે તેમાં મુખ્ય હેતુ તમે જ છો, કારણ કે મશક પાણીમાં તરે છે, તેમાં પ્રભાવ મશકનો નથી પણ તેની અંદર રહેલા પવનનો છે, તેમ અહીં પૂ. ઉપાધ્યાય મ. પણ કહે છે કે હે પ્રભુ! મારા અણુ–નાનકડા એવા મનમાં ભક્તિનો જે મહાસાગર ઉછળી રહ્યો છે તેમાં પ્રભાવ મારો નથી પણ આપનોજ છે. કારણકે એના સુકાની આપજ છો.

સામાન્ય યોગીને ખ્યાલમાં પણ ન આવે તેવી આશ્ચર્યકારક આ હકીકત મારા મનમાં ઉત્પન્ન થઈ તેમાં પણ હે પ્રભુજી પ્રભાવ આપનો છે કારણ કે આપના પ્રત્યેની ભક્તિના બળથી મારા મનમાં આવા આશ્ચર્યકારક વિચારો ઉત્પન્ન થાય છે.

શ્રી જિનભક્તિથી છલોછલ હૃદયની આ વિસ્મયકારી વાણીનું ચિંતન મનને અનોખો આનંદ આપે છે.

**અથવા થિરમાંહી અથિર ન માવે રે,**
**મ્હોટો ગજ દર્પણમાં આવે રે;**
**જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે,**
**તેહને દીજે એ સાબાશી રે. ૩**

**અર્થ :** હે પ્રભુ! સ્થિરમાં, અસ્થિર સ્થાન ન જ પામે એ સાચુ છે. મોટો હાથી દર્પણમાં આવી શકે છે તે મેં જોયું છે.

એટલે જેના પ્રભાવથી મારામાં આ સમજ જાગી તે પ્રભુ જ વિસ્મયકારક આ ઘટના માટે શાબાશીને પાત્ર છે.

**ભાવાર્થ :** ભકિતનાં મૂળ તો પાતાળ કરતાંય વધુ ઊંડાં છે. એમાંથી કયારે કયું ગુણરત્ન ઝળહળી ઉઠે તે કહી ન શકાય.

પોતાની લઘુતાની સ્થાપના પૂજ્યશ્રીએ સુંદર રીતે કરી છે તે એમ બતાવે છે કે તેમને મન શ્રી જિનરાજ સર્વેસર્વા છે.

પહેલી બે ગાથામાં પૂર્વ પક્ષ સ્થાપીને આ ગાથામાં તેમણે સ્વયમેવ જે ખુલાસો કર્યો છે, તે આપણને સહુને લાગુ પડે છે.

જો કે એ મહાભકતે તો પોતાની જ ચંચળતાને પ્રગટ કરી છે અને પ્રભુના અયોગિ કેવળીપણાને જ બિરદાવ્યું છે.

જુઓને એમણે તરત જ એકરાર કરી દીધો કે પ્રભુ સ્થિર છે, સ્વરૂપસ્થ છે, જ્યારે હું અસ્થિર છું, સ્વ-સ્થ નથી. એટલે અસ્થિર એવો હું સુસ્થિત એવા પ્રભુમાં સ્થાન ન પામી શકું એ સ્વાભાવિક છે.

પછી દર્પણના દાખલા વડે અસ્થિર, સ્થિરમાં શી રીતે સમાઈ શકે એ પ્રશ્નનો ખુલાસો કર્યો.

જેમ સ્થિર એવા સ્વચ્છ દર્પણમાં મોટો હાથી પણ પ્રતિબિંબિત થઈ જાય છે તેમ પ્રભુધ્યાન-મગ્ન ભક્તમાં પ્રભુ-સ્વરૂપ પણ ઝીલાય છે.

મૂળ સવાલ આત્મોપયોગનો છે.

મન-વચન-કાયાના યોગોને સ્થિર કરીને આત્મા વડે આત્મામાં પરમાત્માનું ધ્યાન ધરનારો આત્મા તે સમયે પરમાત્મા કહેવાય છે.

એટલે ગુરૂમાં લઘુ ન સમાય એવું પણ નથી અને લઘુમાં ગુરૂ ન સમાય એવું નથી.

સવાલ છે સ્થિરતાનો. જે સ્થિરતા ગુરૂ એવા પ્રભુમાં છે, તે સ્થિરતા લઘુ એવા આપણે ખીલવવાની છે.

આત્મિક ગુણોની સતત ખીલવણીની ખેવના અને શ્રી જિનરાજ પાસે તેની જ માગણી-આ બે બાબતોને જીવનમાં પ્રાધાન્ય આપે છે. તે ધન્યવાદને પાત્ર છે.

**ઊર્ધ્વ મૂળ તરુઅર અધ શાખા રે,**
**છંદ પુરાણે એહવી ભાષા રે;**
**અચરિજવાળે અચરિજ કીધું રે,**
**ભકતે સેવક કારજ સીધું રે. ૪**

●

**અર્થ :** છંદ પુરાણમાં-'વૃક્ષનું મૂળ ઊંચું અને શાખાઓ નીચી છે.' એમ કહ્યું છે.

આશ્ચર્યવાળાએ આશ્ચર્ય કર્યું છે. પણ અહીં તો પ્રભુની ભક્તિથી સેવકનું કાર્ય સિદ્ધ થયું છે.

**ભાવાર્થ :** અન્ય શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે વૃક્ષનું મૂળ ઊંચું છે અને શાખાઓ નીચે છે.

સામાન્ય રીતે વૃક્ષનું મૂળ નીચે હોય અને શાખાઓ ઉપર હોય, પરંતુ ત્યાં તો વૃક્ષનું મૂળ ઉંચું અને શાખા નીચી કહેવામાં આવી છે. તેથી આ એક આશ્ચર્યકારક હકીકત છે.

શ્રીમદ્ ભગવત ગીતાના પંદરમા અધ્યયનમાં સંસારને પીપળાના વૃક્ષની ઉપમા આપવામાં આવી છે. તેનું મૂળ માયા છે અને માયાનું મૂળ બ્રહ્મ છે. બ્રહ્મનો વાસ ઉંચે છે, તેથી વૃક્ષનું મૂળ ઉંચું છે. સંસારરૂપ વૃક્ષની ચારગતિ રૂપ ચાર શાખાઓ નીચે છે. ઈન્દ્રિયો તેની ડાળીઓ છે. વિષયો તેના પ્રવાલ (નવાં ઉગેલાં પાંદડાં) છે. ત્યાં આ પ્રમાણે કહેવાયું હોવાથી આશ્ચર્યકારક ગણાય છે.

પરંતુ મને તો પ્રભુજી એ બાબત વધારે આશ્ચર્ય-કારક જણાય છે કે આપ મહાન છતાં નાના સેવકમાં સમાઈ ગયા.

આવા અનંત કરૂણાસાગર અને અતિ અદ્‌ભુત ચારિત્ર-વાળા પ્રભુની સમ્યક્ પ્રકારે ભક્તિ–ઉપાસના કરવાથી સેવક (સ્તવન કર્તા) નું કાર્ય સિદ્ધ થયું.

**લાડ કરી જે બાળક બોલે રે,**
**માતાપિતા મન અમીયને તોલે રે;**
**શ્રી નયવિજય વિબુધનો શિષો રે,**
**યશ કહે ઇમ જાણો જગદીશો રે. ૫**

●

**અર્થ :** શ્રી નયવિજય પંડિતના શિષ્ય યશોવિજય કહે છે કે, બાળક લાડ કરીને માતા–પિતા સમક્ષ જે બોલે છે, તે તેમને અમૃત તુલ્ય લાગે છે, તેમ હે જગદીશ ! મારી આ વાતોને પણ આપ એ રીતે જાણજો.

**ભાવાર્થ :** બાળકની કાલી ઘેલી વાતોથી માતા–પિતા નારાજ નથી થતાં, પણ રાજી થાય છે, એમ કહીને પૂજ્યશ્રી પ્રભુને કહે છે કે, હું બાળક છું, આપ માતા–પિતાના સ્થાને છો એટલે હું આપ વિષે જે કાંઈ બોલી ગયો તેને બાળકની કાલીઘેલી વાતો સમજશો.

વિદ્યા અને પાંડિત્યનું જરા જેટલું પણ અભિમાન પ્રભુના ભજનમાં સહાયક નહિ પણ અવરોધક બની રહે

છે. એ સારી રીતે જાણનારા પૂજ્યશ્રીએ પોતાને બાળક કહ્યા તે તેમની સાચી ભક્તિનો પુરાવો છે.

ગમે તેટલો મોટો ઈલ્કાબ એ મોક્ષમાર્ગની ટિકિટ નથી. પણ રત્નત્રયીની સમ્યગ્ આરાધના એજ મોક્ષ-માર્ગની ટિકિટ છે.

રત્નત્રયીની સમ્યગ્ આરાધના એટલે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના.

સાચી આરાધના તો અહં-મમને ઓગાળનારૂં રસાયણ છે. એના સેવનમાં સહુનું કલ્યાણ છે.

## ૧૦. શ્રી શીતલનાથ સ્વામીનું સ્તવન

શ્રી શીતલજિન ભેટીએ,
કરી ભક્તે ચોખું ચિત્ત હો;
તેહથી કહો છાનું કીશ્યું,
જેહને સોંપ્યા તન-મન-વિત્ત હો;
શ્રી શીતલ. ૧

●

**અર્થ :** ભક્તિ વડે ચિત્તને નિર્મળ કરી આપણે શ્રી શીતળનાથ સ્વામીને ભેટીએ. જેમને તન-મન-ધન સોંપ્યાં, તેનાથી શું ગુપ્ત હોઈ શકે ?

**ભાવાર્થ :** મનોહર ચિત્રામણ કરવા માટે ભીંત પણ ચોકખી જોઈએ. ડાઘાડુઘીવાળી ન ચાલે, તેમ શ્રી જિનરાજને ભાવથી ભેટવા માટે, ચિત્ત પણ ચોકખું જોઈએ.

ચોકખું ચિત્ત એટલે નિર્મળ ચિત્ત.

વિષય-કષાય અને રાગ-દ્વેષ વડે ખરડાએલું ચિત્ત મેલું ચિત્ત ગણાય છે.

મેલા વસ્ત્ર પર, પાકો રંગ બેસતો નથી તેમ આવા મળવાળા ચિત્ત પર જિનભકિતનો રંગ, બરાબર બેસતો જ નથી.

મતલબ કે પ્રભુભક્તિ ચોખ્ખા ચિત્ત વડે થઈ શકે છે

વિષય-કષાય આદિ તરફનો રાગ, વીતરાગ તરફના રાગમાં અવરોધક નીવડે છે માટે તેનો ત્યાગ કર્યા સિવાય, વીતરાગ પરમાત્મા તરફ સાચો ભક્તિરાગ પેદા થઈ શકતો નથી.

પ્રભુને ભેટવાની વાત કરીને પૂજ્યશ્રી એમ કહેવા માગે છે, કે આત્માનું પરમાત્મ-મિલન અભેદાત્મક છે. મનમાં મેલ હશે તો એ મિલન યથાર્થ મિલન નહિ, પણ ઔપચારિક મિલન બની રહેશે અને એવા મિલનથી આત્માનું કલ્યાણ નહિ થાય.

ભગવાનને નિષ્કપટભાવે સમર્પિત થવાના માર્ગને ભક્તિમાર્ગ કહે છે.

ભક્તિના માર્ગમાં, ભક્તને પોતાના સર્વસ્વ ઉપરથી મમત્વ દૂર કરીને, એક ભગવાનને જ પોતાનું સર્વસ્વ બનાવવા પડે છે.

મૌન રહેવું અને બોલવું એ બે કાર્યો એક સાથે નથી થઈ શકતાં તેમ મમત્વ અને સમત્વ એ બેનું એક સાથે સેવન નથી થઈ શકતું.

આત્માને પરમાત્મ-સમ બનાવવા માટે થતી ભક્તિમાં આત્મતુલ્યતાનો ભાવ અનિવાર્ય છે. તેમા મમત્વ પોષાય તે ઈષ્ટ છે પણ દેહાદિકમાં પોષાતું મમત્વ એ સમત્વનું ઘાતક હોઈને તેનો ત્યાગ કરવો જ પડે છે.

આત્મિક શીતળતા પરમાત્માને ભજવાથી મળે છે, પર પદાર્થો પ્રત્યેનો રાગ તો અજંપો જન્માવે છે શ્રી જિનરાજનો ભક્ત એ વાતને સારી રીતે જાણતો હોય છે.

**દાયક નામે છે ઘણા,**
**પણ તું સાયર તે કૂપ હો;**
**તે બહુ ખજવા તગતગે,**
**તું દિનકર તેજ સ્વરૂપ હો. શ્રી શીતલ. ૨**

●

**અર્થ:** હે જિનેશ્વરદેવ! દુનિયામાં દાતાનું નામ ધરાવનારા ઘણા છે, પણ તે સર્વમાં સાગર સમાન તો એક આપ જ છો. એ બધા તો કુવા જેવા છે. સહેજ ઝગારો મારીને લુપ્ત થનારા આગીઆ જેવા છે. જ્યારે આપ તો સૂર્ય જેવા તેજસ્વરૂપી છો.

**ભાવાર્થ:** શ્રી જિનરાજને આવી અટલ શ્રદ્ધાપૂર્વક જોવા, જાણવા અને ભજવા તે સાચા જિનભક્તનું લક્ષણ છે.

દાતા રીઝે તો એની આખી મુડીથી વધુ તો ન જ આપી શકે.

રાજા રીઝે તો એના આખા રાજ્યથી વધુ તો ન જ આપી શકે.

અરે! દેવેન્દ્ર રીઝે તો પણ જે એની પાસે હોય, તેનાથી વધુ તો ન જ આપી શકે.

જ્યારે સાચી ભક્તિ વડે શ્રી જિનરાજને સમર્પિત થનારા ભક્તાત્માને પરમાત્મા શ્રી જિનેશ્વરદેવ સ્વતુલ્ય બનાવીને અક્ષય મોક્ષસુખનો સ્વામી બનાવે છે.

સાગરની ઉપમા, શ્રી જિનેશ્વરદેવની સ્વયં સંપૂર્ણતાને સૂચવે છે. સૂર્યની ઉપમા સ્વયં સંબુદ્ધતા અને સ્વ-પ્રકાશિતતાને સૂચવે છે.

કૂવાની ઉપમા સંકુચિતતા અને અલ્પતાને સૂચવે છે.

જેઓ સ્વયં પૂર્ણ નથી, તથા જેઓ દોષોથી મુક્ત નથી, તેમને ગમે તેટલા ભાવપૂર્વક ભજવામાં આવે તો પણ સંપૂર્ણ સુખ ન મળી શકે. જ્યારે સર્વગુણસંપન્ન એવા શ્રી જિનેશ્વરદેવને ભાવથી ભજતા, ભક્તાત્મા અવશ્ય નિશ્ચલ સુખને પામી શકે છે, એ નિર્વિવાદ હકીકત છે.

એક લક્ષાધિપતિ રીઝે તો પણ એક લાખ રૂપીઆથી વધુ ન જ આપી શકે. કારણ કે એથી વધુ ધન એની પાસે છે જ નહિ.

આગીઆનો અતિ અલ્પ પ્રકાશ અર્થાત્ ઝગારો એટલા માટે વિશ્વાસપાત્ર નથી કે તે અલ્પકાલિન હોવા ઉપરાંત, આત્મગુણજન્ય નથી.

આગીઆની ઉપમા પણ એવા જીવો તરફ આંગળી ચીંધે છે કે જેઓ તુચ્છ એવા ઐહિક સુખના ચમત્કારો દ્વારા જીવોને સુખી થવાની લાલચ આપી સાચા માર્ગથી ભ્રષ્ટ કરે છે.

દેવાદાર માણુસ, બીજા માણુસને ઋણમુક્ત ન કરી શકે તેમ અનેક પાપકર્મોનું ઋણુ–દેવારૂપે જેમના આત્માને ચોંટેલું છે. તેવા અપૂર્ણ આત્માઓની ભક્તિ કરવાથી કોઇ જીવ, સર્વથા કર્મમુક્ત ન થઈ શકે એ સ્વાભાવિક છે.

દુનિયા અને દેવલોકનાં સુખોથી પણ આત્માનું કલ્યાણ થતું નથી અને થતું હોત, તો આપણે ક્યારનાંય મોક્ષમાં પહોંચી ગયા હોત, પણ એ અશક્ય છે.

સાચું સુખ, અખંડ સુખ, નિરાબાધ સુખ, આત્માના પૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં રહેલું છે. એ સ્વરૂપની પ્રાપ્તિ, સ્વયં સંપૂર્ણ, સ્વ-પ્રકાશી શ્રી જિનેશ્વરદેવને ભાવથી ભજવાથી થાય છે.

શ્રી વીતરાગના ભક્તે આ બધી વાતો અસ્થિમજ્જાવત્ બનાવવી જ જોઈએ.

**મ્હોટો જાણી આદર્યો,**
**દારિદ્ર ભાંજો જગતાત હો;**
**તું કરૂણાવંત શિરોમણિ,**
**હું કરૂણાપાત્ર વિખ્યાત હો. શ્રી શીતલ. ૩**

●

**અર્થ** : હે જગતાત શ્રી જિનેશ્વરદેવ ! મેં આપને સર્વ સામર્થ્યવાન જાણીને સ્વીકાર્યા છે. તો આપ મારી દરિદ્રતા દૂર કરી દ્યો.

**આપ દયાળુઓમાં સર્વ શ્રેષ્ઠ છો તો હું દયાપાત્ર આત્માઓમાં વિખ્યાત એવો દયાપાત્ર છું.**

**ભાવાર્થ** : કોઈ પણ માણસની મોટાઈનું સાચું માપ, તેની પાસે શું છે, તેના ઉપરથી નહિ, પણ તે શું છે—કેવો છે; તેના ઉપરથી નીકળે છે.

આ દૃષ્ટિએ—જોતાં, વિચારતાં સર્વજ્ઞ, વીતરાગ શ્રી તીર્થંકર પરમાત્મા સાચે જ મોટામાં મોટા છે, ત્રિભુવન-પતિ છે, જગબંધુ, જગતાત છે.

આપણે મોટા માનીએ છીએ તે કારણે ભગવાન મોટા નથી. પરંતુ ત્રિભુવનહિતવત્સલતાના કારણે ભગવાન મોટા છે. 'સવિ જીવ કરૂં શાસનરસી'ની સર્વોચ્ચ ભાવદયા વડે જીવલોકને શ્રેષ્ઠતમ સહારો આપનારા હોવાના કારણે મોટા છે. જીવ માત્રને સ્વતુલ્ય જાણનારા હોવા ઉપરાંત એ ભાવને ચરિતાર્થ કરનારા હોવાના કારણે મોટા છે.

આ મોટાઈ કોઈએ તેમને આપી નથી, પણ સ્વ-પુરુષાર્થોપાર્જિત છે.

કેવળ મનુષ્યો જ નહિ. પરંતુ દેવ, દેવેન્દ્રો પણ તેમની આ મોટાઈને નમસ્કાર કરે છે.

આવા મોટા માલિકને માલિક તરીકે સ્વીકારનારા સેવકની માગણી મોટી હોય તે સ્વાભાવિક છે.

મહાસુરકેલીએ ચક્રવર્તીના દ્વારે પહોંચ્યા પછી કાણા પૈસાની ભીખ માગવી એ મૂર્ખાઈ છે તેમ અપાર પુણ્યના

ઉદયે મળેલા માનવના ભવમાં શ્રી જિનેશ્વરદેવ જેવા સ્વામીને ભજવાનો સુયોગ થયા પછી પણ વિષજન્ય સંસારનાં સુખોની તેમની પાસે યાચના કરવી એ મોટી મૂર્ખાઈ છે.

તેથી જ તો પૂ. ઉપાધ્યાયજીએ આત્માનું દારિદ્રય દૂર કરવાની માંગણી કરી છે. જીવનમાં આત્મિક ગુણોની પરિણતિની યાચના કરી છે.

દળદાર આત્માનું એ લક્ષણ છે કે એ દુન્યવી સંપત્તિ તરફ મુદ્દલ આકર્ષાતો નથી. પણ આત્માના ગુણોની મૈત્રીમાં મસ્ત રહે છે.

શ્રી જિનરાજના સાચા ભક્તને છાજતી માગણી કરીને પૂજ્યશ્રીએ આપણને પણ એ જ માગણી કરવાની સૂચના કરી છે.

પૂજ્યશ્રી પોતે પ્રભુને વિનવતાં કહે છે કે, આપ કરૂણા-સાગર છો, દયા નિધાન છો, એ વાતની મને પાકી ખાત્રી છે.

પૂરા ખીલેલા ફૂલની સુવાસ, ફૂલમાં જ સમાઈને નથી રહેતી પણ પવનના જોગે સર્વત્ર ફેલાઈને બીજાને પણ તેનો લાભ આપે છે, તેમ પ્રકર્ષને પામેલો કોઈ પણ આત્મગુણ, સ્વમાં સીમિત ન રહેતાં તેના સાધકની સમગ્રતા વાટે, સર્વત્ર વિસ્તરે છે અને તેના સાધક ભકતોને તેનો પૂરો લાભ આપે છે.

પ્રભુ તો નિષ્કારણ કરૂણાસિંધુ છે એટલે તેમની કરૂણાનું ધ્યાન ધરનારનું આત્મિક દારિદ્રય દૂર થયા વિના નથી રહેતું.

પણ એમ કહેવાને બદલે ભક્તને છાજતી રીતે પૂજ્યશ્રીએ એમ કહ્યું કે હું પોતે ખરેખર કરૂણાપાત્ર છું આપની કરૂણાને પાત્ર છું. તો આપ કરૂણા વરસાવીને મને આત્મસમૃદ્ધિવાન બનાવો !

આત્મિક ગુણોની પરિણતિની કેવી ઊંડી લગનો આ પંક્તિઓમાં છતી થઈ રહી છે ?

વીતરાગના ભક્તનું યથાર્થ સ્વરૂપ આ ગાથામાં નિહાળીને આપણે પણ વીતરાગદેવ પાસે ભક્તિના સુફળરૂપે મુક્તિ સિવાય બીજી કોઈ માગણી ન કરવાની ગાંઠ વાળવી જોઈએ.

પ્રભુ જેવા પરમ દાતાર પાસે ઓછું માગવું જ શા માટે ?

**અંતર જામી સવિ લહો,**
**અમ મનની જે છે વાત હો;**
**મા આગળ મોસાળના**
**શા વરણવવા અવદાત હો. શ્રી શીતલ. ૪**

●

**અર્થ** : હે અંતર્યામી પ્રભુ ! મારા મનની દરેક વાત આપ જાણો જ છો. મા આગળ મોસાળની હકીકત વર્ણવવાનો શો અર્થ ? અર્થાત્ મા, સર્વ હકીક્ત જાણતી જ હોય છે.

**ભાવાર્થ** : ચોકખા દર્પણમાં મુખ દેખાય છે. તેમ સર્વજ્ઞ પરમાત્માના જ્ઞાનમાં આપણા મનના સર્વ ભાવો –વિચારો પૂરેપૂરા ઝીલાતા હોય છે.

આ અપેક્ષાએ આપણા મનની કોઈ વાત પ્રભુથી છાની રહેતી નથી.

મોસાળની બધી વાતો મા જાણતી હોય છે તેમ સર્વ જીવોની ભાવ માતા સમાન શ્રી જિનેશ્વરદેવ સર્વ જીવોની સર્વ ગતિવિધિઓને જાણતા હોય છે.

આમ કહીને પૂ. ઉપાધ્યાયજી મ. શ્રી જિનેશ્વરદેવને કહે છે કે, મારા મનમાં એક આપ જ છો. આપનું જ સ્મરણ છે, આપના ગુણોનું જ ચિંતન છે. આપના સ્વરૂપનું જ ધ્યાન છે.

ચોકખા ચિત્તે પ્રભુને ભજનારના ઉદ્ગારો સદા આવા જ હોય છે.

**જાણો તો તાણો કીશ્યું,**
**સેવા ફળ દીજે દેવ હો;**
**વાચક યશ કહે ઢીલની,**
**એ ન ગમે મુજ મન ટેવ હો; શ્રી શીતલ. ૫**

●

**અર્થ**: હે દેવાધિદેવ! આપ બધું જાણો છો તો પછી તાણી કેમ રાખો છો? હે નાથ! આપની સેવાનું જે કાંઇ ફળ હોય તે મને આપો. ઢીલ કરવાની આપની જે ટેવ છે તે મને ગમતી નથી.

**ભાવાર્થ**: આ ગાથામાં 'અર્થી હોય ઉતાવળો એ ન્યાયે ભક્તના હૃદયની વ્યથા પણ છે, અને જન્મ-મરણની જંજાળમાંથી કાયમી મુક્તિ મેળવવાની તમન્ના પણ છે.

અહીંનું ગમે તેવું સુખ એ વાસ્તવમાં મૃગજળથી વિશેષ નથી એવી સચોટ પ્રતીતિ પછી જ આવા ઉદ્‌ગારો હૃદયમાંથો નીકળતા હોય છે.

સાંસારિક પ્રત્યેક સુખની સાથે જોડાએલાં દુઃખોનો યથાર્થપણે વિચાર કરીએ તો એવાં સુખો મેળવવા પાછળ માનવજીવનની એક સેકંડ પણ બગાડવાનું મન ન થાય.

સાચો સુખી પરાધીન ન હોય, પરાધીન હોય તે સુખી ન હોય.

આ પરાધીનતાના મહાત્રાસમાંથી છૂટવા માટે ત્રિવિધે શ્રી જિનભક્તિ કરનારા પૂજ્યશ્રી પ્રભુને અરજ કરે છે કે, મારા મનમાં 'મુક્તિ' સિવાય બીજી કોઇ વાત નથી. તે આપ જાણો છો, છતાં મને મુક્તિ આપવામાં વિલંબ કેમ કરો છો? વિલંબ કરવાની આપની આ ટેવ મને ગમતી નથી.

આ કથન તાત્ત્વિક છે.

ઉપરથી ઉપરથી વાંચતા પ્રભુને ઠપકો આપનારૂં જણાય છે. પણ તેની ભીતરમાં, સ્વ-પાત્રતાના પરિપૂર્ણ વિકાસના અભાવનો એકરાર છે.

એવો અચળ નિયમ પ્રવર્તે છે કે, પાત્રની તથા-પ્રકારની પાત્રતાને કોઇ દબાવી કે અવગણી શકતું નથી.

આ નિયમ અનુસાર જીવની મુક્તિગમન યોગ્યતા પૂરેપૂરી વિકસે છે એટલે તેનો મોક્ષ થાય જ છે. અને જ્યાં સુધી આ યોગ્યતા પાપકરણવૃત્તિ વડે થોડી ઘણી પણ ખરડાએલી હોય છે, ત્યાં સુધી તેનો (તે જીવનો) મોક્ષ નથી થતો.

બાકી શ્રી જિનેશ્વરદેવ તો રાગ-દ્વેષથી સર્વથા પર હોય છે.

જે આત્મા તેમને જેવા ભાવપૂર્વક ભજે છે તેવું ફળ તે પામે છે.

શ્રી જિનભક્તિનું સર્વ શ્રેષ્ઠ ફળ 'મુક્તિ' હોઈને એ ફળને પાકતાં સમય લાગે છે. કોઈ વિરલ આત્મા જ અલ્પ ભવોમાં મુક્તિગામી બની શકે છે.

ભાજી તરત ઉગી જાય પણ આંબાને કેરી આવતા ખાસાં પાંચ સાત વર્ષો લાગે છે અને રાયણ તો આંબા કરતાં પણ ઘણાં વર્ષો પછી ફળે છે.

તો પછી જિનભક્તિના સર્વોત્કૃષ્ટ ફળરૂપ મુક્તિ (ફળ) દીર્ઘ કાળે પાકે તેમાં અચંબા જેવું કાંઇ નથી.

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ સ્વામીનું સ્તવન

તુમે બહુમિત્રી રે સાહેબા,
મારે તો મન એક;
તુમ વિના બીજો રે નવિ ગમે,
એ મુજ મ્હોટી રે ટેક.
શ્રી શ્રેયાંસ કૃપા કરો. ૧

●

**અર્થ** : હે શ્રેયાંસનાથ પ્રભુ! આપ બહુ મિત્રોવાળા છો, પણ મારે મન તો આપ એકજ છો.

એક આપ સિવાય બીજા કોઈ સ્થાને મારૂં મન ઠરતું નથી.

એટલે એક આપને જ ભજતા રહેવાની મારી ટેકને કૃપા કરીને આપ ચિરંજીવી બનાવજો.

**ભાવાર્થ** : જીવ માત્રનું શ્રેય-કલ્યાણ કરનારા શ્રી શ્રેયાંસનાથ પ્રભુની સ્તુતિ કરતા કર્ત્તા કહે છે કે- હે નાથ! આપને ઘણા મિત્રો છે, જીવ માત્રને સહૃદયી મિત્રની આંખે જોનારા આપને મિત્રોનો કોઈ તોટો નથી.

વળી અનેક પુણ્યશાળીઓ આપની વિવિધ પ્રકારે ભક્તિ કરીને આપની મૈત્રીના હક્કદાર બનવાની પણ કોશિષ કરે છે.

પણ મારે મન તો આપ એકજ મારા પરમ હિત ચિંતક–મિત્ર છો.

જેમ પતિવ્રતા સ્ત્રીને આખા જગતમાં ગતિરૂપ, વિશ્રાંતિરૂપ અને આધારરૂપ તેનો પતિ એકજ હોય છે, તેને જ તે પ્રાણથી અધિક ચાહે છે, માને છે, તેમ હે પ્રભુ! મારૂં મન પણ માત્ર એક આપમાં જ ઠરે છે, વિરામ અનુભવે છે.

માટે હે વહાલા સ્વામી મારી આ ટેક સદાકાળ ટકી રહે એવી કૃપા કરજો!

આવી ટેક, અનુપમ દૃઢતા, અફર નિશ્ચલતા એ કોઈ લાગણીનો ઉભરો નથી, પણ દેવને દેવસ્વરૂપે ઓળખનારી દૃષ્ટિની ઘોષણા છે.

આ દૃષ્ટિ તે સમ્યગ્ દૃષ્ટિ.

આ દૃષ્ટિને જીવની આંખનું નૂર પણ કહી શકાય.

આ નૂર–તેજ નૂરવાળા–ગુણવાળા આત્મા તરફ તરત ખેંચાય છે. અને સર્વગુણ સંપન્ન પરમાત્મા તરફ તો કલ્પનાતીત ખેંચાણ અનુભવે છે.

અને તેથી જ પૂ. ઉપાધ્યાયજી ભગવંતે ગાયું કે આપ સિવાય, બીજે મારૂં મન ઠરતું નથી.

સાચો ઝવેરી, સાચા હીરાને પારખીને તેનો ગ્રાહક બને છે તેમ સમ્યગ્દૃષ્ટિ આત્મા યથાર્થ દેવસ્વરૂપને પારખીને

સાચા દેવતત્ત્વનો પૂજક બનીને અનેક આત્માઓને, આત્મ કલ્યાણકર ભક્તિનો માર્ગ ચીંધનારો બને છે.

સર્વજ્ઞ, વીતરાગ શ્રી તીર્થંકર પરમાત્માને પોતાના ઇષ્ટદેવ તરીકે પૂજવા, ભજવા તેમજ સ્તવવા તે કામ ઘણું અઘરું છે એ સૂચવવા માટે જ પૂજ્યશ્રીએ પ્રભુને વિનંતી કરી છે કે, એક આપને જ ભજવાની મારી આ ટેક હે નાથ! કૃપા કરીને આપ ટકાવી રાખજો.

હવે આગળ જોઈએ.

**મન રાખો તુમે સવિ તણાં,**
**પણ કીહાં એક મળી જાઓ;**
**લલચાવો લખ લોકને,**
**સાથી સહજ ન થાઓ. શ્રી શ્રેયાંસ. ૨**

●

**અર્થ :** હે નાથ! આપ સર્વ જનોનાં મન સાચવો છો, પણ કોઈકની સાથે જ એકરૂપ થઈ જાઓ છો. લાખો લોકોને આપ લલચાવો તો છો. પણ સહેજમાં એના સાથીદાર નથી બનતા.

**ભાવાર્થ :** ઉપાલંભ દ્વારા પણ સાચી ભક્તિનો મહિમા સાચો પ્રભુભક્ત વર્ણવી શકે છે તે ગાથા વાંચતા-વિચારતાં સમજાય છે.

ઊંડી વિવેકશક્તિ અને ગંભીર આશયવાળાં માણસ, અનેક માણસો સાથે સદ્‌ભાવપૂર્વક વાતો કરતો હોવા છતાં તે બધા આગળ પોતાનું દિલ નથી ખોલતો જ્યારે તેને મળનારા બધા માણસો એમ માનતા હોય છે કે આ મહાપુરુષ આપણને પોતાના ગણે છે.

તે જ રીતે શ્રી જિનેશ્વરદેવ સહુની સેવા–ભકિત સ્વીકારે છે, કોઈને જાકારો નથી દેતા, પણ જે તેમનો સાચો ભક્ત હોય છે તેની સાથે જ અભેદભાવે મળી જાય છે.

મોટા પુરુષની મોટાઈની એ વિશેષતા હોય છે કે એ પોતે જેઓને ન ઓળખતા હોય એવા માણસો પણ અમે એમને ઓળખીએ છીએ એમ કહીને ગૌરવ અનુભવતા હોય છે.

તેમ લાખો માણસો, પોતપોતાની શ્રદ્ધા અને સમજ અનુસાર શ્રી જિનેશ્વરદેવની ભક્તિ કરતા હોય છે અને સમાજ પણ તેમની તે ભક્તિની અનુમોદના કરતો હોય છે.

પરંતુ ભકિત કરવી એ શ્વાસ લેવા જેવી સામાન્ય બાબત નથી. કે જેનાથી માણસ પોતે એકાએક પ્રભુમય બની શકે.

તાત્પર્ય કે મંદવીર્યવાળા માણસો અલ્પ પ્રયાસે પ્રભુના બની શકતા નથી.

પ્રભુની ભક્તિ તો ઉત્તમ જ છે. પણ જો હૈયામાં બદલાની વૃત્તિ હોય તો પ્રભુસ્વરૂપી ન બની શકીએ.

ભક્તિને દ્રવ્ય સાથે જેટલો સંબંધ છે તેનાથી અનેક ઘણો વિશેષ સંબંધ ભાવ સાથે છે.

માટે કહ્યું છે કે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાની ત્રિવિધે આરાધના કરવી એ સાચી જિનભક્તિ છે.

ઉપાલંભાત્મક આ ગાથાનો સાર એ છે કે હૈયામાં સંસાર રાખીને, સંસારથી સર્વથા મુક્ત એવા શ્રી જિનેશ્વરદેવની સાચી ભક્તિ નથી થઈ શકતી.

દેવ અને ગુરૂ પાસે માગવાનું ન હોય, પણ તેમને તો આપવાનું હોય, ચિત્તના નિર્મળ પાત્રમાં, ઉત્કૃષ્ટ ભાવ ભરીને તેનું દાન સુપાત્રોમાં પણ સુપાત્ર એવા શ્રી જિનેશ્વરદેવને કરવાથી ભવોભવની દરિદ્રતા દૂર થાય છે. અને પ્રભુ સાથે તાદાત્મ્ય સાધી આપનારી સાત્ત્વિક ભક્તિ જીવનમાં પ્રગટ થાય છે.

તલવારની ધાર પર ચાલવા કરતાં પણ વધુ અઘરૂં શ્રી જિનભક્તિનું કાર્ય, કાયા અને વાણીના સંયમની સાથોસાથ મનની સંયમની પણ અપેક્ષા રાખે છે.

કાયાથી પ્રભુને નમીએ, વાણી વડે પ્રભુને સ્તવીએ પણ જો મન તેમાં ન ભળતાં બીજે ફરતું હોય તો એ ભક્તિ સજીવ ભક્તિ ન ગણાય.

સજીવ ભક્તિ તેને કહેવાય કે જેમાં જીવનો ઉપયોગ પ્રભુમાં હોય. પ્રભુના સ્વરૂપમાં હોય. પ્રભુના અપરંપાર ગુણોમાં હોય.

ભકિત મુકિત માટે કરવાની હોય છે. રાગ અને દ્વેષના બંધનમાંથી મુક્ત થવા માટે કરવાની હોય છે. વિષય અને કષાયના વિકરાળ પંજામાંથી મુક્ત થવા માટે કરવાની હોય છે. આઠે ય કર્મોનો કચ્ચરઘાણ કાઢવા માટે કરવાની હોય છે.

**રાગ ભરે જન મન રહો,**
**પણ તિહું કાલ વૈરાગ;**
**ચિત્ત તુમારા રે સમુદ્રનો,**
**કોઈ ન પામે રે તાગ; શ્રી શ્રેયાંસ ૩**

●

**અર્થ** : હે પ્રભુ! રાગથી ભરેલા માણસોના મનમાં આપ વસો છો, છતાં ત્રણે કાળ આપ વિરાગી રહો છો. આવા આપના ચિત્તરૂપ સમુદ્રનો પાર, કોઈ પામી શકતું નથી.

**ભાવાર્થ** : શ્રી જિનેશ્વરદેવ વીતરાગ છે. તેમને કોઈ જીવ પ્રત્યે રાગ યા દ્વેષ હોતો નથી. તેમ છતાં સરાગી માણસો તેમને પોતાના મનમાં ધારણ કરી શકે છે તે કેવું આશ્ચર્ય?

આ આશ્ચર્ય વ્યક્ત કરીને પૂ. ઉપાધ્યાયજી એમ સૂચવે છે કે, પાણીને પોતાનો ચોક્કસ એક આકાર નહિ હોવાના કારણે જેવું વાસણ તેવો આકાર તે ધારણ કરી લેતું જણાય છે, તેમ શ્રી વીતરાગ પરમાત્મા કોઈ પ્રકારના

રાગ વડે બંધાએલા નહિ હોવાના કારણે જીવો પોતપોતાની પાત્રતા અનુસાર તેમને પોતાના મનમાં ધારણ કરી શકે છે, પણ ચોક્કસ આકાર વગરનું પાણી વાસણ વડે ધારણ કરાતું હોવા છતાં નિજત્વને જાળવી રાખે છે અર્થાત્ વાસણનું નથી બની જતું તેમ રાગ–દ્વેષવાળા ચિત્તમાં વીતરાગતા પરિણત નથી થતી.

કહેવાનું તાત્પર્ય શ્રી વીતરાગ પરમાત્માનું સ્વરૂપ અચિન્ત્ય અને અગોચર છે.

કહ્યું છે કે–

**વીતરાગોઽપ્યયં દેવો,**
**ધ્યાયમાનો મુમુક્ષુભિઃ ।**
**સ્વર્ગાઽપવર્ગ ફલદઃ**
**શક્તિસ્તસ્ય હિ તાદૃશી ॥**

●

**અર્થ**: આ દેવ વીતરાગ હોવા છતાં, તેમનું ધ્યાન ધરનારા મુમુક્ષુઓને સ્વર્ગ અને મોક્ષ આપનાર થાય છે. તેમાં પ્રધાન કારણ તેમની તથાપ્રકારની સ્વાભાવિક શકિત છે.

સ્વભાવભૂત વીતરાગતાનો તાગ કોઈ યોગી પુરુષ પણ કાઢી શકતો નથી.

રાગ–દ્વેષના ચશ્મા ઉતારીને જોનારને શ્રી વીતરાગ પરમાત્મા ખરેખર વીતરાગ દેખાય છે.

જેવી દૃષ્ટિ તેવું દર્શન.

દૃષ્ટિનો દોષ, નિર્દોષ વસ્તુને પણ સદોષ બતાવે છે.

જેમના રકતમાં પણ રાગનો રતુમડો રંગ નથી એવા શ્રી વીતરાગને, તો નિષ્કપટભાવે સમર્પિત થવાનું છે.

જીવનમાંથી રાગની માત્રા ઘટતી જાય છે તેમ તેમ શ્રી વીતરાગના અચિન્ત્ય સામર્થ્યમાં નિષ્ઠા બંધાતી જાય છે.

આવા વીતરાગના સેવકના પણ સેવક બનવાનું સદ્‌ભાગ્ય કોઈક પુણ્યશાળીને જ સાંપડે છે.

**એવા શું ચિત્ત મેળવ્યું,**
**કેળવ્યું પહેલાં ન કાંઈ;**
**સેવક નિપટ અબુઝ છે,**
**નિર્વહશો તુમે સાંઈ. શ્રી શ્રેયાંસ. ૪**

**અર્થ :** (અપાર પસ્તાવા સાથે એકરાર કરતાં પૂ. ઉપાધ્યાયજી ભગવંત ભગવાનને કહે છે કે, હે પ્રભુ! મેં મારૂં ચિત્ત પણ સરાગી સાથે જોડયું. પણ તેને અગાઉ કેળવ્યું નહિ. આ બાબતમાં આ સેવક સાવ અજાણ છે તેનો હે પ્રભુ! આપ નિભાવ કરશો.

**ભાવાર્થ :** સેવકને સ્વામી પાસે દિલ ખોલવું જ પડે છે. પોતાની ભૂલનો સ્પષ્ટ એકરાર કરવો જ પડે છે. અને જો તે તેમ ન કરે તો સાચો સેવક ન બની શકે.

સ્તવન કર્તા ભગવંતે આ ગાથામાં પ્રભુને ઉદ્દેશીને જે કાંઈ કહ્યું છે તે આપણને પણ લાગુ પડે છે.

રાગીને દેવ માનીને ભજ્યા એ મારી ભયંકર ભૂલ, દોષ, ગુનો, એ મને કબુલ છે.

અજ્ઞાન અને મોહને વશ થએલા જીવો વીતરાગને દેવ તરીકે નથી ભજી શકતા તેનું મુખ્ય કારણ મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યામતિનો સંગ છે.

મિથ્યાદૃષ્ટિ એટલે વિપરીત દૃષ્ટિ. મિથ્યામતિ એટલે વિપરીત બુદ્ધિ.

દેહને આગળ કરીને આત્માને પાછળ ધકેલવાનું કામ મિથ્યાદૃષ્ટિ કરે છે.

દેહાદિના સુખ કાજે, આત્માને દુઃખી કરવાનું કામ, અધિક કર્મગ્રસ્ત બનાવવાનું કામ મિથ્યામતિ કરે છે.

માટે મિથ્યામતિનો સંગ છોડીને સન્મતિનો સંગ કરવાનો સદુપદેશ શાસ્ત્રો આપે છે.

સન્મતિના પ્રકાશમાં વસ્તુનું સ્વરૂપ યથાર્થપણે જોવા મળે છે ત્યારે ભાવિક આત્મા, ભૂતકાળમાં મિથ્યામતિને વશ થઈને કરેલી ભૂલો બદલ પસ્તાય છે.

એ પસ્તાવો પૂજ્યશ્રીએ આ ગાથામાં સુંદર રીતે વ્યક્ત કર્યો છે.

તેઓ પોતે તો ઘણી ઊંચી કક્ષાના જિનભક્ત હતા એટલે તેમનો આ પસ્તાવો તેમને તેમની રીતે અનિવાર્ય જણાય તે સ્વાભાવિક છે.

માણસ જ્યારે હાર્દિક પશ્ચાત્તાપપૂર્વક પોતાના અબુઝપણાનો એકરાર કરે છે ત્યારે તેનામાં બોધને ગ્રહણ કરવાની પાત્રતા પ્રગટે છે.

નિયમ છે કે ખાલી થનાર ભરાય છે અને હું ભરેલો છું, એવા ઘમંડમાં રાચનારો ખાલીને ખાલી રહે છે.

આ નિયમ અનુસાર અનેક અવગુણોથી ભરેલો માણસ, નિષ્કપટભાવે પ્રભુ આગળ પોતાના અવગુણો રજુ કરતો થાય છે તેમ-તેમ તેનામાં સદ્‌ગુણોને ધારણ કરવાની પાત્રતા પ્રગટ થાય જ છે.

પૂ. ઉપાધ્યાયજી મ. જેવા સાચા જિનભક્તને પણ પોતાનું અબુઝપણું ખટક્યું, તેનો પસ્તાવો થયો, તો પછી આપણને આપણા દોષો, આપણી અજ્ઞાનતા, આપણી નબળાઈઓ, કેટલી બધી ખટકવી જોઈએ? તે હકીકત શાન્ત ચિત્તે વિચારવા જેવી છે.

દર્દ અને દોષ ઉભયને અધિકારી સમક્ષ ઉઘાડા કરવાથી દર્દી અને ભક્ત ઉભય પોતપોતાની કક્ષાએ નિરોગી બની શકે છે.

સંસાર પ્રત્યેનો રાગ એ જીવને લાગુ પડેલો મહારોગ છે.

આ સંસારના દુર્વાર રોગોના મહાવૈદરાજ એવા શ્રી જિનેશ્વરદેવ પાસે જઈને આ રોગની સાચી નિરોગિતા

પ્રાપ્ત કરવાના આશયપૂર્વક રજુઆત કરીશું તો આપણે પણ એક દિવસ બધા રોગના મૂળમાં રહેલા 'ભવરોગ'થી મુકત થઈ શકીશું તેમાં કોઈ શંકા નથી.

**નિરાગીશું રે કિમ મિલે?**
**પણ મળવાનો એકાંત;**
**વાચક યશ કહે મુજ મિલ્યો,**
**ભક્તે એ કામણ તંત. શ્રી શ્રેયાંસ. ૫**

●

**અર્થ**: રાગી એવો જીવ નિરાગીને શી રીતે મળી શકે? (એવો પ્રશ્ન ભલે કોઈ કરે.) પણ હું તો તેમને અચૂક મળવાનો જ છું.

વાચક યશ (પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ) કહે છે કે, મને તો પ્રભુ મળી જ ગયા છે. પ્રભુને વશ કરવા માટે ભક્તિ એજ કામણ છે. એ વાત મને બરાબર સમજાઈ ગઈ છે. અને તેથી ભકિત વડે મેં પ્રભુને અભેદ ભાવે પ્રાપ્ત કરી લીધા છે.

**ભાવાર્થ**: ભક્ત–હૃદયની બુલંદ ઘોષણાવાળી આ ગાથા વારંવાર વાંચવા તેમજ વિચારવા જેવી છે.

દુનિયા કહે છે કે, રાગી એવો જીવ, વીતરાગ એવા પરમાત્મા સાથે એકરૂપ ન થઇ શકે.

દુનિયાની આ વાતને હસી કાઢીને પૂ. ઉપાધ્યાયજી કહે છે કે, હું તો વીતરાગ પરમાત્માને મળવાનો જ છું.

તો દુનિયાની વાત સાચી કે, પૂજ્યશ્રીનો નિર્ધાર સાચો એ આપણે વિચારવું રહ્યું.

દુનિયા એની રીતે સાચી છે.

પૂજ્યશ્રી પોતાની ભકિતની રીતે સાચા છે.

રાગી એવો જીવ, જ્યારે એક વીતરાગના જ રાગમાં રંગાય છે એટલે દુનિયાના સમસ્ત પદાર્થોમાંનો એનો રાગ સર્વથા લુપ્ત થઇ જાય છે.

જડનો રાગ જેટલો ભયંકર છે. એટલો જ ભદ્રંકર જીવને શિવ બનાવનાર વીતરાગતા પ્રત્યેનો રાગ છે.

વીતરાગતા પ્રત્યેનો રાગ શ્રી વીતરાગને સમર્પિત થવારૂપ ભક્તિ દ્વારા પ્રગટ થાય છે.

શ્રી વીતરાગની ભક્તિમાં સ્વાત્માના વીતરાગ સ્વરૂપ પ્રત્યેનો રાગ હોય છે. આ રાગ પણ ભકિતના બળે ઉત્તરોત્તર ભક્તને ભગવદ્–સ્વરૂપ બનાવતો રહે છે.

ભગવાનથી હું જુદો છું, એ વ્યાવહારિક સત્યને 'ભગવાન અને હું એક જ છીએ.' એ નિશ્ચયાત્મક સત્યમાં ઢાળવાના દૃઢ નિર્ધારપૂર્વક જેઓ શ્રી વીતરાગ પરમાત્માને ભજે છે તેમને પ્રતિપળે વીતરાગતાની ઝલક પોતાના જીવનમાં અનુભવવા મળે છે.

પ્રભુ ભક્તિને વશ છે. તો ભક્તિના કામણ વડે હું તેમને વશ કરીશ. એવું બોલનારા મહાપુરુષની ભક્તિનું માપ આપણે નહિ કાઢી શકીએ, પણ આપણી વીતરાગ–

ભક્તિ આજે કેટલા ટચની છે તેનો ક્યાસ તો જરૂર કાઢી શકીએ.

'ભગવાન ભક્તને આધીન છે' એ લોકોક્તિના મૂળમાં સો ટચની શુદ્ધ ભક્તિ ભક્તને ભગવત્સ્વરૂપ બનાવી શકે છે એ ભાવ રહેલો છે.

અને પૂ. ઉપા. ભગવંત પણ એવી શુદ્ધ ભક્તિ ઉપર મુસ્તાક થઈને ગાય છે કે, હું પ્રભુને મળવાનો જ છું.

પ્રભુપદને પામવાની ઉત્કટ તાલાવેલી જન્માવનારૂં આ સ્તવન આપણા હૃદયનો કબજો લે, તો પ્રભુથી આપણે દૂર ન જ રહી શકીએ એવું સચોટ ભક્તિરસાયણ તેમાં રહેલું છે.

●

# ૧૨. શ્રી વાસુપૂજ્ય સ્વામીનું સ્તવન

**સ્વામી તુમે કાંઈ કામણ કીધું,**
**ચીતડું હમારૂં ચોરી લીધું;**
**સાહેબા વાસુપૂજ્ય જિણંદા,**
**મોહના વાસુપૂજ્ય જિણંદા.**
**અમે પણ તુમશું કામણ કરશું,**
**ભકતે ગ્રહી મન-ઘરમાં ધરીશું. સાહેબા. ૧**

●

**અર્થ** : હે સ્વામી! હે વાસુપૂજ્ય જિનેન્દ્ર! હે મનમોહન વાસુપૂજ્ય પ્રભુ! અમારા ઉપર આપે કાંઈ કામણ કર્યું અને અમારૂં મન ચોરી લીધું. તો હવે અમે પણ આપના ઉપર કામણ કરીશું અને ભકિત વડે આપને વશ કરી અમારા મનરૂપી ઘરમાં ધારણ કરીશું.

**ભાવાર્થ** : શ્રી જિનેશ્વરદેવ કામણગારા છે.

આ વાત કહેનારા પુરુષ એટલા બધા ન્યાયનિષ્ઠ છે કે, કોઈપણ સચેતન માણસ તેમની વાતનો ઈન્કાર કરી શકે તેમ નથી. અહીં આપણે આ વાતને અપેક્ષાથી વિચારીએ.

શ્રી દેલવાડા તીર્થમાં આવેલું શ્રી ઋષભદેવ સ્વામીનું અતિ ભવ્ય જિનાલય, જિનભકતોનાં દિલ હરી લે છે એટલું જ નહિ પણ તેની ઉત્કૃષ્ટ કોતરણી નાના-મોટા સહુનાં દિલ હરી લે છે.

શ્રી સિદ્ધર્ષિ ગણિકૃત 'ઉપમિતિ ભવપ્રપંચા કથા' ને માત્ર જૈનોએ જ ઉપમા કથાના શ્રેષ્ઠ ગ્રન્થ તરીકે બિરદાવ્યો છે એટલું જ નહિ પણ, જગતના સર્વ વિવેકી તત્ત્વવિદોએ તેને ઉપમા કથાના શ્રેષ્ઠ ગ્રન્થ તરીકે બિરદાવીને તેના તરફ પોતાનો આદરભાવ વ્યકત કર્યો છે.

આ હકીકત એ સત્યનું સમર્થન કરે છે કે, જ્યાં–જ્યાં જે પ્રકારના ગુણનો પ્રકર્ષ હોય ત્યાં–ત્યાં તે ગુણની રૂચિવાળાનું ખેંચાણ થાય જ છે.

એટલે ઉત્તમોત્તમ આત્મિક ગુણોના પ્રકર્ષને પામેલા શ્રી જિનેશ્વરદેવ એમના ભકતોનું મન હરી લે તે સ્વાભાવિક છે.

શ્રી જિનેશ્વરદેવના ગુણો તો જુઓ !

પરમાર્થ વ્યસનીપણામાં પહેલા, અજોડ. તેમની બરોબરી કરી શકે એવો બીજો કોઈ પુરુષ ત્રણ લોકમાં હોતો નથી.

દરિયા જેવા તેમના દિલમાં ઉભરાતી દયાની તુલનામાં, દુનિયાના બધા દરિયા પણ ખાબોચીઆ જેવા છે.

ધરાની ધીરજ અને મેરૂની નિશ્ચલતા પણ પ્રભુની ધીરજ અને નિશ્ચલતા સમક્ષ મસ્તક ઝુકાવે છે.

આવા–આવા અગણિત ગુણો પ્રભુના જીવનમાં ટોચે પહોંચેલા હોય છે.

આ ગુણોનું અદ્દભુત કામણ, ગુણરસિક પ્રભુભક્તો ઉપર થતું હોય છે. કહો કે નિર્મળ જળમાં ફેલાઈ જતા

તેલના બિંદુની જેમ આ ગુણો પ્રભુભક્તના મનમાં ફેલાઈ જઈને તે મનનો કબજો લઈ લે છે.

આ રીતે પ્રભુ કામણ કરનારા ઠરે છે.

પ્રભુના આ કામણથી દ્રવીભૂત થએલા પૂ. ઉપાધ્યાયજી મ. બધા ભક્તો વતી બોલે છે કે, અમે આપના ભકતો હે મનમોહન માલિક! ગાંજ્યા જઈએ એમ નથી. અમે પણ હવે આપના ઉપર કામણ કરીશું. ભક્તિના કામણ વડે આપને વશ કરીને અમારા મનરૂપી ઘરમાં બિરાજમાન કરીશું.

પ્રભુ પક્ષે ગુણનું કામણ છે. તો ભક્ત પક્ષે ભક્તિનું કામણ છે.

સાચી ભક્તિને કશું અસાધ્ય નથી એવો સબળ વિશ્વાસ, ભકતના શ્વાસમાં ઘુંટાય છે. ત્યારે જ આવા ઉદ્‌ગારો પ્રગટ થાય છે,

વિભક્તિ (અલગતા) ને ટાળે તે ભક્તિ.

મનના ઘરમાં પ્રભુને પધરાવવાની વાત કરવા માત્રથી પ્રભુ પધારતા નથી, પણ ત્યાં પ્રભુને ખેંચાઈને પણ આવવું પડે તેવી શુદ્ધિ, સ્થિરતા, પવિત્રતા નિર્માણ કરવી પડે છે.

આજે મારે આંગણે ગુરૂભગવંત પગલાં કરવાના છે, એ જાણીને પણ વિવેકી ભકત, પોતાની શેરી, આંગણું અને ઘર એવાં સરસ બનાવી દે છે કે, ગુરૂ મહારાજની પધરામણીનો પૂરો લાભ, તેના આત્માને મળે છે.

ચકચકિત સપાટીવાળો પદાર્થ સૂર્ય-કિરણોને પોતા પ્રત્યે આકર્ષીને પોતામાં કેન્દ્રીભૂત કરી શકે છે, પણ ખરછટ અને મલિન પદાર્થ સૂર્ય કિરણોને પોતામાં સ્થાન નથી આપી શકતો, તેમ પ્રભુ પણ મૈત્રીભાવ વડે મઘમઘતા મનના ઘર તરફ આકર્ષાય છે પણ મેલું મન તેમને આકર્ષી શકતું નથી.

આ અંગે વધુ સ્પષ્ટતા હવે પછીની ગાથાઓમાં છે.

**મન ઘરમાં ધરીયા ઘર શોભા,**
**દેખત નિત્ય રહેશો થિર થોભા;**
**મન-વૈકુંઠ અકુંઠિત ભકતે,**
**યોગી ભાખે અનુભવ યુકતે. સાહેબા. ૨**

**અર્થ :** હે વહાલા જિનેશ્વરદેવ ! અમારા મનરૂપી ઘરની સુંદરતા જોઈને આપ ત્યાં નિરંતર વાસ કરીને સ્થિર થશો.

અસ્ખલિત ભકિતવાળું મન તે જ વૈકુંઠ છે, એમ યોગીજનો પોતાના અનુભવથી કહે છે.

**ભાવાર્થ :** પ્રભુ ઉપર કામણ કરવા માટે, પ્રભુને આકર્ષવા માટે, મનરૂપી ઘરને શોભાયમાન બનાવવું પડે છે.

સરોવર કમળ વડે શોભે છે, રાત્રિ ચન્દ્ર વડે શોભે છે, તેમ મન પવિત્રતા વડે શોભે છે.

પવિત્રતા એટલે દોષરહિતતા.

જે મનમાં મલિન વિચારો ચાલતા હોય છે, તે મનમાં પ્રભુનો પ્રવેશ કે નિવાસ શક્ય નથી.

મલિન વિચારો એટલે રાગ–દ્વેષને પોષનારા વિચારો, વિષય સેવનના વિચારો, કષાયવર્ધક વિચારો, આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનને બળવત્તર બનાવનારા વિચારો.

આવા મલિન વિચારો સાથે પરમાત્મભાવને કોઈ સંબંધ નહિ હોવાના કારણે આવા વિચારોવાળા મનમાં પરમાત્મભાવનું એક કિરણ પણ દાખલ થતું નથી.

પણ જે મન મૈત્રીભાવ વડે વાસિત હોય છે. પ્રમોદ-ભાવ વડે રસાએલું હોય છે. કારૂણ્યભાવ વડે કોમળ બનેલું હોય છે અને માધ્યસ્થભાવ વડે મઘમઘતું હોય છે ત્યાં પ્રભુ ખેંચાઈ ને આવે છે. અર્થાત્ પરમાત્મભાવ ઘર કરીને રહે છે.

મૈત્ર્યાદિ ભાવથી પુષ્ટ થએલું મન, રાગ–દ્વેષાદિ વિભાવ માટે અર્થાત્ વિકૃત ભાવ માટે જરા પણ લાગણી બતાવતું નથી પણ પરમાત્મભાવના અંગભૂત ગુણો માટે જ તત્પર રહેતું હોવાથી એ મનમાં 'હું' નું સ્થાન પરમાત્મા લે છે.

એટલે કોઈ બહારના પરમાત્મા મનમાં દાખલ થાય છે એવો અર્થ ઘટાવવાનો નથી પણ મનના પ્રદેશે–પ્રદેશે આત્મભાવ પરિણત થાય છે એવો અર્થ ઘટાવવાનો છે અને પરિણત થએલો આત્મભાવ તે જ મનમંદિરમાં પર-માત્માનું પદારોપણ છે, પ્રવેશ છે, નિવાસ છે.

જે મનમાં પરમાત્માના નામનું સતત રટણ, પરમાત્માના ગુણોનું સતત સ્મરણ અને ચિંતન, પરમાત્માના ઉપકારોનું સતત મનન અને પરમાત્મ-સ્વરૂપનું સતત ધ્યાન, શ્વાસોચ્છવાસની ક્રિયાની જેમ સહજપણે ચાલે છે તે મનને યોગી પુરુષોએ સ્વાનુભવે વૈકુંઠ કહ્યું છે એમ કહીને પૂજ્યશ્રી એ સૂચવવા માગે છે કે,

'जा दव्वे होइ मइ, अहवा तरुणीषु रुववतीसु;
ता जइ जिणवर धम्मे, करयलमजझे ठिया सिद्ध ।

**અર્થ** : જેવી મતિ દ્રવ્યની અથવા સ્વરુપવતી તરૂણ સ્રીની પ્રાપ્તિમાં હોય, તેવી મતિ જો શ્રી જિનેશ્વરદેવના ધર્મનું આરાધન કરવામાં હોય તો હથેળીમાં મોક્ષ છે એમ સમજવું.

એ પવિત્રતાને મનમાં સાચવવાની નથી, પરંતુ પરમ પવિત્ર એવા પ્રભુના પ્રવેશને અટકાવનારી ઝેરી ધૂળ સમજીને ફેંકી દેવાની છે.

પ્રભુ આપણાથી દૂર નથી, પણ આપણે જ મલિનતાના વિવિધ કોટ-કિલ્લા ચણીને તેમના મનપ્રવેશને અટકાવી રહ્યા છીએ.

ફેંકી દો એ કચરાને, તોડી નાખો એ કિલ્લાને અને પછી જુઓ કે ત્યાં કોણ સ્મિત વેરી રહ્યું છે; કોણ પૂર્ણત્વના પાઠ ભણી રહ્યું છે !

શ્રી તીર્થંકર પરમાત્મા સ્ફટિકમણિના સિંહાસન પર બિરાજમાન થઈને દેશના આપે છે એ હકીકતમાંથી પ્રેરણા લઈને આપણા મનને સ્ફટિક જેવું નિર્મળ બનાવીશું તો ત્યાં જરૂર પ્રભુ આવીને બિરાજશે. અર્થાત્ ત્યાં પરમાત્મ ભાવની અસંદિગ્ધ વ્યાપ્તિનો અનુભવ આપણને થશે.

**ક્લેશે વાસિત મન સંસાર,**
**ક્લેશ રહિત મન તે ભવપાર;**
**જો વિશુદ્ધ મન–ઘર તુમે આવ્યા,**
**પ્રભુ તો અમે નવનિધિ ઋદ્ધિ પાવ્યા; સાહેબા. ૩**

**અર્થ :** કષાયથી વાસિત મન એ જ સંસાર છે. અને કષાય રહિત મન એ જ મોક્ષ છે.

હે પ્રભુ! જો અમારા વિશુદ્ધ મનરૂપી ઘરમાં આપ પધારો, તો નવનિધિની સંપત્તિ અમને પ્રાપ્ત થઈ એમ અમે માનશું.

**ભાવાર્થ :** વહાલા વિશ્વેશ્વર વીતરાગને મનમાં પધરાવવા માટે સાંકડું કે માંકડું મન મુદ્દલ ન ચાલે.

સારા માણસને સારા આસન પર બેસાડીએ, તો આત્માના સ્વામી એવા પરમાત્મા માટે તો સર્વ શ્રેષ્ઠ આસન જોઈએ.

કષાયોથી વાસિત મન સાંકડું હોય છે.

ઈચ્છાઓની પાંખે ઉડતું મન માંકડા જેવું ચંચળ હોય છે.

ક્રોધ, માન, માયા અને લોભવાસિત મન એ જ સંસાર છે એટલે આ કષાયો જીવને સતત વિભાવ દશામાં જ રાખે છે. કદીયે સ્વભાવ દશાની પરિણુતિ થવા દેતા નથી.

ક્રોધને મૈત્રી વડે, માનને પ્રમોદ વડે, માયાને કરૂણા વડે અને લોભને માધ્યસ્થ્ય વડે જીતી શકાય છે.

આ ચાર સાથેનો સંબંધ છૂટે એટલે જીવનો સંસાર પૂરો થાય અને મોક્ષમાં તેનો વાસ થાય.

પ્રભુ નિષ્કષાયી છે, નિર્વિષયી છે. તેમને ભજવા માટે મન પણુ તેવું જ વિશુદ્ધ જોઈએ.

પ્રભુના પ્યાર માટે તલસતો ભક્ત, પ્રભુને પ્યારા જીવોનો મિત્ર બનીને પ્રભુને પોતાના મનસદનમાં જરૂર પધરાવી શકે છે.

સ્વપ્નામાં પ્રભુ આવે છે તોય ભદ્રિક આત્મા, હર્ષ-ઘેલો બની જાય છે. તેને એમ જ લાગે છે કે, મારે આંગણે કલ્પવૃક્ષ ઉગ્યું. હથેળીમાં ચિંતામણિ આવ્યો. તો મનમાં પ્રભુ આવે એટલે નવનિધિ મળ્યાથી યે અધિક આનંદ થાય જ.

પણ પૂ. ઉપાધ્યાયજી તો પ્રભુને કહે છે કે આપ પધારો એટલે મને ખાત્રી થાય કે મારૂં મન શુદ્ધ થયું છે.

આ પણ ભક્તિની એક રીત છે. ભક્ત–હૃદયની ભગવાન માટેની ઉત્કટ તાલાવેલી તેમાં છતી થઈ છે. તદુપરાંત પોતે મનમાં પ્રભુને જ પ્રતિષ્ઠિત કરવાના દૃઢ નિર્ધારવાળા છે તે હકીકતનું પણ તેમાં દર્શન થાય છે.

મધરાતે એકાએક કોઇ ભાઈ, આપણે ત્યાં આવીને આપણા મનનો ફોટો પાડે અને તે ફોટામાં કેવળ પ્રભુનું જ ચિત્ર આવે, પ્રશમરસમગ્ન શ્રી જિનરાજની જ છબિ આવે તો બેધડકપણે માની લેવું કે આપણી સમગ્રતામાં પરમાત્મભાવ પરિણત થઈ રહ્યો છે.

**સાત રાજ અળગા જઇ બેઠા,**
**પણ ભગતે અમ મનમાંહે પેઠા;**
**અળગાને વળગ્યા જે રહેવું,**
**તે ભાણા ખડખડ દુઃખ સહેવું. સાહેબા. ૪**

●

**અર્થ :** હે પ્રભુ! આપ અહીંથી સાત રાજલોક જેટલા અંતરે જઈને બેઠા છો. પણ ભક્તિ વડે અમારા મનમાં પેઠા છો. એટલે એમ લાગે છે કે છેટે રહેલાને પરાણે વળગતા જવું તે ભાણા ખડખડનું દુઃખ સહન કરવા જેવું છે.

**ભાવાર્થ :** અનેક ભક્તોના હૃદયની વાત આ ગાથામાં છે.

સર્વ કર્મો ખપાવીને શ્રી જિનેશ્વરદેવ અહીંથી સાત રાજલોક દૂર આવેલી સિદ્ધશિલા ઉપર જઈ બિરાજ્યા છે તે હકીકત છે.

આ હકીકત દોહરાવીને પૂજ્યશ્રી પ્રભુને કહે છે કે આપ તો અહીંથી ઘણે દૂર જઈને બિરાજ્યા છો એટલે આપ સાથેની પ્રીત ટકાવવામાં ઘણી મુશ્કેલી પડે છે.

પણ, હા ભકિત–બળે આપ જ્યારે મનમાં આવો છો, ત્યારે તો ભૂખ્યાને ઘેબર મળ્યા જેવો આનંદ અમને થાય છે.

પણ આ આનંદ ઝાઝો વખત ટકતો નથી કારણ કે આપ મનમાંથી દૂર થઈ જાઓ છો એટલે કયારેક મનમાં એવો વિચાર પણ આવે છે કે, છેટે રહેલાની સાથે પ્રીત કરવાનો શો અર્થ ? એવી એકતરફી પ્રીત, ટકી ટકીને ટકે પણ કેટલી ?

હે પ્રભુ! મને આવો વિચાર એટલા માટે આવે છે કે, આપ મનમાંથી ખસી જાઓ છો એટલે બધે સૂનકાર ભાસે છે. અને દૂર રહેલા આપ ફરી કયારે મનરૂપી ઘરમાં પધારશો તેની ફીકર મારા મનમાં રહ્યા કરે છે.

આપ મનમાં હો છો ત્યારે તો મારે આનંદ જ આનંદ હોય છે, પણ ખસી જાઓ છો ત્યારે ખાલી ભાણે મોં વકાસીને બેસી રહેવા જેવી દયાજનક હાલત થાય છે.

ભાણું ખખડાવવાથી પેટ ભરાતું નથી. પણ ભાણામાં પીરસાએલો ખોરાક વાપરવાથી પેટ ભરાય છે, તેમ મનમાં

પ્રભુને લાવ્યા સિવાય, પ્રભુના ગુણોને ભાવપૂર્વક આરોગ્યા સિવાય, મનનું પેટ ભરાતું નથી.

માટે પ્રભુને ચોકખા ચિત્તે ભજવામાં જ પરમ કલ્યાણ સમજવું એમ જ્ઞાનીઓ કહે છે.

અહીં **"અળગાને વળગ્યા જે રહેવું તે ભાણા ખડખડ દુઃખ સહેવું,"** એમ પૂજ્યશ્રીએ સ્તવનમાં જણાવ્યું છે, તે હકીક્ત સમજવા જેવી છે. એમ કહેવામાં પૂજ્યશ્રીનો આશય એ છે કે જ્યાંસુધી ક્ષયોપશમ ભાવની ભક્તિ હોય છે, ત્યાં સુધી તે ભક્તિ આવે અને પાછી ચાલી જવાના સ્વભાવવાળી પણ હોય છે. ક્ષયોપશમ ભાવ આવે ત્યાં ભાણું ભક્તિરસના મિષ્ટાન્નથી ભરપુર બને અને એ ક્ષયોપશમભાવ પાછો ચાલી જવાના સ્વાભાવવાળો હોવાથી જ્યારે તે ચાલ્યો જાય છે ભાણું ત્યારે ખાલી બની જાય છે અને તે દશામાં ભૂખ છે પણ ભોજન નહિ મળવાથી મને દુઃખનો અનુભવ થાય છે.

આ દુઃખ ટાળવા માટે પૂજ્યશ્રી હવે પછીની ગાથામાં તેનો ખુલાસો કરતાં કહે છે કે હવે મેં નિશ્ચય કર્યો છે કે આપનાથી કદી પણ જુદા ન પડવું પડે તેમ ક્ષાયિક ભાવે–ખીર અને નીર જેમ મળી જાય તેમ હું એકમેક થઈ જઈશ. જેથી અનંતકાળ સુધી પણ આપનો કદી વિરહ પડે નહિ અને મારો આનંદ અખંડ બની જાય.

હવે તે ગાથા જોઈએ.

**ધ્યાતા-ધ્યેય-ધ્યાન ગુણ એકે,**
**ભેદ-છેદ કરશું હવે ટેકે;**
**ક્ષીર-નીર પરે તુમશું મળશું,**
**વાચક યશ કહે હેજે હળશું. સાહેબા. ૫**

**અર્થ** : હે પ્રભુ ! ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એક્તા દ્વારા અમારા અને તમારા વચ્ચે જે ભેદ છે તેનો હવે નાશ કરીશું. અને દૂધ અને પાણીની પેઠે અમે આપની સાથે એકરૂપ થઈ જઈશું.

**ભાવાર્થ** : ભક્ત, ભક્તિના બળે, ભક્ત મટીને એક દિવસ ભગવાન બની જાય છે તેમ ધ્યાતા પણ ધ્યાનના બળે ધ્યાતા મટીને એક દિવસ ધ્યેયસ્વરૂપ બની જાય છે.

ધ્યાતા અને ધ્યેય વચ્ચેના પુલને ધ્યાન કહે છે.

પુલના એક છેડે ધ્યાતા છે, બીજે છેડે ધ્યેય સ્વરૂપ ભગવાન છે, વચ્ચે ધ્યાન છે.

આ ધ્યાનમાં અંતરાયભૂત અહંકારનો છેદ કરવો પડે છે. આ અહંકાર, ધ્યાતા અને ધ્યેય વચ્ચે દિવાલ બનીને ઊભો રહે છે. એટલે તેના છેદ સિવાય ધ્યાતા અને ધ્યેય વચ્ચેનો ભેદ છેદાતો નથી.

આ ભેદને છેદવાની ટેક લેવાની પૂજ્યશ્રીની જાહેરાત શ્રી જિનરાજ પ્રત્યેના અવિહડ રાગની આપણને પ્રતીતિ કરાવે છે.

પરમાત્મ સ્વરૂપના ધ્યાનમાંથી જે ભાવાગ્નિ પેદા થાય છે, તે રાગાદિ ભાવ–મળ અને કર્માદિ દ્રવ્ય–મળને ભસ્મીભૂત કરીને આત્મસત્તાગત પરમાત્મત્વને પ્રકટ કરીને જ રહે છે.

પછી ધ્યાતા અને ધ્યેય જતાં રહે છે અને ધ્યેય સ્વરૂપમાં ધ્યાતા પૂર્ણપણે પરિણત થાય છે.

અવિરત પ્રયાસ અને દૃઢ નિષ્ઠા સિવાય, માણસનું લૌકિક ધ્યેય પણ પાર નથી પડતું તો પરમાત્મપદને પામવાના લોકોત્તર ધ્યેયની સિદ્ધિ માટે સાધકને ઉઠતાં–બેસતાં, ખાતાં–પીતાં, સૂતાં–જાગતાં કે કોઈ પણ કાર્ય કરતાં લોહચુંબક તરફ ખેંચાતા લોહકણની જેમ પરમાત્મ-ભાવના ઉપયોગમાં રહેવું પડે એ સ્વાભાવિક છે. મનની કોટે વળગેલા સંસારને ફગાવી દઈને પ્રભુના ગુણોની માળા ત્યાં પહેરાવવી પડે તેમાં પણ અજાયબી જેવું કશું નથી.

આ રીતે મન પ્રભુમય બનીને દૂધમાં ભળીને એકરૂપ થઈ જતા પાણીની જેમ પ્રભુસ્વરૂપી બની રહે છે એવું પૂ. ઉપાધ્યાયનું કથન આપણે ઝીલવાનું છે. પાળવાનું છે.

આ સ્તવનનો સાર એ છે કે, પ્રભુને મન સોંપી દો. એ મન ઉપર અધિકાર જમાવીને બેઠેલા 'હું'ને એક તરફ ફગાવી દો. મારા મનનો માલિક 'હું' નહિ પણ શ્રી જિનેશ્વરદેવ છે, તેમની આજ્ઞા છે એવું દૃઢ વલણ અખત્યાર કરો.

મનથી મનની પ્રભુને ભેટ ધરનારને, પરમ દાતાર પ્રભુ 'મોક્ષ' ભેટમાં આપે છે તેમાં કોઈ સંદેહ નથી.

વહાલા વીતરાગમાં સહુનો રાગ ખૂબ–ખૂબ વધો !

●

# ૧૩. શ્રી વિમલનાથ સ્વામીનું સ્તવન

**સેવો ભવિયા! વિમલ જિણેસર,**
**દુલ્લહા સજજન સંગાજી;**
**એવા પ્રભુનું દરિસન લેવું તે,**
**આળસમાંહે ગંગાજી. સેવો. ૧**

●

**અર્થ :** હે ભવ્ય જનો! તમે શ્રી વિમળનાથ જિનેશ્વરદેવને સેવો. કારણ કે સજ્જનનો સંગ થવો દુર્લભ છે. અને આપણને એવા દુર્લભ પ્રભુના દર્શનની પ્રાપ્તિ થવી તે આળસમાં રહ્યા છતાં ગંગાજીની પ્રાપ્તિ થવા તુલ્ય છે.

**ભાવાર્થ :** માણસને દુર્જનનો સંગ અનાયાસે મળી રહે છે; કારણ કે તેની રૂચિ તેવા પ્રકારની સોબત ઝંખતી હોય છે.

સત્સંગની રૂચિ અને સત્સંગનો જોગ એ બંનેય ઘણી–ઘણી મહેનતે જાગેલા પુણ્યોદયે જ માણસને પ્રાપ્ત થાય છે.

અને તેમાંય પ્રભુ–દર્શનની પ્રાપ્તિનો જોગ તો અતિ દુર્લભ છે.

પણ આપણને તો કોઈ મહાપુણ્યના ઉદયે આર્યદેશ, ઉત્તમકુળ, આરોગ્ય અને ધર્મ શ્રવણનો યોગ વગેરે સામ-

શ્રીની પ્રાપ્તિ થઈ છે. એટલે પ્રભુનું દર્શન યાને સમ્યગ્-દર્શન પ્રાપ્ત થવું એ આપણને બહુ મુશ્કેલ નથી.

ગંગાજી સુધી જવાની આળસ કરનારા આળસુ માણસને, પૂર્વના પ્રબળ પુણ્યના ઉદયે પોતે રહેતો હોય તેટલામાં નજીક જ ગંગાજી પ્રગટે અને તેમાં સ્નાન કરવાનો લાભ મળે, એટલે વગર પરિશ્રમે જ ગંગાજી મળ્યાં ગણાય, તેમ આપણને પૂર્વના અપાર પુણ્યના ઉદયે પ્રભુદર્શનની ઉત્તમ સામગ્રી પ્રાપ્ત થઈ છે એટલે પ્રભુની સેવા-ભક્તિ કરીને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરવી તે હવે મુશ્કેલ કાર્ય નથી.

શુભ પુણ્યના ઉદયે મળેલી ઉત્તમ સામગ્રીનો ઉત્તમ પ્રકારે સદુપયોગ કરવાની ઉત્તમ વાત આ ગાથામાં છે.

મતલબ કે દેવ-ગુરૂ-ધર્મની ભક્તિ કરી શકીએ એવા દેશ, કાળ, શરીર વગેરે આપણને મળ્યાં છે તે આપણું મોટું સદ્ભાગ્ય છે.

આ સદ્ભાગ્યને બિરદાવતાં પૂજ્યશ્રી કહે છે કે, આંગણે ગંગાજી આવી ગયાં છે. ફક્ત ડૂબકી મારો એટલે પાવન!

અર્થાત્ દહેરાસરો અને સદ્ગુરૂઓ પણ સુલભ છે. જરાક ચાલો એટલે દેવાધિદેવનાં દર્શન પણ થશે અને સદ્ગુરૂના ઉપદેશનો પણ લાભ મળશે.

મહેનત નજીવી છે. લાભનો સુમાર નથી.

મોટો એ લાભ એટલે સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ.

સમ્યગ્દર્શન પૂર્વે જીવની વિવેકશક્તિ દબાએલી રહે છે. જડ અને જીવના ભિન્ન ભિન્ન ગુણધર્મોને બરાબર પારખીને તે, તે મુજબ આચરણ કરી શકતો નથી એટલે તે મોંઘેરા માનવભવમાં પણ ન કરવાના વિચારો કરીને, ન કરવા જેવું પાપાચરણ કરીને ચીકણાં કર્મો બાંધે છે એટલે નવું પુણ્ય કમાવાને બદલે, પૂર્વના પુણ્યને વિવેકશૂન્યપણે વાપરી નાખીને દુર્ગતિનો ભાગી બને છે.

જ્યારે સમ્યગ્દર્શન ગુણની પ્રાપ્તિ પછી જીવ, શ્રી જિનરાજની આજ્ઞાના મર્મને સમજીને પાપવૃત્તિને, નિર્મૂળ કરતો રહે છે.

માટે પ્રભુની સેવાભક્તિ કરીને એક માત્ર સમ્યક્ત્વની પ્રાપ્તિનું લક્ષ્ય આપણે રાખવાનું છે.

આપણને મળેલી સામગ્રી જોતાં આ કાર્ય સહેલું છે. જરાક પ્રયત્ન અને લાભ અમાપ.

એટલે જ પૂ. ઉપાધ્યાયજી બીજી ગાથામાં કહે છે કે,

**અવસર પામી આળસ કરશે,**
**તે મૂરખમાં પહેલોજી;**
**ભૂખ્યાને જેમ ઘેબર દેતાં,**
**હાથ ન માંડે ઘેલોજી. સેવો. ૨.**

●

**અર્થ :** ભૂખ્યા માણસને બોલાવીને કોઈ કહે, લે ભાઈ! આ ઘેબર. ત્યારે એ હાથ ધરવાને બદલે તે ચાલતો

જ થાય તો તે જ મૂર્ખ શિરોમણી ગણાય. તેવી જ રીતે આંગણે આવેલા અવસરને એળે ગૂમાવી દેનારો માણસ તેનાથી પણ વિશેષ મૂર્ખશિરોમણિ જ ગણાય.

ભાવાર્થ : અવસર એટલે ઉત્તમ તક, ધન્ય પળ, સુવર્ણ–પળ.

જીવન આષાઢી વિજળીના ઝબકારા જેવું છે. એ ઝબકારામાં સોયમાં દોરો પરોવી લીધો તો પરોવી લીધો, નહિતર એ ઝબકારાની પુનઃ પ્રતીક્ષામાં ઘણો કાળ વ્યતીત કરવો પડે. અને પુનઃ એ ઝબકારો થાય ત્યારે સામગ્રી ન હોય તો એનો લાભ પણ ન મળે.

એટલે જ પૂજ્યશ્રી ભારપૂર્વક કહે છે કે, ઉત્તમ સામગ્રી યુક્ત માનવભવમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લો.

અનાદિ, અનંત સંસારમાં ભટકતા જીવને આવો માનવભવ વારંવાર નથી મળતો. એ ભવને ધર્મકરણીનો સુઅવસર માનીને વધાવી લો. પણ મિથ્યા મોહ–માયા, કૂડ–કપટ આદિ પાછળ બરબાદ ન કરો.

શ્રેષ્ઠ સામગ્રી યુક્ત માનવભવને જ ધર્મારાધનાની એક તકરૂપે પૂજ્યશ્રીએ અહીં પ્રરૂપ્યો છે.

અને જીવના અનંત ભવોની તુલનામાં આ ભવ, એ એક તક નથી તો બીજું શું છે !

ઘેબર જેવો ઉત્તમ ખાદ્ય પદાર્થ આપનારા દયાળુ માણસનો જોગ થવા છતાં, ઘેબર લીધા સિવાય જ ચાલતા

થનારા ભૂખ્યા માણસને આપણે એક નંબરનો મૂર્ખ કહીએ છીએ, તો પછી આત્માની ભવોભવની ભાવ–ક્ષુધાને ટાળનારા સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો જે સુઅવસર આ માનવભવમાં આપણા અંતઃકરણનાં દ્વાર ખખડાવી રહ્યો છે. તેને બહાનાં બતાવીને, આળસ કરીને જાકારો દેનારા આપણે ડાહ્યા ગણાઈએ ખરા ?

માટે આળસ છોડીને પ્રભુસેવામાં સતત ઉદ્યમવંત, ઉપયોગવંત રહેવાની ટકોર પૂજ્યશ્રીએ સહુ ભવ્ય આત્માઓને કરી છે.

સમ્યગ્દર્શન વગરનું દર્શન, આંધળાના દર્શન કરતાં પણ અધિક વિપરીત અને વિડંબનાકારી હોય છે. આત્માની જ બાદબાકી કરીને ભાવ–અંધકારમાં અટવાવનારૂં હોય છે.

સમ્યગ્દર્શનનો અભાવ એટલે ભાવ–અંધાપો, આ અંધાપામાં જીવની જે અવદશા થાય છે, તેનું જ્ઞાન ધરાવનારા પૂજ્યશ્રીએ સહુ ભવ્ય આત્માઓને તેનાથી છોડાવનારા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ઉપર ઉપકારક ભાર મૂકયો છે.

**ભવ અનંતમાં દરિસન દીઠું,**
**પ્રભુ એહવા દેખાડેજી;**
**વિકટ ગ્રન્થી જે પોળ પોળિયો,**
**કર્મ વિવર ઉઘાડે જી, સેવો. ૩.**

**અર્થ :** અનંત ભવ પસાર થયા પછી આજે પ્રભુનું દર્શન પ્રાપ્ત થયું.

આ સંસારના વિકટ પંથમાં ભમતાં ભમતાં શ્રી જિન-શાસનરૂપી મંદિરની પોળ, કર્મવિવર નામે દ્વારપાળ ઉઘાડે ત્યારે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય. અર્થાત્ તે દ્વારપાળ દ્વાર ઉઘાડીને પ્રભુનુ દર્શન કરાવે.

**ભાવાર્થ :** સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તે ખૂબ જ કઠિન કાર્ય છે.

અનંત ભવમાં ભમતો જીવ, મોટી મોટી પદવીઓ અને અફાટ સંપત્તિ મેળવી શકે છે, પણ સમ્યગ્દર્શન મેળવવા માટે તો તેને નિજ ભવ્યત્વને કામે લગાડીને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ તથા મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીય એ સાત પ્રકૃતિરૂપ દૃઢ બંધનને અપૂર્વ વીર્ય–યોગે ભેદી–છેદી નાખવા પડે છે. તે વખતે જીવને જે અપૂર્વ અધ્યવસાય આવે છે, તેને અપૂર્વકરણ કહે છે.

મોક્ષગમનની યોગ્યતાવાળા જીવો જ આ અપૂર્વકરણ કરી શકે છે, તે સિવાયના જીવો યથાપ્રવૃત્તિ કરણથી આગળ નથી વધી શકતા. માટે તેમનો સંસાર છૂટતો નથી.

વ્યોમમાં રહેલાં વાદળાં આડે ઢંકાએલા સૂર્યનું દર્શન આમ તો દુર્લભ બની જાય છે, પણ પવનના યોગે જ્યારે કોઈ વાદળું વિખેરાય છે ત્યારે સૂર્યનું પુરૂં નહિ તો આંશિક દર્શન સુલભ બની જાય છે, તેમ અપૂર્વ વીર્યોલ્લાસ

દ્વારા જીવ, ઉપર વર્ણવી તે સાત પ્રકૃતિરૂપ દૃઢ ગાંઠને છેદી નાખે છે એટલે તેને સ્વ-ભાવનો પૂરો નહિ, તો આંશિક પણ સ્પર્શ થાય છે, તેને જ સમ્યગ્દર્શન કહે છે.

અતિ ગાઢ-પ્રગાઢ એવા મોહનીય કર્મ અને અતિ-કાળ પર્યંત ટકનારા કષાયો પ્રમાણમાં પાતળા પડે છે એટલે તેની આડે ઢંકાએલા આત્મ-રવિનું તેજ આત્મસ્પર્શી બને છે.

કર્મવિવર નામનો દ્વારપાળ તે આ જ.

કર્મોના ગઢમાં ગાબડું પડે એટલે આત્માને એનો ધર્મ, સ્વભાવ સ્પર્શે જ સ્પર્શે.

એ સ્પર્શ જિનધર્મની સ્પર્શના કરાવે. આત્મતુલ્ય-તારુપ સમભાવની સ્પર્શના કરાવે.

સ્તવન કર્તા ભગવંતને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થએલી છે એટલે તેમને તે સુલભ લાગી છે અને તેથી જ ભવ્ય જીવોને તેની પ્રાપ્તિ થાય એ અર્થે ભાવદયાપૂર્વક ઉપદેશ આપે છે.

અને પોતાને શ્રી જિનેશ્વરદેવની કૃપાથી જ સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ થઈ છે એમ પ્રતીત થયા પછી તેઓ ભાર દઈને કહે છે કે, આવા વિમળ પ્રભુ જ એ ગુણ પ્રાપ્ત કરાવવા સમર્થ છે.

તાત્પર્ય કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે ઓછામાં ઓછી નીચે મુજબની યોગ્યતા જીવમાં પ્રગટેલી હોવી જોઈએ.

કષાયની મંદતા.

મોહની મોળાશ.

શ્રી જિનવચનમાં અડગ નિષ્ઠા.

સુગુરૂની ભક્તિ.

અલ્પારંભ.

શ્રી જિનવચનમાં અડગ નિષ્ઠા રાખવી. કારણ કે તે એક એવા વિશ્વપુરુષનું વચન છે કે જેને શ્રદ્ધાપૂર્વક અંગીકાર કરવાથી, અંગીકાર કરનારનું તેમજ અન્ય સકળ જીવોનું તેમાં સર્વ અપેક્ષાએ કલ્યાણ રહેલું છે. માટે તેમાં અડગ નિષ્ઠા રાખવાની છે.

એ નિષ્ઠાના બળે, આત્માની પ્રતિષ્ઠા વધે છે. અને આત્મામાં ઘર કરીને રહેલા સંસારને ભ્રષ્ટ થવું પડે છે.

જેની આંખ મોક્ષ તરફ મંડાએલી છે તેને તો આ બધી વાતો સાકર કરતાંય વધુ મીઠી લાગે છે. મોહનું ઝેર આ જ વાતને કડવી બનાવી દે છે.

એવા ભયાનક મોહને મહાત કરવા માટે મહામોહ-જેતા શ્રી તીર્થંકરદેવને ભાવપૂર્વક ભજવાની ઉપકારક હિતશિક્ષા પૂજ્યશ્રીએ આપી છે.

મહા મોહાંધકારને હરનારા એ પ્રભુના દર્શનનું દર્શન, સમ્યગદર્શન ગુણના યોગે જ થાય છે. તે પૂર્વે તેની દશા દયાજનક હોય છે.

**તત્ત્વ પ્રીતિકર પાણી પાએ,**
**વિમલાલોકે આંજી જી;**
**લોયણ-ગુરૂ પરમાન્ન દીએ તવ,**
**ભ્રમ નાંખે સવિ ભાંજી જી. સેવો. ૪**

●

**અર્થ** : (કર્મ રસ્તો આપે છે એટલે જીવ શ્રી જિન-શાસનરૂપ મંદિરમાં દાખલ થાય છે.) ત્યાં તેને ઉપકારી ગુરૂ શુદ્ધ શ્રદ્ધારુપ તત્ત્વપ્રીતિકર પાણી પાય છે, તે પછી સમ્યગ્ જ્ઞાનરુપ વિમલાલોક નામે અંજન તેની આંખમાં આંજે છે અને તે પછી તેને સમ્યક્ ચારિત્રરૂપ પરમાન્નનું ભોજન કરાવે છે એટલે તેના (તે જીવના) બધા ભ્રમ (વિપરીત ધારણાઓ, માન્યતાઓ આદિ) ભાંગી જાય છે.

**ભાવાર્થ** : પૂ. શ્રી ઉમાસ્વાતિજી મહારાજા શ્રી તત્ત્વાર્થ સૂત્રના પ્રારંભમાં ફરમાવે છે કે–

'સમ્યગ્દર્શન–જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ :।'

આ જ ટંકશાળી સૂત્રને પૂ. ઉપાધ્યાયજી મહારાજે આ ગાથામાં ગૂંથ્યું છે.

તેના રહસ્યને આત્મસાત્ કરવા માટે 'ઉપમિતિ ભવ પ્રપંચા કથા'નું નીચેનું દૃષ્ટાન્ત ખૂબ સહાયક થાય તેવું છે.

એક ભિક્ષુક (મોહમૂઢ સંસારી જીવ) પોતાના પાત્રમાં (અનાદિ મિથ્યાત્વ યોગે પૌદ્ગલિક ભાવમાં રમણતારુપ) કદન્ન-ખરાબ અન્ન લઈને બેઠો હતો.

તે ભિક્ષુકને પોતાની પાસેના અતિશય દુર્ગંધ મારતા વાસી અન્ન ઉપર મતિનો વિપરીતતાના કારણે અત્યંત સારાપણાંની બુદ્ધિ હતી.

તે ભિક્ષુક ફરતો-ફરતો સર્વજ્ઞ શાસનરુપ મંદિરના દરવાજા પાસે આવ્યો. ત્યાં કર્મવિવર (કર્મ માર્ગ આપે, રસ્તો કરી આપે તે રુપ) નામે દ્વારપાળ રહે છે. તેણે પેલા ભિક્ષુક (જીવ) ની યોગ્યતા જાણીને તે મંદિરનું મજબૂત દ્વાર ઉઘાડયું. ભિક્ષુક અંદર ગયો. ત્યાં તેને સર્વજ્ઞ પ્રભુનું સામાન્ય દર્શન થયું. ત્યાં તેને એક દયાળુ ગૃહસ્થ (ધર્મબોધકર મંત્રી) મળ્યા. તેમણે તેને સમજાવ્યો. દિલાસો આપી શાન્ત કરી વિશ્વાસ બેસાડયો.

પછી પ્રથમ તેનો અનાદિ વ્યાધિ મટાડવા માટે પાણી પાયું, પછી અંજન આંજ્યું. છેલ્લે પરમાન્ન ખવરાવ્યું એટલે ભિક્ષુક (જીવ) સ્વસ્થ થયો.

એટલે તેને તેના વચન ઉપર વિશેષ વિશ્વાસ બેઠો. મારા એકાંત હિતેચ્છુ આ ગૃહસ્થ છે, એમ તેને લાગ્યું. તેને ખરા તત્ત્વ ઉપર પ્રીતિ થઈ, તેનો અજ્ઞાનરુપી નેત્રદોષ દૂર થયો અને મિથ્યાભાવમાં રમણ કરવારૂપ મોહ દૂર થઈ જતાં તેણે કુત્સિત અન્નવાળું પોતાનું પાત્ર દૂર ફેંકી દીધું એટલે પરિણામે તે સુખી થયો.

મોહગ્રસ્ત જીવની આ કથા આપણને કેટલા પ્રમાણમાં લાગુ પડે છે તેનો આપણે તટસ્થપણે ક્યાસ કાઢીશું તો આપણે પણ અપૂર્વ વીર્યોલ્લાસ દ્વારા કર્મોના ઘનમાં

કાણું પાડીને આત્મ-રવિની ઝાંખી કરાવનાર સમ્યગ્દર્શનને પામી શકીશું. એ દર્શનથી જિન દર્શન સમજાશે.

તે પછી ધર્મબોધકર મંત્રી, સુગુરૂ યા સન્મિત્રરુપ મન એમાંના કોઈ એક પેલા દયાળુ ગૃહસ્થની જેમ પ્રેમપૂર્વક પાસે બોલાવીને જીવ તત્ત્વમાં પ્રીતિ વધારે એવું (નિર્મળ હૃદયની વાણીરુપ) પાણી પાશે.

સંત-હૃદયની વાણીરુપ આ પાણીથી મન તો ઠરે છે. પણ તેની સાથોસાથ આત્મા પણ અપૂર્વ ઉલ્લાસ અનુભવે છે.

પાયાને પાએલું પાણી ઈમારતની મજબૂતીમાં પરિણમે છે. તેમ આ પાણી પીવાથી આત્માના આત્મશ્રદ્ધારુપ દેહનું સુદૃઢ ઘડતર થાય છે.

પછી સુગુરુ એ સમ્યગ્ શ્રદ્ધારુપ દેહના નેત્રમાં વિમલાલોક નામે સમ્યગ્ જ્ઞાન આંજે છે.

આ જ્ઞાનાજંનના પ્રભાવે જીવ, શ્રી જિનશાસનના સમગ્ર સ્વરુપનું દર્શન કરી શકે છે. એટલે તેને પરભાવ-રમણતા મહાપાપરૂપ લાગવા માંડે છે. સ્વભાવ-રમણતાની ખરી ભૂખ લાગે છે.

તેની એ ભૂખ ભાગવા માટે સુગુરુ તેને સમ્યક્ ચારિત્રરુપ અમૃતાન્ન જમાડે છે.

એટલે તે સ્વયંમાં સ્વયંને પામીને સર્વ ભ્રમથી મુક્ત થઈ જાય છે.

પણ મુખ્ય મહત્ત્વ સમ્યગ્ દર્શનનું છે.

સર્વજ્ઞ પ્રભુએ જે પદાર્થને જે સ્વરુપે પ્રરૂપ્યો છે, તે પદાર્થને તે જ સ્વરુપે જોવાની યથાર્થ પાત્રતા સમ્યગ્-દર્શનની પ્રાપ્તિ સાથે આવે છે.

આ પાત્રતા પ્રગટ્યા પછી સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રનો અધ્યવસાય જીવમાં પ્રગટે છે. આ અધ્યવસાય જેટલો પ્રબળ હોય છે. તેટલાં તરત સમ્યક્ જ્ઞાનાવરણીય કર્મ અને ચારિત્ર-મોહનીય કર્મ વિખેરાવા માંડે છે.

જીવને શિવપુરમાં લઈ જનારી સડક સમાન આ ગાથામાં અધિકાધિક રમણતા કરતા રહેવાથી આત્માને એકાંતે લાભ જ છે.

**ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે,**
**વાત કરૂં મન ખોલી જી,**
**સરળતણે જે હઈડે આવે,**
**તેહ જણાવે બોલી જી. સેવો. ૫**

●

**અર્થ** : (ઉપર જણાવ્યા પ્રમાણે) મારો ભ્રમ ભાગી ગયો છે એટલે હું પ્રભુ સાથે મન ખોલીને વાત કરૂં છું. કારણ કે સરળ હૃદયવાળાને જે જે હકીક્ત સાંભરી આવે, તે–તે, જણાવી દેતો હોય છે.

**ભાવાર્થ** : મૃગજળમાં જળનું જ્ઞાન કે છીપમાં રજતનું જ્ઞાન એ જ્ઞાન નથી એમ નહિ, પણ ભ્રાન્ત જ્ઞાન છે.

ભ્રાન્ત એટલે અયથાર્થ.

જે જ્યાં હોય નહિ, ત્યાં તેને જોવું એને મિથ્યા-દર્શન કહે છે. તેમ જે જ્યાં હોય, તેને ત્યાં ન જોવું એ પણ મિથ્યાદર્શન છે.

દર્શન મોહનીય કર્મનો ક્ષયોપશમ થતાં જીવને સમ્યગ્ દર્શન પ્રાપ્ત થાય છે એટલે તેનો ભ્રમ ભાંગી જાય છે, પછી તે જડ અને ચેતન વચ્ચેનો ભેદ કરીને ચેતનના ગુણધર્મોને પોતાના માને છે, જડ પદાર્થોના શબ્દ, રૂપ આદિમાં આસક્ત થતો નથી.

આવી નિર્ભ્રાન્ત દશા આવે છે એટલે આત્મા પરમાત્મા સાથે દિલ ખોલીને વાતો કરે છે. કારણ કે સંકોચના કારણરૂપ ગ્રન્થી તેના આત્મા, હૃદય કે મનમાં હોતી નથી.

પણ દિલ ખોલીને વાતો કરવાનું શ્રેષ્ઠ પાત્ર તો ઘણા મોટા દિલવાળા પરમાત્મા જ છે. તેમણે આત્માથી કશું છૂપાવ્યું નથી એટલે આત્મા પણ તેમનાથી કશું છૂપાવતો નથી.

સમ્યગ્દૃષ્ટિ પ્રભુ આગળ, દિલ ખોલીને જે વાતો કરે તે આવા પ્રકારની હોય છે.

હે જિનેશ્વરદેવ ! મને તારનારા આપ જ છો એ હવે યથાર્થપણે સમજાયું.

આપ મારા ઉપયોગમાં આવ્યા છો તે પ્રભાવ પણ આપની ભાવદયાનો છે.

શું કહું વહાલા! આપને ન ઓળખ્યા ત્યાં સુધી હું મને ય ન ઓળખી શક્યો. માટે બીજા બધા સાથે ઓળખાણ વધારી પણ આપે પ્રકાશેલા ધર્મ સાથે જ સગપણ ન બાંધ્યું.

પણ એ દિવસો આજે નથી. આજે તો હું મારી જાતને ધન્યભાગી માનું છું કે એને આપનું દર્શન થયું. એ દર્શનથી પ્રસન્ન થએલું મન આખે-આખું આપમાં સમાઈ જવા માટે તલસી રહ્યું છે.

વહાલા! મારો આ તલસાટ આપ, જેમ બને તેમ તરત પૂરો કરશો.

આ વાતોનો જેટલો થાય તેટલો વિસ્તાર કરવાથી આત્મા એટલો મોટો પ્રતીત થાય છે કે શરીર તો તે સમયે એક રજકણ જેટલું લાગે છે.

એટલે જ આ અનુભવ કરનારા પૂ. ઉપાધ્યાયજી કહે છે કે-

**શ્રી નયવિજય વિબુધ પય સેવક,**
**વાચક યશ કહે સાચું જી,**
**કોડી કપટ જો કોઈ દિખાવે,**
**તોહિ પ્રભુ વિણુ નવિ રાચું જી. સેવો.૬**

●

**અર્થ:** શ્રી નયવિજય પંડિતના ચરણ સેવક વાચક યશ (ઉપા. યશોવિજયજી) સાચું કહે છે કે જો કોઈ મને

ક્રોડોગમે કપટ ક્રિયા બતાવે, તો પણ હું પ્રભુ વિના બીજા કોઈમાં રાચું નહિ.

ભાવાર્થ : જડના આવિષ્કારો જેવા કે રેડીઓ, ટેલીવીઝન, કેમેરા, સીનેમા, મોટર, હવાઈ જહાજ વગેરે જોઈને જે મોહિત થાય, તે સાચો સમકિતી ન ગણાય.

સમ્યક્ત્વ અસ્થિમજ્જાવત્ થાય છે એટલે આત્માને, આત્માના ઘરની જ વાતો ગમે છે. આત્માના ગુણોની વાતો ગમે છે. પરમાત્માના વચનોમાં મનને રમાડવાનું ગમે છે. પરમાત્માના સ્વરૂપનાં વખાણ કરવાં ગમે છે. પરમાત્મ–સ્વરૂપનું ધ્યાન ગમે છે. ભાવથી ધર્મકરણી કરવી ગમે છે.

૨૭ માળની ઑબેરોય હોટલ તેને આકર્ષી નથી શકતી, પણ તડકામાં તરફડતી કીડી તેને તરત આકર્ષી શકે છે.

દેહની માંદગીનું એટલું દુઃખ એને નથી થતું જેટલું દુઃખ આત્માને દોષ લાગે છે ત્યારે થાય છે.

શ્રી જિનરાજ સિવાય બીજા કોઈમાં નહિ રાચનારા શ્રી જિનાજ્ઞાના પાલનમાં જ રચ્યાપચ્યા રહેનારા પૂ. ઉપાધ્યાય ભગવંત આ સ્તવન દ્વારા સૌ ભવ્ય જીવોને કહે છે કે, આ ભવસાગરમાં જહાજ સમાન શ્રી જિનેશ્વરદેવને ભાવપૂર્વક ભજતા રહો !

ઉત્તમ સામગ્રીયુક્ત આ માનવભવમાં કરવા જેવું કામ, એ એક જ છે.

આપણા સમય અને શક્તિનો સદુપયોગ કરવાનું શ્રેષ્ઠ સ્થળ પણ એ જ છે. અને શ્રેષ્ઠ પાત્ર પણ એ જ છે.

અનંત ભવચક્રમાં શ્રેષ્ઠ સામગ્રી યુક્ત માનવભવ, ઘણા મોટા પુણ્યની રાશિ એકઠી થાય છે ત્યારે જ મળે છે.

હીરાના મૂલ્યથી અજાણ ભરવાડની જેમ આપણે માનવભવરૂપી આ હીરાને રાગ-દ્વેષની કોટે નથી બાંધવાનો, પણ રાગદ્વેષ રહિત શ્રી જિનેશ્વરદેવના ચરણમાં ધરવાનો છે.

જેણે જિનના ચરણ ગ્રહ્યા, તેની ચાર ગતિનો અંત હાથવેંતમાં છે એ નક્કી માનજો.

મુક્તિના દ્વારે લઈ જનારા સમ્યક્ત્વની પ્રાપ્તિ સહુને સુલભ બનો !

●

# ૧૪. શ્રી અનંતનાથ સ્વામીનું સ્તવન

**શ્રી અનંત જિન શું કરો, સાહેલડીયાં,**
**ચોળ મજીઠનો રંગ રે, ગુણ વેલડીયાં;**
**સાચો રંગ તે ધર્મનો, સાહેલડીયાં,**
**બીજો રંગ પતંગ રે, ગુણવેલડીયાં. ૧**

●

**અર્થ :** હે સન્મિત્રો ! તમે શ્રી અનંતનાથ જિનેશ્વરદેવ સાથે મજીઠના રાતાચોળ રંગ જેવો પાકો પ્રેમ કરો.

હે ગુણના વેલારૂપ સજ્જનો ! ધર્મનો રંગ તે સાચો રંગ છે. તે સિવાયનો બીજો રંગ, પતંગના રંગ જેવો કાચો છે.

**ભાવાર્થ :** સર્વ પૌદ્ગલિક આસક્તિઓ છોડીને, અહંના કોલ્લાને ફોડીને, મમતાનું પરૂ કાઢીને, નિરોગી મનથી, અનંત સંસારનો અંત આણનારા શ્રી અનંતનાથ પ્રભુ સાથે પાકો પ્રેમ બાંધો ! એમ કહીને પૂ. ઉપાધ્યાયજી મ., તે પાકો પ્રેમનો રંગ કેવો હોય તે સમજાવતાં કહે છે કે–તે પાકા પ્રેમનો રંગ, મજીઠના રંગ જેવો રાતોચોળ હોવો જોઈએ.

મજીઠના રંગમાં રંગાએલું વસ્ત્ર બળી જાય છે. તો તેની રાખમાં પણ તે રંગ ઉતરે છે.

પ્રભુ સાથે આપણે આવો પાકો પ્રેમ કરવાનો છે.

કહેવાય છે કે શ્રેણિક મહારાજાના પાર્થિવ દેહને અગ્નિ સંસ્કાર કરતી વખતે તેમના શરીર-યંત્રમાંથી 'વીર–વીર' નો ધ્વનિ–ધબકારો જણાતો હતો. વીર પ્રભુના નામનો હૃદયના ઉંડાણપૂર્વક તેમણે જાપ કર્યો હતો.

આનું નામ તે પાકો પ્રભુ–પ્રેમ, અસ્થિમજ્જાવત્ બની ગએલો પ્રભુ–પ્રેમ. અણુએ અણુમાં ફેલાયેલી પ્રભુની ભક્તિ, સહજ ભાવે સતત ચાલતો અજપાજાપ.

પાકો પ્રભુ–પ્રેમ શુદ્ધ ધર્મ સ્વરૂપ છે. કારણ કે પ્રભુ પોતે ધર્મસ્વરૂપ છે. અધર્મના અંધકારને હરનારા ધર્મરૂપી સૂર્ય છે. ઉત્કૃષ્ટ પ્રકારનો ધર્મ આરાધીને પ્રભુ બનેલા છે.

દયા અને સ્વાર્થત્યાગ, પરમાર્થ અને સંયમ, તપ અને ધ્યાન, સમતા અને સંતોષ, મૃદુતા અને અકિંચનત્વ વગેરે આ ધર્મના અંગો છે.

આત્માના ગુણોરૂપ આ ધર્મની પાકી પરિણતિ, પરમાત્મા સાથેના પાકા પ્રેમથી થાય છે.

જેને આવો પ્રેમ–રંગ લાગે છે તેનો આત્મા આત્મિક ગુણો વડે રંગાઈ જાય છે. તેના અણુએ અણુમાં આત્મ-સત્તા અનુભવાય છે. આત્મિક ગુણોની પ્રભા છલકાય છે. પછી શરીર 'મારૂ' નથી રહેતું, આત્મા 'મારો' રહે છે. કુટુંબ 'મારૂ' નથી રહેતું, મૈત્રી, દયા, શીલ આદિ મારાં રહે છે.

આત્મા શાશ્વત છે એટલે આત્માના આ ગુણો પણ શાશ્વત છે. એટલે આત્મોપયોગમય ધર્મ પણ શાશ્વત છે. માટે તેના રંગને પૂજ્યશ્રીએ સાચો રંગ કહ્યો છે.

વસ્ત્ર ફાટે તો પણ તેના તાણાવાણામાં બેસી ગએલો જે રંગ ફીટે નહિ, તે પાકો ગણાય છે. તેમ દેહ પડવા છતાં, દેહની સાથે નાશ નહિ પામનારો, અસ્થિમજ્જાવત્ બનેલો આત્મ–પરિણતિરૂપ રંગ ખરેખર પાકો ગણાય છે.

આ રંગ, સિવાયનો બીજો રંગ પતંગના રંગ જેવો કાચો છે.

પતંગ એ એક જાતનું લાકડું છે. તેનાથી કાચો રંગ બને છે, તે રંગ તડકો લાગવાથી ઉડી જાય છે, પણ કાયમ ટકતો નથી, તેમ પૌદ્ગલિક વસ્તુઓ તરફનો રાગ–રંગ પણ પળે પળે પલટાયા કરે છે અને જીવને સતત અસ્વસ્થ રાખ્યા કરે છે.

આત્મપરિણતિમય તે સ્વ–સ્થ.

પરપરિણતિમય તે અ–સ્વ–સ્થ.

પરપરિણતિનો રંગ કાચો હોવાથી જીવને તેનો રંગ સંસારમાં સતત રખડાવે છે. પણ સ્વ–ગુણનો રંગ લાગવા દેતો નથી.

સડવા–પડવાના સ્વભાવવાળા કોઈ પદાર્થનો રંગ કાયમ એકસરખો રહેતો નથી એટલે તેના પ્રત્યેનો રાગ જીવને દુઃખી કરે છે.

જ્યારે સર્વ દેશ અને સર્વ કાળમાં જેની સતૂતા (સત્તા) અકબંધ રહે છે તે આત્માના ગુણોનો રંગ, મોક્ષ પર્યંત અકબંધ રહે છે.

માટે જ કહ્યું છે કે સતત સરતા સંસારમાં સાર એક માત્ર ધર્મ છે. કેવળીભાષિત ધર્મ છે. કારણ કે તે શાશ્વત એવા આત્માથી અભિન્ન છે માટે તેની સેવામાં મોક્ષના મેવા કહ્યા છે.

**ધર્મરંગ જીરણ નહિ, સાહેલડીયાં,**
**દેહ તે જીરણ થાય રે, ગુણવેલડીયાં;**
**સોનું તે વિણસે નહિ, સાહેલડીયાં,**
**ઘાટ–ઘડામણ જાય રે, ગુણવેલડીયાં. ૨**

●

**અર્થ** : હે સજ્જનો ! દેહ જીર્ણ થાય છે, પણ દેહી એવા આત્માના સ્વભાવભૂત ધર્મનો રંગ જીર્ણ થતો નથી.

વેલની જેમ વિસ્તરતા જતા હે ગુણવાનો ! જેમ સોનાનો ઘાટ બદલાય છે તો પણ સોનું નાશ પામતું નથી તેમ દેહ અને આત્મા વિષે જાણો.

**ભાવાર્થ** : પર્યાય બદલાય એટલે દ્રવ્ય ન બદલાય.

આત્મા એક અવિનાશી દ્રવ્ય છે. દેહ તેનો પર્યાય છે.

શરીર ઘરડું થાય એટલે આત્મા ઘરડો ન થાય. શરીર નાશ પામે એટલે આત્મા નાશ ન પામે. માટે જ

**પૂ. ઉપાધ્યાયજી મ. આત્મા સાથે પ્રીત કરવાની સલાહ આપણને આપે છે.**

દેહ-રાગ છોડીને આત્મ-રાગ કેળવાય નહિ ત્યાં સુધી દુઃખનો અંત આવે નહિ.

સોનાની બંગડીઓનું, કંઠીમાં રૂપાંતર થાય એટલે બંગડીઓ સાથે સોનું નાશ નથી પામતું પણ કંઠીમાં વિદ્યમાન રહે છે. હા, એટલું ખરૂં કે સોનાની બંગડીઓનો ઘાટ બદલાઈ જાય છે.

દેહ એ પણ આત્મ-સુવર્ણનો એક ઘાટ છે. સોનાના નવા ઘાટ પ્રત્યેના રાગના કારણે માણસ હોંસથી નવા દાગીનાની ઘડાઈના પૈસા આપે છે તેમ ઉત્તમ સામગ્રીયુક્ત માનવભવ પામવાને ઉત્સુક જીવ, એ ભવને લાયકનું પુણ્ય-મૂલ્યરૂપે એકઠું કરીને ચૂકવી દે છે.

અહીં સમજવાનું એ છે કે, પ્રેમ આત્મા સાથે કરવાનો છે. આત્મ-સ્વભાવ સાથે કરવાનો છે. આત્મ-સ્વભાવને સ્વ-ભાવ-ભૂત બનાવવાનો છે. પ્રકૃતિને પણ જીતવાની છે.

શું કરૂં ભાઈ! મારો સ્વભાવ જ એવો છે કે વાત-વાતમાં ગુસ્સે થઈ જવાય છે.

આ શબ્દો એમ સૂચવે છે કે, ક્રોધ એ આત્માનો ધર્મ નહિ હોવા છતાં, ક્ષમારૂપી આત્મધર્મની પરિણતિના અભાવે, મોહવશ જીવ ક્રોધને આધીન થઈ જાય છે.

નિર્મોહી પ્રભુની ભક્તિનો સાચો રંગ લાગે છે એટલે મોહનો ક્ષય થવા માંડે છે અને આત્માના ક્ષમાદિ ધર્મ, જીવનમાં પરિણત થાય છે. એટલે ક્રોધાદિ કષાયો પરાયા બની જાય છે.

મહામુનિ શ્રી ગજસુકુમાલ મરણાંત ઉપસર્ગ વચ્ચે પણ આત્માના સમતા આદિ ધર્મના જ પક્ષે રહ્યા, પણ દેહના પક્ષે ન રહ્યા. તો દેહ પડવા છતાં ન પડ્યો એટલું જ નહિ પણ મુક્તિધામે જઈ ચઢયો.

ધર્મી આત્મા જગતમાં નોખો તરી આવે છે તેનું મુખ્ય કારણ આ જ છે, જેની પાછળ દુનિયા દીવાની થતી હોય છે એવા નાશવંત પદાર્થોની ઝાકઝમાળ આગળ તે અડગ રહે છે અને ધર્મના ઉપાસક મહાત્માઓના ચરણોમાં તે ઉંમગભેર દોડી જાય છે.

ધર્મ–પ્રીતિવાનને ધર્મના પ્રકાશક પ્રભુના ઉપકારો એટલા તો ઉપકારક લાગે છે તે તેમને કદીયે ભૂલી શકતો નથી પણ તેમની આજ્ઞાના અજવાળે ચાલીને આત્માને અજવાળે છે, માનવભવને સાર્થક કરે છે.

તાત્પર્ય કે પલટાવાના સ્વભાવવાળા પદાર્થો સાથે પ્રીત બાંધવાથી આત્માનું પતન થાય છે.

ધર્મ જ આત્માને ઉદ્ધારી શકે છે. અધર્મના અંધ-કારમાંથી બહાર કાઢી શકે છે.

માટે ધર્મમાં મન રાખવું જોઈએ. દયા, પ્રેમ, કરૂણા, સ્નેહ, સદ્‌ભાવ, સમતા આદિ ગુણોને ખીલવવા જોઈએ.

શ્રી જિનશાસનને પામેલો આત્મા, પોતાના આત્મા ઉપર અધર્મને શાસન કરવા દેતો નથી. પણ ધર્મને જ શાસન કરવા દે છે.

ધર્મના એક કણમાં, લાખો મણ પાપ રૂપી અંધકારનો નાશ કરવાની શક્તિ છે તે સત્યનો સ્વીકાર કરીને આપણે પણ ધર્મના પાકા આરાધક બનીએ !

**ત્રાંબું જે રસવેધીયું સાહેલડીયાં,**
**તે હોય જાચું હેમ રે ગુણવેલડીયાં,**
**ફરી ત્રાંબુ તે નવિ હુએ સાહેલડીયાં,**
**એહવો જગગુરૂ પ્રેમ રે. ગુણવેલડીયાં. ૩**

●

**અર્થ :** જે ત્રાંબુ સુવર્ણ સિદ્ધિના રસથી વેધાય છે, તે વિશુદ્ધ સુવર્ણરૂપ બની જાય છે અને તેનું ફરી ત્રાંબુ નથી થતું તેવો જગગુરૂ શ્રી જિનેશ્વરદેવ ઉપરનો પ્રેમ પણ સમજવો.

**ભાવાર્થ :** હે સજજનો ! ચોકખા ત્રાંબા ઉપર, સુવર્ણને ઉત્પન્ન કરનાર સુવર્ણ સિદ્ધિના રસનું એક બિંદુ નાંખ્યું હોય તો તેટલા માત્રથી તે ત્રાંબાનું ચોકખું સોનું બની જાય છે તે દાખલા દ્વારા એ સમજવાનું છે કે, જીવ એ ત્રાંબુ છે. જિનભક્તિ એ સુવર્ણ છે. જીવરૂપી ત્રાંબા

ઉપર જિનભક્તિરૂપી રસનું બિંદુ પડે છે એટલે તે પણ શિવસ્વરૂપ બની જાય છે.

'ત્રાંબુ જે રસવેધીયું' એ શબ્દોનો ભાવાર્થ એ છે કે સુવર્ણ સિદ્ધિના રસ વડે વેધાએલું ત્રાંબુ, પણ બીજું ત્રાંબુ નહિ.

તેમ જે જીવના પ્રદેશે પ્રદેશમાં પ્રભુ પ્રેમ પરિણત થાય છે, વ્યાપી જાય છે, તે જીવ ઉપશમ સમ્યક્ત્વ અને ક્ષયોપશમ સમ્યક્ત્વથી આગળ વધીને ક્ષાયિક સમ્યક્ત્વવાન બનીને સર્વ કર્મો ખપાવીને શિવ બની રહે છે.

જડ એવું ચિંતામણિ-રત્ન, એના ધારકને ઈચ્છિત પદાર્થો આપી શકે છે, એમાં કારણ તરીકે વસ્તુ સ્વભાવ કામ કરે છે, તે જ રીતે વીતરાગ શ્રી જિનેશ્વરદેવના પ્રેમમાં રંગાએલા જીવને એ પ્રેમ, પ્રભુ સ્વરૂપ બનાવી શકે છે તેમાં પણ વસ્તુ સ્વભાવ કામ કરે છે. પ્રભુ પ્રત્યેના પ્રેમનો સ્વભાવ જ એવો છે કે તે આત્માને પરમાત્મા બનાવી દે.

પણ જીવને પ્રભુપ્રેમનો રંગ લાગ્યો છે, એમ ક્યારે કહી શકાય.

જીવ માત્રને જીવન પ્રિય છે, મરણ અપ્રિય છે, એટલે જીવન જેટલી જ વહાલી પ્રભુની ભક્તિ લાગે એ ભક્તિને પોતાના જીવનનું પણ જીવન, જીવ સમજતો થાય, સ્વીકારતો થાય અને અભક્તિને પોતાનું મૃત્યુ સમજતો તેમજ સ્વીકારતો થાય, ત્યારે કહી શકાય કે એને પ્રભુપ્રેમનો રંગ લાગ્યો છે.

પ્રભુપ્રેમનો રંગ એ વાસ્તવમાં નિજાત્માના પૂર્ણ વિશુદ્ધ સ્વરૂપ તરફનો જ પ્રેમ છે. એટલે આત્માને અશુદ્ધ કરનારા વિચાર–વાણી અને વર્તન, પ્રભુ પ્રેમીને મુદ્દલ ગમતા નથી હોતા.

પોતાનો સ્વભાવ અને તેને વિષે તન્મયતા એ જ વાસ્તવિક ધર્મ છે. તાત્ત્વિક દૃષ્ટિએ જોઈએ તો સ્વભાવને છોડીને બીજે મન જોડવું તે અધર્મ છે.

પ્રભુ આ ધર્મના સાગર છે માટે તેમની સાથેની ભક્તિરૂપી પ્રેમ જીવને પ્રભુસ્વરૂપ બનાવવાનો સ્વધર્મ બજાવે છે. તેમાં પ્રભુને કાંઈ કરવું પડતું નથી.

શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોનો પ્રેમ આજેય બધા જીવો ઉપર વરસી રહ્યો છે. અહંની છત્રી કોરાણે મૂકીને જેઓ તેને ઝીલી રહ્યા છે તેઓ ખરેખરા ભાગ્યશાળી છે.

**ઉત્તમ ગુણ અનુરાગથી સાહેલડીયાં,**
**લહીએ ઊત્તમ ઠામ રે, ગુણવેલડીયાં;**
**ઉત્તમ નિજ મહિમા વધે સાહેલડીયાં,**
**દીપે ઉત્તમ ધામ રે, ગુણવેલડીયાં. ૪**

●

**અર્થ :** હે વહાલા મિત્રો ! ઉત્તમ પુરુષના ગુણ ઉપર પ્રીતિ રાખવાથી આપણે ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરી શકીએ અને તેથી પોતાનો મહિમા ઉત્તમ રીતે વધે છે અને પ્રાપ્ત થએલું ઉત્તમ સ્થાન શ્રેષ્ઠ રીતે દીપે છે.

**ભાવાર્થ** : નિયમ છે કે જે જેના ગુણ ગાય, તે તેના જેવો થાય.

ઉત્તમ પુરુષના ગુણો તરફનો પ્રેમ આપણને ઉત્તમ બનાવે છે, ઉત્તમ સ્થાને સ્થાપે છે.

ત્રણ લોકમાં સર્વોત્તમ શ્રી તીર્થંકર પરમાત્માના ગુણોની ગંગામાં સ્નાન કરવાના સર્વોત્તમ અવસરરૂપ, આ માનવના ભવમાં બીજી બધી આળપંપાળ છોડીને આપણે તેમના જ ગુણોનાં વખાણ કરવાં જોઈએ. વખાણ પણ હાર્દિક રીતે કરવાં જોઈએ.

'હું અવગુણથી ભરિયો,

તું ગુણગણનો દરિયો'.

એવો સ્પષ્ટ ભાવ ગુણની પ્રશંસા કરતી વખતે આપણા મનમાં રહેવો જોઈએ.

નિજ લઘુતાનો આ એકરાર, આપણા જીવનમાં ગુણ-વાન બનવા માટેની યોગ્યતાને પેદા કરે છે.

પ્રભુ વીતરાગ છે.

આપણે સરાગી છીએ.

પ્રભુ સર્વજ્ઞ છે.

આપણે અલ્પજ્ઞ છીએ.

પ્રભુ સર્વ કર્મમુક્ત છે.

આપણે કર્મો વડે જકડાએલા છીએ.

આમ પ્રભુના એક એક ગુણને, મનગમતો શ્રેષ્ઠ પદાર્થ સમમળાવતા હોઈએ તેમ મનમાં મમળાવવાના છે.

ગુણનો અનુરાગ, ગુણીના અનુગ્રહનું કારણ બને છે.

અનુરાગને અનુગ્રહ વચ્ચે ચંદન અને સુવાસ જેવો સંબંધ છે.

એટલે પ્રભુના ગુણનો અનુરાગ, જીવને ઉત્તમ અવસ્થાએ પહોંચાડવારુપ અનુગ્રહમાં પરિણમે છે.

ઉત્તમ અવસ્થા એટલે ઊંચી આત્મસ્થિતિ, આત્મસ્થતા.

ઊંચા હોદ્દે રહેલા માણસનો જગતમાં આદર થતો હોય છે તેમ ઊંચી આત્મસ્થિતિવાળા પુરુષનો ગુણપ્રેમી બધા જ આદર કરતા હોય છે. તેથી તેમને પણ ગુણ–લાભ થતો રહે છે.

ઊંચો લૌકિક હોદ્દો, પુણ્યોદયે મળી શકે છે પણ ઉચ્ચ આત્મસ્થિતિ તો આત્મસ્વભાવને વિષે તન્મય થવારુપ ધર્મના પાલનથી મળે છે. પુરુષોત્તમ પરમાત્માની ભક્તિ એ આ સંદર્ભમાં શ્રેષ્ઠ આત્મધર્મ છે.

આત્મામાં ગુણ તો અપાર છે, પણ તે બધા કર્માદિના આવરણ તળે દબાએલા છે, ગુણ પ્રકર્ષને પામેલા પ્રભુની ભાવથી ભક્તિ કરવાથી આ કર્મો ક્ષીણ થાય છે અને દબાઈને રહેલા ગુણો જીવનમાં પરિણત થાય છે.

આત્મિક ગુણોના પ્રાકટ્યનો આધાર, પરમાત્માના ગુણોનો અનુરાગ છે.

પરમાત્મા તરફનો શ્રેષ્ઠ અનુરાગ, અનુરાગીને શ્રેષ્ઠ પદ યાવત્ મોક્ષપદનો અધિકારી બનાવી શકે છે.

માટે જ કહ્યું છે કે ગુણીના ગુણની હાર્દિક અનુમોદના, એ ગુણવાન બનવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

એટલે સાચા ગુણરાગી જીવો, પરના રાઈ જેટલા ગુણને પણ પ્રમોદભાવ વડે ગુણીને, પર્વત જેટલો કરીને વર્ણવે છે.

ધન્ય છે ગુણાનુરાગી જીવોને !

**ઉદક-બિંદુ સાયર ભળ્યો, સાહેલડીયાં,**
**જિમ હોય અખય અભંગ રે, ગુણવેલડીયાં,**
**વાચક યશ કહે પ્રભુ ગુણે, સાહેલડીયાં,**
**તિમ મુજ પ્રેમ પ્રસંગ રે, ગુણવેલડીયાં. ૫**

●

**અર્થ** : પૂ. શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે, સાગરમાં મળી ગએલું જળનું ટીપું અક્ષય અને અખંડ બની જાય છે, તેવી જ પ્રભુગુણ ઉપરના મારા પ્રેમની સ્થિતિ છે.

**ભાવાર્થ** : ભક્તિયોગ એટલે સમર્પણ યોગ–પોતાને વહાલા પ્રભુને, પોતાને વહાલામાં વહાલું જીવન સમર્પિત કરે તે સાચો ભક્ત.

માટે ભક્તને મન પ્રભુ પ્રિયતમ છે. વહાલામાં વહાલા જીવન કરતાં પણ વધુ વહાલા છે.

આ ચાહના તેને પરમ વિશુદ્ધ પરમાત્મા પાછળ પાગલ બનાવી દે છે; સઘળા પાપ–વ્યાપારોથી છોડાવનારી બને છે.

પ્રભુને સાગર કહીને પૂજ્યશ્રી પોતાને જળનું એક ટીપું કહે છે તે વાત સમજવા જેવી છે.

જળનું એક બિંદુ અને અગણિત જળબિંદુઓના બનેલા સાગર વચ્ચે પૂરેપૂરી સજાતીયતા છે. બિંદુના જે ગુણધર્મો છે તે જ સાગરના છે. બંને વચ્ચે તફાવત અલ્પત્વ ગુરૂત્વનો છે.

એટલે બિંદુ જો હું પદમાં રહે તો નાશ, હુંપદ છોડીને સાગરમાં ભળી જાય તો અક્ષય બની જાય.

એટલે પ્રભુની આજ્ઞાને માથે ચઢાવીને જીવવામાં જે આનંદ ભક્તને આવે છે, તેનાથી તેને આ દુનિયાનું કોઈ પ્રલોભન કે મરણાંત કષ્ટ પણ ચલિત કરી શકતાં નથી.

પ્રભુની આજ્ઞા છે કે જીવ માત્રને સ્વતુલ્ય જાણો, નિજાત્માને પરમાત્મા તુલ્ય જુઓ, પરમાત્મભાવનું આંજણ આંજો.

આ આજ્ઞાનું ત્રિવિધે, ત્રિકરણ યોગે પાલન કરવાથી વિષયો તરફનો રાગ અને ગુણ તરફનો દ્વેષ, આત્મામાંથી નિર્મૂળ થવા માંડે છે, આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપનો ચાહક બને છે.

ઉપકારી મહર્ષિઓ ફરમાવે છે કે પ્રભુની ભક્તિનો માર્ગ તલવારની ધાર પર ચાલવા કરતાં પણ વધુ કઠિન

હોવાનું કારણ એ છે કે, સઘળી બાહ્ય સામગ્રીનો ત્યાગ કરીને પ્રભુ–પંથે સંચરનારા વીર પુરુષોને પણ ‘ અહં ’ પજવતો હોય છે. આ હુંપદનો ત્યાગ અપૂર્વ વીરત્વ માગે છે.

વળગીને રહેલું હુંપદ, ભકતને તું મય (પ્રભુ–મય બનવા દેતું નથી.

આ હુંપદના ત્યાગને અનુલક્ષીને પૂજ્યશ્રીએ ‘ઉદક-બિંદુ સાયર ભળ્યો’ પદ ગાયું છે.

સાગરને સમર્પિત થનારા જળબિંદુને એક હુંપદ સિવાય કશું ખોવાનું હોતું નથી, જ્યારે તેના બદલામાં મળે છે અક્ષય–અખંડ સાગરપણું.

આ હુંપદ, પ્રભુપદ આડેની વજ્ર દિવાલ છે. તેને તોડવાની શકિત, પ્રભુની ભકિતમાં છે. પ્રભુના ગુણો તરફના અનન્ય રાગમાં છે.

એટલે જ આંતર્–બાહ્ય નિર્ગ્રન્થતાને મહર્ષિઓએ બિરદાવી છે.

મોટાને સમર્પિત થનારને ખોવાનું કશું નથી. હોતું એ નક્કી છે. હા, એટલું ખરૂં કે તેને અલ્પત્વને ખોવું પડે છે.

અલ્પત્વ પ્રત્યેનો રાગ એટલે જ ભય, મૃત્યુ, દુઃખ, દુર્ગતિ આદિ તરફનો રાગ.

શ્રી વીતરાગનો સાચો રાગી-અનન્ય ભકત, આ રાગનો ત્યાગ કરીને અક્ષય એવા વીતરાગ સ્વરૂપને પામીને શાશ્વત સુખનો પરમ ભોકતા બને છે. એ આ સ્તવનનો સાર છે.

●

## ૧૫. શ્રી ધર્મનાથ સ્વામિનું સ્તવન

થાંસું પ્રેમ બન્યો છે રાજ,
નિર્વહશો તો લેખે;
મેં રાગી, થેં છો નિરાગી,
અણજુગતે હોય હાંસી,
એકપખો જે નેહ નિર્વહવો,
તે માંકી સાબાશી. થાંસું. ૧

●

**અર્થ** : હે શ્રી ધર્મનાથ સ્વામી ! આપની સાથે મારે જે પ્રીત થઈ છે, તે પ્રીતને જો આપ નીભાવશો તો તે સફળ થશે.

હું રાગી છું અને આપ નિરાગી છો, તેવી આ અયોગ્ય ઘટનાથી લોકોમાં હાંસી થાય તેવું છે, પરંતુ એકતરફી સ્નેહ રાખવામાં મારી સાબાશી છે.

**ભાવાર્થ** : અહીં વાત શ્રી વીતરાગ પરમાત્મા તરફના રાગની છે, બીજા કોઈ તરફના રાગની નથી.

શ્રી જિનેશ્વરદેવ વીતરાગ છે તે સાચું. તેમ છતાં જેમને વીતરાગ બનવું છે તેમને તો વીતરાગને જ આરાધ્ય બનાવવા પડે છે. વીતરાગતા સાથે પ્રીત બાંધવી જ પડે છે. વીતરાગને જ પુષ્ટ આલંબન બનાવવું પડે.

આપણે ભગવાનને ચાહીએ એ તો બરાબર, પણ ભગવાન આપણને ન ચાહે એટલે એ પ્રીત–સગાઈ તો એક હાથની તાળી જેવી અસંભાવ્ય ઘટના બની રહે ને !

તેમજ પ્રીત તો સરખે–સરખા વચ્ચે શોભે એમ બોલીને લોકો આવી એકતરફી પ્રીતની હાંસી ઉડાડે તે પણ બનવાજોગ છે.

આ રીતે પ્રભુ આગળ પોતાનું દિલ ખોલીને પૂ. ઉપાધ્યાયજી મ. કહે છે કે, લોકોની હાંસીથી હતાશ થયા સિવાય, હું તો આપ તરફની મારી પ્રીત ચાલુ જ રાખીશ.

મારે મતલબ આત્માનંદ સાથે છે, લોકરંજન સાથે નથી.

આપ તરફની મારી પ્રીત, આપની જ ભાવદયાને આભારી છે તેમાં મને કોઈ શંકા નથી.

આપ વીતરાગ હો તેથી શું ? મારા તો આપ હૃદયેશ્વર છો ! આપના સ્મરણ માત્રથી, મારા મન–હૃદયને જે શાતા મળે છે તે જ આપની વીતરાગતામાં રહેલી અચિન્ત્ય તારક શક્તિનું પ્રમાણ છે.

સરખે–સરખા વચ્ચેની પ્રીતને જગત ભલે બિરદાવે, પણ પ્રભુએ તો જીવમાત્રને પોતાના હૃદયમાં શ્રેષ્ઠ સ્થાન આપીને, જીવોના હૃદયેશ્વર બની ગયા જ છે.

એટલે જીવના ક્ષેમ કુશળનો સર્વશ્રેષ્ઠ ઉપાય યોગ-ક્ષેમકારક પરમાત્મા સાથે પ્રીત બાંધીને ટકાવવી તે છે.

સાચી શ્રદ્ધાને કશું જ અલભ્ય નથી. અને જો એ શ્રદ્ધામાં જરા જેટલી પણ શંકાનું ઝેર ભળી જાય તો આ ભવરણમાં જીવને વધુ રીબાવું પડે. કારણ કે શ્રી વીતરાગની ભક્તિ, ભક્તને તત્કાલ ચિત્તની પ્રસન્નતાદિરૂપે ફળે છે અને કાળાંતરે સ્વર્ગાપવર્ગનાં સર્વોત્તમ સુખરૂપે ફળે છે. કદી એળે નહિ જનારી આ ભક્તિમાં જ માનવભવની સાર્થકતા રહેલી છે.

**નિરાગી સેવે કાંઈ હોવે ?**
**એમ મનમાં નવિ આણું;**
**ફળે અચેતન પણ જેમ સુરમણિ,**
**તિમ તુમ ભક્તિ પ્રમાણું. થાંસું. ૨**

●

**અર્થ** : નિરાગીની સેવા કરવાથી શું ફળ મળે ? એ પ્રશ્નને હું મનમાં દાખલ થવા દેતો નથી. ચેતનારહિત એવો સુરમણિ (ચિંતામણીરત્ન) પણ જેમ ફળ આપે છે તેમ આપની ભક્તિ પણ ફળ આપશે એમ હું દઢપણે માનુ છું.

**ભાવાર્થ** : 'દેવ વીતરાગ છે માટે કાંઈ ન આપે એ માન્યતા સાચી નથી, પણ વીતરાગ પરમાત્મા જે આપે, તે બીજો કોઈ ન આપી શકે,' એ માન્યતા સાચી છે. યથાર્થ છે. એવી દઢ પ્રતીતિ આ ગાથા કરાવે છે.

માટે જ પૂજ્યશ્રીએ ફરમાવ્યું કે જડ એવું ચિંતા-મણિરત્ન પણ એની વિધિપૂર્વક સેવા કરનારને ઈચ્છિત પદાર્થો આપી શકતું હોય, તો પરમ ચેતનાવંત પ્રભુની

ભાવથી, ત્રિકરણયોગે ભકિત કરનારને તે ભક્તિનું ફળ અવશ્ય મળે જ તેમાં લેશ પણ શંકાને સ્થાન છે જ નહિ.

સાચી પ્રભુભક્તિ તો મુક્તિનું બીજ છે, એટલે શ્રી તીર્થંકરદેવને–'મુત્તાણં મોઅગાણં' કહીને આપણે સ્તવીએ છીએ.

વસ્તુના સ્વભાવરૂપ ધર્મ શાશ્વત છે, કોઈ કાળે તે સ્વભાવ, પરભાવરૂપ બનતો નથી.

એટલે વીતરાગતા એ આત્મ–વસ્તુનો જ સ્વભાવ હોઈને જેનામાં તે પૂર્ણ પ્રકર્ષને પામેલો છે તે વીતરાગ પરમાત્માની ભક્તિ, ભક્તને સ્વતુલ્ય બનાવી શકે તેમાં કોઈ શક નથી.

શ્રી વીતરાગ પરમાત્માની આ અચિન્ત્ય તારકશક્તિમાં સો ટચની શ્રદ્ધા રાખવી એ આપણો ધર્મ છે.

વીતરાગ કશું જ ન આપે એવા એકદેશીય વિધાનથી ભડકીને સુદેવમાંની સાચી શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈને ઘણા બાળ-જીવો–પવનમાં ઉડતા પાંદડા જેવી નિરાધાર દશામાં મુકાઈ જાય છે.

એટલે બધા જીવો શ્રી જિનભક્તિમાં જોડાય, તે શ્રેષ્ઠ આશયપૂર્વક પૂજ્યશ્રીએ ચિંતામણિના દાખલા દ્વારા વીતરાગ પરમાત્માની સ્વાભાવિક અચિન્ત્ય શક્તિમાં હાર્દિક નિષ્ઠા વ્યક્ત કરી છે.

'આપવું પડે' અને 'આપે' તેમાં મોટો તફાવત છે.

'આપવું પડે' પદ મર્યાદિત શક્તિનું સૂચક છે.

'આપે, શબ્દ ગુણવિશેષની ઉત્કૃષ્ટતાનો પરિચાયક છે.

લૌકિક પદાર્થોની માગણી સાથે જિનભક્તિનો કોઈ સંબંધ નહિ હોવા છતાં બાજરી વાવનારને અશુભોદય-વશાત્ બાજરી ન મળે તો પણ ઘાસ તો મળે જ તેમ મોક્ષરૂપી બાજરીના આશયથી થતી જિનભક્તિના પરિણામે, જીવને મોક્ષરૂપી બાજરી ન મળે તો પણ ઘાસ જેવાં સ્વર્ગાદિનાં સુખો તો મળે જ.

તાત્પર્ય કે શ્રી વીતરાગ પરમાત્માની અચિન્ત્ય તારક શકિતમાં સો ટચની શ્રદ્ધા રાખીને આપણે તેમની ભકિત કરવી જોઈએ.

આવી ભક્તિને અફળ બનાવનારી કોઈ શક્તી ત્રિભુ-વનમાં ટકી શકી નથી. ટકી શક્તી નથી. ટકવાની નથી.

**ચંદન શીતલતા ઉપજાવે,**
**અગ્નિ તે શીત મિટાવે;**
**સેવકના તિમ દુઃખ ગમાવે,**
**પ્રભુગુણ પ્રેમ સ્વભાવે. થાસું. ૩**

●

**અર્થ** : જેમ ચંદન પોતાના સ્વભાવથી શીતળતા ઉત્પન્ન કરે છે. અગ્નિ ટાઢને દૂર કરે છે, તેમ પ્રભુના ગુણનો પ્રેમ, સ્વાભાવિક રીતે જ સેવકનાં દુઃખો દૂર કરે છે.

**ભાવાર્થ**: આગલી ગાથામાં રહેલી **શ્રી** વીતરાગ પરમાત્માના સ્વાભાવિક અચિન્ત્ય શક્તિમાંની પોતાની દૃઢ નિષ્ઠાની દૃઢતાની પ્રતીતિ કરાવતાં પૂજ્યશ્રીએ આ ગાથામાં ચંદન અને અગ્નિના સ્વભાવનો પરિચય આપીને પ્રભુના ગુણ ઉપરનો પ્રેમ નિયમા ફળે છે એમ કહી દીધું, તે તેમની પ્રભુભક્તિની જીવંતતાનો પુરાવો છે.

પાણી પીવાથી તરસ છિપે તે આપણે માનીએ.

ખોરાક વાપરવાથી ક્ષુધા શમે તે આપણે માનીએ.

તાપણા પાસે બેસીને તાપવાથી ટાઢ ઉડે તે આપણે માનીએ.

ચંદનનો લેપ કરવાથી ઉષ્ણતા શમે, તે આપણે માનીએ.

આ બધા પદાર્થોનું વિધિપૂર્વક આરાધન કરવાથી તે અવશ્ય ફળને આપે છે. કારણ કે તે તેમનો સ્વભાવ છે.

તો પછી પરમ વિશુદ્ધ એવા પરમાત્માના ગુણો ઉપરનો પ્રેમ ન ફળે એ કેમ બને? પ્રેમનો પણ સ્વભાવ છે કે તે સેવકના દુઃખ અવશ્ય ટાળે છે.

શ્રી વીતરાગ પરમાત્માના સર્વોચ્ચ ગુણોના પ્રભાવે તો આજના આ ભયંકર કાળમાં પણ વીતરાગતાના ઉપાસક મહાત્માઓ વિદ્યમાન છે.

નિયમ છે કે જેની પાસે જે હોય, તેનાથી વધુ તે ન આપી શકે.

માટે ચિંતામણિ–રત્ન એના ધારકને આ લોકના શ્રેષ્ઠ પદાર્થો આપી શકે છે, પણ માગવા છતાં ય મોક્ષ નથી આપી શકતું.

એટલે જ વિવેકી આત્માઓ શ્રી વીતરાગદેવને ભજતા હોય છે કે જેથી કરીને તેમની મુક્તિકામના પૂરી થાય. કારણ કે શ્રી વીતરાગ પરમાત્મા મોક્ષે સિધાવેલા પરમાત્મા છે એટલે તેમના ભકતને મુક્તિ મળવા બાબતમાં લવલેશ સંદેહ રહેતો નથી.

દુર્જનની સોબતથી આત્માનું અહિત થાય છે તે જ ન્યાયે સજ્જનની સોબતથી આત્મહિત થાય છે અને તે જ ન્યાયે શ્રી વીતરાગની આજ્ઞાને ત્રિવિધે સમર્પિત થયેલા મહાત્માઓની સેવા કરવાથી આત્મામાં પરમાત્માના ગુણો ઉપર પ્રેમ જાગે છે.

જાગેલો આ ગુણ–પ્રેમ જો સમ્યગ્ શ્રદ્ધા વાસિત હોય છે તો તેની ઊંડી અસર મન દ્વારા જીવનમાં ફેલાઈને આત્માને પ્રભુપ્રેમમાં વધુ દૃઢ બનાવે છે.

પ્રભુના ગુણ ઉપરનો પ્રેમ જેટલી ઝડપથી ફળે છે એટલો ઝડપી ફળદાયી બીજો કોઈ પદાર્થ ત્રણ જગતમાં નથી.

અનુભવીને આ વાત તરત સમજાય તેમ છે.

અને પૂજ્યશ્રી એવા અનુભવી મહાત્મા હોઈને તેમણે પ્રભુભકિતને ભગવત્–પદનું બીજ કહીને વારંવાર વખાણી છે. બિરદાવી છે. તેને જ સમગ્ર શ્રુતસાગરનો સાર કહ્યો છે.

**વ્યસન ઉદય જે જલધિ અનુહરે,**
**શશીને તેહ સંબંધે;**
**અણ સંબંધે કુમુદ અનુહરે,**
**શુદ્ધ સ્વભાવ પ્રબંધે. થાંસું. ૪**

●

**અર્થ :** હે પ્રભુ! ચન્દ્રમા સાથેના સંબંધને લીધે સમુદ્ર–ચન્દ્રના કષ્ટ (અસ્ત) અને ઉદય સમયે તેને અનુસરે છે, પરંતુ કુમુદ પુષ્પ તો પોતાના શુદ્ધ સ્વભાવને લીધે જ (સંબંધ વગર જ) ચન્દ્રને અનુસરે છે.

**ભાવાર્થ :** શ્રી વીતરાગ પરમાત્મા પ્રત્યેની પોતાની પ્રીતનું રહસ્ય પ્રગટ કરતાં પૂ. ઉપાધ્યાયજી પ્રભુને કહે છે કે–

હે નાથ! સમુદ્ર અને ચન્દ્ર વચ્ચે પિતા–પુત્રનો સંબંધ છે (લૌકિક માન્યતા અનુસાર) એટલે ચન્દ્ર પૂર્ણ કળાએ ખીલે છે ત્યારે એ ભરતીરૂપે પૂર્ણ હર્ષ વ્યક્ત કરે છે અને ચન્દ્રનો અસ્ત થાય છે ત્યારે ઓટરૂપે શોક વ્યક્ત કરે છે.

પરંતુ કુમુદ (ચન્દ્રવિકાસી કમળ) ને તો ચન્દ્ર સાથે કોઈ સંબંધ નહિ હોવા છતાં પોતાના શુદ્ધ સ્વભાવને લીધે જ ચન્દ્રને અનુસરે છે તેમ હું પણ આપના અને મારા ચૈતન્ય–સ્વભાવ વચ્ચે રહેલા સામ્યને કારણે જ આપમાં પ્રીતિવાળો થયો છું.

પુત્રના દુઃખે પિતા દુઃખી થાય છે અને પુત્રના સુખે સુખી થાય છે તેમાં મુખ્ય એક કારણ તરીકે પુત્ર–પિતાનો સંબંધ ગણાય છે.

જ્યારે કુમુદનું ફૂલ તો પોતામાં અને ચન્દ્રમાં સ્વાભાવિક રીતે રહેલી ઉજ્વળતાના કારણે જ ચન્દ્રના વિકાસ સાથે વિકસે છે અને અસ્ત સાથે સંકોચાઈ ( કરમાઈ) જાય છે, આમ થવામાં કારણ વિશેષ તરીકે કોઈ સંબંધ નહિ, પણ સ્વભાવ–સામ્ય છે.

આ મુદ્દો ખાસ મહત્ત્વનો છે. બરાબર વિચારવા જેવો છે. સમજમાં ઉતારવા જેવો છે. આરાધનાના માર્ગમાં અવરોધ કરનારી સઘળી શંકાઓનું તેનાથી નિવારણ થઈ શકે તેમ છે.

છદ્મસ્થ આત્માને સર્વ કર્મરહિત બનેલા પરમાત્મા તરફ પ્રીતિ થાય છે, તેનું મુખ્ય કારણ કોઈ પ્રકારનો લૌકિક સંબંધ નથી હોતો, પરંતુ પરમાત્મા જેમ સત્ સ્વરૂપ, ચિત્ સ્વરૂપ, આનંદ સ્વરૂપ, મુક્તસ્વરૂપ અને ઈશ્વર સ્વરૂપ ( ઐશ્વર્યમય ) છે, તેમ આત્મા પણ આ જ ગુણોવાળો છે. તે કારણને લઈ ને સુશ્રદ્ધાસંપન્ન આત્માને પરમાત્માના ગુણો તરફ રૂચિ જાગે છે. એ રૂચિ વધતાં પ્રીતિસ્વરૂપ બને છે.

પરમાત્મા સાથેની આ નૈશ્ચયિક સમાનતા છે.

આ સ્વભાવ–સામ્ય ભવ્ય જીવમાં શિવ બનવાનો તલસાટ પેદા કરે છે. અને યોગ્ય આલંબનો ગ્રહણ કરીને જીવ એક દિવસ શિવ બને છે.

જે ગુણો પરમાત્મામાં પૂર્ણપણે પ્રગટેલા છે તે જ ગુણો છદ્મસ્થ આત્મામાં કર્મો તળે દબાએલા છે.

સાચી પ્રભુ ગુણપ્રીતિ દ્વારા જીવને તે ગુણો પૂર્ણરૂપે પ્રકટતાં આત્મા, પરમાત્મા બનીને તે જ ગુણોનો સ્વામી બની મોક્ષે સિધાવે છે.

**દેવ અનેરા તુમથી છોટા,**
**થેં જગમાં અધિકેરા;**
**યશ કહે ધર્મ જિનેશ્વર ! થાંસું,**
**દિલ માન્યા હે મેરા. થાંસું ૫**

●

**અર્થ** : હે ધર્મનાથ જિનેશ્વરદેવ ! દેવો તો જગતમાં ઘણાય છે. પણ દેવાધિદેવ તો આપ એક જ છો. એટલે મારા દિલે આપને હૃદયેશ્વર તરીકે સ્વીકારી લીધા છે.

**ભાવાર્થ** : પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ શ્રી ધર્મનાથ પ્રભુને કહે છે કે, હે પ્રિયતમ પ્રભુ ! જગતમાં દૈવતવાળા દેવો તો અનેક છે. પણ જે દેવાધિદેવત્વ આપમાં છે તે, તે દેવોમાં નથી, એટલે મારૂં મન એક આપના સિવાય બીજામાં મળતું નથી.

મારૂં દિલ આપને આપવા પાછળ આપનું વીતરાગત્વ જ મુખ્ય તત્વ છે.

વીતરાગતાની આરાધના કરવા માટે વીતરાગ પરમાત્માને ભાવપૂર્વક ભજવાની મુખ્ય જે વાત આ સ્તવનમાં રજુ થઈ છે અને વીતરાગ પરમાત્માના ગુણો ઉપર પ્રીતિ જાગવાનાં જે કારણો આપ્યાં છે, તેના ઉપર વિવેકપૂર્વક વિચાર કરનારને એ સમજાયા સિવાય નહિ રહે કે, જડ પદાર્થોના આવિષ્કારો તરફ ઝુકી જઈને આ જીવે આજ સુધી અગણિત દુઃખો સહ્યાં છે, એટલું જ નહિ પણ ઘણા જીવોને હણીને ભારે પાપો બાંધ્યા છે.

સુખ ચેતનમાં છે, જડમાં નથી.

શ્રી જિનરાજના આ વચનમાં શ્રદ્ધા કેળવીને જે જીવો અનંત સુખમય પરમાત્માની ભકિત કરે છે, તેમના ગુણો સાથે પ્રીતિ બાંધે છે. એ પ્રીતિમાં વિક્ષેપ નાખનારા ઐહિક પ્રલોભનોને વશ નથી થતો પણ સુગુરૂના માર્ગદર્શન મુજબ આગળ વધે છે તે આત્માની મુકિત હાથવેંતમાં છે, એમ ઉપકારી મહર્ષિઓ કહે છે.

નિયમ છે કે રૂચિ અનુસાર વીર્ય સ્ફુરાયમાન થાય છે.

જો આ ભાવના વિષય તરીકે ભગવાન હોય, ભગવાનની આજ્ઞા હોય. ભગવાનની આજ્ઞા યથાર્થપણે પાળનારા મહાત્માઓ હોય તો, ભવનો અંત, ભગવાનના ગુણો ઉપરના પાકા પ્રેમથી થાય છે.

કારણ કે આ ગુણોમાં ભવના કારણરૂપ સઘળાં કર્મોનો સમૂળ નાશ કરવાની શક્તિ હોય છે.

આપણા આત્મામાં પણ આ ગુણો છે. પણ દબાએલા છે તેને પ્રગટાવવા માટે પ્રભુના પૂર્ણ પ્રકર્ષને પામેલા ગુણો ઉપરની પ્રીતિ એ શ્રેષ્ઠ ઉપાય છે.

સાચી ભક્તિના તેજમાં હુંપદને ઓગાળી દઈને સહુ ભવ્યાત્માઓ તુંમય (પરમાત્મામય) બનો! પરમ–પદના અધિકારી બનો!

●

## ૧૬. શ્રી શાન્તિનાથ સ્વામીનું સ્તવન

ધન દિન વેળા, ધન ઘડી તેહ,
અચિરારો નંદન જિન જદિ ભેટશું જી;
લહીશું રે સુખ, દેખી મુખચંદ,
વિરહ વ્યથાના દુઃખ સવિ મેટશું જી. ૧

●

**અર્થ:** તે દિવસ, તે ઘડી અને તે સમય અમારા જીવનનો ધન્ય દિવસ, ધન્ય ઘડી અને ધન્ય સમય ગણાશે કે જ્યારે અમે શ્રી અચિરા માતાના નંદન શ્રી શાન્તિનાથ પ્રભુને ભેટીશું, તેમના વદન રૂપી ચન્દ્રનું દર્શન કરીને સુખ પામીશું અને તેમના વિરહના કારણે જન્મેલી સઘળી વ્યથાને દૂર કરીશું.

**ભાવાર્થ:** આ ગાથા જેટલી સરળ અને ભાવવાહી છે એટલી જ અર્થપૂર્ણ છે.

પ્રત્યેક વિવેકી માણસને એ વિચાર સતાવતો હોય છે કે, હું દુઃખી છું તેનું કારણ શું? આ કારણની શોધમાં એ જેમ જેમ ઊંડો ઉતરતો જાય છે તેમ-તેમ તેને સમજાતું જાય છે કે સુખી થવાના મારા આજ સુધીના પ્રયત્નો, પાણી વલોવીને માખણ મેળવવાની વિપરીત સમજ-પૂર્વકના હતા માટે મારૂં દુઃખ ટળ્યું નહિ, મને સુખ મળ્યું નહિ.

સુખી થવાનો સાચો રસ્તો, નિરાબાધ સુખના સ્વામી શ્રી જિનેશ્વરદેવને ભાવપૂર્વક ભેટવું, તે છે.

ભાવપૂર્વક ભેટવું એટલે અધ્યવસાયને જિનાજ્ઞારંગી બનાવવો.

શ્રી જિનરાજને પૂજીએ અને તેમની આજ્ઞાની વિરાધના કરીએ તો ભાવથી જિનરાજને ભેટયા ન ગણાઈએ.

માણસ પોતાની આંખો વડે પોતાનું મોં નથી જોઈ શકતો, પણ બીજાનાં મોં જોઈ શકે છે, તે હકીકતના મૂળમાં રહસ્ય છૂપાએલું છે અને તે એ કે–જીવનની સાર્થકતા સ્વાર્થનું મોં જોઈને મહાલવામાં નથી, પરંતુ પરમાર્થ-પરાયણ બનવામાં છે.

અને તેથી જ પરમ પરાર્થવ્યસની પરમાત્મા શ્રી જિનેશ્વરદેવના વદનરૂપી ચન્દ્રના દર્શનથી વિવેકી આત્માઓ ગદ્ગદ થઈ જાય છે. પ્રભુજીના દર્શનની આ પળને તેઓ પોતાના જીવનની ધન્ય પળ સમજે છે.

આ સમજના મૂળમાં એ ભાવ રહેલો હોય છે કે સ્વાર્થમાં ચકચુર થઈને મેં આજ સુધી અનેક પાપો રસ-પૂર્વક કર્યા. રાગને બિરદાવીને ખોટો ગણ્યો. સંયમને બદલે ભોગને પ્રાધાન્ય આપ્યું. પણ આજે શ્રી જિનેશ્વર-દેવનાં દર્શન થવાથી આજ સુધી હું દુઃખી કેમ રહ્યો તે પણ સમજાઈ ગયું અને સાચું સુખ શેમાં છે તે પણ બરાબર સમજાઈ ગયું.

શિયાળાના દિવસોમાં તાપણાને તરછોડનારો માણસ ઠંડીમાં ઠુંઠવાય છે, તેમ ભાવપ્રાણોને કુંઠિત કરી નાખનારા ભયંકર કાળમાં શ્રી જિનભક્તિજન્ય શક્તિ જ આપણા આત્માનો સાચો સહારો છે.

શ્રી જિનના પક્ષે અખંડ સુખ છે.

મોહના પક્ષે અનંત દુઃખ છે.

મોહના પક્ષકાર રહીશું ત્યાં સુધી શ્રી જિનનો વિરહ રહેવાનો.

શ્રી જિનરાજના વિરહનું દુઃખ યથાર્થપણે તેને જ સાલે છે, જેને તેમના અમાપ ઉપકારો અને અનંત ગુણો યત્કિંચિત્પણે પણ હૃદયમાં વસ્યા હોય છે.

આવો ગુણગ્રાહી આત્મા, કર્મયોગે પોતાના અધ્યવસાયમાં સંસારને પ્રતિષ્ઠિત કરીને, પરમાત્મભાવને (ત્યાંથી) પદભ્રષ્ટ કરવાના વિચારના ઝેરી તારના સ્પર્શે, વિદ્યુત્ શક્તિવાહી તારના–સ્પર્શે, મુર્ચ્છિત થઈ જતા માનવીની માફક તત્કાલ મુર્ચ્છિત થઈ જાય છે. તેના દિલની દુનિયામાં હાહાકાર ફેલાઈ જાય છે. તેના જીવનની ઇમારતને જબર–જસ્ત આંચકા લાગે છે. તેના રૂંવાડે રૂંવાડે અધમતા આચર્યાનો પસ્તાવો અગ્નિરૂપે ઠેલાઈ જાય છે.

આનું નામ તે પ્રભુ વિરહની વ્યથા!

આવી વ્યથાથી વ્યથિત પુણ્યાત્માને પ્રભુના દર્શનનો અવસર મળે ત્યારે તે, તે અવસરને પોતાના જીવનનો ધન્ય અવસર માને જ.

**જાણ્યો રે જેણે તુજ ગુણ લેશ,**
**બીજારે રસ તેહને મન નવિ ગમેજી;**
**ચાખ્યો રે જેણે અમી લવલેશ,**
**બાકસ બુકસ તસ ન રૂચે કીમેજી ૨**

●

**અર્થ** : હે જિનેશ્વરદેવ ! જેણે આપના ગુણોને અંશથી પણ જાણ્યા છે, તેને બીજા રસ ગમતા નથી, જેણે અમી-રસનો એક ઘુંટડો પણ ભર્યો હોય, તેને બીજા બાકસ-બુકસ (તુચ્છ) રસ કોઈ પણ રીતે પસંદ પડતા નથી.

**ભાવાર્થ** : આ ગાથામાં સમકિત–રસની મિઠાશનો અનુપમ મહિમા પૂ. ઉપાધ્યાયજી ભગવંતે વર્ણવ્યો છે.

અને વર્ણનની સ્વાભાવિકતા જોતાં કબુલવું પડે કે તે અનુપમ રસ તેમણે ચાખેલો છે.

સાચા હીરાને પારખી શકે તે ઝવેરી કહેવાય છે, પણ બધા માણસો ઝવેરી નથી કહેવાતા, તેનું કારણ એ છે કે સાચા હીરાને પારખવાની જે દૃષ્ટિ ઝવેરીમાં હોય છે, તે બધા માણસોમાં નથી હોતી.

તે જ રીતે શ્રી જિનેશ્વરદેવરૂપી સાચા હીરાને પારખવાની આગવી દૃષ્ટિ, પૂજ્યશ્રી જેવા વિરલ આત્માઓમાં જ હોય છે.

આ દૃષ્ટિને 'સમ્યગ્દૃષ્ટિ' કહી છે.

આવી દૃષ્ટિવાળા આત્મામાં આત્મિક ગુણોને તરત પારખી લેવાની તેમજ પારખ્યા પછી ગ્રહણ કરી લેવાની પ્રચંડ શકિત હોય છે.

આવી શકિત પ્રત્યેક આત્મામાં રહેલી છે, પણ જે આત્મા સુશ્રદ્ધાપૂર્વક શ્રી જિનેશ્વરદેવને પૂજતો રહે છે તે આત્માને દર્શન મોહનીય કર્મના ક્ષયોપશમે તેની પ્રાપ્તિ થાય છે.

આવા આત્માને પરમાત્માના એક–એક ગુણ તરફ અનહદ અનુરાગ થાય છે. આ અનુરાગનો આસ્વાદ એવો અદ્ભુત હોય છે કે પૌદ્ગલિક સુખોના સઘળા રસો તેને રેતી ફાકવા જેવા નકામાં લાગે છે. અર્થાત્ રસકસ વગરના લાગે છે.

ધૂળના ફાકડા ભરવાથી પેટ ભરાય તો નહિ, પણ બગડે તે નક્કી તેમ પૌદ્ગલિક સુખોથી આત્માને તૃપ્તિ તો નથી થતી પણ હેરાનગતિ ખૂબ જ થાય છે.

અમૃતનો એક ઘુંટડો ભરનારને પણ તે પછી દુનિયાના સારામાં સારા પીણાંઓ તદ્દન નિરસ લાગે છે, ચાખતાં વેંત થૂ–થૂ કરી દેવા જેવાં લાગે છે તેમ શ્રી જિનગુણના અમૃતનો અંશથી સ્વાદ માણનારને સંસાર અને સ્વર્ગનાં શ્રેષ્ઠ સુખો પણ ઘાસ જેવાં લાગે છે.

જીવને, જિનના ગુણમાં સ્વાદ નથી પડયો ત્યાં સુધી જ પાંચ ઇન્દ્રિયોના વિષયોનું સેવન તેને સરસ લાગે છે. જે ધન્ય પળે તેને શ્રી જિનેશ્વરદેવના ઉપકારો અને ગુણોમાં સ્વાદ પડે છે, તે પળથી તેનું જીવન, પરમાત્માની ભક્તિનું ધામ બની જાય છે, ત્યાં ધામા નાખીને પડેલા રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન આદિ મહેમાનોને તત્કાળ ઉચાળા ભરવા પડે છે.

ખોબે–ખોબે પીવા જેવો રસ–તે પ્રભુનો પ્રેમરસ છે; પ્રભુગુણ રસ છે, સમતા રસ છે, દયા રસ છે. કરૂણા રસ છે, ત્યાગરસ છે, મુક્તિરસ છે.

આ રસમાં સાચો કસ છે.

કાળની કસોટી પર પણ તે સાચો પુરવાર થયો છે, થાય છે અને થતો રહેવાનો છે. કારણ કે તે ભેળ સેળ વિનાનો છે. સર્વના કલ્યાણની ઉત્કૃષ્ટ ભાવના વડે રસાએલો છે, તેમાં કોઈ જાતના સ્વાર્થ કે પ્રપંચની છાંટ પણ નથી હોતી.

પરમ મુક્તિરસદાયક પ્રભુને પૂજતાં–પૂજતાં સહુ આત્મા આ રસના રસિક બનો! સહુની ભવ–રસિકતાનો સવેળા અંત થાઓ!

**તુજ સમકિત રસ સ્વાદનો જાણ,**
**પાપ કુભક્ત બહુ દિન સેવિયું જી;**
**સેવે જો કર્મને જોગે તો હિ,**
**વાંછે તે સમકિત અમૃત ધુરે લિખ્યું જી. ૩**

**અર્થ :** હે પ્રભુ! આપના સમ્યક્ત્વ રસના જાણનારા એવા મેં પાપરૂપી માઠું ભોજન બહુ દિવસ સેવ્યું. તેને કદાચ કર્મયોગે ફરી પણ સેવવાનો વખત આવે, તો પણ આત્માના પ્રથમ ગુણ તરીકે ગણાએલા સમકિત ગુણરૂપી અમૃતની પ્રાપ્તિની ઇચ્છા તો આ જીવને અવશ્ય રહેવાની.

**ભાવાર્થ :** લાખ–લાખ વાર નમન કરવા છતાં ય મન ન ધરાય એટલું ઊંચું પ્રભુનું સમ્યક્ત્વ હોય છે.

જુઓને શ્રી વીર પ્રભુના એક પગે ચંડકૌશિક સર્પ ડંસ દે છે, બીજા પગે સુરેન્દ્ર નમસ્કાર કરે છે, છતાં એ પરમ સમ્યક્ત્વ સ્વામીના સમત્વ ભાવમાં લેશ માત્ર ફેરફાર થતો નથી.

(પન્નગે ચ સુરેન્દ્રે ચ, કૌશિકે પાદ સંસ્પૃશિ ।
નિર્વિશેષ મનસ્કાય શ્રી વીરસ્વામિને નમઃ ।।)
આ શ્લોકમાં ઉક્ત ભાવ સમાએલો છે.
વળી–કમઠે ધરણેન્દ્રે ચ, સ્વોચિતં કર્મ કુર્વતિ ।
પ્રભુસ્તુલ્ય મનોવૃત્તિઃ પાર્શ્વનાથઃ શ્રિયેસ્તુવઃ ।।

આ શ્લોક પણ શ્રી પાર્શ્વનાથ પ્રભુના પરમ સમ્યક્ત્વને ભાવભીની અંજલિરૂપ છે.

સમર્થ શાસ્ત્રવેત્તા પૂ. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય, પ્રભુ આગળ દિલ ખોલીને કહે છે કે, આપના સમ્યક્ત્વ રસના સ્વાદના જાણનારા એવા મેં હે નાથ! અનાદિ-

કાલિન મોહની અસર નીચે આવીને પાપરૂપી માઠું ભોજન ઘણા કાળ સુધી કર્યું છે. અને આજે મને તેનો ભારે પસ્તાવો થાય છે.

જો કે આજે મારી આંતરિક સ્થિતિ જુદી છે. કોઈ મહાભાગ્યના યોગે મને સમ્યક્ત્વ ગુણની પ્રાપ્તિ થઈ છે, એટલે હવે હું પૌદ્ગલિક ભાવોમાં નહિ રમું, ઝાંઝવાના નીર જેવા સાંસારિક સુખોથી આત્માને તૃપ્ત કરવાની મિથ્યા પ્રવૃત્તિ નહિ આદરૂં. દુઃખરૂપ સંસારમાં પરમ સુખરૂપ આપના પરમ સમ્યક્ત્વમાં જ મારા અધ્યવસાયને પરોવી દઈશ.

–તેમ છતાં હે જિનરાજ! પુનઃ કોઈ નિકાચિત કર્મના યોગે પરાજિત થઈ સમ્યક્ત્વથી પતિત થાઉં અને તે મિથ્યાત્વરૂપી ખરાબ ભોજનને ફરી સેવું, તો પણ તારા સમ્યક્ત્વરુપી અમૃતનો જે સ્વાદ એકવાર મેં ચાખ્યો છે તેને ફરીથી ચાખવાની મારી ઈચ્છા સદંતર નાબૂદ તો નહિ જ થાય.

જીવના જીવત્વ પ્રત્યેનું આત્યંતિક બહુમાન એક વાર પણ જે આત્માને સ્પર્શે છે તે આત્મા, પૂર્વના કોઈ નિકાચિત કર્મના હુમલાનો ભોગ બની જાય છે તો પણ હજારો મણ રેતીના ઢગલામાં રહેલા સુવર્ણના કણની જેમ એ આત્મરતિ જીવંત રહે છે, સર્વથા લુપ્ત નથી થતી.

આ ગાથામાં મહત્ત્વના મુદ્દા બે છે.

(૧) પ્રભુના સમ્યક્ત્વરસનો આસ્વાદ લેવો તે.

(૨) કર્મસત્તાનું પ્રાબલ્ય.

આ બે મુદ્દા પ્રસ્તુત કર્યા પછી પણ પૂજ્યશ્રી, શ્રી જિનશાસનના સારભૂત એ મુદ્દાને વળગી જ ર ા છે કે, કર્મસત્તા કરતાં ધર્મમહાસત્તા મહાન છે અને તેથી જ તેમણે એમ કહ્યું કે, ફરીથી કદાચ મિથ્યાત્વ સેવવું પડશે તોય સમ્યક્ત્વ ગુણની પ્રાપ્તિની મારી ઈચ્છા તો જીવતી જ રહેશે.

નિર્દંભ વૈરાગ્યને વરેલા મહાન આત્માઓ જ છાતી ઠોકીને આવું બોલી શકે છે. અને તેથી બાળજીવોને વીત-રાગપ્રણિત ધર્મમાં અપૂર્વ આસ્થા બેસે છે.

**તાહરૂં ધ્યાન તે સમકિત રૂપ,**
**તેહી જ જ્ઞાન ને ચારિત્ર તેહ છે જી;**
**તેહથી જાયે સઘળાં હો પાપ,**
**ધ્યાતા ધ્યેય સ્વરૂપ હોયે પછે જી. ૪.**

**અર્થ** : હે જિનેશ્વરદેવ ! આપનું ધ્યાન તે જ સમકિત રૂપ છે. તે જ જ્ઞાન છે અને ચારિત્ર પણ તે જ છે. તેનાથી સઘળાં પાપ દૂર થાય છે અને પરિણામે ધ્યાત, ધ્યેય સ્વરૂપ (પરમાત્મપણા) ને પામે છે.

**ભાવાર્થ** : આ ગાથા તત્ત્વગર્ભિત છે. તેનો સાર એ છે કે– મિથ્યાત્વભાવ દૂર થયા પછી જીવને ચતુર્થ

ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. તે વખતે પરમાત્માના સ્વરૂપનું જે ચિંતન–મનન તે આત્મા કરે છે તે જ સમ્યક્ત્વરૂપ છે.

તે ધ્યાનથી પરમાત્મ સ્વરૂપના અવબોધમાં જીવ જેમ–જેમ આગળ વધતો જાય છે, તેમ તેમ તેના બળથી તેનાં જ્ઞાનાવરણીય કર્મ તૂટતાં જાય છે. ક્ષયોપશમ વધતો જાય છે એટલે પરમાત્માના સ્વરૂપનું તેને અધિક જ્ઞાન થતું જાય છે.

આ સ્થિતિમાં જે ધ્યાન છે તે જ જ્ઞાન છે. પરમાત્માના સ્વરૂપમાં આત્માને પરોવવાનો જ્ઞાનનો હેતુ, અહીં ધ્યાન સ્વરૂપે પરિણત થઈ જતો હોવાથી ધ્યાનને જ જ્ઞાન કહ્યું છે.

જ્ઞાન એટલે સમ્યગ્જ્ઞાન સમજવાનું છે.

સમ્યક્ત્વ વગરનું નવ પૂર્વનું જ્ઞાન પણ આત્માને પરમાત્માના ધ્યાનમાં પરિણત નથી થતું, પણ ભવરસિકતા વધારનારૂં નીવડે છે.

જ્યારે સમ્યક્ત્વ પૂર્વકનું અલ્પ જ્ઞાન પણ જીવને ભવજળ તારક બને છે.

સમ્યગ્જ્ઞાનપૂર્વક આગળ વધતાં જીવ છઠ્ઠે–સાતમે ગુણસ્થાનકે પહોંચે છે, ત્યાં પણ તે જ ધ્યાન ક્રમે ક્રમે વૃદ્ધિંગત થતું જાય છે, ત્યારે તે સ્થાને જે શુદ્ધ આચરણારૂપ ચારિત્ર

હોય છે તેમાં અને ધ્યાનમાં કાંઈ ફેર હોતો નથી. ત્યાં ધ્યાન તે જ ચારિત્ર છે.

ત્યાર બાદ તે જીવ ક્ષપક શ્રેણીનો આરંભ કરે છે, ત્યાં પણ તે ધ્યાન વિશુદ્ધ રીતે આત્મપ્રદેશોમાં ખીલતું જાય છે અને તે ધ્યાનાનલ વડે આત્મા, અંતર્મુહૂર્તમાં ઘાતી કર્મોનો ક્ષય કરે છે એટલે ધ્યાતા અને ધ્યેય એકરૂપ બની જાય છે, આત્મા, પરમાત્મા બની જાય છે.

તાત્પર્ય કે સમ્યક્ત્વ એ મુક્તિરૂપી મહેલનો પાયો છે. સમ્યક્ત્વ સહિતનાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ, તે મહેલે પહોંચવાનો રાજમાર્ગ છે.

આત્મસમદર્શિત્વને લાવનાર પણ સમ્યક્ત્વ છે. અને પરમાત્મ સમદર્શિત્વને લાવનાર પણ સમ્યક્ત્વ છે.

ભાવપૂર્વકની જિનભક્તિથી આ સમ્યક્ત્વ ઉત્તરોત્તર નિર્મળ બને છે. પરમ સામાયિક ભાવનો વિજય ડંકો વગાડીને આત્માને પરમાત્મા બનાવે છે. એ નિઃસંદેહ છે.

**દેખી રે અદ્‌ભુત તાહરું રૂપ,**
**અચરિજ ભવિક અરૂપી પદ વરેજી;**
**તાહરી ગત તું જાણે હો દેવ,**
**સમરણ, ભજન તે વાચક યશ કરેજી. ૫**

**અર્થ :** હે પરમાત્મા! આપનું અદ્‌ભુત સ્વરૂપ નિહાળીને ભવ્ય જીવ અરૂપી પદ મેળવે છે તે આશ્ચર્ય

છે. હે દેવાધિદેવ! આ બાબતમાં આપની કળા આપ જ જાણો! હું યશોવિજય ઉપાધ્યાય તો માત્ર આપનું જ સ્મરણ–ભજન કરી જાણું છું.

**ભાવાર્થ :** ઊંચેથી પડતા મેઘની ધારાને ઝીલવા માટે છીછરૂં વાસણ કામમાં નથી આવતું, પણ પૂરતી ઊંડાઈવાળું વાસણ જોઈએ છે, તેમ અધ્યાત્મના ઉચ્ચ શિખરે બિરાજેલા મહાત્માઓની વાણીને બરાબર ઝીલવા માટે ઊંડી શ્રદ્ધા ધીરજ અને વિનમ્રતાની જરૂર પડે છે.

તે સિવાય તેમની વાણીનો કલ્યાણકારી ભેજ હૃદયમાં નથી ઉતરતો, મનના અશુભ અધ્યવસાયોને શુભ કરવામાં સફળ નથી થતો.

કેવળ ચર્મ ચક્ષુ વડે પ્રભુના અદ્દભુત સ્વરૂપને કોઈ નિહાળી શકતું નથી.

જેવું અદ્દભુત સ્વરૂપ છે, તેવી જ અનુપમ દૃષ્ટિ હોય છે. તો જ તેનું યથાર્થ દર્શન થઈ શકે છે.

સુગુરૂની કૃપાએ મનની આંખમાં પરમાત્મભાવનું અંજન થાય છે ત્યારે આવી દૃષ્ટિ આવે છે.

મોતીઆના સફળ ઓપરેશન બાદ દર્દી કહે છે કે હવે મને બધું બરાબર દેખાય છે, તેમ મનની આંખમાં ખીચોખીચ થઇ ગએલા મિથ્યાત્વભાવને દૂર કરાતાં પરમાત્માના અદ્દભુત સ્વરૂપનું દર્શન થઈ શકે છે.

પછી મનનું એક અલગ પદાર્થ તરીકે અસ્તિત્વ નથી રહેતું પણ તેનો આત્મભાવમાં લય થઈ જાય છે.

એટલે આત્મા અને પરમાત્મા એમ બે પુરુષો નથી રહેતા પણ એક અરૂપી પરમાત્મા જ રહે છે.

આ સમગ્ર પ્રક્રિયાનું આંતર રહસ્ય તો યોગીઓને પણ અગમ્ય છે.

એટલે જ પૂજ્યશ્રીને કહેવું પડયું કે આ બાબતમાં હું કાંઈ જાણતો નથી.

એવી ઘણી બાબતો છે કે જેનાં પરિણામ દેખાય છે પણ તે પરિણામદાયક પ્રક્રિયા નથી દેખાતી.

દા. ત. માણસની ઊંચાઈ.

જન્મ્યા પછી બાળક વયની સાથે ઊંચાઈમાં પણ મોટો થાય છે તે હકીકત છે અને તે ઊંચાઈને આપણે નજરે જોઈ પણ શકીએ છીએ, પણ તે ઊંચાઈને આણનારી સૂક્ષ્મ પ્રક્રિયા તો અછતી જ રહે છે.

એટલે આવી બાબતોમાં ન પડતાં પૂજ્યશ્રીએ પ્રભુને કહી દીધું. આપની ગત આપ જાણો મારે તો મતલબ આપની ભક્તિથી જ છે. કારણ કે મને વિશ્વાસ છે કે સાચી ભક્તિના ફળરૂપ મુક્તિ મને પણ એક દિવસ મળવાની જ છે. એટલે જ હું આપની ગતને જાણવાનો આગ્રહ છોડી દઈને આપના મત (જિનમત)ને વફાદાર રહેવામાં માનું છું. અને તેથી મને અનહદ આનંદ મળે છે.

# ૧૭ શ્રી કુંથુનાથ સ્વામીનું સ્તવન

સાહેલાં હે કુંથુ જિનેશ્વરદેવ,
રત્નદીપક અતિ દીપતો હો લાલ;
સાહેલાં રે મુજ મનમાંહે,
આવે જો અરિબળ જીપતો હો લાલ. ૧

સાહેલાં હે મિટે તો મોહ અંધકાર,
અનુભવ તેજે જળહળે હો લાલ;
સાહેલાં હે ધૂમ કષાય ન રેખ,
ચરણ ચિત્રામણ નવિ ચલે હો લાલ. ૨

**અર્થ :** હે સહૃદયી મિત્રો ! શ્રી કુંથુનાથ જિનેશ્વરદેવ અતિ પ્રકાશિત રત્નદીપક છે.

રત્નદીપકરૂપ તે પ્રભુ જો મારા મન મંદિરમાં ઘાતીકર્મરૂપ શત્રુઓના બળને જીતતા–નષ્ટ કરતા પધારે તો–

–મારા મન–મંદિરમાંથી મોહરૂપી અંધકાર દૂર થાય અને આત્માનુભવનું તેજ ઝળહળી ઉઠે.

તે રત્નદીપકમાં કષાયરૂપી ધૂમાડાની ઝીણી એક રેખા પણ નથી, તેથી સચ્ચારિત્રરૂપી ચિત્રામણ જરાય મલિન થતું નથી.

**ભાવાર્થ :** (આશયની સ્પષ્ટતા ખાતર અહીં બે ગાથાઓ સાથે લેવી પડી છે.)

જગતના જીવોને સહૃદયી મિત્રો તુલ્ય ગણીને પૂજ્યશ્રી કહે છે કે–અમાસની મધરાતને સારી–ઉજળી કહેવરાવે એવો ભયાનક ગાઢ અંધકાર મોહવાસિત મનમાં છવાએલો હોય છે, શુભ વિચારના એક કિરણને પ્રવેશ કરવા જેટલી જગ્યા પણ તેમાં હોતી નથી.

આવા મનને વિષય કષાયનું ઉત્પાદન કરનારા તેમજ નિકાસ કરનારા એક કારખાનાની ઉપમા પણ ઓછી પડે.

ખેલાડી દડાને જીપી લઈને પ્રતિપક્ષીને હરાવી દે છે તેમ મહા મોહવિજેતા શ્રી જિનેશ્વરદેવ, મોહને મહાત કરવાનું અજોડ સામર્થ્ય ધરાવે છે.

એટલે જો તેઓ મારા મનમંદિરમાં પધારે, તો રવિ-તેજના પ્રવેશ સાથે નાસી જતા અંધકારની જેમ, મોહ તેની આખી સેના સાથે જરૂર નાસી જાય.

એ પ્રભુ સ્વયંપ્રકાશી છે. કેવળજ્ઞાનવંત છે, દીપ્તિમંત રત્નદીપક છે.

આવા પ્રભુ મારા મનમંદિરમાં કેવી રીતે પધારે ? તો કહે, 'અરિબળને જીપતો, માત્ર જીતતો નહિ.

માત્રપ્રાસ મેળવવા ખાતર જ 'જીપતો' શબ્દ પ્રયોજાયો નથી, પરંતુ રત્નદીપક તુલ્ય પ્રભુને અચિન્ત્ય સામર્થ્યને સૂચવવા માટે પ્રયોજાયો છે.

આત્માના અરિની અહીં વાત છે બીજાની નહિ.

આત્માના અરિ કોણ ?

તો કહે, વિષય અને કષાય, રાગ અને દ્વેષ, અજ્ઞાન, મોહ અને મિથ્યાત્વ.

આ બધાને શ્રી જિનેશ્વરદેવે જીતેલા છે એટલું જ નહિ પણ પૂર્ણાત્મભાવના પ્રાગટ્ય દ્વારા સર્વથા નિર્માલ્ય બનાવી દીધા છે એટલે જ્યાં તેમનું પુનિત પગલું પડે છે ત્યાંથી તેમને નાસી જવું જ પડે છે. પણ એમ કહેવું નથી પડતું કે હું આવ્યો છું, માટે તમે અહીંથી દૂર જતા રહો.

પરમ આત્માના શુદ્ધ સ્વભાવનું આ સ્વાભાવિક સામર્થ્ય છે.

વિભાવનાં છોતરાં ઉતરી જાય એટલે સ્વભાવ ખૂલે. ખૂલેલા સ્વભાવને–આત્મસ્વભાવને–કોઇ પડકારી શકતું નથી.

પ્રભુ અશરીરી છે તે હવે સશરીરી બને નહિ. એટલે પૂર્ણ કાન્તિમાન રત્નદીપકરૂપે પ્રભુને મનમંદિરમાં પધારવાની વિનંતી કરી છે.

આ રત્નદીપક એટલે કેવળજ્ઞાનરૂપી દીપક જેને 'કેવળરત્ન' પણ કહેવાય છે.

સામાન્ય દીપક, સામાન્ય (બાહ્ય) અંધકારને દૂર કરી શકે, પણ સૂક્ષ્મ અંધકારને, ભાવાંધકારને, મોહાંધકારને તો કેવળ રત્નદીપક જ દૂર કરી શકે છે.

મનના મંદિરમાં પ્રભુગુણની ઘંટડીઓ વાગવા માંડે છે, પ્રભુભાવની ચાંદની ચમકવા માંડે છે એટલે રત્નદીપકરૂપ પ્રભુના પગલાંનો અણસાર વર્તાય છે. અને રત્નદીપકનો મંગલ પ્રવેશ થઈ જાય છે એટલે આત્મા, આત્મા વડે, આત્મામાં આનંદતો થાય છે. પછી નર્યો આત્મપ્રકાશ મનના પ્રદેશે–પ્રદેશે ઝળાહળાં થાય છે.

અંધકારને હરનારા સ્થૂલ દીપકમાં ધૂમ્રસેરો હોય છે, જ્યારે આ રત્નદીપકમાં કષાયરૂપી ધૂમાડાની રેખા સુદ્ધાં નથી હોતી, હોય પણ ક્યાંથી ? કારણ કે પ્રભુએ તો મોહનીય આદિ ચાર ઘાતીકર્મોનો ક્ષય કરેલો હોય છે.

એટલે આ રત્નદીપકના તેજ વડે રંગાએલું ચારિત્ર પણ ડાઘડૂઘ વગરનું નિષ્કલંક હોય છે. સુસ્થિર હોય છે.

ભાવાંધકાર પ્રત્યેનો ભારે ખેદ, પરભાવ રમણતા પ્રત્યેની ભારે સૂગ, વિભાવદશા પ્રત્યેની સખ્ત નફરત–જ્યારે આપણા મનમાં પ્રગટ થાય છે, ત્યારે જ રત્નદીપકતુલ્ય પ્રભુની પ્રભુતા તરફ આંતરિક રૂચિ જન્મે છે અને તે રૂચિ પ્રગટચા પછી જ મોહ અને તેનાં સઘળાં નાટક આપણા માટે અરૂચિકર બની જાય છે.

**સાહેલાં હે પાત્ર કરે નહિ હેઠ,**
**સૂરજ તેજે નવિ છીપે હો લાલ;**
**સાહેલાં હે સર્વ તેજનું તેજ;**
**પહેલાથી વાધે પછે હો લાલ. ૩**

●

**અર્થ** : હે સન્મિત્રો ! આ રત્નદીપકની નીચે આધારરૂપે પાત્રની જરૂર નથી.

આ દીપકના પ્રકાશને, સૂર્યનો પ્રકાશ ઢાંકી શકતો નથી. જગતના સર્વ તેજના પણ તેજરૂપ આ દીપકનો પ્રકાશ હોવાથી તે પહેલાં અને પછી વધેલો જ હોય છે.

**ભાવાર્થ** : સાચી જિનભક્તિનો એ પ્રભાવ છે કે, ગહનમાં ગહન તત્ત્વજ્ઞાનને પણ તે ફુલના ગોટાની જેમ હૃદયમાં સાકાર બનાવી દે છે.

આપણે પ્રબળ પુણ્યશાળી છીએ કે પૂ. ઉપાધ્યાયજી ભગવંતના શ્રુતાવબોધના સારરૂપ આવા અનુપમ સ્તવનો આપણને વારસામાં મળ્યાં છે.

આ સ્તવનનો પાઠ કરતાં કરતાં શ્રી નવસ્મરણનો નિત્યપાઠ કરનારા ભાગ્યશાળીઓને પ. પૂ. આચાર્યદેવ શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત શ્રી ભક્તામર સ્તોત્રની આ ૧૬મી ગાથા—

નિર્ધૂમવર્તિરપવર્જિત તૈલ પુરઃ
કૃત્સ્નં જગત્ત્રયમિદં પ્રકટી કરોષિ;
ગમ્યો ન જાતુ મરૂતાં ચલિતાચલાનાં,
દીપોડપરસ્ત્વમસિ નાથ ! જગત્ પ્રકાશઃ ॥

યાદ આવે તે સ્વાભાવિક છે.

કેવળજ્ઞાનનો પ્રકાશ આપણા આત્મામાં છે, પણ અંધિયાર દશામાં, એટલે તેનો અભાવ જેમને સાલે છે

તેઓ તેના યથાર્થ પ્રભાવનું વારંવાર સ્મરણ પણ કરે છે અને કેવળજ્ઞાની ભગવંતોનું ધ્યાન પણ ધરે છે.

વાટ, તેલ અને કોડિયાના સુમેળથી બનતા દીપકમાં પાત્રરૂપ કોડિયાના આધાર સિવાય એ દીપક બાહ્ય અંધકાર દૂર કરી શકતો નથી, તેમજ આધાર આપનાર પાત્ર (કોડિયા)ને હેઠે રાખે છે. જ્યારે આ કેવળજ્ઞાનરૂપી રત્ન-દીપકને કોઈ આધારની જરૂર રહેતી નથી એટલું જ નહિ પણ જે જીવો તેનો આધાર લે છે તે જીવોને તે ઊંચે ચઢાવે છે.

સૂર્યનું ગમે તેટલું તેજ આ દીપકના તેજ આગળ કોઇ વિસાતમાં નથી. માટે જ શ્રી જિનેશ્વરદેવોને 'આઇચ્ચેસુ અહિયં પયાસયરા' કહ્યા છે. અર્થાત્ આદિત્યોથી અધિક પ્રકાશક કહ્યા છે.

અને અલ્પ પ્રકાશ, અધિક પ્રકાશને ઢાંકી ન શકે તે સર્વવિદિત હકીકત છે.

વળી આ દીપકના તેજને સર્વ તેજનું તેજ કહ્યું છે તે પણ સાચું છે.

આ કેવળજ્ઞાનરૂપી દીપકના પ્રકાશના પ્રભાવે અધર્મને હણવાનો ધર્મ–માર્ગ જીવોને જડે છે. સારાસારનો વિવેક જીવનમાં જાગે છે. ચૈતન્યનું બહુમાન કરવાની શુભ વૃતિ પેદા થાય છે. ગુણગ્રાહી બની શકાય છે.

આ પ્રકાશ ન હોય તો કહેવાતા સઘળા પ્રકાશો આભાસ માત્ર બની જાય.

આ પ્રકાશ પોતે આત્માના ઘરનો હોવાથી ચન્દ્રકળાથી જેમ ક્રમશઃ વૃદ્ધિ પામતો નથી, પરંતુ ઘાતી કર્મો ખસી જતાંની સાથે એક સાથે જ પૂર્ણકળાએ પ્રકાશે છે.

અમરત્વની જેમ આ પ્રકાશ પણ આત્મ સ્વભાવભૂત છે, ઘાતીકર્મો નાશ પામે એટલે તે પ્રગટેલો જ છે.

એટલે કર્મોનો નાશ કરનારા ધર્મનું શરણું આપણે લેવાનું છે.

**સાહેલાં હે જેહ ન સમીરને ગમ્ય,**
**ચંચળતા જે નવિ લહે હો લાલ,**
**સાહેલાં હે જે સદા છે રમ્ય,**
**પૃષ્ઠ ગુણે નવિ કૃશ રહે હો લાલ. ૪**

●

**અર્થ :** આ રત્નદીપકને પવન સ્પર્શ કરી શકતો નથી માટે સદા સ્થિર રહે છે. વળી એની કાન્તિ સદા એકસરખી રમ્ય રહે છે તેમજ પાછળના ભાગમાં ગુણથી-વાટથી પાતળો પડતો નથી.

**ભાવાર્થ :** લૌકિક દીવાઓ પવનના ઝપાટામાં હાલક ડોલક થઈ જાય છે, તેમજ ઓલવાઈ પણ જાય છે, એટલે તેનું અજવાળું એકસરખું નથી રહેતું. આ દીવાઓની દિવેટ પણ આસ્તે આસ્તે ખલાસ થઈ જાય છે.

જ્યારે પ્રભુરૂપી રત્નદીપક અથવા કેવળજ્ઞાનરૂપી દીપક સામાન્ય પવનના ઝપાટાથી શું પણ કર્મરૂપી પવનના સ્પર્શથી પણ પર રહે છે. તેની એકસરખી કાન્તિ કોઈ કાળમાં ઘટતી નથી, એટલે તેની સ્થિરતા સર્વ કાળમાં અખંડ રહે છે. આ દીપકને દિવેટ તો હોતી જ નથી. એટલે તેનો પ્રકાશ અનંતકાળ પર્યંત એકસરખો રહે છે.

આ દીપકનું તેજ લોક તેમજ અલોક–ઉભયમાં ફેલાય છે.

પ્રભુ આવા લોકોત્તર દીપક છે.

દીવે દીવો પેટે છે, તેમ સર્વજ્ઞ પ્રભુના સ્મરણ મનન ચિંતન અને ધ્યાનથી પ્રભુસ્વરૂપ બની શકાય છે.

મોહના મૂળને, મૂળમાંથી ઉખેડી નાંખીને પ્રભુ, પ્રભુ બન્યા. મોહના સમૂળ ઉચ્છેદનું બળ આત્મામાં હોવા છતાં તેનું પ્રાગટ્ય, પરમ સ્વાતન્ત્ર્યની અદમ્ય ઝંખનામાંથી થાય છે. ઉચ્ચતમ ભાવનામાંથી થાય છે, સર્વ જીવોને પોતા તરફના ભયમાંથી સર્વથા મુક્ત કરવાની ભાવદયામાંથી થાય છે.

આ રત્નદીપકના એક કિરણમાં પણ કોટિ જન્મોનાં પાપને ભસ્મ કરવાની તાકાત છે. સવાલ છે તેના સ્પર્શનો.

પૌદ્ગલિક ભાવોનો સ્પર્શ, અંગારાના સ્પર્શ જેવો અકારો લાગવા માંડે છે, તે પછી આ રત્નદીપકના પ્રકાશના પ્રગટ સ્પર્શની યોગ્યતા આત્મામાં પ્રગટે છે.

પૌદ્ગલિક ભાવોથી ભયંકર કષાયભાવ છે, કષાયભાવથી ભયંકર સ્વાર્થભાવ છે. સ્વાર્થભાવથી પણ ભયંકર અહંભાવ છે. આ બધા ભવ (સંસાર)ના દલાલ છે. તેમને મનમાં પગ પણ ન મૂકવા દઈએ, તો પ્રભુ જરૂર મનમંદિરમાં પગલાં કરે.

પણ આપણું મન મંદિર જેવું મનોહર અને પવિત્ર છે કે મલિન છે તે આપણે તટસ્થભાવે ચકાસવું જોઈએ, જો ત્યાં વેરઝેરની પોઠો ઠલવાતી હોય, 'અહં–મમ'ની માળા ચાલતી હોય તો માની લેવું કે તે મંદિર જેવું નથી.

એટલે તેને મૈત્ર્યાદિભાવો વડે વાસિત કરતા રહીશું તો તે સર્વના મંગલનું મંદિર બનીને સર્વમંગલકર ધર્મના પ્રકાશક પ્રભુનું ધામ જરૂર બની શકશે.

**સાહેલાં હે પુદ્ગલ તેલ ન ખેય,**
**જેહ ન શુદ્ધ દશા દહે રે લાલ;**
**સાહેલાં હે શ્રી નયવિજય સુશિષ્ય,**
**વાચક યશ ઇણી પરે કહે રે લાલ. ૫**

●

અર્થ : હે મિત્રો ! આ રત્નદીપકમાં પોદ્ગલિક તેલ પૂરવું પડતું નથી. આ રત્નદીપક શુદ્ધ દશાનું દહન કરતો નથી. એમ શ્રી નયવિજયજીના સુશિષ્ય શ્રી યશોવિજયજી કહે છે.

**ભાવાર્થ:** લૌકિક દીવામાં તેલ પૂરવું પડે છે. પૂરેલું તેલ ખલાસ થઈ જાય છે એટલે દીવો ઓલવાઈ જાય છે.

વિજળીના દીવામાં તેલ નથી પૂરવું પડતું તે કબુલ, પણ તે ગોળાને પ્રકાશિત કરનારી વિદ્યુત્‌શક્તિ ઉત્પન્ન કરનારા યંત્રોમાં તો કોઈને કોઈ પ્રવાહી પૂરવું જ પડે છે. અને તે પ્રવાહીનો પુરવઠો બંધ થતાં વિજળી ઉત્પન્ન કરનારાં યંત્રો અટકી પડે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે આ જગતમાં એવો કોઈ દીપક નથી કે જે અન્ય બળના સહારા સિવાય પ્રકાશિત થઈ શકતો હોય.

જ્યારે શુદ્ધ આત્મ–દીપક તો બહારના કોઈ પદાર્થની મદદ સિવાય, સ્વબળે જ પ્રકાશતો રહે છે.

લૌકિક દીવો તો દિવેટને બાળી નાખે છે, જ્યારે આ રત્નદીપક તેજ તો શુદ્ધ દશારૂપ દિવેટનું જતન કરે છે.

હે મિત્રો ! શ્રી જિનેશ્વરદેવ સાચે જ ત્રિભુવનદિવાકર છે, ત્રિભુવન પ્રદીપ છે, ત્રિભુવન તારક છે.

મનરૂપી મંદિરમાં તેમની પધરામણી થાય, તો આપણને આપણા આત્માના અસલ સ્વરૂપનો અનુભવ થાય.

ખાખરાની ખિસકોલીને સાકરના સ્વાદની કલ્પના ન આવે તેમ આપણે જ્યાં સુધી દેહાનંદીપણામાં આસક્ત

રહીએ, ત્યાં સુધી આત્માનંદીપણાના અનુપમ આસ્વાદની કલ્પના પણ ન કરી શકીએ.

આત્મામાં રહેવાને બદલે શરીર આદિમાં રહીશું તો આત્માનું શું થશે? એ પ્રશ્ન પર ગંભીર વિચાર કરીને આપણે આત્માર્થીપણું ખીલવવું જોઈએ.

આત્માના અર્થીને જ પરમાત્મા અને તેમની આજ્ઞા સિવાય એક સેકંડવાર પણ ચાલતું નથી. માછલાને જેવી પ્રીત પાણી સાથે, આત્માર્થીને તેવી પ્રીત પ્રભુ સાથે હોય છે, એટલે તેના મનમંદિરમાં અહર્નિશ પ્રભુ–પ્રેમનો રત્નદીપક ઝળહળતો રહે છે. તેનું તેજ એ જ તેનું સર્વસ્વ હોય છે.

●

## ૧૮. શ્રી અરનાથ સ્વામીનું સ્તવન

શ્રી અરજિન ભવજલનો તારૂ,
મુજ મન લાગે વારૂ રે,
મનમોહનસ્વામી !
બાંહ્ય ગ્રહી ભવિજનને તારે,
આણે શિવપુર આરે રે મન. ૧

●

**અર્થ :** સંસાર–સમુદ્રથી તારનારા શ્રી અરનાથ જિનેશ્વરદેવ મારા મનને બહુ વહાલા લાગે છે એટલે હું તેમને મનમોહનસ્વામી કહીને બોલાવું છું.

તેઓશ્રી બાંહ્ય પકડીને ભવ્ય જીવોને તારે છે અને કાંઠે લાવી મોક્ષનગરે પહોંચાડે છે.

**ભાવાર્થ :** સમર્થ તારૂ, ડૂબતા માણસની બાંહ્ય પકડીને એને પણ તારી શકે છે તેમજ જળાશયના કાંઠે ઉતારીને સુખરૂપ ઘેર પહોંચાડી શકે છે.

પાણીમાં તરી શકાય છે ખરૂં પણ તેમાં શરત એટલી જ છે કે તરવાની કળા જાણનારો જ તરી શકે પણ તરવાની કળા નહિ જાણનારો તે જ પાણીમાં ડૂબી જાય છે.

પાણીમાં તરવા માટે તાલબદ્ધ રીતે હાથ–પગ હલાવવા પડે છે. કેટલાક તારૂઓ બે હાથ વડે પાણી કાપતા આગળ વધે છે તો કેટલાક બે પગના તાલબદ્ધ સંચાલન દ્વારા પાણીમાં તરે છે.

તેમ છતાં કોઈક તારૂ, કયારેક નદી, સરોવર, કૂવા કે સાગરમાં ડૂબી પણ જાય છે, એટલા અંશે તેમની તરવાની કળા કાચી ગણાય.

જ્યારે શ્રી જિનેશ્વરદેવ તો સંસારરૂપી સમુદ્રના સર્વોત્તમ તારૂ છે, પોતે સ્વાત્મબળે સંસાર–સમુદ્ર પાર કરીને મોક્ષપુરીમાં સિધાવેલા છે.

પોતે મોક્ષે સિધાવ્યા હોવા છતાં શાસન, સંઘ અને ધર્મરૂપે અહીં વિદ્યમાન છે. તેમની તારકશક્તિ અહીં વિદ્યમાન છે.

જળ–સમુદ્ર કરતાં ભવ–સમુદ્ર ઘણો જ તોફાની છે.

ભવ–સમુદ્રથી તરવાની ભાવનાવાળા જીવને ભવિક જીવ યાને ભવ્યાત્મા કહે છે. જેને ભવવાસમાંથી મુક્ત થવાની ઈચ્છા જ ન થાય, પણ જેનામાં મુક્ત થવાની યોગ્યતા જ પ્રગટે અને તેને સંસારના સુખ જ મેળવવા જેવાં તેમજ ભોગવવાં જેવા લાગે તે જીવને, જ્ઞાની ભગવંતોએ અભવિ યાને અભવ્ય કહ્યો છે.

એટલે પૂજ્યશ્રીને અહીં એમ કહેવું પડ્યું કે, 'ભવિજનને તારે રે.'

'બાંહ્ય ગ્રહી' પદ તાત્ત્વિક હોવા ઉપરાંત વાત્સલ્ય-દર્શી છે.

તમે સામાની બાંહ્ય પકડો એટલે એક જાતની બાંહેધરી તેને આપો છો એ નક્કી થાય છે. અને સામો માણસ પણ તમને સમર્થ સમજીને બાંહ્ય પકડવા દેતો હોય છે.

અત્યંત અસ્થિર અને દુઃખદ ભવસ્થિતિથી ત્રાસેલાને, કંટાળેલાને, વિરક્ત બનેલાને પરમ તારક એવા પ્રભુ બાંહ્ય પકડીને તારે છે. કારણ કે તારવો તે તેમનો સ્વભાવ છે.

મારે ડૂબવું નથી એ નિર્ધાર આપણે કરવાનો છે. પછીનું કામ પ્રભુની તારકશકિત સંભાળી લે છે.

**તપ જપ મોહ મહા તોફાને,**
**નાવ ન ચાલે માને રે, મનમોહન;**
**પણ નવિ ભય મુજ હાથોહાથે,**
**તારે છે તે સાથે રે મન. ૨**

●

**અર્થ :** મોહગર્ભિત તપ–જપ આત્માની નાવને હાલકડોલક કરીને આગળ વધવા દેતા નથી. પણ મને એ ભય નથી. કારણ કે હાથોહાથ તારનાર મારી સાથે છે.

**ભાવાર્થ :** કર્મની નિર્જરા માટે જ તપ–જપ કરનારા આત્માઓને પૌદ્‌ગલિક સુખોની આસકિતમાં ડૂબવાનું રહેતું

નથી. કારણ કે આજ્ઞારૂપી પ્રભુના હાથમાં જ તેમના મનનો હાથ સોંપાએલો હોય છે. તેમના અધ્યવસાયમાં સંસાર કે સ્વર્ગના સુખની જરા જેટલી પણ લિપ્સા હોતી નથી. હોય છે માત્ર આજ્ઞા પાલનની નિષ્ઠા.

રાગ-દ્વેષમય સંસાર-સાગરમાં આત્માનું નાવ ત્યારે જ ચકરાવે ચઢે છે જ્યારે આત્મા પોતે તપજપ કરતો હોવા છતાં એ તપ-જપ પ્રભુની આજ્ઞા અનુસાર નથી કરતો પણ મોહની આજ્ઞા અનુસાર કરે છે. દુન્યવી સુખોની લાલસાથી કરે છે, સ્વર્ગનાં સુખો માટે કરે છે.

આ બધાંજ સુખો ઉછીના લાવેલા અલંકારો જેવાં છે. આત્માને તેનાથી નુકસાન જ થાય છે. કારણ કે તેમાં આત્મિક સુખનો એક અંશ પણ હોતો નથી.

ભવવાસ જેમને ખરેખર દુઃખદ લાગ્યો છે તેવા ભવ્ય આત્માઓને ભવસ્થિતિની શોભા વધારનારાં સુખો દુઃખદ જ લાગે છે.

ભવવાસના કારણરૂપ પાપનો ભય જેમના હૈયે છે તે બધા ખરેખર મહા ભાગ્યશાળી છે.

એટલે જ સ્તવન કર્તા ભગવંત સ્વગત કહે છે કે, હું નિર્ભય છું, કારણ કે મારા મનમાં સંસાર નથી, પણ સંસારથી તારનારા પ્રભુ છે, એ પ્રભુની આજ્ઞા છે, એ આજ્ઞાના વિષયભૂત આત્મા છે.

ગમે ત્યાં રહીને પણ રાષ્ટ્રપતિની આજ્ઞા પાળનારને કોઈ સજા થતી નથી, પણ રાષ્ટ્ર તેને વફાદાર નાગરિક તરીકે સન્માને છે તેમ ગમે ત્યાં રહીને પણ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા પાળનારને કર્મસત્તા સજા કરતી નથી, પરંતુ ધર્મ મહાસત્તા તેને આત્મશુદ્ધિનાં માર્ગે આગળ વધારીને સન્માને છે.

આજ્ઞાનું પાલન એટલે આજ્ઞાકાર ભગવાનના આશયનું પાલન, ભાવનું પાલન, પ્રભુની આજ્ઞાના આશય અને ભાવ ઉભયમાં સર્વ જીવો શાસનરસિક બનીને મોક્ષપદ પામે તે રસ રહેલો છે.

શાસનરસિક જીવ ભવરસિક ન હોય.

શાસનરસિકતા એટલે શાસનપતિને ઈષ્ટ એવી સર્વજીવ હિતવત્સલતા.

જ્યાં–જ્યાં ચૈતન્યનું બહુમાન છે, ત્યાં ત્યાં શાસનપતિનું બહુમાન છે.

તાત્પર્ય કે ભીષણ ભવસાગરથી તરવા માટે, શ્રી જિનાજ્ઞાને સમર્પિત થવું જોઈએ, કારણ કે જેને તરવું જ છે, તેને તારૂને સમર્પિત થવું જ પડે છે.

ડૂબીને મરી જવામાં કોઇ ડહાપણ નથી. તારૂને હાથ સોંપી દઈને તરવામાં જ બુદ્ધિનો વિવેક છે, સદુપયોગ છે.

તારક કદી મારક બનતો નથી.

મારક કદી તારક બનતો નથી.

મોહ મારક છે.

મોહજેતા શ્રી જિનરાજ તારક છે. તેમને સમર્પિત થનારા તર્યા છે, તરે છે અને તરવાના છે તેમાં કોઈ સંદેહ નથી.

**ભક્તને સ્વર્ગ સ્વર્ગથી અધિકું**
**જ્ઞાનીને ફળ દેઇ રે, મનમોહન,**
**કાયા કષ્ટ વિના ફળ લહીએ,**
**મનમાં ધ્યાન ધરેઈ રે મન. ૩**

●

**અર્થ** : ભક્તિનો યથાર્થ હેતુ જાણ્યા વિના ભક્તિ કરનાર ભક્તને વધારેમાં વધારે સ્વર્ગનું સુખ મળે અને ભક્તિ કરવાનો યથાર્થ હેતુ સમજીને જે ભક્તિ કરે છે– એવા જ્ઞાની ભકતને પ્રભુ સ્વર્ગથી અધિક એવું મોક્ષરૂપી ફળ આપે છે.

જો મનથી પ્રભુનું ધ્યાન ધરીએ તો કાયિક કષ્ટ વિના પણ મોક્ષરૂપી ફળ મેળવી શકીએ.

**ભાવાર્થ** : આ ગાથાનો મર્મ વિચારતાં એક મહર્ષિના શબ્દો યાદ આવે છે. તેઓ કહે છે કે–તમારે પૈસા જોઇતા હોય તો બેન્કવાળા પાસે, જાઓ ધંધો જોઈતો હોય તો મોટા વેપારી પાસે જાઓ, સત્તા જોઇતી હોય તો સત્તાધીશ

પાસે જાઓ, પ્રભુ પાસે આવી તુચ્છ માગણીઓ કરીને મંદિરોને દૂષિત ન કરો.

પૂજ્યશ્રીના કહેવાનું તાત્પર્ય પણ એજ છે કે, ભગવાનની ભક્તિ, ભગવાન બનવાના શુદ્ધ આશયપૂર્વક કરો. ભગવાનની સેવા સાથે પુદ્ગલની સેવાને જોડો. પૌદ્ગલિક સુખો માટે ભગવાનની ભકિત કરશો તો એ ભક્તિના ફળરૂપે સ્વર્ગનાં સુખ મળશે, પણ મુક્તિનું પરમ સુખ નહિ મળે.

સ્વર્ગના સુખો તો આ જીવ અનંતીવાર ભોગવી ચુકયો છે, તેમ છતાં તેનાથી ધરાણો નથી એટલે નક્કી થાય છે કે એ સુખો સાચાં નથી. સાચાં હોય તો કાળાંતરે પણ કાચાં ન પડે. પણ એ તો પુણ્ય પૂરું થતાં જ વિદાય થઈ જાય છે. આપણી વિનંતીને પણ ગણકારતો નથી.

વીતરાગ એવા દેવ પાસે ભવરાગના રાગડા તાણવા એ તો વૈદરાજ પાસે દર્દની યાચના કરવા જેવી વિપરીત પ્રવૃત્તિ છે.

માટે જ જ્ઞાનગર્ભિત વૈરાગ્યને પહેલા નંબરનો વૈરાગ્ય કહ્યો છે.

ભવસ્વરૂપની ભયંકરતા અને ધર્મના સ્વરૂપની ભદ્રંકરતા એ બંનેના યથાર્થ જ્ઞાનથી વાસિત હૈયાવાળા ભક્તની ભક્તિમાં ભવ–વિરહ અને મુક્તિ–મિલનની જ પ્રાર્થના ગૂંજતી હોય છે.

કાયા અને વાણીથી થતી પ્રભુભક્તિની સાથે મનનો શુભ અધ્યવસાય એકરૂપ થાય છે, ત્યારે જ તે ભક્તિ–ભવજળ તારિણી બને છે.

મૈત્ર્યાદિભાવ વગરનો તપ એ કાયકષ્ટ છે. જપ એ વાણીવિલાસ છે.

એટલે શાસ્ત્રોમાં સઘળે મનને પહેલું મૂક્યું છે. "મન, વચન, કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડ" કહ્યું છે. 'મણેણં, વાયાએ, કાયેણં" કહ્યું છે, 'મનસા, વાચા, કર્મણા' કહ્યું છે.

આ પ્રકારના પ્રતિપાદનનું ગાંભીર્ય સમજીને પૂજ્યશ્રીએ પણ મનને પ્રભુના ધ્યાનમાં પરોવી રાખવાની વાત પર ભાર મૂક્યો છે.

મનનો જેવો પરિણામ હોય છે, તેવો બંધ આત્માને પડે છે એ શાસ્ત્રવચન અનુસાર આપણે આપણા મનને પરભાવ પરિણત થવા દઈએ તો આપણા આત્માનો સંસાર વધી જાય અને જો સ્વભાવ–પરિણત થવા દઈએ તો આપણો આત્મા ગણત્રીના ભવોમાં પરમાત્મા બની જાય.

આપણી બધી જ ઈચ્છાઓને, પરમાત્મા બનવાની ઈચ્છામાં ઓગાળી દેવા માટે પરમાત્માની ભક્તિ કરવાની છે.

સંસારનાં સુખની ઈચ્છા રાખીને પરમાત્માને ભજીએ તેમાં ભક્તિનું અવમૂલ્યન હોવા ઉપરાંત શ્રી જિનાજ્ઞાનો અપલાપ છે.

કહેવાનું તાત્પર્ય કે સ્વર્ગનાં સુખો માટે ભગવાનની ભક્તિ કરવી એ સોનાની વીંટી વેચીને સડેલી સેવ ખરીદવા જેવી અજ્ઞાન ચેષ્ટા છે.

ભક્તિ તો મુક્તિ માટે જ હોય. મુક્તિના આશય પૂર્વક જ કરવી જોઈએ.

પરાધીન તે દુઃખી, તેમ કર્મવશ જીવ પણ આત્માના સ્વાતન્ત્ર્યને બદલે પારતન્ત્ર્યને જ પુષ્ટ કરે તો વધુ દુઃખી જ થાય.

સંસારના રાગને કાપનારી વીતરાગની ભક્તિ કરવાનો સહુને સુઅવસર મળો! એ અવસર પામીને સહુ મુક્તિ સુખને વરો! બળતા ઘર જેવા સંસારમાંથી સહુ વહેલા-વહેલા મુક્ત થાઓ!

**જે ઉપાય બહુવિધની રચના,**
**યોગમાયા તે જાણો રે, મનમોહન;**
**શુદ્ધ દ્રવ્ય-ગુણ-પરયાય ધ્યાને,**
**શિવ દીએ પ્રભુ સપરાણો રે. મન. ૪**

●

**અર્થ** : અજ્ઞાની જીવો મોક્ષ મેળવવા માટે અનેક પ્રકારના જે ઉપાયો અજમાવે છે, તે બધા મિથ્યા યોગ છે.

આત્માના શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયનું ધ્યાન કરવાની પ્રભુ તે ધ્યાન કરનારને અવશ્ય મોક્ષ આપે છે.

**ભાવાર્થ** : પંચાગ્નિ તપ, જટા–નખ વધારવા, શરીરે ભસ્મ ચોળવી, ઝાડ ઉપર ઉંધે માથે લટકી રહેવું એટલા માત્રથી મોક્ષ મળી જતો નથી.

આ બધા માર્ગો આત્મયોગના સાચા માર્ગો નથી, પણ વિપરીત માર્ગો છે. આ માર્ગો મોક્ષ તરફ લઈ જનારા નથી પણ આત્મ વિડંબનાના માર્ગો છે.

શરીરે ભસ્મ ચોળનારનાં કર્મો બળીને ભસ્મ થઈ ગયાં છે એમ ન માની શકાય, ઈચ્છાઓ બળી ગઈ છે એમ ન સ્વીકારી શકાય.

કર્મોને બાળવા માટે અને ઈચ્છાઓને ઓગાળવા માટે–શુદ્ધ આત્મદ્રવ્ય, તેના જ ગુણો અને પર્યાયોનું ચિંતન–મનન અને ધ્યાન કરવું પડે છે.

આત્મા એ શુદ્ધ દ્રવ્ય છે, તેમાં રહેલા જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ એ તેના ગુણો છે. અને તે ગુણોની ક્રિયા એ તેના પર્યાયો છે.

એ ત્રણેનું જે બહિરાત્મ તજવા તથા પરમાત્મા ભજવારૂપ ભેદનો છેદ કરવાનું ધ્યાન ધરવું તે સહજ સમાધિયોગ કહેવાય છે, તે અભ્યંતર–યોગ છે અને તે મોક્ષને આપનારો થાય છે.

આત્મપરિણતિવાનની નાની પણ ક્રિયા ઘણા કર્મને કાપનારી અને ઉંચા ફળને આપનારી થાય છે તેનું કારણ આ અભ્યંતર યોગ છે.

આત્મા અને પરમાત્મા વચ્ચે ભેદરૂપ મુખ્ય દિવાલ કર્મોની છે. કર્મોની આ દિવાલ તૂટી પડે એટલે આત્મા જ પરમાત્મા છે (બને છે.)

'શિવ દીએ પ્રભુ સપરાણો રે, એ પંક્તિનું રહસ્ય એ છે કે, મન–વચન–કાયાના યોગોને આત્મદ્રવ્યના ગુણોમાં પ્રવર્તાવનાર ભક્ત પરમાત્માનું જ ધ્યાન ધરે છે એવો ભક્ત કદાચ એમ બોલે કે મને તો પરમાત્મ–પદ કરતાંય વધુ વહાલી પરમાત્માની ભક્તિ છે, તો પણ તે ભક્તિ તેને પરાણે પરમાત્મા બનાવે છે, કારણ કે તેમાં શુદ્ધ આત્મદ્રવ્યનું જ ધ્યાન છે. તે ધ્યાનના પરિણામે મુક્તિ જ મળે છે. સામાન્ય રીતે ધર્મની પ્રત્યેક ક્રિયા કર્મોને કાપવા માટે કરવાની છે. અને એ ધર્મક્રિયાથી ચીકણાં કર્મો ત્યારે કપાય છે, કે જ્યારે તે ક્રિયામાં આજ્ઞાપાલનનો પરિણામ હોય છે.

સમ્યગ્જ્ઞાનપૂર્વકની ક્રિયાથી અલ્પ કાળમાં અધિક કર્મો કપાય છે તેનું કારણ પણ એ જ છે કે, તે જ્ઞાન પ્રભુ આજ્ઞાના પાલન સ્વરૂપ સર્વ જીવોના હિતને વિષયભૂત બનાવનારૂં હોય છે.

આ રીતની ભક્તિ, ભવવિનાશિની બને છે. મુક્તિ-દાયિની નીવડે છે.

**પ્રભુપદ વળગ્યા તે રહ્યા તાજા,**
**અળગા અંગ ન સાંજા રે, મનમોહન.**
**વાચક યશ કહે અવર ન ધ્યાઉં,**
**એ પ્રભુના ગુણ ગાઉં રે, મન. ૫**

●

**અર્થ :** મોક્ષપદની પ્રાપ્તિ માટે જેઓએ પ્રભુના ચરણનું અવલંબન લીધું છે તેઓ તાજા રહ્યા છે.

જેઓ પ્રભુથી અળગા થયા છે તેઓનાં આત્મ-વિશુદ્ધિરૂપ એકેય અંગો સાજા રહેતા નથી.

એટલે બીજે ક્યાંય મન પરોવ્યા સિવાય હું તો એક વીતરાગ દેવના જ ગુણ ગાઉં છું એમ શ્રી યશો-વિજયજી ઉપાધ્યાય કહે છે.

**ભાવાર્થ :** પગ પકડી લેવાનું મહત્ત્વ જ અનોખું છે.

નિર્ધન માણસ શ્રીમંતના પગ પકડી લે છે. તો તેના દિલમાં પણ દયા જાગે છે અને તે, તેને આર્થિક ટેકો આપે છે.

ગુરૂના પગ પકડવારૂપ વિનય ગુણ વડે સામાન્ય શિષ્ય, ગુરૂ સમોવડીઓ વિદ્વાન બની રહે છે.

તેમ જે ભક્ત, ભગવાનના પગ પકડી લે છે, તેમની આજ્ઞાને માથે ચઢાવે છે તેના અધ્યવસાય તાજા–પ્રફુલ્લ–નિર્મળ રહે છે.

હવા પાતળી પડતાં માણસને શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં મુશ્કેલી પડે છે, તેમ પ્રભુની આજ્ઞા મુજબના આચરણને છોડી દેનાર માણસના મનના પવિત્ર અધ્યવસાય મૃતપ્રાયઃ બની જાય છે. તેની શુભ લેશ્યા વાદળગ્રસ્ત ચન્દ્રિકા જેવી શ્યામ બની જાય છે.

તાજી હવા સિવાય ફળફળાદિ કોહવા માંડે છે, તેમાંથી દુર્ગંધ છૂટે છે, તેમ આત્મોપયોગ રૂપ તાજી હવા સિવાય મન રાગ–દ્વેષમાં લપટાઈ ને વિષય–કષાયની દુર્ગંધ ફેલાવવા માંડે છે.

અને આત્મોપયોગ, પરમાત્માની ભક્તિની શક્તિ વડે જ પરિણત થાય છે.

ચક્રવર્તીના પગ પકડી લેનારને સામાન્ય રાજાનો કોઈ ભય નથી રહેતો તેમજ એવો રાજા તેનું કશું બગાડી પણ નથી શકતો તેમ શ્રી વીતરાગ પરમાત્માના પગ પકડી લેનારને સંસાર કશું નથી કરી શકતો.

રાગનું પિયર સંસાર છે.

વીતરાગનું પિયર મોક્ષ છે.

એટલે વીતરાગના રાગીને સંસાર સંઘરી શકતો જ નથી.

સંસાર તો પુદ્ગલના રાગીને જ સંઘરે છે.

એટલે શ્રી વીતરાગ પરમાત્માના ચરણ છોડીને, અન્ય કોઈ દેવના ચરણ પકડવાની વાત મને મુદ્દલ ગમતી નથી એમ સ્તવનકર્તા ભગવંત કહે છે.

તાત્પર્ય કે સંસારરૂપી સમુદ્રથી પાર થવા માટે પરમ તારક શ્રી જિનેશ્વરદેવની ભક્તિમાં આપણી સમગ્રતાને જોડી દેવી જોઈએ. તેમાં કોઈ ભેદ ન રાખવો જોઈએ. કોઈ આંતરો ન રાખવો જોઈએ, પણ સો ટચનું સમર્પણ કરવું જોઈએ.

●

# ૧૯. શ્રી મલ્લીનાથ સ્વામીનું સ્તવન

તુજ મુજ રીઝની રીઝ,
અટપટ એહ ખરીરી;
લટપટ નાવે કામ,
ખટપટ ભાંજ પરીરી. ૧

●

અર્થ : હે જિનેશ્વરદેવ ! તારી અને મારી રીઝનો મેળ થવો એ ખરેખર મુશ્કેલ વાત છે. એમાં ખુશામત કામ આવતી નથી. માટે આપ આ ખટપટને ભાંગી નાખો.

ભાવાર્થ : શેઠ, સોદાગર અને રાજા–મહારાજાઓને રીઝવવાના, ખુશ કરવાના જે સઘળા પ્રકારો છે, તેમાંનો કોઈ પ્રકાર પરમાત્માને રીઝવવામાં કામ આવતો નથી.

જો કે 'ખુશામત ખુદા કો પ્યારી', એવી એક લોકોક્તિ છે ખરી, પણ તે લૌકિક માણસોને ખુશ કરવાના સંદર્ભમાં રચાએલી છે એટલે તેને આધારભૂત ન માની શકાય.

સાચા ભક્તની એક માત્ર ઇચ્છા ભગવાનને પ્રસન્ન કરવાની હોય છે. પણ ભગવાનને રીઝવવાનું કામ ખરેખર મુશ્કેલ છે કારણ કે ભગવાન, ઉપર–ઉપરની સ્થૂલ ભક્તિથી રીઝતા નથી. વાણી વિલાસરૂપ પ્રશંસાથી પણ રીઝતા નથી.

ભગવાનને રીઝવવા માટે તો હૃદયની ભક્તિ જોઈએ.

શ્રી ગૌતમસ્વામીજી પર ભગવાન ક્યારે રીઝ્યા? જ્યારે તેમની સમગ્રતા પ્રભુના વિરહની વ્યથા વડે રંગાઈ ગઈ. તેમનું હૃદય વીતરાગતાના રાગ વડે રંગાઈ ગયું ત્યારે.

કોઈ એમ માનતું હોય કે ઊંચામાં ઊંચી જાતનાં કેવળ દ્રવ્યો વડે ભક્તિ કરવાથી ભગવાન રીઝે છે, તો તે વાત ખોટી છે.

દ્રવ્યની સાથે ભાવ ભળે છે ત્યારે જ ભક્તિ સજીવ બને છે. ભાવ વગરની ભક્તિ નિર્જીવ છે. તેનાથી જીવનું એકાંતે કલ્યાણ થતું નથી.

પૂ. શ્રી સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરજીએ પણ કલ્યાણ મંદિર સ્તોત્રની ૩૮ મી ગાથામાં ગાયું છે કે,

(આકર્ણિતોઽપિ, મહિતોઽપિ, નિરીક્ષિતોઽપિ,
નૂનં ન ચેતસિ મયા વિધૃતોઽસિ ભક્ત્યા,
જાતોઽસ્મિ તેન જનબાંધવ! દુઃખપાત્રં,
યસ્માત્ ક્રિયાઃ પ્રતિ ફલંતિ ન ભાવશૂન્યાઃ ॥)

આ શ્લોકનું તાત્પર્ય એ જ છે કે–ભાવ વગરની ક્રિયા ફળતી નથી.

એટલે સઘળા બાહ્ય પ્રયત્નો, ચાલાકીઓ તેમજ ખુશામત વગેરે પ્રભુને રીઝવવામાં નિષ્ફળ જાય છે.

ત્રણ જગતના નાથની કૃપાને પાત્ર બનવું એ કામ બે હાથે સમુદ્ર તરવા કરતાં પણ અઘરૂં છે.

એટલે પૂ. ઉપાધ્યાયજી જેવા સમર્થ પ્રભુભક્તને પણ પ્રભુને અરજ કરવી પડી કે, મારી કક્ષા તરફ જોયા સિવાય આપ મારા ઉપર પ્રસન્ન થાઓ! મારા અવગુણ તરફ ન જોશો. પણ આપના તારકપણાના બિરૂદની સામે જોજો.

પ્રભુ કૃપાના અચિન્ત્ય સામર્થ્યનું તાત્ત્વિક નિરૂપણ આ ગાથામાં છે.

ભક્તાત્માનો પરમાત્મભાવ માટેનો તલસાટ કેવો હોય તે પણ આ ગાથા બતાવે છે.

**મલ્લીનાથ તુજ રીઝ,**
**જન રીઝે ન હુએરી;**
**દોય રીઝણનો ઉપાય,**
**સામું કાં ન જુએરી? ૨**

●

**અર્થ :** હે મલ્લીનાથ પ્રભુ! લોકો રીઝે એટલા માત્રથી આપ રીઝતા નથી. પણ આપ અને લોકો બંને રીઝે એવો એક ઉપાય છે અને તે એ કે આપ મારા સામે જુઓ!

**ભાવાર્થ :** ભગવાનની ભક્તિને મુક્તિનું બીજ કહેનારા આ ભક્તવરની ભક્તિને લાખ-લાખ વંદન કરવા છતાં ય મન ન ધરાય એવું ઉત્તમ ભક્તિ રસાયણ આ ગાથામાં છે.

બસ, માગણી એક જ છે. આપ મારી સામે જુઓ ! ‘નેક નજર કરી નિહાળો નાથ ! ઈચ્છું છું એક આપની કૃપાનો સાથ !’

લોકો રીઝે એટલે એકાએક એમ ન માની લેવું કે પ્રભુ મારા ઉપર રીઝયા છે.

લોકો આપણા ઉપર રાજી હોય ત્યારે પણ આપણે આપણા હૈયાને ઢંઢોળીને પૂછવું જોઈએ કે, તેં શી રીતે માની લીધું કે પ્રભુ મારા ઉપર રાજી છે. શું પ્રભુની સકળજીવહિત વત્સલતા તને ખરેખર વહાલી છે ? તારા ધબકારામાં પ્રભુના ગુણોનું સંગીત ધબકે છે, કે રાગ–દ્વેષના વિચારો ?

લોકો રાજી છે એટલે પ્રભુ રાજી હોય જ, એ ભ્રમને ભાગવા માટે આવી ચકાસણી જરૂરી છે.

પણ જે ભકતાત્મા પર પ્રભુ રીઝે એના તરફ લોકો રીઝે તે વાત સાચી છે.

પણ પ્રભુને રીઝવવા શી રીતે ?

પ્રભુને રીઝવવાનો એક જ ઉપાય છે અને તે છે સાચી ભકિત.

આવી ભકિતમાંથી એક વિશ્વાસ જન્મે છે. જે પ્રભુને વિનવી શકે છે કે, સાહેબ ! કૃપાદૃષ્ટિની કૃપા કરો.

અને એ જ વિશ્વાસનો રણકો આ ગાથાની છેલ્લી પંકિતના છેલ્લા પદમાં છે.

દુનિયાના મોટા ભાગના જીવો દુન્યવી દૃષ્ટિએ જ જીવતા હોય છે એટલે તેઓ પોતાના ક્ષેત્રમાં મોટા ગણાતા માણસની કૃપા મેળવવા મથતા રહે છે.

સામાન્ય દુકાનદાર, મોટા વેપારીની કૃપા ઈચ્છે છે.

સામાન્ય કળાકાર, મોટા કળાકારની કૃપા ઇચ્છે છે.

સામાન્ય ગાયક, મોટા ગાયકની કૃપા ઇચ્છે છે.

સામાન્ય શિક્ષક, આચાર્યની કૃપા ઇચ્છે છે.

કારકુન, મંત્રીની કૃપા ઇચ્છે છે.

પણ વિચારવાનું એ છે કે, આમ વર્તવાથી જે કાંઈ આપણને મળે, તેનાથી આપણા આત્માના ગુણો વિકસે છે કે નહિ ?

મૂળ લક્ષ્ય આત્મિક ગુણોના વિકાસ ઉપર જ કેન્દ્રીભૂત કરવાનો માર્મિક બોધ આ ગાથામાં રહેલો છે.

અને પરમગુણસંપન્ન પરમાત્માને ભાવથી ભજવાથી આત્માના બધા ગુણો–સૂર્યકિરણના સ્પર્શે ખીલતા કમળની જેમ–ખીલવા માંડે છે.

વળી રીઝનારા લોકો ક્યારે ખીજે તે કહી શકાય નહિ. લોકો રીઝે તો હાર પહેરાવે અને ખીજે તો ખાસડાં મારે એ સર્વવિદિત છે.

માટે વીતરાગ પરમાત્માની કૃપાને પાત્ર બનાવનારી હાર્દિક ભક્તિ વડે જીવનને સમૃદ્ધ બનાવવું તે જ સારભૂત છે.

**દુરારાધ્ય છે લોક,**
**સહુને સમ ન શશીરી;**
**એક દૂહવાએ ગાઢ,**
**એક જો બોલે હસી રી. ૩**

●

**અર્થ :** લોકો મુશ્કેલીથી વશ થઈ શકે એવા છે. કેમકે સહુને ચન્દ્રમા સમાન હોતો નથી. તેથી એક હસીને બોલે છે, તો બીજો અત્યંત નારાજ થાય છે.

**ભાવાર્થ :** લોકોને રીઝવવામાં પણ કેટકેટલી મુશ્કેલીઓ રહેલી છે, તેનું માર્મિક વર્ણન આ ગાથામાં છે.

જેઓ પરવશ છે, ચંચળ છે, અસ્થિર છે, કામક્રોધાદિથી વાસિત છે, તેમને ખુશ કરવા માટે ઉત્તમ માનવભવ ખર્ચી નાખવો એ રત્ન સાટે કાગળનું ફૂલ ખરીદ કરવા જેવો ખોટનો સોદો છે.

અને કદાચ આપણે પાંચ–સાત માણસોને મહામુશ્કેલીએ રીઝવીએ એટલે બાકીના બધા રાજી થઈ જાય એવો નિયમ નથી.

કેટલાકની જન્મકુંડળીમાં ચન્દ્ર એવા ઘરમાં બેઠો હોય છે કે એક મિનિટ માટે પણ પ્રેમથી સાથે નથી બેસી શકતા, એક બીજાને જોઈને એક બીજા ઘુરકિયાં કરતા હોય છે, એક બીજાની વાતનું તત્કાલ ખંડન કરવા માટે ટાંપીને બેઠા હોય છે.

આવા માણસોને અનુલક્ષીને વ્યવહારમાં એમ કહેવાય છે કે, 'બંનેને બારમો ચન્દ્રમા છે'. તેનો અર્થ એ કે બંને વચ્ચે સુમેળ શક્ય નથી.

લોકપ્રવાહને જ્ઞાની ભગવંતોએ અપ્તરંગી કહ્યો છે તે સાચું છે.

લોકરંજન કરતા નટ જેવું જીવન તો આ જીવે અનંત સંસારમાં અનંતી વાર ગ્રહણ કર્યું, તેમ છતાં તેનો નિસ્તાર ન થયો એ હકીકત એમ જણાવે છે કે લોકનાથને રાજી કરવામાં જ જીવનો જય–વારો છે.

સંસારને સલામ કરનારો, ભોગોપભોગમાં રચ્યો રહેનારો, સ્વાર્થની સેવા કરનારો, પાપથી નહિ ડરનારો, અહંકારને માથે ધરનારો આત્મા, પરમાત્મામાં તન્મય બની શકતો નથી. પ્રભુની આજ્ઞાના પાલન માટે જરૂરી આત્મ-વીર્ય ફોરવી શકતો નથી.

જેટલા અસ્થાયી ભાવો છે તે પૈકી તેમાંનો એક પણ ભાવ આત્માના ગુણરૂપ નથી, પણ આત્માના શુદ્ધ ભાવના શત્રુરૂપ છે. તે બધાને આત્માના ઘરમાં સાચવીશું, ત્યાં સુધી પરમાત્માની કૃપાથી વંચિત રહીશું, ભવરણમાં ભટકતા રહીશું.

તાત્પર્ય કે પ્રભુની આજ્ઞાને સમર્પિત થવાનો જીવંત ભક્તિભાવ કેળવવામાં પ્રભુને રીઝવવાનું સામર્થ્ય છે.

**લોક લોકોત્તર વાત,**
**રીઝ છે દોય જૂઈરી;**
**તાત ચક્ર ધુર પૂજ્ય,**
**ચિંતા એહ હુઇરી. ૪**

●

**અર્થ :** લોક–રીઝ અને લોકોત્તર–રીઝ એ બંને જુદી–જુદી છે.

આ જ કારણથી ભરત ચક્રવર્તીને પ્રથમ તાત પૂજ્ય કે ચક્ર ? એવી ચિંતા થઈ હતી.

**ભાવાર્થ :** એકદા ભરત ચક્રવર્તીને સમકાળે બે વધામણી મળી.

(૧) પોતાના સંસારીપણાના પિતા શ્રી ઋષભદેવ સ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તેની.

(૨) પોતાની આયુધ શાળામાં ચક્રરત્ન પ્રગટ થયું તેની.

એક જ સમયે મળેલી આ બે વધામણીથી ચક્રવર્તી મુંઝાઈ ગયા. તેમને થયું કે પહેલાં કોનું બહુમાન કરૂં ? કેવળજ્ઞાનનું કે ચક્રરત્નનું ?

આ મુંઝવણનું કારણ એ હતું કે પહેલાં ચક્રરત્નનું બહુમાન નહિ કરૂં તો મારી પ્રજા મને વેવલો કહીને મારી નિંદા કરશે.

અને જો કેવળજ્ઞાન અને કેવળજ્ઞાની ભગવંતનું પૂજન નહિ કરૂં તો મારૂં આત્માર્થીપણું કલંકિત થશે.

આવી ચિંતામાં ઘેરાએલા ચક્રવર્તીના ચિત્તમાં સદ્-વિચારનો પ્રકાશ થયો, એ પ્રકાશમાં તેમણે જોયું કે ચક્રરત્નનું પહેલું પૂજન કોઈ પણ રીતે ઇષ્ટ નથી. આ ચક્ર મને છ ખંડ ધરતીનો સ્વામી બનાવી શકશે, પણ તેનાથી મારા આત્માનું કલ્યાણ થશે જ એમ નિશ્ચિતપણે ન કહી શકાય કારણ કે અનેક ચક્રવર્તીઓ દુર્ગતિમાં ગયા છે.

જ્યારે કેવળજ્ઞાન અને કેવળજ્ઞાની ભગવંતનું પૂજન-બહુમાન તો આત્મા માટે નિતાંત કલ્યાણકારી છે.

એટલે પહેલાં ચક્રરત્નનું બહુમાન કરીને લોકોને રીઝવવાનો વિચાર તેમણે છોડી દીધો. અને તરત વાજતે-ગાજતે અપૂર્વ ઉલ્લાસપૂર્વક કેવળજ્ઞાનના બહુમાન અર્થે, શ્રી ઋષભદેવ સ્વામી પાસે જઈ પહોંચ્યા.

દરેક માનવીના જીવનમાં આવાં ધર્મસંકટ આવે છે. તે સમયે ચોક્કસ નિર્ણય લેવામાં ભલભલા મતિમાન પણ મુંઝાઈ જાય છે.

આવા પ્રસંગોએ ભરત મહારાજાની જેમ, જેઓ આત્મલક્ષ્મીના પક્ષકાર બને છે તેઓ પોતાનું જીવન સાર્થક કરે છે તેમજ જગતમાં શ્રી જિનાજ્ઞાનું મહત્ત્વ વધારવાનું સત્કાર્ય કરી જાય છે.

તાત્પર્ય કે લોકને પ્રસન્ન કરવાના માર્ગ કરતાં લોકોત્તર પરમાત્માને રીઝવવાનો માર્ગ સર્વથા નિરાળો છે.

'જગત રૂઠે તો રૂઠન દે,
મુઝે હૈ કામ ઈશ્વર સે.'

આ પંક્તિમાંનો ભાવ, ભવને કાપવાની શક્તિ ધરાવે છે.

મોટા એવા માલિક રીઝેલા છે તો છોટા એવા લોકો રીઝેલા જ છે એમાં કોઈ સંશય નથી.

**રીઝવવો એક સાંઈ,**
**લોક તે વાત કરે રી;**
**શ્રી નયવિજય સુશિષ્ય,**
**એહી જ ચિત્ત ધરે રી. ૫.**

●

**અર્થ :** માટે મારે પણ પ્રભુને જ રીઝવવા છે. લોક ભલે ઠીક લાગે તેવી વાતો કરે. આજ મારો નિશ્ચય છે. એમ પૂ. શ્રી નયવિજયજીના સુશિષ્ય (પૂ. ઉપા. શ્રી યશોવિજયજી) કહે છે.

**ભાવાર્થ :** લોકહેરીનો ત્યાગ કરવા ઉપર શાસ્ત્રકાર મહર્ષિઓએ પૂરતો જે ભાર મૂક્યો છે, તેનો જ પુનરુચ્ચાર પૂજ્યપાદે આ ગાથામાં કર્યો છે.

લોકમાં રહેલા મોટા ભાગના જીવો અજ્ઞાનને વશ થએલા હોય છે. મોહની આજ્ઞા મુજબ જીવતા હોય છે. આત્માને નહિ દુભવવાના સત્યના સ્પર્શથી ખૂબ વેગળા હોય છે. રમકડાંની દુનિયામાં રાચતા બાળકની જેમ બાહ્ય

પરિગ્રહાદિમાં રાચનારા હોય છે. જડ વસ્તુઓના વખાણમાં જ તેમને રસ પડે છે. પુદ્ગલના આનંદથી ચઢીઆતા કોઈ આનંદની તેમને કલ્પના પણ આવતી નથી.

એટલે આવા લોકનું રંજન કરવા જઈએ, તો આત્માના ગુણોનું લીલામ થઈ જાય. સંસારના પથરા પર પછડાઈને ભાવ–દેહ જર્જરિત થઈ જાય.

મતલબ કે પાણી વલોવવાથી માખણ ન નીકળે તેમ લોક રંજનથી પરમાત્મા રંજિત ન જ થાય.

એક સાંઈને જ–પરમાત્માને જ રીઝવવા માટે તો, પરમાત્માની આજ્ઞાને સમર્પિત થવું પડે. આ સમર્પણ બીનશરતી હોવું જોઈએ. અંતરના ઉમળકાપૂર્વકનું હોવું જોઈએ. ભવનિર્વેદજન્ય હોવું જોઈએ.

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાના બહુમાનમાં શ્રી જિનેશ્વરદેવનું બહુમાન છે. આજ્ઞા મુજબનું શુદ્ધ આચરણ એ શ્રી જિનેશ્વરદેવના ચરણ પકડવા બરાબર છે.

આજ્ઞા પાલનની આત્મામાં સ્થાપના થાય છે, એટલે આત્માથી અભિન્ન એવા પરમાત્માની કૃપા વરસવા લાગે છે.

મૈત્રી વગરનું મન, દયા વગરનું હૃદય, વિવેક વગરની બુદ્ધિ આત્માને પરમાત્માની કૃપાથી વંચિત રાખે છે. પરમાત્માની ભક્તિમાં એકતાન થવા દેતાં નથી. પણ સંસારનું સાન વધારવાની ચેષ્ટાઓ કરે છે.

શ્રી વીતરાગ પરમાત્માના ગુણોની ગંગામાં અહર્નિશ ચઢતે પરિણામે સ્નાન કરતા રહેવાથી આત્માને જે તૃપ્તિ થાય છે તે જ વીતરાગ પ્રત્યેના વહાલનું પ્રમાણ છે.

શ્રી વીતરાગને પ્રિયતમ માનીને પૂજનારો તેમજ ભજનારો જતે દિવસે વીતરાગ તુલ્ય બની જાય છે, તે જ શ્રી વીતરાગની કૃપાનું ફળ છે.

સાચા ત્યાગ અને વૈરાગ્યમાં શ્રી વીતરાગની કૃપા સમાએલી છે.

શ્રી વીતરાગમાં જેમનું મન મળી ગયું છે, દિલ ભળી ગયું છે તેમને ધન્ય છે.

લોકહેરીનો ત્યાગ કરનારા અને પ્રભુ–આજ્ઞાનો આદર કરનારા જ પ્રભુને રાજી કરીને મુક્તિ સુખ મેળવે છે.

## ૨૦. શ્રી મુનિસુવ્રત સ્વામીનું સ્તવન

મુનિસુવ્રત જિન વંદતાં,
અતિ ઉલ્લસિત તન-મન થાય રે;
વદન અનોપમ નિરખતાં,
મારાં ભવભવનાં દુઃખ જાય રે.
મારાં ભવભવનાં દુઃખ જાય.
જગતગુરૂ જાગતો સુખકંદ રે,
સુખકંદ અમંદ આણંદ;
પરમગુરૂ દીપતો સુખકંદ રે. ૧

●

**અર્થ** : શ્રી મુનિસુવ્રત જિનેશ્વરદેવને વંદન કરવાથી તન અને મન હર્ષથી ઉભરાઈ જાય છે. પ્રભુના અનુપમ વદનને નિરખતાં મારા ઘણાં ભવોનાં સંચિત કર્મો દૂર થાય છે.

જેમના દર્શનથી મારા ભવોભવનાં દુઃખો દૂર થાય છે તે પ્રભુ સુખના કંદ છે, પરમ આનંદસ્વરૂપ છે. પરમ ગુરૂ પદે દીપી રહ્યા છે.

**ભાવાર્થ** : કોઈ જાતના અવરોધ સિવાય, કોઈ રાષ્ટ્રના વડાને મળવાનું કામ પણ સહેલું નથી. તો પછી

ત્રિજગપતિ શ્રી જિનેશ્વરદેવને વંદન કરવાનો જોગ તો મહા-પુણ્યના ઉદયે જ થાય તે સ્વાભાવિક છે.

આવા પ્રભુના દરબારમાં જઈ ને વિધિ–બહુમાનપૂર્વક વંદન કરવાથી આખા શરીરમાં હર્ષની લહેર અને મનમાં પ્રસન્નતા છવાઈ જવાં જોઈએ.

સાંસારિક કાર્યોમાં રસપૂર્વક ભાગ લેનારા માણસો માટે તો પ્રભુદર્શન વિશેષ ઉપયોગી તેમજ ઉપકારક છે. કારણ કે એ રીતે તેઓ પોતાના આત્માને સત્પ્રવૃત્તિમાં ઉત્સાહવાળો બનાવી શકે છે. સંસાર–રસિકતા ઉપર વિજય મેળવવા માટે જરૂરી આત્મબળ ખીલવી શકે છે.

જ્યારે આત્માર્થીઓ તો પ્રભુમુખદર્શન સિવાય રહી શકતા જ નથી. અનુપમ એ વદનચન્દ્રના દર્શનથી તેમના મનની કાળાશ દૂર થાય છે તેમજ અંતરાત્મામાં પરમાત્મ-ભાવની પ્રતિષ્ઠા કરવામાં ભાગ્યશાળી બને છે.

પ્રભુનું વદન અનુપમ છે, પરમ દર્શનીય છે. તેનું કારણ એ છે કે એ નિર્મળ વદન પર પરમાત્મભાવની સુદૃઢ છાપ છે. પરમ સમતાયોગની મહોર છે. વીતરાગતાનું તેજ છે.

પુણ્યશાળીનું મુખ જોનારાનો દિવસ પણ સારો જાય છે તો પછી પુણ્યના સાગરો જેમના પગ પખાળે છે, તે પરમ સૌભાગ્યવંતા શ્રી જિનેશ્વરદેવના વદનચન્દ્રના દર્શન કરનારા પુણ્યશાળીનો દિવસ તો દિવાળી જેવો જાય તેમાં

કોઈ જ શંકા નથી. એટલે જ કહેવાયું છે કે; 'મારે દિવાળી થઈ આજ, પ્રભુમુખ જોવાને.'

પૂજ્યપાદે શ્રી જિનેશ્વરદેવને સુખના કંદ કહીને સાચા સુખના અર્થી માત્રને સાચી દિશા બતાવી છે.

આવા પરમાનંદી પ્રભુને વંદન કરવાની ધન્ય ક્ષણે ભવ્ય આત્માઓ હર્ષઘેલા બની જાય છે તે તદ્દન સ્વાભાવિક છે.

પ્રભુને જગગુરૂ કહીને પૂજ્યવરે એ સત્ય તરફ આપણું ધ્યાન દોર્યું છે કે ભીષણ ભવ-વાટમાં ભૂલા પડેલા જીવોને મોક્ષમાર્ગ બતાવનારા શ્રી જિનેશ્વરદેવ છે. તેમનો આ ઉપકાર ઘણો જ મોટો છે. એક ભોમિયો પણ સાચો રસ્તો બતાવે છે તો માર્ગ ભૂલેલો માણસ તેનો ઉપકાર માને છે, તો મહા સાર્થવાહ એવા શ્રી જિનેશ્વરદેવના ઉપકારનું એક ક્ષણ માટે પણ વિસ્મરણ વિવેકી આત્માઓથી કેવી રીતે થઈ શકે ?

સ્વ-ગુણ વડે ગૌરવવંતા શ્રી જિનેશ્વરદેવને ભાવથી ભજવામાં રહેતી કચાશ માણસને જ્યારે ખટકે છે, ત્યારે જ તે પાપ કરતાં અટકે છે અને આત્મગુણી બનવા કૃત-નિશ્ચયી બને છે.

નિશદિન સૂતાં જાગતાં,
હઈડાથી ન રહે દૂર રે;
જબ ઉપકાર સંભારીએ,
તવ ઉપજે આનંદપૂર રે. ત. જ. સુ. ૨

**અર્થ** : એ પ્રભુ રાત–દિવસ, સૂતાં–જાગતાં પણ હૃદયથી દૂર થતા નથી. અને જ્યારે એ પ્રભુના ઉપકારો યાદ કરૂં છું. ત્યારે અત્યંત આનંદ પ્રકટ થાય છે.

**ભાવાર્થ** : નિષ્કારણ કરૂણાસિંધુ શ્રી તીર્થંકર પરમાત્માના અસીમ ઉપકારોથી વાસિત હૈયાના આ ઉદ્ગારો આગળ મસ્તક ઝૂકી જાય છે.

જો જગતમાં શ્રી તીર્થંકર પરમાત્મા થાય નહિ, તો કોઈ જીવ મોક્ષે જાય નહિ, એ શાસ્ત્ર–સત્યમાં સો ટચની શ્રદ્ધા ધરાવનારા અનેક મહાત્માઓ આજે ય વિદ્યમાન છે. અને તેમાંના કેટલાક એ સત્યને અસ્થિમજ્જાવત્ બનાવવા માટે પ્રયત્નશીલ હોવા બાબતમાં ય સંદેહ નથી. પણ આ મહર્ષિએ તો ઉત્કૃષ્ટ પ્રકારના ભક્તિયોગ દ્વારા એ સત્યને જીવન બનાવી દીધાની ખામી તેમના આ ઉદ્ગારો કરાવે છે.

હાડોહાડ લાગી ગએલો ક્રોધ માણસને તત્કાલ બદસુરત બનાવી દે છે તેમ લોહીના કણેકણમાં ઓતપ્રોત થઈ ગએલો ઉપકાર પણ માણસને ખુબસુરત બનાવ્યા સિવાય રહેતો નથી.

સ્વયં શ્રુતદેવતા પણ જે ઉપકારોનું પૂરૂં વર્ણન કરી શકે તેમ નથી એટલા અસીમ ઉપકારો, શ્રી તીર્થંકર પરમાત્માના છે.

જીવના જીવત્વનું દર્શન તેમણે કરાવ્યું.

જીવને, જડના સંયોગમાંથી છૂટો પાડવાના ઉપાયો તેમણે દર્શાવ્યા.

જીવની મુક્તિનો મહા શંખનાદ તેમણે કર્યો.

સર્વ જીવોની દયા ચિંતવીને જગતમાં દયાની ગંગા તેમણે વહાવી.

જીવોને તારનારૂં તીર્થ તેમણે સ્થાપ્યું.

શ્રમણપ્રધાન ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના તેમણે કરી.

"ઉપયોગ એ જીવનું લક્ષણ છે" એ સૂત્ર તેમણે આપ્યું.

પરભાવ છોડો, સ્વભાવ સાથે મન જોડો. એ હિત-વચન તેમણે પ્રકાશ્યું.

સંસાર–સાગરમાં ડૂબતા જીવોને તારનારાં હજારો જહાજો તેમણે તરતાં મૂકચાં.

ગણ્યા ગણાય નહિ એટલા ઉપકારો શ્રી તીર્થંકરદેવના છે.

આ ઉપકારો જેના હૈયામાં વસી જાય છે, તે કૃતજ્ઞી આત્મા, શ્વાસ ન અટકે ત્યાં સુધી તે ઉપકારીઓને યાદ કર્યા સિવાય રહી શકતો નથી.

નહાતાં–ધોતાં, ખાતાં–પીતાં, બેસતાં–ઊઠતાં અથવા જ્યાં પણ શ્વાસ લઈ શકાતો હોય, ત્યાં–ત્યાં બધે પરમાત્મા પહેલા યાદ આવે, તો આપણા મંગળને કોઈ અટકાવી શકે નહિ.

જેને પોતાનું મંગળ વહાલું છે તેને પરમ મંગલકારી પ્રભુના ઉપકારોની વિસ્મૃતિ અસહ્ય પીડાકારી થવી જ જોઈએ.

પાણીના વિયોગે માછલું તરફડે તેમ પ્રભુના ઉપકારની ગંગામાંથી બહાર ફેંકાઈ ગએલા આપણા મનરૂપી માછલાને પણ તેવો જ તરફડાટ થતો હોય તો સમજવું કે આપણે મહા ભાગ્યશાળી છીએ.

ભૂલાઈ ગએલી વાત યાદ આવે છે તો પણ માણસ રાજીનો રેડ થઈ જાય છે, તો પછી પ્રભુના ઉપકારો સંભારતાં, પૂજ્યપાદ જેવા મહાભક્તને અનહદ આનંદ ઉપજે તેમાં કોઈ સંદેહ નથી.

આત્મસાખે આ હકીકત જણાવીને પૂજ્યશ્રી આપણને એ કહી રહ્યા છે કે, શ્રી જિનેશ્વર દેવને તમારા હૃદયના હૃદયેશ્વર બનાવો !

ગમે ત્યાંથી કાપવા છતાં સુખડ સુવાસ જ આપે છે, તેમ હર હાલતમાં આપણો ઉપયોગ પ્રભુના ઉપકારોમાં રહેવો જોઈએ, પ્રભુના ગુણોમાં રહેવો જોઈએ, પ્રભુના નામમાં રહેવો જોઈએ, પ્રભુની આજ્ઞામાં રહેવો જોઈએ.

સાગરમાં પાણી જ પાણી તેમ મુજ હૈયામાં પ્રભુ પ્રીત સમાણી, એ જ છે સાચી કમાણી.

**પ્રભુ ઉપકાર-ગુણે ભર્યા,**
**મન અવગુણ એક ન સમાય રે;**
**ગુણ ગુણ અનુબંધી હુઆ,**
**તે તો અક્ષયભાવ કહાય રે. તે. જ. સુ. ૩**

●

**અર્થ :** પ્રભુ ઉપકાર ગુણથી ભરેલા છે, તેથી તેમના મનમાં એક પણ અવગુણ સ્થાન મેળવી શકે તેમ નથી. અને એ ગુણો, અન્ય ગુણની પરંપરાને મેળવી આપે તેવા અનુબંધવાળા છે. તે બધા ક્ષાયિકભાવવાળા જ કહેવા યોગ્ય છે.

**ભાવાર્થ :** કારણ સિવાય એટલે સ્વભાવવશ જ ઉપકાર કરનારા પરમોપકારી પ્રભુના મનમાં ઉપકારકગુણ પરમ પ્રકર્ષને પામેલો હોઇને તે મનમાં કોઈ અવગુણને જગ્યા મળતી નથી.

પૂરા ખીલેલા પુષ્પમાં સુગંધ જ હોય છે, તેમાં દુર્ગંધને દાખલ થવા માટે જગ્યા મળતી નથી. તે જ રીતે પરમોપકારી પ્રભુમાં કોઈ અવગુણ દાખલ થઈ શકતો નથી.

ઉપકારક જે ગુણો પ્રભુમાં છે તેની ગણના કરવાથી, સ્તવના કરવાથી, અનુમોદના કરવાથી, ચિંતવના કરવાથી અવગુણી પણ ગુણવાન બને છે. ગુણવાન અધિક ગુણ સમૃદ્ધ બને છે.

ગુણીના ગુણના ગુણગાનથી અનુબંધ પણ ગુણનો જ પડે છે.

અવગુણના સેવનરૂપ પાપનો બંધ જીવ માટે જેટલો જોખમી છે તેના કરતાં તે પાપનો અનુબંધ વધારે જોખમી છે. શાસ્ત્રકારોએ તેને વિષના વઘારની ઉપમા આપી છે તે યથાર્થ છે.

તે જ રીતે સદ્‌ગુણ સેવનરૂપ પુણ્યનો બંધ જીવને જેટલો હિતકારી છે તેના કરતાં તેનો અનુબંધ અધિક હિતકારી છે, કારણ કે તે જીવને અમર બનાવે છે. અમર બનાવવામાં પરમ સહાયક બને છે.

પોતે સેવેલા અધર્મને વખાણવાથી, વારંવાર તેને યાદ કરીને રાજી થવાથી આત્માનું જેટલું અહિત થાય છે, તેટલું પોતે સેવેલા અધર્મના કેવળ બંધથી નથી થતું. અધર્મને ઘુંટવાનો ન હોય, પણ દુષ્કૃતની ગર્હા વડે પાતળો પાડીને નાબૂદ કરવાનો હોય. ગુણને ઘુંટવાનો હોય છે અને તેની અનુમોદના દ્વારા તેને દૃઢ કરવાનો હોય છે. તેમાં એકાંત આત્મકલ્યાણ છે.

આ ગાથામાં પૂજ્યપાદ મહર્ષિએ પ્રથમ ક્ષાયિક સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવ્યું છે અને પછી એ ગુણને પામેલો જીવ ક્ષપક શ્રેણિ માંડે અને તે વડે અક્ષય ગુણોને ઉપાર્જન કરતો—કરતો, અંતે અક્ષય પદને પામે એ ભાવ બતાવ્યો છે.

પણ આત્માના અક્ષય ગુણોને પામવાની મૂળ ચાવી તો અક્ષયગુણનિધિ શ્રી જિનેશ્વરદેવના અસીમ ઉપકારોના સ્મરણ અને મનન વડે પોતાના મન, બુદ્ધિ અને હૃદયને સતત વાસિત કરવામાં રહેલી છે.

અબરખ, પીપર આદિ પદાર્થોને વિધિપૂર્વક જેમ જેમ વધુ પુટ અપાય છે તેમ તેમ તેની ગુણકારકતા અધિક ખીલે છે, તેમ આત્માને પરમાત્માના ગુણોના સતત પુટ આપવાથી તેના અક્ષય ગુણો પણ પૂર્ણ સ્વરૂપે ખીલવા માંડે છે.

**અક્ષય પદ દીએ પ્રેમ જે,**
**પ્રભુનું તે અનુભવ રૂપ રે;**
**અક્ષર સ્વર ગોચર નહિ,**
**એ તો અકળ અમાપ્પ અરૂપ રે. એ. જ. સ. ૪**

●

**અર્થ :** પ્રભુ ઉપર જે પ્રેમ કરવામાં આવે છે, તે પ્રેમ અક્ષય પદને આપે છે, કે જે અક્ષય પદ પ્રભુ સદા અનુભવી રહ્યા છે.

તે પદનું સ્વરૂપ એટલું ગહન છે કે વ્યંજન અને સ્વરની બનેલી વાણી દ્વારા કહી શકાય તેવું નથી પણ અનિર્વચનીય છે, અકળ છે, માપી ન શકાય તેવું છે છે, ચર્મચક્ષુને અગોચર છે. માત્ર અનુભવથી જ જાણી શકાય તેવું છે.

**ભાવાર્થ : 'પ્રેમ–પ્રેમ' સબ કોઇ કહે,**
**પ્રેમ ન જાને કોઈ,**
**અઢાઈ અક્ષર પ્રેમકા**
**જાને સો પંડિત હોઈ.**

'પ્રેમ' પદાર્થના રહસ્યને સમજવામાં આ દુહો ખૂબ ઉપયોગી છે.

આ 'પ્રેમ' શબ્દનો અર્થ સહુ પોતપોતાની રૂચિ અનુસાર કરતા હોય છે. પણ પ્રેમ શબ્દના યથાર્થ સ્વરૂપને જાણનારા અને માણનારા તો લાખોમાં કો'ક જ હોય છે.

પ્રેમ એ અપૂર્વ નમસ્કારનું જ ઉત્કૃષ્ટ સ્વરૂપ છે.

અહીં લૌકિક કોઈ પ્રેમની વાત નથી, પણ પ્રભુ ઉપરના પ્રેમની વાત છે.

પ્રભુ ઉપરનો પ્રેમ જ્યારે પૂર્ણત્વની ટોચે પહોંચે છે ત્યારે જીવને અનાદિ કાળથી લાગુ પડેલો મોહ કર્મજનિત મિથ્યાત્વ નામનો મહારોગ સદંતર નાશ પામે છે.

પણ કોઈ જીવ એકાએક પ્રભુ સાથે પ્રેમ નથી કરી શકતો. તે માટે આવા સ્તવનો દ્વારા મનને વારંવાર ભાવિત કરવાની જરૂર પડે છે.

આ જીવે આ સંસારમાં ભમતાં બધાં સાથે પ્રેમ કર્યો છે, પણ એક પ્રભુ સાથે જ પ્રેમ નથી કર્યો, માટે તેના સંસાર ભ્રમણનો અંત નથી આવ્યો.

સ્વપ્નામાં ખાધેલી સુખડી ભૂખ ભાંગતી નથી, તેમ પૌદ્ગલિક પ્રેમથી આત્માની ભૂખ ભાંગતી નથી.

છાયાને પકડવાથી પુરુષ પકડાતો નથી, તેમ સંસારને વળગી રહેવાથી મુક્તિનું સુખ સાંપડતું નથી.

પ્રેમ તો પ્રભુ સાથે જ છાજે, પ્રભુ સાથે જ શોભે, પ્રભુ સાથે જ દીપે.

ભવ નૈર્ગુણ્ય જેમ જેમ સમજાતું જાય છે, તેમ તેમ જીવને ભવથી મુક્ત પરમાત્મા તરફ પ્રેમ જાગતો જાય છે.

આ પ્રેમમાં પ્રભુ પાસે માગવાનું કશું હોતું નથી. પણ પ્રભુને મન સુદ્ધાં સમર્પિત કરી દેવાનું હોય છે.

અક્ષય ગુણવાન પ્રભુ અક્ષય પદે બિરાજેલા છે એટલે તેમનો પ્રેમી પણ આખરે એ પદને પામે છે. કારણ કે પ્રેમ–માર્ગ એટલો સાંકડો છે કે તેના ઉપર એક સાથે બે માણસો ચાલી શકતા નથી.

અર્થાત્ પ્રભુપ્રેમમગ્ન બનેલો પ્રેમી સ્વયં પ્રભુ બની જાય છે.

અક્ષય એવા આ પ્રભુપદનું સ્વરુપ શબ્દાતીત છે. વાણીની મર્યાદા બહાર છે. આત્મા પોતે શબ્દાતીત હોવાથી તેના પરમ વિશુદ્ધ સ્વરૂપનું વર્ણન શબ્દો વડે થઈ શકતું નથી.

ઇન્દ્રિયોને અગોચર એવું આત્મસુખ આત્માએ જ માણવાનું છે માટે તેનો આસ્વાદ હજારો ઉપમાઓ વડે ખરેખર વ્યક્ત થઈ શકતો નથી.

મૂગા માણસે સાકર ખાધી. કોઈ તેને પૂછે કે સાકર કેવી લાગી? તો તે બોલવાને અસમર્થ હોવાથી હાવભાવ દ્વારા પ્રસન્નતા વ્યક્ત કરીને સાકરની મીઠાશને બિરદાવે છે. પણ સાકર ખાવાથી જે મીઠાશ તેણે અનુભવી તે તો અનુભવ કરવાથી જ સમજાય છે.

પ્રભુ–પ્રેમના અમૃતનો રસ જેણે ચાખ્યો છે તેને સંસારના બધા રસ, ઈન્દ્રિયોના સુખો, સ્વર્ગનો વૈભવ, અનુક્રમે ઝેર, અંગારા અને આકડાના ફૂલ જેવા લાગે છે.

જે સ્વરૂપ વર્ણવી શકાય તેવું હોય, કળી શકાય તેવું હોય, માપી શકાય તેવું હોય, તે સ્વરૂપને આત્માનું અક્ષય સ્વરૂપ ન કહેવાય. પરંતુ કાળ પણ જેનો ક્ષય ન કરી શકે તે અક્ષય સ્વરૂપ કહેવાય. આત્માનું સ્વરૂપ અક્ષય છે.

**અક્ષર થોડા, ગુણ ઘણા,**
**સજ્જનના તે ન લિખાય રે;**
**વાચક યશ કહે પ્રેમથી,**
**પણ મનમાંહે પરખાય રે. એ. જ. સ. ૫**

●

**અર્થ** : પ્રભુના ગુણ ઘણા છે અને તેનું સ્વરૂપ સમજાવવા શબ્દો થોડા છે. તેથી તે ગુણો લખી શકાય તેમ નથી, યથાર્થ રીતે વર્ણવી શકાય તેમ નથી. વાચક યશ (ઉ. યશોવિજયજી) કહે છે કે જો પ્રભુ ઉપર સાચો

પ્રેમ હોય તો તે ગુણો મનમાં જાણી જરૂર શકાય છે, અને અનુભવી પણ શકાય છે.

**ભાવાર્થ** : કહેવત છે કે, જ્યાં પહોંચે કવિ, ત્યાં ન પહોંચે રવિ અને જ્યાં પહોંચે અનુભવી, ત્યાં ન પહોંચે કવિ.

માટે શાસ્ત્રકાર ભગવંતોએ અનુભવ જ્ઞાનને શ્રેષ્ઠ જ્ઞાન કહ્યું છે.

જ્ઞાન દ્વારા જે ગુણનો આપણને બોધ થાય છે. તે જ ગુણ જ્યારે આપણા અંગભૂત બને છે, ત્યારે તેના યથાર્થ આસ્વાદનો આપણને અનુભવ થાય છે.

જિજિવિષાથી પ્રેરાઇને માનવી માંદગીમાં પણ જીવનના પક્ષે રહે છે, મૃત્યુનો પક્ષકાર નથી બનતો. તેમ અનુભવજ્ઞાન, ગમે તેવા ઉપસર્ગો વચ્ચે પણ સાધકને આત્માના પક્ષે રાખે છે, પણ દેહભાવમાં ડૂબવા નથી દેતું.

અનુરાગથી અનુગ્રહ વધે છે. અનુગ્રહથી અનુરાગ અધિક દૃઢતર બને છે. અને એમ કરતાં જીવ પોતે, સર્વ કર્મ ખપાવીને શિવ બને છે.

અનંતગુણી પ્રભુના ગુણો વડે મન રંગાય છે એટલે જીવને શિવ સ્વરૂપનું કામણ થાય છે.

કામણ થવું એટલે ઉત્કૃષ્ટ કામનાને વશીભૂત થવું તે.

ધોએલા ઉત્તમ સુતરના યા રેશમના વસ્ત્ર પર જે રંગ બેસે છે તે એવો પાકો હોય છે કે, વસ્ત્ર ફાટવા

છતાં તે ફીટતો નથી. ઝાંખો પડતો નથી, તેમ વાસના રહિત મનના વાઘા ઉપર પ્રભુ પ્રેમનો જે રંગ બેસે છે, તે (ક્ષાયિક સમ્યક્ત્વરૂપી રંગ) જીવને બહિર્ભાવ વડે રંગાવા દેતો નથી.

પણ આ પ્રભાવ પ્રભુનો છે, પ્રભુના ઉપકારોનો છે, પ્રભુના ગુણોનો છે. કેવળ આપણા પ્રયત્નોનો જ નહિ, એ ન ભૂલવું જોઈએ.

સ્વસ્થ માણુસ ક્ષણેક્ષણે શ્વાસોચ્છ્વાસ લે છે. આવા અબજો શ્વાસોચ્છ્વાસના મણકાની માળા બનાવીને એક એક મણકે પ્રભુના એક એક ઉપકારને ભજીએ તો માળા પૂરી થઈ જાય, પણ પ્રભુના ગુણો પૂરા ન જ ગણી શકીએ.

તાત્પર્ય કે શ્રી જીનેશ્વરદેવના ગુણો અપરંપાર છે. જ્યારે તેને વ્યક્ત કરવાના સાધનો મર્યાદિત શક્તિવાળાં છે એટલે તે ગુણો કલમ વડે પૂરા વર્ણવી શકાય તેમ નથી. તેમજ વાણી વડે કહી શકાય તેમ નથી. પણ પ્રભુના પ્રેમમાં રંગાએલું મન તેને પારખી જરૂર શકે છે–અનુભવી શકે છે.

સમગ્ર ચિત્તતંત્ર સંવેદનશીલ હોવાથી સારા કે નરસા વિચારના તરંગને તે તરત ઝીલી શકે છે. એટલે જો તેની રૂચિ અને પ્રીતિ પ્રભુના ગુણમાં જ હોય છે, તો તે ગુણનો સ્વાદ પણ તે અનુભવી શકે છે.

કષાય વાસિત મન એ જ સંસાર છે. કષાય મુક્ત મન એ જ મોક્ષ છે એ અપેક્ષાએ વિચારતાં કષાય મુક્ત અને પરમગુણ સંપન્ન પરમાત્માના ગુણો ઉપરનો પ્રેમ એ જ આત્માને પરમાત્મા બનાવનારો સિદ્ધ રસ પ્રતીત થાય છે.

## ૨૧. શ્રી નમિનાથ સ્વામીનું સ્તવન

**શ્રી નમિ જિનની સેવા કરતાં,**
**અલિય વિઘન સવિ દૂરે નાસે જી;**
**અષ્ટ મહાસિદ્ધિ નવ નિધિ લીલા,**
**આવે બહુ મહમૂર પાસેજી. શ્રી. ૧**

●

**અર્થ :** શ્રી નમિનાથ જિનેશ્વરદેવની સેવા કરવાથી સર્વ પ્રકારનાં ખોટાં વિઘ્નો દૂર થાય છે. આઠ મહાસિદ્ધિઓ તથા નવનિધિનો વૈભવ વગેરે પાસે આવે છે.

**ભાવાર્થ :** પરિષહ–ઉપસર્ગાદિને નમાવનારા શ્રી નમિનાથ જિનેશ્વરદેવની ભાવથી સેવા કરનારને વિઘ્નો શી રીતે નડે ?

પ્રકાશમાં બેઠેલા માણસને અંધકાર નડતરરૂપ થતો નથી તેમ મહા મોહજેતા શ્રી જિનેશ્વરદેવના સેવકને ખોટાં વિઘ્નો નડતાં નથી.

અશુભ વિચાર, પૌદ્ગલિક વિચાર, હિંસા–ચોરી આદિના વિચાર–ખોટાં વિઘ્નોને આમંત્રણ આપવા સમાન ગણાય છે.

'જેને આપણે વણ જોઈતી ઉપાધિ મોલ લીધી,' કહીએ છીએ, તે બધાના મૂળમાં આ ખોટા વિચારો કામ કરતા હોય છે.

અલિય વિઘન એટલે ખોટાં વિઘ્નો.

શ્રી જિનેશ્વરદેવની સેવા કરવાના પ્રભાવે, સેવકનું મન અશુભ વિચારોને છોડીને, આત્માના વિચારો, સત્કર્મ કરવાના વિચારો પરહિતના વિચારો, શાસન પ્રભાવનાના વિચારો, સાધર્મિક ભક્તિના વિચારો, સેવવા માંડે છે. એટલે ખોટાં વિઘ્નો તેને નડતાં નથી.

પૂર્વ કર્મજન્ય અંતરાયો તે પણ વિઘ્નો છે.

એ કર્મજનિત વિઘ્નો પણ બે પ્રકારનાં હોય છે, એક સોપક્રમ એટલે શિથિલ બંધવાળા અને બીજા નિરૂપક્રમ. તેમાં શિથિલ બંધવાળા સોપક્રમકર્મો તો પ્રભુભક્તિના પ્રભાવે નષ્ટ પામી જાય છે અને નિરૂપક્રમ કર્મો ઉદયમાં આવે અર્થાત્ આવા વિઘ્નોના હુમલા આવે છે ત્યારે પણ પ્રભુનો સેવક તેનાથી ડઘાઈ જતો નથી પણ કર્મનું સ્વરૂપ વિચારીને વિઘ્ન વખતે પણ અડોલ રહીને જીવને સમતાભાવમાં રાખી શકે છે અને એ રીતે કર્મના ઉદય વખતે પણ અનંત નિર્જરા કરનારો બને છે. એ રીતે વિઘ્નો નાશ પામે છે.

વળી શ્રી જિનરાજની સેવા કરનારને સંપત્તિ સહિતની સાનુકૂળતાઓ મળી રહે છે.

સેવક પોતે તો સેવાને જ સર્વ કાંઈ સમજતો હોય છે, પણ તેના ફળરૂપે તેને દુનિયાનાં શ્રેષ્ઠ સુખો આપનારી સામગ્રી સહજ ભાવે અનાયાસે મળી રહે છે.

પુણ્યાનુબંધી પુણ્યના ઉદયે સાંપડતી આ સામગ્રી, પ્રભુના સેવકને સંસારના સુખમાં આસક્ત બનાવતી નથી પણ ધર્મકરણીમાં આગળ વધારે છે.

પોતાને સેવક તરીકે સમજનારે, સંબંધ સેવા સાથે રાખવાનો હોય છે. શુદ્ધ નિષ્ઠાપૂર્વક સ્વામીની સેવા કરવાની હોય છે. ફળ તરફ નજર રાખીને સેવા કરવાથી સેવાનું દળ, કાચું પડી જાય છે અને સેવામાંનો સમર્પણ ભાવ મોળો પડી જાય છે.

પ્રભુ સ્વામી છે, હું સેવક છું. તેમની આજ્ઞાનું પાલન એ જ તેમની સેવા છે, એ ખાસ યાદ રાખવાનું છે.

**મયમત્તા અંગણ ગજ ગાજે,**
**રાજે તેજી તુખાર તે ચંગાજી;**
**બેટા બેટી બંધવ જોડી,**
**લહીએ બહુ અધિકાર રંગાજી. શ્રી. ૨**

●

**અર્થ :** પ્રભુની સેવા કરવાથી ઘરના આંગણામાં મદોન્મત્ત હાથીઓ ગર્જના કરે છે. પાણીદાર અશ્વો હેષારવ કરે છે. પુત્ર–પુત્રીઓ, બંધુની જોડી તેમજ ઊંચા અધિકારો પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :** પ્રભુની સેવા કરવાથી આ બધાં ફળો પ્રભુના સેવકને મળે છે ખરાં. તેમાં કોઈ શંકા રાખવાનું કારણ નથી. કોઈને તરત મળે, તો કોઈને ભવ–ભવાંતરમાં

મળે. તેનો આધાર સેવકના ભાવ અને કર્મસ્થિતિ પર છે. પણ સ્વીકારવાનું એ છે કે પ્રભુની સેવા કરનારને આ લોકનાં સર્વ શ્રેષ્ઠ સુખો આપનારી સામગ્રી મળે છે.

પણ પ્રભુની સેવામાં ઓતપ્રોત બનેલા સેવકને પ્રભુ-સેવા જેટલી વહાલી લાગે છે તેટલી વહાલી આ સામગ્રી નથી લાગતી. એટલે તેનો ઉપયોગ પણ તે પ્રભુની આજ્ઞા મુજબનાં સત્કાર્યોમાં કરે છે. પરંતુ તેમાં આસક્ત થતો નથી.

પ્રભુની આજ્ઞા સાથે જોડાએલા સેવકના મનમાં ત્યાગ, વૈરાગ્ય અને મૈત્રીનાં મોજા ઉછળતાં હોય છે, રાગ, ભોગ અને કષાયની કાલિમા ત્યાં વસવાટ કરી શકતી નથી.

સર્વોત્તમ શ્રી જિનરાજના સેવકને સંસારના સર્વ સુખો પોતાની મેળે આવીને મળે છે અને તેને કોઇ જાતનું દુઃખ નથી રહેતું.

**વલ્લભ સંગમ રંગ લહી જે,**
**અણ વાલહા હોય દૂર સહેજે જી.**
**વાંછા તણો વિલંબ ન દૂજો,**
**કારજ સીઝે ભૂરી લહેજે જી. શ્રી. ૩**

●

**અર્થ :** પ્રભુની સેવા કરવાથી ઇષ્ટ પદાર્થોનો આનંદદાયી સંગ થાય છે. અપ્રિય- અનિષ્ટ પદાર્થો, સ્વાભાવિક રીતે જ દૂર ખસી જાય છે.

આ સર્વ થવામાં ફક્ત વાંછાનો જ વિલંબ હોય છે, પણ બીજા કારણે વિલંબ નથી થતો, અર્થાત્ ઇચ્છવાની

**સાથે જ સર્વ આવી મળે છે અને ઘણાં મોટાં કામો શીઘ્ર સિદ્ધ થાય છે.**

**ભાવાર્થ**: રાગ–દ્વેષ જેને ઈષ્ટ નથી લાગતા, તેને રાગ–દ્વેષ રહિત પ્રભુ ઈષ્ટ–પ્રિય વહાલા લાગે છે. તેમની સેવા ઇષ્ટ લાગે છે.

એટલે તેને ઈષ્ટ પદાર્થો મળી રહે છે. અનિષ્ટ પદાર્થો સ્વાભાવિક રીતે જ દૂર થાય છે. અનિષ્ટ પદાર્થોને દૂર કરવા માટે તેને કોઈ પ્રયત્ન કરવો પડતો નથી.

ઈષ્ટ પદાર્થો એટલે માત્ર સારી વસ્તુઓ, એટલો જ અર્થ નથી કરવાનો પણ સારા વિચારોનો પણ તેમાં સમાવેશ કરવાનો છે.

સારા પદાર્થો જેટલા સુખદાયી છે તેના કરતાં વધુ સુખદાયી સારા વિચારો, સારા અધ્યવસાયો, અને શુભ ભાવનાઓ છે.

ચંદનના મહેલમાં રહેતા માણસનું મન જો ક્રોધના અગ્નિમાં બળતું હોય તો એ મહેલની શિતળતા તેને સુખ–શાન્તિ નથી આપી શકતી.

પ્રભુ જ જેને ઈષ્ટ છે, તેને પ્રભુને ઈષ્ટ દયા, સમભાવ, આત્મસંયમ, ત્યાગ વગેરે ઈષ્ટ લાગવાં જ જોઈએ.

આવા પ્રભુ સેવકને સર્વ સાનુકૂળતાઓ સેવે છે, પ્રતિકૂળતાઓ તેના પડછાયામાં પણ ઊભી રહી નથી શકતી.

કાળને વિલંબનું કારણ કહેવાને બદલે–'વાંછાતણો વિલંબ, ન દૂજા.' એમ કહીને તેમણે જે સૂચન કર્યું છે તેની પાછળ સાચી જિનભકિતમાં રહેલા અચિન્ત્ય સામર્થ્યમાં પૂજ્યશ્રીની શ્રેષ્ઠ નિષ્ઠા રહેલી છે. તેનું આપણને સહજપણે દર્શન થાય છે.

મૂળને વફાદાર રહેતા વૃક્ષની જેમ જેઓ શ્રી જિનાજ્ઞાને વફાદાર રહે છે તેમને ઉત્તમ સામગ્રીનો યોગ પણ તરત થાય છે અને તે સામગ્રીનો શ્રેષ્ઠ પ્રકારનો સદુપયોગ પણ તેઓ જ કરી શકે છે.

માટે પ્રભુને સેવો, નિત્ય ઉમંગે સેવો, મન–રંગે સેવો, ભકિતભાવભીના હૃદયે સેવો, ઘણા ભવોની ભૂખ ભાગવા માટે સેવો, સંસારની સેવામાંથી મુક્ત થવા માટે સેવો.

સેવકને સ્વતુલ્ય બનાવનારા આ સ્વામીના સામર્થ્યનો કોઈ સુમાર નથી, દયાનો કોઈ પાર નથી. તેમની સેવા એ આપણું કર્તવ્ય રહેવું જોઈએ.

**ચન્દ્ર કિરણ ઉજ્જવલ યશ ઉલસે,**
**સુરજ તુલ્ય પ્રતાપી દીપે જી;**
**જે પ્રભુભક્તિ કરે નિત્ય વિનયે,**
**તે અરિયણ બહુ પ્રતાપી ઝીપેજી. શ્રી. ૪**

●

**અર્થ**: જે આત્મા નિત્ય વિનયપૂર્વક પ્રભુની સેવા ભકિત કરે છે તેનો યશ નિર્મળ ચન્દ્ર કિરણોની જેમ

જગતમાં ફેલાય છે, તેનો પ્રતાપી સૂર્યની જેમ દીપી ઉઠે છે. અને એવા પ્રતાપ વડે તે, શત્રુઓને વશવર્તી બનાવે છે,

**ભાવાર્થ :** વિનયને ધર્મનું મૂળ કહ્યું છે. એજ સત્યને પૂજ્યપાદે આ ગાથામાં દોહરાવ્યું છે.

વિનય વગરની ભક્તિ, લૂણ વિનાની રસોઈ જેવી છે, પાણીવગરના સરોવર જેવી છે. અર્થાત્ ભક્તિમાં વિનય ગુણ ભળે છે ત્યારે જ ભક્તિ સાર્થક થાય છે.

વિનય અને બહુમાનપૂર્વક શ્રી જિનની ભક્તિ કરવાથી મોહની શક્તિ ઘટે છે. આત્માની શક્તિ વધે છે. ન્યાય, નીતિ અને સદાચાર વડે જીવન રંગાય છે.

આવા પ્રભુભક્તની કીર્તિ, ચન્દ્રની કાન્તિની જેમ સર્વત્ર ફેલાઈ જાય છે.

આ કીર્તિના કારણે ભક્તની જે વાહવાહ થાય છે તેના કરતાં અધિક વાહવાહ ધર્મની થાય છે, ભક્તિને દીપાવનારા વિનય આદિ ગુણોની થાય છે. એ ગુણના ઉપદેશક પ્રભુની થાય છે.

પ્રભુના ભક્તનો પ્રતાપ સૂર્ય જેવો હોય છે, એમ કહીને પૂજ્યપાદ એ કહેવા માગે છે કે, પ્રભુનો ભક્ત માયકાંગલો નથી હોતો, પણ પ્રચંડ શક્તિ અને પ્રતાપ ધરાવનારો હોય છે. અને પોતાના પ્રતાપ વડે પ્રતાપવંત એવા પણ શત્રુઓને જીતી લે છે અને તેમને પોતાની આજ્ઞાને શિરોધાર્ય કરનારા કરી મૂકે છે. પોતે જે ભક્તિ કરે છે,

તેની શક્તિમાં તેને એવો અનુપમ વિશ્વાસ હોય છે કે, પ્રતિ પળે તે નિશ્ચિંતપણે રહીને જીવનને દીપાવતો હોય છે.

ગુણરાગ વડે રંગાએલા તેના જીવનમાં, સમગ્ર વ્યક્તિત્વમાં ધર્મનું ચુંબકીય તેજ દીપતું હોય છે એટલે તે પૃથ્વી પરનો સૂર્ય બનીને ઘણા મોટા પાપાંધકારને દૂર કરીને પોતાના સ્વામીના નામને દીપાવતો હોય છે.

પોતાના કામથી, પોતે જેમની સેવા કરે છે, તે સ્વામીના નામને બટ્ટો લાગે એવું કોઈ પણ કામ સાચો સેવક નથી જ કરતો.

નિત્ય વિનયપૂર્વક ઉમંગપૂર્વક ચઢતે પરિણામે, શ્રી જિનેશ્વરદેવની સેવા કરનારની સેવામાં તો દેવ-દેવેન્દ્રો પણ ઉપસ્થિત થતા હોય છે. તો પછી સામાન્ય સાનુકૂળતાઓ તેની સેવામાં હાજર રહે. એ તો સાધારણ બાબત જ ગણાય.

સેવા સાચી હોય તો આ બધો મેળ થાય. પ્રભુનો સેવા કરતી વખતે, પૂજા કરતી વખતે, ચૈત્યવંદન કરતી વખતે, સ્તવન ગાતી વખતે, આપણું મન પ્રભુના ગુણોમાં અને પ્રભુની આજ્ઞામાં જ રમતું રાખવું જોઈએ.

સર્વ શ્રેષ્ઠ મંગળોના મહાસ્વામી એવા શ્રી જિનરાજની શ્રેષ્ઠ ભાવ અને શ્રેષ્ઠ દ્રવ્ય સેવા કરવાથી, સેવક પોતાના આંતર્–બાહ્ય શત્રુઓને પણ સ્વ વશવર્તી બનાવી શકે છે કારણ કે પ્રભુની આજ્ઞાને વશ થએલા સેવકમાં પણ ક્રોધ-માનાદિ આંતર્ શત્રુઓને જીતવાનું અપૂર્વ આત્મ સામર્થ્ય

પ્રગટે છે. એ સામર્થ્યના પ્રભાવે બહારની દુનિયા પણ તેને અનુકૂળ બની જાય છે.

શ્રી જિનાજ્ઞા મને સર્વથા અનુકૂળ છે, માન્ય છે એવું સ્વીકાર્યા પછી તેનું અપ્રમત્તપણે પાલન કરતા શ્રી જિનરાજના ભક્તને અનુકૂળ થવા માટે ત્રણ જગતના સ્થાવર જંગમ પદાર્થો પણ તલપાપડ થતા હોય છે.

તકેદારી એટલી જ રાખવાની છે કે શ્રી જિનાજ્ઞા અને તેના વિષયભૂત કોઈ જીવને હું પ્રતિકૂળતા તો નથી પહોંચાડતો ને!

**મંગલમાલા લચ્છિ વિશાલા,**
**બાલા બહુલે પ્રેમરંગેજી;**
**શ્રી નયવિજય વિબુધ પય સેવક,**
**કહે લહીએ સુખ-પ્રેમ અંગેજી. શ્રી. ૫**

**અર્થ :** શ્રી નયવિજય પંડિતના ચરણસેવક વાચક યશ (પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મ.) કહે છે કે પ્રભુના પ્રેમને અંગાંગીભૂત બનાવવાથી ઘરમાં મંગળની હારમાળા પ્રગટે છે, વિશાળ લક્ષ્મી પ્રાપ્ત થાય છે તેમજ સ્ત્રી આદિ કુટુંબ પરિવાર પ્રેમપૂર્વક તેને અનુકૂળ થાય છે.

**ભાવાર્થ :** બોલનાર પુરુષ કોણ છે, જગતના શ્રેષ્ઠ વિવેકી પુરુષો તેના માટે શો અભિપ્રાય ધરાવે છે, એ બરાબર જાણી લીધા પછી એ પુરુષના વચન પર વિશ્વાસ મૂકીને વર્તવાથી લેશ માત્ર નુકસાન નથી થતું, પણ લાભ જ થાય છે.

જુઓને કાગળના એક ટૂકડા ઉપર છાપેલી રકમની નીચે રીઝર્વ બેન્કના સરકારમાન્ય અધિકારીની સહી હોય છે, તો તે જ કાગળના ટૂકડાનો ચલણી નોટ તરીકે સહુ સ્વીકાર કરે છે. તેમાં જેટલું મહત્ત્વ સહીનું છે, તેટલું બીજા કશાનું નથી.

એ જ રીતે આ સ્તવનમાં વિવેકપૂર્વક, શ્રી જિનેશ્વર-દેવની સેવા–ભક્તિ કરનારને જે સુખો મળવાની વાત છે. તેના કહેનારા કોઈ સામાન્ય પુરુષ નથી, પણ શ્રી જિન-શાસનનિષ્ઠ, શાસનનિષ્ઠ સર્વ મહર્ષિઓને માન્ય ભક્ત-શિરોમણિ પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા પોતે છે.

એટલે તેમના વચનમાં વિશ્વાસ મૂકીને વર્તવામાં એકાંતે લાભ જ છે. કારણકે તેમણે આ વાત, સમર્થ શાસન-નિષ્ઠ, શ્રુતધર ભગવંતોના વચનમાં વિશ્વાસ મૂકયા પછી, પોતાના થએલા આત્મલાભના અનુભવના આધારે લખી છે.

અને ભાવપૂર્વકની પ્રભુભક્તિરૂપ ધર્મના સેવનથી આત્માને લાભ થતો હોય, તે ધર્મના પ્રભાવે ઐહિક સુખો મળી રહે તે સ્વાભાવિક છે. આખો કથાનુયોગ આ સત્યનું સમર્થન કરે છે.

જેના મનમાં સર્વમંગલકર પ્રભુના નામની માળા ચાલતી હોય, તેના ઘરમાં મંગળમય વાતાવરણ હોય, શ્રેષ્ઠ પ્રકારની સામગ્રીઓનો સદ્ભાવ હોય, કુટુંબમાં સ્નેહ–શાન્તિ હોય, રોજ પ્રભાતે શ્રેષ્ઠ મંગળકારી કાર્યો કરવાની ઉત્કટ ઝંખના હોય તે એકને એક બે જેટલું સચોટ અને સ્વાભાવિક છે.

અહીં મંગળમય બુદ્ધિની વાત મુખ્ય સમજવાની છે.

શ્રી જિનેશ્વરદેવને ભાવપૂર્વક ભજવાની બુદ્ધિને મંગળ બુદ્ધિ કહી છે. કારણ કે શ્રી જિનેશ્વરદેવ સર્વ મંગળોમાં મંગળભૂત છે. એટલે તેમના સેવકનું, ભક્તનું, શરણાગતનું સદા મંગળ થાય છે.

પ્રભુની સેવા કરવા છતાં શ્રેષ્ઠ પ્રકારની સાનુકૂળ સામગ્રી મળવામાં થતાં વિલંબનું કારણ આપણે પોતે છીએ, આપણી જઘન્ય ઇચ્છાશક્તિ છે, ભાવની મંદતા છે, નિર્ધારની કચાશ છે.

એટલે જ શાસ્ત્રોમાં કહ્યું છે કે, સામર્થ્ય યોગનો એક જ નમસ્કાર–નર, નારી યા નાન્યતરને પણ સંસાર–સાગરથી તારનારો બને છે. (ઈક્કો વિ નમુક્કારો, જિણવર વસહસ્સ વદ્ધમાણસ્સ, સંસાર સાગરાઓ, તારેઈ નરં વ નારિં વા)

'નારિં' પછીનો 'વા' શબ્દ નાન્યતર જાતિ માટે પ્રયોજાએલો છે.

આપણે સામર્થ્યયોગની ભક્તિ ન કરી શકીએ પણ ભક્તિયોગને છાજતી ભક્તિ કરીએ તો પણ આ લોક અને પરલોકનાં શ્રેષ્ઠ સુખો આપણને મળે પણ ખરાં અને તેમાં લેપાયા સિવાય આપણે મુક્તિના અવ્યાબાધ સુખના અધિકારી પણ બની શકીએ.

ભક્તિના પ્રારંભમાં ઇચ્છાયોગ હોય છે. અધ્યવસાયની ઉજ્જવળતાના યોગે તેનું ભક્તિયોગમાં રૂપાંતર થાય છે.

સદૈવ સાચા ભાવથી શ્રી જિનેશ્વરદેવને સેવવા. એ જ એક મનોરથ વડે આપણો જીવનમહેલ મઢાઈ જાઓ !

## ૨૨. શ્રી નેમિનાથ જિન સ્તવન

તોરણ આવી રથ ફેરી ગયા રે હાં,
પશુઆં દેઇ દોષ મેરે વાલમા;
નવ ભવ નેહ નિવારિયો રે હાં,
શો જોઈ આવ્યા જોષ? મેરે. ૧.

●

**અર્થ** : મહાસતી રાજીમતી શ્રી નેમિનાથ પ્રભુને કહે છે કે, હે પ્રાણનાથ! પશુઓની ફરિયાદને બહાનું બનાવીને આપ ઠેઠ તોરણ સુધી આવીને રથ પાછો ફેરવીને ચાલ્યા ગયા! મારી સાથેના નવ ભવના સ્નેહનો અંત આણ્યો! તો આપ કેવી જાતનો જોષ જોઈને આવ્યા હતા?

**ભાવાર્થ** : શ્રી જિન શાસનમાં નેમ–રાજુલની કથા અતિ પ્રખ્યાત છે, નાનાં–મોટાં સહુ તે જાણે છે.

એટલે પૂજ્યશ્રીએ સ્વગત કંઈ કહેવા કરતાં, આ સ્તવન રાજીમતીના મુખે કહેવરાવ્યું છે.

મનમાન્યા સ્વામીને મળવાને આતુર રાજીમતીએ જ્યારે જાણ્યું કે, પરણવા માટે આવેલા શ્રી નેમિનાથ સ્વામી પશુઓનો પોકાર સાંભળીને તોરણેથી પાછા ફરી ગયા છે, ત્યારે તેમના હૃદયને જોરદાર આઘાત પહોંચ્યો. એ આઘાત વિલાપમાં પરિણમ્યો. એ વિલાપ શબ્દોરૂપે વ્યક્ત કરતાં તેમણે પ્રભુને કહ્યું, હે પ્રાણનાથ! નવ–નવ

ભવથી ચાલી આવતી આપણી પ્રીતને આપે તરછોડી દીધી ! પશુઓની દયાને દિલમાં ધરનારા આપ શું મારી દયા દિલમાં નહિ ધારો ! મારા વિલાપને નહિ ગણકારો !

ઠેઠ તોરણથી પાછા ફરવું પડ્યું તે મુહૂર્ત બરાબર નહોતું કાઢ્યુ કે શું ?

રાજીમતી સામાન્ય સ્ત્રી નહોતાં, પણ મહાસતી હતાં. તે જ ભવે મોક્ષે જનારાં હતાં. તેમ છતાં જેમ બે મિત્રો વચ્ચે લાંબા કાળથી ચાલી આવતી મૈત્રીની ધારાને, બેમાંથી એક મિત્ર કોઈ નિમિત્તે તોડી નાખે, તો બીજા મિત્રને તેનો જે આઘાત પહોંચે, તે તો તે જ જાણી શકે. બીજાઓને તેના જેવી વ્યથા ન જ થાય.

પણ પ્રભુ તો દયાસાગર હતા. એટલે તરત જ પશુઓની વહારે ધાયા. મહાસતીને પહોંચનારા આઘાત અને જીવદયાનું પાલન—એ બે વચ્ચેના ઘણા મોટા અંતરને જાણનારા પ્રભુએ પશુઓને બચાવવા માટે પરણવાનો વિચાર જ માંડી વાળ્યો.

રાજીમતીના વિલાપમાં રાગની માત્રા હતી. પ્રભુના ત્યાગમાં આત્મ તુલ્યતાનો પરમ સુંદર ભાવ હતો.

મહાસતી એમની કક્ષાએ વિલાપનાં હક્કદાર હતાં તો પ્રભુજી પોતાની કક્ષા મુજબ વર્તવાના હક્કદાર હતા.

તેમ છતાં પરમ પુરુષ તરફનો પ્રશસ્ત રાગ, સરવાળે કેવો વળાંક લઈને વૈરાગ્યમાં પરિણમે છે તે આ સ્તવનમાં જ આપણે આગળ ઉપર જોઈશું ત્યારે આપણને પણ એમ જ લાગશે કે પ્રેમ કરવો તો પ્રભુથી જ કરવો.

**ચન્દ્ર કલંકી જેહથી રે હાં,**
**રામને સીતા વિયોગ; મેરે વાલમા.**
**તેહ કુરંગને વયણુડે રે હાં,**
**પતિ-આવે કુણ લોગ? મેરે. ૨**

●

**અર્થ:** હે હૃદયેશ્વર! જેનાથી ચન્દ્ર કલંકિત છે, જેના નિમિત્તે રામચન્દ્રજીને સીતાજીનો વિયોગ થયો, તેવા રંગમાં ભંગ પાડનાર કુરંગ–મૃગના વચનથી આપ કેમ પાછા ફર્યા. તે વાત કોણ સાચી માને?

**ભાવાર્થ:** પોતાના હૃદયની વ્યથા ઠાલવતાં રાજીમતી શ્રી નેમિનાથ પ્રભુને કહે છે, ચંદ્રને કલંકિત કરનાર અને શ્રી રામચન્દ્રજીને સીતાજીનો વિયોગ કરાવનાર મૃગની પ્રાર્થના સાંભળીને આપ તોરણેથી પાછા વળ્યા એ વાત પર દુનિયાને વિશ્વાસ કઈ રીતે આવે?

રંગમાં ભંગ પાડનાર તરીકે ગણીને મૃગને કુરંગ પણ કહેવાય છે.

દૂરથી જોતાં ચન્દ્રમાં જે ડાઘ દેખાય છે તેનો આકાર હરણ જેવો હોઈને, હરણને ચન્દ્રને કલંકિત કરનાર કહ્યું છે.

તેમજ સુવર્ણ મૃગનું રૂપ ધારણ કરીને આવેલા અસુરને જોઈ ને, સીતાજીએ શ્રી રામચંદ્રને કહેલું કે, સ્વામીનાથ! આ મૃગ સુંદર છે, અદ્દભુત છે તે મને લાવી આપો.

સતીની માંગણી પૂરી કરવા શ્રી રામ, ધનુષ્યબાણ લઈ તે મૃગની પાછળ પડચા. આગળ મૃગ છે, પાછળ શ્રી રામ છે. પણ સીતાજીની રક્ષામાં લક્ષ્મણ હાજર હતા એટલે શ્રી રામ, મૃગની પાછળ પાછળ દૂર નીકળી ગયા, છેવટે અંતર ઘટાડીને તેમણે બાણ છોડીને હરણને ઘાયલ કર્યું. તરફડતા હરણરૂપ અસુરે 'લક્ષ્મણ–લક્ષ્મણ' એવો પોકાર પાડચો.

આ પોકાર સીતાજીના કાને પડચો. રઘુકુળતિલક શ્રી રામની મદદે તેમણે લક્ષ્મણને મોકલ્યા.

સીતાજી ઝુંપડીમાં એકલાં પડચાં.

પછી જોગીના વેશે આવીને રાવણ તેમનું હરણ કરી જાય છે વગેરે હકીકત રામાયણમાં પ્રસિદ્ધ છે.

આ રીતે હરણે શ્રી રામને, સીતાથી વિખુટા પાડચા.

આવા હરણની પ્રાર્થના આપે હૃદયે ધરી તે કદાચ હું માની લઉં તો પણ દુનિયા તો નહિ જ માને એમ શ્રી રાજીમતી, પ્રભુને કહેવા માંડચા.

આગળ શું કહે છે તે જોઈએ.

**ઉતારી હું ચિત્તથી રે હાં,**
**મુક્તિ–ધૂતારી હેત, મેરે વાલમા;**
**સિદ્ધ અનંતે ભોગવી રે હાં,**
**તેહ શું કવણ સંકેત? મેરે. ૩**

**અર્થ** : હે સ્વામીનાથ ! આપે મનમાંથી ઉતારી દીધી તેનું કારણ એ જ છે કે અનંત સિદ્ધોએ ભોગવેલી ધૂતારી મુક્તિવધૂને મેળવવાની આપને ઈચ્છા થઈ. કોણ જાણે આપે એને ગુપ્ત રીતે શો ઇસારો કર્યો હશે ? પરંતુ તે કારણે જ આપે મને તજી દીધી છે.

**ભાવાર્થ** : મહાસતીનો આ ઉપાલંભ ખરેખર અદ્ભુત છે.

તેમાં સ્ત્રી–સ્વભાવની નબળી કડીરૂપ શંકા પણ છે અને પ્રભુના ગૌરવને છાજતી યુક્તિ પણ છે.

પતિના અભિગમમાં ફેરફાર થાય છે એટલે સ્ત્રીને શંકા જાય છે કે નક્કી તે બીજી કોઈ સ્ત્રી સાથેના સંબંધમાં આવ્યા હોવા જોઈએ. અથવા મારા કરતાં અધિક સ્વરૂપવતી સ્ત્રી તરફ આકર્ષાયા હોવા જોઈએ.

સ્ત્રી–માનસનું આ પ્રતિબિંબ આ ગાથામાં છે પણ તે પ્રભુના ગૌરવને છાજતું છે. કારણ કે રાજીમતીએ એવો આરોપ નથી કર્યો કે મારા તરફની આપની પ્રીતિમાં આવેલા પલ્ટાનું કારણ કોઈ દુન્યવી સ્ત્રી છે. પણ એમ કહ્યું છે કે આપના મનમાં મુક્તિરૂપી નારીનો નેહ વસી જવાથી આપે મને મનમાંથી ઉતારી દીધી છે.

આ આરોપ, આરોપી અને ફરિયાદી ઉભયની ઉત્તમતાને સાબીત કરે છે.

અનંત સિદ્ધો જેને ભોગવી રહ્યા છે એ મુક્તિરૂપી નારીનું આકર્ષણ કયા ભવ્ય આત્માને ન થાય ? તો પછી

તદ્ભવ મોક્ષગામી આત્માને તો તેનું જે આકર્ષણ થાય તે તો ભલભલાને મુક્તિપ્રેમી બનાવી દે તેમાં કોઈ શંકા નથી.

સંસારના સઘળા પદાર્થો તરફનો રાગ એ તો આત્માનો રોગ છે. કર્મરૂપી એ રોગને ધર્મરૂપી ઔષધના વિધિ–બહુમાન પૂર્વકના સેવનથી નાબૂદ કરી શકાય છે.

મહાસતીના વિલાપ અને પ્રલાપ જેવો વિલાપ અને પ્રલાપ આપણા હૃદયમાં જાગી જાય, તો આપણો બેડો પાર થઈ જાય.

**પ્રીત કરંતાં સોહીલી રે હાં,**
**નિર્વહતાં જંજાળ; મેરે વાલમા.**
**જેહવો વ્યાલ ખેલાવવો રે હાં,**
**જેહવી અગનની ઝાળ. મેરે. ૪**

●

**અર્થ** : હે મનમોહન ! હવે જાણ્યું કે પ્રીત કરવી એ સહેલું કામ છે. પણ તે પ્રીતને ઠેઠ સુધી નિભાવી રાખવી તે ઘણું કઠણ કામ છે. સર્પને હાથમાં રમાડવો કે અગ્નિની જ્વાળાને પકડવા જેવું અઘરૂં કામ છે.

**ભાવાર્થ** : આ ગાથામાં પૂજ્યપાદે સતીના મુખે–પ્રભુ સાથેના વિશુદ્ધ પ્રેમને ટકાવવો તે કેટલું કઠિન કાર્ય છે તે કહેવરાવ્યું છે.

વાસના અને પ્રેમ વચ્ચે કોઈ સામ્ય નથી એ અહીં ખાસ સમજી લેવાનું છે.

વાસનામાં નર્યાં દેહભાવની દુર્ગંધ હોય છે.

પ્રેમમાં–આત્માની પરમાત્મ–મિલન માટેની તડપ હોય છે.

જો કે ચંચળ સ્વભાવી જીવો તો સ્થૂલ પ્રેમને પણ આખર સુધી સાચવી શકતા નથી. વિકારને વશ થએલા તેઓ, હરાયા ઢોર જેવા ગણાય છે.

જ્યારે વિશુદ્ધ પ્રેમ કે જે કેવળ ત્યાગ ઉપર નિર્ભર છે તેનું જતન તો કોઈક મહા સાત્ત્વિક આત્મા જ કરી શકે તે સમજી શકાય તેમ છે.

હું તમને ચાહું છું, એમ બોલવું સહેલું છે. પણ એ ચાહનાને છેલ્લા શ્વાસ સુધી ચાહતા રહેવું તે તો લોઢાના ચણા–મીણના દાંત વડે ચાવવા જેવું અઘરૂં છે.

પ્રેમની વાત કરનારા દુન્યવી માણસો, મુખ્યત્વે મોહના જ દર્દીઓ હોય છે. સાચા પ્રેમમાર્ગથી અજાણ હોય છે.

એટલે જ પૂજ્યપાદે સતીમુખે કહેવરાવ્યું કે સર્પને હાથમાં રમાડવા જેટલું દુષ્કર કાર્ય પ્રેમને નિભાવવાનું છે.

સર્પનું હાથમાં રમાડવામાં જીવનું જોખમ રહેલું છે તેમ સાચા પ્રેમને જીવાડવામાં, અંગત સર્વ ખ્યાલો, વિચારો, ઈચ્છાઓ, મનોરથો વગેરે ઉપર ચોકડી મૂકવી પડે છે.

'મારૂં શું ?' એ વિચાર માત્રથી વિશુદ્ધ પ્રેમ, વિકૃત બની જાય છે. પૂર્ણ પરમાત્મા સ્વરૂપને પામવા સિવાયની કોઈ ઈચ્છા, હાથમાં અગ્નિ–જવાળાને પકડવા જેવી પ્રેમ-દાહક નીવડે છે.

પ્રેમ એટલે પૂર્ણત્વની ભૂખ.

આત્માનો પરમાત્મા સાથેનો પ્રેમ, જો ખરેખર વિશુદ્ધ હોય છે તો તે પ્રેમ આત્માને પરમાત્મા બનાવે છે.

પ્રેમ એટલે પ્રેમ. તેમાં પાછું વળીને જોવાનું નહિ પણ તેમાં અંતરાયકારી દેહ આદિને પણ મનમાંથી દૂર કરી દેવાના.

શ્રી જિનેશ્વરદેવના વચન ઉપરની આસ્થા, આરાધક આત્માને શ્રી જિનપ્રેમી બનાવીને આખરે પરમાત્મપદ આપે છે. પણ તેનું જતન કરવામાં જો સહેજ પણ પ્રમાદ, સ્ખલના, ભૂલ યા દોષ સેવાઈ જાય છે તો તેનો ધક્કો આરાધકને ખાવો પડે છે અને પુનઃ અપૂર્વ ઉત્સાહપૂર્વક પ્રભુભક્તિમાં સ્વ જીવનને ઢાળવું પડે છે.

પ્રેમમાં આપવાનું જ હોય, લેવાનું નહિ, આપતાં આપતાં અર્પિત થઈ જઈએ ત્યારે પૂર્ણત્વ પ્રગટે, એ ભૂલવા જેવું નથી.

**જો વિવાહ અવસરે દીયો રે હાં,**
**હાથ ઉપર નવિ હાથ; મેરે વાલમા;**
**દીક્ષા અવસર દીજીએ રે હાં,**
**શિર ઉપર જગનાથ. મેરે. ૫**

●

અર્થ : હે જગન્નાથ ! આપે લગ્ન વખતે મારા

હાથ ઉપર આપનો હાથ મૂક્યો નહિ, તો હવે આપ દીક્ષા વખતે મારા માથે હાથ મૂકવાની કૃપા કરજો.

**ભાવાર્થ :** મહાન આત્માની મહાનતાને ગમે તેવી મુશ્કેલી પણ મહાત નથી કરી શકતી, પણ વાદળને ચીરીને પ્રકાશતા સૂર્યની જેમ ઝળહળી ઉઠે છે તે આ ગાથા પુરવાર કરે છે.

જો મહાસતીનો પ્રેમ પોકળ હોત, દૈહિક હોત, અલ્પ જીવી હોત, વાસનાજન્ય હોત, તો જે ઉદ્ગારો તેમના હૃદયમાંથી નીકળ્યા તે ન જ નીકળ્યા હોત.

આપ ભલે લગ્ન કર્યા સિવાય ચાલ્યા ગયા. હથે-વાળાની મારી હોંસ આપે ભલે અધૂરી રાખી, પણ એટલા માત્રથી રીસાઈ જઈને મોં ફેરવી દઉં એવી કાચી માટીની હું નથી.

આપે ભલે હાથોહાથ મારો સ્વીકાર ન કર્યો પણ આપનો હાથ ઝાલવાનો મારો જે નિર્ધાર છે તેમાંથી હું ડગવાની નથી. છેવટે દીક્ષા લઈને પણ આપના હાથનો વાસક્ષેપ નંખાવીને જ હું જંપીશ.

તાત્પર્ય કે પરમાત્મા તરફનો રાગ પણ, તેમના રાગીને આ રીતે નિરાગી બનાવીને તારનારો નીવડે છે. માટે વીતરાગ પરમાત્મા ઉપર વધુને વધુ રાગ રાખવો, તે સંસાર તરફના રાગને નિર્મૂળ કરનારૂં પ્રેમામૃત ગણાયું છે.

**ઈમ વલવલતી રાજુલ ગઈ રે હાં,**
**નેમિ કને વ્રત લીધ; મેરે વાલમા;**
**વાચક યશ કહે પ્રણમીએ રે હાં,**
**એ દંપતી દોય સિદ્ધ; મેરે. ૬**

●

**અર્થ** : આ પ્રમાણે વિલાપ કરતાં રાજુલ સતી શ્રી નેમિનાથ પ્રભુ પાસે ગયાં અને તેમની પાસે દીક્ષા લીધી. વાચક યશ (ઉપા. શ્રી યશોવિજયજી) કહે છે કે એ દંપતી અંતે સિદ્ધ થયા હોવાથી આપણે તેઓને બે હાથ જોડી, મસ્તક નમાવી પ્રણામ કરીએ.

**ભાવાર્થ** : હે મારા વાલમ ! આપ તરફનો મારો પ્રેમ, મોહ, અજ્ઞાન કે સ્વાર્થના ઘરનો નહોતો, પણ શુદ્ધ આત્મબોધજન્ય હતો. હા, આપ તોરણેથી પાછા ફર્યા ત્યારે ઘડીભરને માટે હું દિગ્મુઢ બની ગઈ હતી, પરંતુ બીજી જ ક્ષણે પશુઓ તરફની આપની વત્સલતાએ મને સમજના ઘરમાં પાછી વાળીને સાચા આત્મપ્રેમનો પાકો રંગ લગાડી દીધો હતો.

આવા ભાવને હૃદયમાં ઘુંટતાં મહાસતી, વડીલોની આજ્ઞા અને આશિષ લઈને પ્રભુ શ્રી નેમિનાથજી પાસે જઈને ઊભા રહ્યાં, તેમની વિનંતી સ્વીકારીને પ્રભુએ તેમને દીક્ષા આપી. 'ભવનિસ્તાર પામો' ના ભાવપૂર્વક તેમના માથે વાસક્ષેપ કર્યો.

દીક્ષા લઈ, ચારિત્ર પાળી, કર્મો ખપાવી મહાસતી મુક્તિ વર્યા.

પ્રભુ શ્રી નેમિનાથસ્વામી પણ જગતના જીવોને તારનારા તીર્થની સ્થાપના કરી, કર્મો ખપાવી મોક્ષે સિધાવ્યા.

આ સ્તવનનો સાર એ છે કે, પ્રેમનો પંથ પાવકની જ્વાળા જેવો છે. પોતાનું સર્વસ્વ તેમાં હોમી દેનારો જ તેના ઉપર ચાલી શકે છે.

અગ્નિ કચરાને બાળી શકે છે, સોનાને નહિ, તેમ પ્રેમની પાવક જ્વાળામાં મોહ, અજ્ઞાન, મિથ્યાત્વ, રાગ–દ્વેષરૂપી કચરો બળી જાય છે અને છેવટે શુદ્ધ આત્મ–સુવર્ણ શેષ રહે છે.

શૂરવીર આત્માઓ જ આ પંથ પર ચાલી શકે છે. તેમજ નિર્વિઘ્ને પરમાત્મા પ્રેમને પામીને પરમાત્મ–સ્વરૂપ બની શકે છે.

દેહભાવજન્ય પ્રેમ ઉછળી ઉછળીને કેટલો ઉછળી શકે ? દેહનિ શક્તિ મુજબ જ ને ?

જ્યારે આત્મભાવ જન્ય પ્રેમ તો સિદ્ધશિલા પર પહોંચવા જેટલો ઉછાળો મારી શકે છે કારણ કે તેવી અચિન્ત્ય શક્તિ આત્મામાં છે.

માટે પ્રેમના વિષય તરીકે પરમાત્માને પસંદ કરવા, સ્વીકારવા, પૂજવા, સ્તવવા, ધ્યાવવા તે જ આત્મ કલ્યાણનો શ્રેષ્ઠ માર્ગ છે.

દુન્યવી સઘળા પ્રેમના મૂળમાં સ્વાર્થ હોય છે અટલે તેમાં લપટાનારા આખરે દુઃખી થાય છે. જ્યારે પરમાત્માના પ્રેમના મૂળમાં પૂર્ણત્વને પામવાની આત્માની ઉત્કટ તાલાવેલી હોય છે એટલે તે પ્રેમ આત્માનું હિત કરતો-કરતો પરમાત્મ-સ્વરૂપમાં પરિણત થાય છે.

લાખ-લાખ વંદન હો મહાસતી રાજીમતીના પરમ કોટિના પ્રેમને! કરોડો-કરોડો વંદન હો વીતરાગ શ્રી નેમિનાથ પ્રભુની સર્વજીવહિત વત્સલતાને!

●

## ૨૩. શ્રી પાર્શ્વનાથ સ્વામીનું સ્તવન

વામાનંદન જિનવર મુનિ માંહે વડો રે
કે મુનિમાંહે.
જિમ સુરમાંહિ સોહે સુરપતિ પરવડો રે
કે સુરપતિ.
જિંમ ગિરિમાંહિ સુરાચલ, મૃગમાંહે કેશરી રે
કે મૃગમાંહે.
જિમ ચંદન તરુમાંહિ, સુભટમાંહિ મુર અરિ રે
કે સુભટ. ૧

●

**અર્થ અને ભાવાર્થ:** ત્રણ જગતમાં ઉપલબ્ધ સર્વશ્રેષ્ઠ ઉપમાઓ વડે પરમ કૃપાળુ શ્રી પાર્શ્વનાથ પ્રભુના સર્વશ્રેષ્ઠત્વને પ્રણામરૂપ આ સ્તવનના અર્થ અને ભાવાર્થ એકરૂપ હોઈને તેને અહીં જુદા નથી પાડ્યા, પણ સાથે જ રાખ્યા છે. તેમ કરવા પાછળનો એક માત્ર આશય, સ્તવન કર્તા ભગવંતના હૃદયની પ્રભુભક્તિના પ્રવાહને અકબંધ રાખવાનો છે.

પ્રભુ શ્રી જિનેશ્વર દેવની ત્રિભુવન તારકતા જગ-વિખ્યાત છે.

એ ત્રિભુવનતારક પ્રભુ ખરેખર અનુપમ છે. કોઈ પણ ઉપમા તેમના યથાર્થ સ્વરૂપનો પૂરેપૂરો બોધ કરાવી શકે તેમ નથી.

તેમ છતાં એ પરમ તારક પ્રભુની ભક્તિને વશ થએલો ભક્ત, તેમના ગુણો ગાયા સિવાય રહી શકતો નથી અહીં પ્રધાનતા ભક્તિની છે, શક્તિની નથી.

જો શક્તિને પ્રધાન ગણીએ તો નિજ બાળ પ્રત્યેના વાત્સલ્યથી પ્રેરાઈને મૃગ, મૃગેન્દ્રનો સામનો કરવા તત્પર થઇ જાય છે તે બને ખરૂં ?

શક્તિનું એના સ્થાને ગમે તેટલું મૂલ્ય હોય તો પણ ભક્તિ, વાત્સલ્ય આદિમાં તેનું સ્થાન ગૌણ બની રહે છે.

આટલી સ્પષ્ટતા સાથે હવે સ્તવન–ઘરમાં પ્રવેશીએ.

વામા માતાના સુપુત્ર શ્રી પાર્શ્વનાથ પ્રભુ સર્વ મુનિઓમાં શ્રેષ્ઠ છે, એમ કહીને પૂજ્યશ્રીએ શાસ્ત્રોમાં જેમને 'લોગસ્સ ઉત્તમા સિદ્ધા' કહ્યા છે, તે તીર્થંકર કેવળી ભગવંતોને સામાન્ય કેવળી ભગવંતો કરતાં વડા કહ્યા છે.

શ્રી તીર્થંકર ભગવંત એટલે તીર્થંકર ભગવંત. તેમનો જોટો હોય નહિ. એટલે તેમને અજોડ કહીને ભજવા એ પણ શ્રેષ્ઠ ભક્તિનું લક્ષણ છે.

શ્રી જિનેશ્વર દેવની સર્વ શ્રેષ્ઠતાને બિરદાવતાં પૂજ્યપાદ ગાય છે કે,

જેમ દેવોમાં ઈન્દ્ર શોભે છે, પર્વતોમાં મેરૂ પર્વત શોભે છે, પશુઓમાં કેશરી સિંહ શોભે છે, વૃક્ષોમાં ચંદનનું વૃક્ષ શોભે છે, સુભટોમાં વાસુદેવ શોભે છે, તેમ મુનિઓમાં શ્રી જિનેશ્વરદેવ શોભે છે.

**વક્તું ગુણાન્ ગુણસમુદ્ર! શશાંક કાંતાન્**
**કસ્તે ક્ષમઃ સુરગુરુ પ્રતિમોઽપિ બુદ્ધ્યાઃ ।**
**કલ્પાંત કાલ પવનોદ્ધત નક્ર ચક્રં ।**
**કો વા તરીતુમલ મંબુનિધિં ભુજાભ્યાંમ્ ॥ ૪**

●

શ્રી ભકતામર સ્તોત્રની આ ગાથામાં શ્રી જિનેશ્વર દેવની પરમોચ્ચતાની જે સ્તવના છે અને સ્વ–મતિની અલ્પતાનો જે એકરાર છે, તેનો જ પ્રતિઘોષ પૂજ્ય શ્રી રચિત આ સ્તવનની પ્રત્યેક ગાથામાં છે.

પૂર જોશમાં આવેલી નદી, ભેખડોને કાપતી આગળ વધે છે, તેમ પ્રભુની ઉપકાર–વર્ષાના અનુભવ જ્ઞાન વડે રંગાએલા હૈયાની ભકિત, ભેદની ભેખડોને તોડીને આગળ વધે છે એટલે તેમાંથી પ્રભુની શ્રેષ્ઠતાના જ ગુણાનુવાદની સુવાસ ચોમેર પ્રસરે છે.

આવી ભક્તિને વરેલા પૂજ્યપાદ પ્રભુને સ્તવતાં આગળ જણાવે છે કે–

**નદીય માંહિ જિમ ગંગ,**
**અનંગ સરૂપમાં રે, અનંગ.**
**ફુલમાંહિ અરવિંદ,**
**ભરતપતિ ભૂપમાં રે, ભરતપતિ.**
**ઐરાવણ ગજ માંહિ,**
**ગરુડ ખગમાં યથા રે, ગરુડ.**
**તેજવંત માંહિ ભાણ,**
**વખાણમાંહિ જિન કથા રે, વખાણ. ૨**

●

**અર્થ અને ભાવાર્થ:** જેમ નદીઓમાં ગંગાનદી શોભે છે, સુરૂપવાન પુરુષોમાં કામદેવ શોભે છે, પુષ્પોમાં કમળનું ફૂલ શોભે છે, રાજાઓમાં ભરત ચક્રવર્તી શોભે છે, હાથીઓમાં ઈન્દ્રનો શ્વેત ઐરાવણ હાથી શોભે છે, પક્ષીઓમાં ગરૂડ પક્ષી શોભે છે, તેજસ્વી પદાર્થોમાં સૂર્ય શોભે છે, વ્યાખ્યાન કથાઓમાં શ્રી જિનેશ્વર ભગવંતની કથાઓ શોભે છે, તેમ સર્વ મુનિઓમાં શ્રી તીર્થંકર પ્રભુ શોભે છે.

શાન્ત, દાન્ત, ધીર-ગંભીર ગુણોજ્જવલ, શીલસામાયિકવંત મુનિઓની શોભા પણ ઓછી નથી હોતી, તો પછી એ મુનિઓમાં શ્રેષ્ઠ એવા શ્રી તીર્થંકર પરમાત્માની શોભાનું તો પૂછવું જ શું?

એ શોભા એટલે ઝળહળતું આત્મતેજ, ચરમ સીમાએ પહોંચેલા શાસનપતિની અદ્ભુત પરમસત્તા.

પરમ આત્મ-ગુણે કરીને શોભતા શ્રી તીર્થંકર પરમાત્મા, પરમ મંગળકારી ધર્મના પ્રકાશક હોઈને તેમને સેવનારા, ભજનારા અને સ્તવનારા આત્માઓ પણ ગુણે કરીને શોભી ઉઠે છે.

આ શોભાને અલંકારની શોભા સાથે કોઈ નિસ્બત નથી હોતી. એ શોભા તો પારકી હોય છે, આત્માના ઘરની નથી હોતી.

પૂર્વાકાશે પ્રગટતા બાલ-રવિની કાન્તિમાં કસુંબલ રંગ

પૂરતી ઉષાનું ચિત્ર શોભાયમાન હોય છે ખરૂં, પણ તે અલ્પકાલીન હોય છે.

જ્યારે વિશ્વોપકારી શ્રી જિનેશ્વરદેવના ઉત્કૃષ્ટ ગુણોની શોભા તો કાળની પીંછીથી પણ પર હોય છે. તેમ છતાં ભક્તોની ભક્તિને લભ્ય હોય છે.

એવા ભક્તવર પૂજ્યપાદ શ્રી જિનરાજની શોભાને સ્તવતાં જણાવે છે કે—

**મંત્રમાંહિ નવકાર, રત્નમાંહિ સુરમણિ રે, રત્નમાંહિ.**
**સાયરમાંહિ સ્વયંભૂરમણ શિરોમણિરે, રમણ.**
**શુક્લધ્યાન જિમ ધ્યાનમાં, અતિ નિર્મલપણે રે, અતિ.**
**શ્રી નયવિજય વિબુધ પય સેવક ઇમ ભણેરે, સેવક. ૩.**

●

**અર્થ અને ભાવાર્થ :** જેમ સકળ મંત્રોમાં શ્રી નવકાર મહામંત્ર સર્વ શ્રેષ્ઠ છે, સકળ રત્નોમાં ચિંતામણિ સર્વ શ્રેષ્ઠ છે, બધા સાગરોમાં સ્વયંભૂરમણ સાગર સર્વ શ્રેષ્ઠ છે, સર્વ ધ્યાનોમાં શુક્લધ્યાન શ્રેષ્ઠ છે, તેમ સર્વ મુનિગણમાં શ્રી તીર્થંકર પરમાત્મા શ્રેષ્ઠ છે. એમ શ્રી નયવિજયજી પંડિતના ચરણ કમળના સેવક (ઉપા. શ્રી યશોવિજયજી) કહે છે.

બાળક બે બાહુ પ્રસારીને સમુદ્રના અમાપ વિસ્તારનું બ્યાન એની માતા આગળ કરતો હોય છે તેમ મુનિશ્રેષ્ઠ શ્રી તીર્થંકર પરમાત્માના અગાધ ગુણ સમુદ્રનું આ બ્યાન, પૂજ્યપાદે પ્રભુની જ ભક્તિના પ્રભાવે કર્યું છે.

મંત્રોમાં જેમ શ્રી નવકાર અજોડ છે, તેમ સર્વશ્રેષ્ઠ મુનિઓમાં શ્રી તીર્થંકરદેવ અજોડ છે. માટે સર્વ મુનિઓની સેવા કરનારા પણ જ્યાં સુધી શ્રી જિનેશ્વરદેવની સેવા નથી કરતા, ત્યાં સુધી તેમની તે સેવા અપૂર્ણ રહે છે. જ્યારે એક શ્રી તીર્થંકર દેવની સેવામાં સર્વ મુનિઓની સેવાનો સમાવેશ થઈ જાય છે.

એટલે સાચો જિનભક્ત, જ્યાં–જ્યાં શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું પાલન થતું જુએ છે, ત્યાં–ત્યાં સેવા કરવા દોડી જાય છે.

ગુણવાન પુરૂષના ગુણ ગાવા એ પણ ગુણવાન બનવાનો એક માર્ગ છે તો પછી ગુણના સમુદ્ર સમાન શ્રી જિનેશ્વર દેવના ગુણ ગાવાથી, ગુણ ગાનાર પરમ ગુણવાન બને તે તદ્દન સ્વાભાવિક છે.

પોતામાં રહેલા અવગુણોને દૂર કરીને ગુણવાન બનવાનો શ્રેષ્ઠ માર્ગ સકળગુણ સંપન્ન શ્રી જિનેશ્વરદેવની ભક્તિને જીવનમાં પ્રાધાન્ય આપવું તે છે.

પહેલાં પ્રભુભક્તિ, પછી બીજી બધી વાત, પહેલાં પ્રભુપૂજા, પછી પેટપૂજા, પહેલી જિનાજ્ઞા, પછી સઘળો કારોબાર.

પ્રભુજીને આગળ રાખવાથી, દીપકને આગળ રાખનારને અંધારામાં પણ માર્ગ મળી રહે છે તેમ દુષ્ટ અધ્યવસાયરૂપ ખાડામાં ગબડતાં બચી જવાય છે.

સંસાર તરફ પીઠ કરવા માટે, મુખ પ્રભુ આગળ રાખવું જ પડે, એમ ન કરનારને કર્મસત્તાના કોરડા ખાવા પડે છે, જન્મ-જરા-મરણનાં દુઃખ સહન કરવાં પડે છે.

સંસારના સેવક બનીને આ બધી સજાઓ સહતા રહેવા છતાં તેમાંથી છૂટકારો નથી થતો એવા અનુભવ પછી, કયો વિવેકી માણસ રાગ-દ્વેષરૂપી સંસારને લાત મારીને, સંસારના પારને પામેલા શ્રી જિનેશ્વરદેવના ચરણ ન પકડે?

જરૂર પકડે, કારણ કે તેમાં સર્વ પ્રકારની સલામતી છે, શાન્તિ છે, સુખ છે, આનંદ છે. મંગળ છે.

પરમ મંગળકારી પ્રભુની સેવા-ભક્તિના સહુને મનોરથ થાઓ!

# ૨૪. શ્રી વર્દ્ધમાન સ્વામીનું સ્તવન

ગિરુઆ રે ગુણ તુમ તણા,
શ્રી વર્દ્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે,
મ્હારી નિર્મળ થાયે કાયા રે. ગિરુઆ. ૧.

●

અર્થ : હે શ્રી વર્દ્ધમાન જિનરાજ! આપના ગુણો ગગનસ્પર્શી છે. તે ગુણોનું વર્ણન સાંભળવાથી મારા કર્ણદ્વયમાં જાણે અમૃત સીંચાતું હોય તેવો આનંદ થાય છે અને મારો દેહ પવિત્ર થાય છે.

ભાવાર્થ : શ્રી વર્ધમાન સ્વામી! ચોવીસમા જીનેશ્વર દેવ પ્રભુ, માતાના ગર્ભમાં પધાર્યા ત્યારથી શ્રી સિદ્ધાર્થ રાગના યશ, ધન, ધાન્ય, કીર્તિ, આરોગ્ય, સુખ, સંપત્તિ અને સામ્રાજ્યમાં વધારો થવા માંડયો તે શુભ લક્ષણથી પ્રેરાઈને માતાપિતા તેમજ કુટુંબીજનોએ પ્રભુનું 'વર્દ્ધમાન' નામ રાખ્યું.

'મહાવીર' નામ તો સૌધર્મેન્દ્રે–પ્રભુના પરમ પરાક્રમથી પ્રભાવિત થઈને પાડયું છે.

આ શ્રી વર્દ્ધમાન સ્વામીનો એક એક ગુણ આ સાગર જેવો ગંભીર, વ્યોમ જેવો વિશાળ અને મેરૂ સમ ઉન્નત છે,

તેમની માતૃભકિત તો જુઓ! ગર્ભમાંય માતાની શાતાનો ખ્યાલ રાખ્યો!

નાનું પણ સિંહ–બાળ હજારો હરણાંના ટોળાં વચ્ચે નોખું તરી આવે છે તેમ પૂરા ૧૦ એક દિવસની પણ વય નહોતી થઈ ત્યારે પ્રભુજીએ ઈન્દ્રનો ભય–ચિંતા ટાળવા માટે પોતાના ચરણ કમળના અંગુઠાના અગ્રભાગના માત્ર સ્પર્શ વડે એક લાખ જોજનના મેરૂ પર્વતને ડોલાયમાન કર્યો હતો!

તાત્પર્ય કે માતૃભકિતમાં શિરમોર પ્રભુ, બળ, અર્થ, પરાક્રમમાં પણ અજોડ હતા.

પ્રભુના અનુપમ સમતા યોગથી પ્રભાવિત થઈને શૂલપાણિ યક્ષ તેમનો સેવક બન્યો.

અને ચંડકૌશિક સર્પે એનો બધો ય ક્રોધ ભેગો કરીને પ્રભુના ચરણે ઉપરા ઉપરી ડંસ દીધા, પણ પ્રભુની ક્ષમાના અમૃત આગળ ક્રોધના એ ઝેરની હાર થઈ.

અને સંગમ બિચારો છ–છ મહિના સુધી નિરંતર આપત્તિઓના મેઘ પ્રભુ ઉપર વરસાવતો રહ્યો, છતાં પ્રભુજીને જરા પણ ચલિત ન કરી શકયો. આત્મભાવથી ભ્રષ્ટ ન કરી શકયો.

અનુપમ આત્મ સામર્થ્યવંત પ્રભુનો એક એક ગુણ, જગતના જીવોને એમ કહી રહ્યો છે કે, ચેતન ઉપરના જડના સ્વામિત્વને ખત્મ કરી નાખો. પ્રતિકૂળતાથી પ્રેમ કરો. તેને કર્મ–નિર્જરાનું અમોઘ સાધન સમજીને અપનાવો.

સાનુકૂળતા પુણ્યની દેન છે, તો પ્રતિકૂળતા પાપની દેન છે. એટલે સાનુકૂળતા અને પ્રતિકૂળતા ઉભય વચ્ચે આત્માના પક્ષે રહેવું જોઇએ.

'હું અવગુણથી ભરિયો, તું ગુણગણનો દરિયો' એમ ચિંતવીને પ્રભુના એક એક ગુણમાં મનને પરોવવાથી કદી ન અનુભવ્યા હોય એવા અમૃતમય અધ્યવસાયનો મનને સ્પર્શ થાય છે. પાવનકારી એ સ્પર્શથી આખાય શરીરમાં હર્ષની લહેર ફેલાઇ જાય છે. અને તે પળ, જીવનની ધન્ય પળ બની જાય છે.

તાત્પર્ય કે આત્મ સામર્થ્યને જગાડવાની અદ્ભુત ચાવી પરમ આત્મ સામર્થ્યવંતા શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ છે.

**તુમ ગુણગણ ગંગાજળે,**
**હું ઝીલીને નિર્મળ થાઉં રે;**
**અવર ન ધંધો આદરૂં,**
**નિશદિન તોરા ગુણ ગાઉં રે, ગિરુઆ ૨**

●

**અર્થ :** હે દેવાધિદેવ શ્રીમહાવીર સ્વામી પરમાત્મા ! આપના અગણિત ગુણોના સમૂહરૂપ ગંગાજળમાં સ્નાન કરીને હું નિર્મળ થાઉં છું. અને રાત-દિવસ આપના જ ગુણો ગાઉં છું. તે સિવાય બીજો કોઈ ધંધો મને ગમતો નથી.

**ભાવાર્થ :** આવી અજબ જિન ભક્તિને વરેલા

પૂજ્યપાદને પૂરા પ્રેમે પ્રણામ કરીને આપણે પણ શ્રી જિન-ભકિતના રંગમાં જીવનને રંગવું જોઇએ.

ગંગાના નિર્મળ નીરમાં સ્નાન કરનારને શારીરિક સ્ફૂર્તિનો અનુભવ થાય છે, પણ વિષય–કષાય આદિનો આંતરિક ઉકળાટ તેનાથી શમતો નથી. તેને શમાવવા માટે તો શ્રી જિનગુણની ગંગામાં અહર્નિશ સ્નાન કરવું પડે. મનથી પ્રભુના ગુણનું ચિંતન, વચનથી પ્રભુના ગુણનું સ્તવન અને તનથી પ્રભુની સેવા–પૂજા કરવાં પડે.

પૂજ્યપાદ તો કહે છે કે, મને શ્રી જિનરાજના ગુણો ગાવા સિવાય, અન્ય કોઈ પ્રવૃત્તિ મુદ્દલ ગમતી નથી.

વાત પણ સાચી છે. કારણ કે શ્રી જિનાજ્ઞાસાપેક્ષ જિનભકિત સિવાયની અન્ય સઘળી પ્રવૃત્તિઓ માખણ માટે પાણી વલોવવા જેવી નિરર્થક છે.

શ્રી જિનરાજના ગુણના ગાનમાં, આત્માનું ગાન છે, પરમાત્માનું ગાન છે, આત્મિક ગુણોનું બહુમાન છે.

દેહનો મેલ, નિર્મળ જળથી દૂર થાય છે પણ કર્મમળને કાપવા માટે તો શ્રી જિનગુણની ગંગામાં જ સ્નાન કરવું પડે છે.

વિચારો ! કેટકેટલી પરાધીનતાઓ વચ્ચે આપણે પીસાઇ રહ્યા છીએ ? ગર્ભમાં ઉંધે માથે લટકવાથી માંડીને મરણ પર્યંતની સઘળી અવસ્થાઓનો બારીકીથી અભ્યાસ કરીએ તો કર્મસત્તા સામે બળવો પોકાર્યા સિવાય ન

રહીએ. ધર્મમહાસત્તાનું શરણું સ્વીકાર્યા સિવાય ન રહીએ ધર્મના પ્રકાશક પ્રભુની આજ્ઞાની સીમા બહાર પગ મૂકવાનો વિચાર ન કરી શકીએ. ધર્મપિતાના ગુણના ગાનમાં ઓતપ્રોત બન્યા સિવાય ન રહીએ.

તાત્પર્ય કે સુખી થવા માટેનો સર્વોત્તમ ઉપાય, શ્રી જિનના ગુણમાં મનને ઓગાળી નાખવું તે છે.

દેહ આદિ પર પદાર્થોની ગમે તેટલી પૂજા કરીશું તો પણ તેનાથી સાચું સુખ નથી જ મળવાનું, કારણ કે સાચું સુખ ત્યાં છે નહિ, પરંતુ આત્મામાં છે.

આત્મામાં રહેલા તે સુખને પરમાત્માની ભાવપૂર્વકની ભકિતના પ્રભાવે અનુભવી શકાય છે. અને જે પુણ્યાત્માને તે સુખનો આંશિક પણ અનુભવ થાય છે, તેને ઐહિક પ્રવૃત્તિઓમાં રસ નથી રહેતો.

આત્મા સુખસ્વાભાવિક છે, આનંદ સ્વરૂપી છે અને છતાં દુઃખ, ઉદાસીનતા, વ્યથા, પરિતાપ, શોક, વિહ્વળતા અધીરાઈ આદિ શત્રુઓ આપણો પીછો છોડતા નથી એનું કારણ એ છે કે, આપણે હજી સાચું સુખ જ્યાં છે ત્યાં જતા નથી, ત્યાં લઈ જનારા માર્ગ પર ચાલતા નથી. અને અવળી દિશામાં ચાલીને સવળા પરિણામની મિથ્યા આશામાં અણમોલ માનવભવનું પાણીના ભાવે લીલામ કરી રહ્યા છીએ.

માટે જ જ્ઞાનીઓએ ગુણવાનને સુખી કહ્યો, પણ કેવળ ધનવાનને સુખી ન કહ્યો.

પીપરમીન્ટ ચગળતા બાળકને પૂછીશું કે પીપરમીન્ટ કેવી લાગે છે ? તો તેની મિઠાશનું વર્ણન કરતાં-કરતાં પણ તે રાજીનો રેડ થઈ જશે. તેના મુખ પર હર્ષ ઉભરાઈ જશે.

ધર્મના ક્ષેત્રમાં બાળક જેવા આપણે પણ પ્રભુના ગુણને એ રીતે મનમાં મમળાવવા જોઈએ.

દયા, સમતા, સહિષ્ણુતા, અડગતા, ધીરતા, ગંભીરતા, ઉદારતા, પરોપકાર પરાયણતા, ઈન્દ્રિયનિગ્રહ આદિ ગુણોને, હાથ–પગની જેમ અંગ ભૂત બનાવવા જોઈએ.

આ ગુણોના વિકાસમાં સાચો આત્મવિકાસ છે.

અવગુણો તો આત્માના શત્રુ છે, તેમને આસરો આપીને પોષવા તે તો સાપને દૂધ પાઈને ઉછેરવા કરતાં પણ અધિક ભયંકર દુષ્કૃત્ય છે.

આવા સર્વ દુષ્કૃતોના સેવનથી દૂર રહીને સર્વ સુકૃતોની સેવામાં આત્માની સેવા છે. પરમાત્માની સેવા છે.

**ઝીલ્યા જે ગંગા જળે,**
**તે છીલ્લર જળ કિમ પેસે રે ?**
**જે માલતી ફૂલે મોહિયા,**
**તે બાવળ જઈ નવિ બેસે રે. ગિરુઆ. ૩**

**અર્થ :** હે વીર જિનેશ્વરદેવ ! જે મનુષ્યો ગંગા નદીના ઊંડા અને નિર્મળ નીરમાં ન્હાયા હોય તે પછી ખાબોચિયાના છીછરા અને મલિન જળમાં કેમ પેસે ?

જે માલતીના સુગંધી પુષ્પો પર મોહિત થયા હોય તે ભ્રમરો બાવળ ઉપર જઈ ને ન જ બેસે.

**ભાવાર્થ :** ગુણની પવિત્રતા અને દોષની મલિનતા—ઉભયનું પ્રેરક પ્રતિપાદન આ ગાથામાં છે.

વહેવારમાં આપણે જોઈએ છીએ કે ખીરનું ભોજન કરનારને, સૂકો રોટલો નથી ગમતો અને કર્મ સંજોગે ખાવો પડે છે તો પણ તેમાં રસ નથી પડતો.

ખરીદી કરવામાં પણ માણસ, જે વસ્તુ ખરીદવાની હોય છે તે વસ્તુની શ્રેષ્ઠતાની ચકાસણી કરીને જ ખરીદે છે તેમજ સમાજના માણસો આગળ પણ મેં ઉત્તમ વસ્તુ ખરીદી છે, એમ અભિમાનપૂર્વક બોલતો હોય છે એટલું જ નહિ, પણ એ વસ્તુને કોઈ હલકી જાતની કહે છે, તો તે અકળાઈ જાય છે, ગરમ થઈ જાય છે.

પર પદાર્થોની શ્રેષ્ઠતા પ્રત્યેનો આજ રાગ, જો આત્માના ગુણો તરફ વળી જાય તો આપણો ભવ સુધરી જાય.

ગંદું પાણી આપણને નથી ગમતું. મેલાં વસ્ત્રો આપણને નથી ગમતાં તો પછી મલિન વિચારો માફક આવી જાય તે કેવું !

તાત્પર્ય કે બહિર્ભાવમાં રાચનારનું વલણ અને વર્તન આવી જાતનું જ હોય છે.

દેહનો મેલ ડંખે અને કર્મનો મેલ ન ડંખે એ બહિર્ભાવાત્મક જીવનની નિશાની છે.

શાસ્ત્રો તો ત્યાં સુધી કહે છે કે જેને આત્માના ગુણો વહાલા હોય છે, તે ધર્મી આત્મા–પાપનું સેવન થઇ જતાં અગ્નિથી દાઝેલા બળકના રૂદનને પણ ઝાંખું પાડે તેવું રૂદન કરતો હોય છે, તેના રૂંવાડે રૂંવાડે પશ્ચાત્તાપનો અગ્નિ શત–શત જીહ્વાએ ફરી વળતો હોય છે. બીજાને પોતાનું મુખ બતાવતાં પણ તે શરમાતો હોય છે. તેને નિંદા કરવા લાયક એ માત્ર પોતાનું પાપ લાગે છે.

પાપ સેવનની ભયંકર બળતરાને ઠારવા માટે નિષ્પાપ પ્રભુના ગુણોની ગંગામાં મનને વારંવાર ઝબોળવું જોઇએ.

માટે ચાલો ન્હાઇએ જિનગુણની ગંગામાં, સચ્ચારિત્રના નિર્મળ સરોવરમાં, દયાના દરિયામાં, ગંભીરતાના કૂવામાં, ધીરતાના કુંડમાં, ત્યાગની સરિતામાં, આત્મસ્નેહના ઝરણામાં, પ્રભુભક્તિના પારાવારમાં.

દોષ મારે ન ખપે. પાપસેવનથી હું ત્રાસ્યો છું. ભમરા જેવો અસંજ્ઞી જીવ પણ જો માલતીના મનોહર, સુગંધી પુષ્પોને છોડીને કાંટાવાળા બાવળ ઉપર બેસવા તૈયાર ન થતો હોય, તો સંજ્ઞી–પંચેન્દ્રિય એવો હું અદ્‌ભુત ગુણોની સુવાસ વડે મહેકતા શ્રી જિનેશ્વરદેવની ભક્તિને છોડીને, પાપની કાંટાળી પથારી પર શા માટે આળોટું!

ના–ના, હવે મને એ મુદ્દલ મંજુર નથી. મારે તો પ્રભુ ભલા ને એમનું ભજન ભલું. એનાથી મારા જીવને

ટાઢક વળે છે. મારા મનને જે આનંદ મળે છે તેવી ટાઢક અને તેવો આનંદ કોઇ દુન્યવી પદાર્થ આજ સુધી મને આપી શક્યું નથી એટલું જ નહિ પણ તે પદાર્થોએ તો મને અધિક પરવશ બનાવીને દુઃખી જ કર્યો છે.

માટે જિનગુણની ગંગાની બહાર નહિ નીકળવાનો નિર્ધાર આપણે કરવો જોઈએ.

**એમ અમે તુમ ગુણ ગોઠશું,**
**રંગે રાચ્યા ને વળી માચ્યા રે;**
**તે કેમ પરસુર આદરે,**
**જે પરનારી વશ રાચ્યા રે. ગિરુઆ. ૪**

●

**અર્થ** : હે વીતરાગ પરમાત્મા ! માલતી ફૂલમાં મુગ્ધ ભમરાની જેમ અમે પણ આપના ગુણોમાં રસપૂર્વક લીન થએલા છીએ એટલે પરનારીને આધીન થઈને તેમાં જેઓ આસક્ત થયા છે તેમને કેમ સ્વીકારીએ ?

**ભાવાર્થ** : આ ગાથાની છેલ્લી બે કડીઓ અધિક માર્મિક છે.

તેનો સામાન્ય અર્થ ઉપર લખ્યો છે.

જ્યારે તાત્ત્વિક અર્થ એ થાય છે કે, પરપરિણતિમાં થતી મતિની ગતિ એ પરનારી તરફની આસક્તિ છે.

આત્મ–પરિણતિમાં થતી મતિની ગતિ એ સચ્ચારિત્રવંત વીતરાગનું લક્ષણ છે.

સતી સ્ત્રીની મતિ, સ્વપતિમાં જ ગતિ કરતી હોય તેમ પરમાત્માને ભાવથી ભજનારાની મતિ પરમાત્મામાં જ હોય, અન્યત્ર ન હોય.

શ્રી વીતરાગ જિનેશ્વરદેવને ભજવામાં જીવ, પોતાના જ પરમવિશુદ્ધ સ્વરૂપને ભજતો હોય છે. એટલે તેને પરનારીરૂપ, પર પરિણતિ તરફ રાગ નથી થતો એટલું જ નહિ, પણ જે રાગ તેનામાં બેઠો હોય છે તે પણ ક્રમશઃ ઘટતો જાય છે.

તાત્પર્ય કે જે સ્વયં પરાધીન છે, તેમનું શરણું લેવાથી શરણે જનારની સ્વાધીનતાનું રક્ષણ નથી થતું, પરંતુ તેની પરાધીનતા વધુ ગાઢ બને છે.

શ્રી વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા સોએ સો ટકા સ્વાધીન છે, પર પદાર્થ પ્રત્યેના રાગનો એક અંશ પણ તેમના વિશુદ્ધ આત્મપ્રદેશોમાં હોતો નથી. એ બધા પ્રદેશોમાં તો આત્માના પ્રગટ ગુણો–ફૂલમાં સુગંધની જેમ ઓતપ્રોત હોય છે.

જેનું લક્ષ્ય પરમાત્મપદ છે, મુક્તિ છે, તે ભવ્ય જીવો પરને આધીન ન થાય તે સ્વાભાવિક છે. તેમજ સ્વાધીનતા માટે પરમાત્માને ભજતા રહે તે પણ સમજી શકાય તેવી હકીકત છે.

પ્રભુના ગુણના રંગમાં રંગાએલા પુણ્યાત્માઓ, એ રંગમાં ભંગ પાડનારા દુર્વિચારો, કષાય, રાગ–દ્વેષ, દેહભાવ,

બહિર્ભાવ, પૌદ્ગલિકભાવ આદિ વડે રંગાએલાને દેવ તરીકે ન ભજે જ તેમાં જ તેની સચ્ચાઈ છે, સત્યનો રાગ છે.

**તું ગતિ તું મતિ આસરો,**
**તું આલંબન મુજ પ્યારો રે;**
**વાચક યશ કહે માહરે,**
**તું જીવ જીવન આધારો રે. ગિરુઆ. ૫**

●

**અર્થ :** હે પ્રભુ ! તું જ મારી ગતિ છો, તું જ મારી મતિ છો, તું જ મારૂં આશ્રયસ્થાન છો અને તું મને અત્યંત પ્યારો છો એમ કહે છે.

અને સાચા જિનભક્ત શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીના આ ઉદ્ગારો પ્રભુને જ જીવને જીવાડનાર કહીને સ્તવે છે.

**ભાવાર્થ :** શ્રી જિનેશ્વરદેવના અગણિત ગુણોની ગંગામાં અહર્નિશ સ્નાન કરનારા પૂજ્ય શ્રી યશોવિજયજી મહારાજના આ ઉદ્ગારો એ કેવળ શબ્દોના ઝુમખાં નથી, પણ આત્માને સ્પર્શેલા ભાવના દીવા છે.

ઝળહળતો દીવો એટલે અંધકારનો દુશ્મન.

અંધકાર બે પ્રકારનો હોય છે.

(૧). બહારનો (૨) અંદરનો.

બહારનો અંધકાર એટલો ખતરનાક નથી જેટલો ખતરનાક અંદરનો અંધકાર છે.

આ અંધકાર આત્માને એના ઘરમાં દાખલ નથી થવા દેતો, પણ દેહાદિ પર પદાર્થોમાં રખડાવે છે.

આ અંધકારને દૂર કરનારા દીવાનું નામ પ્રભુ-ભક્તિ છે.

પ્રભુને ભજવાથી તેમના ગુણો તરફ અપૂર્વ આકર્ષણ પેદા થાય છે. આ આકર્ષણ જેમ જેમ દૃઢ બનતું જાય છે, તેમ તેમ ભક્તનો આત્મા ભગવાનમય બનવા માંડે છે.

એટલે પછી તેની મતિના માલિક ભગવાન બને છે, ભગવાનની આજ્ઞા બને છે, ભગવદ્ભાવ બને છે.

પરમાત્મભાવથી વિપરીત પ્રકારના કોઈ ભાવ સાથે તેનું મન મળતું નથી.

શ્રી જિનેશ્વરદેવને જ પોતાની ગતિ અને મતિ કહી દઈને પૂજ્યપાદે, શ્રેષ્ઠ જિનભક્તની શ્રેષ્ઠ પ્રકારની જિન-ભક્તિનો સચોટ પુરાવો આપણી સમક્ષ રજુ કર્યો છે.

અહંનું વિસર્જન થાય છે, ત્યારે જ આવા ઉદ્ગારો સહજ બને છે. કારણ કે અહંના સામ્રાજ્યમાં અર્હંના પ્રકાશને આવકાર નથી જ મળતો.

સાગરમાં તણાતા માણસને લાકડાનું પાટિયું મળી જાય છે તો તે તેને કેવો બાઝી પડે છે! તે સમયે સાગર-તીરે ઊભેલો કોઈ માણસ તેને કરોડોની કિંમતના હીરા

લેવા લલચાવે છે તો પણ તે તેની ઉપેક્ષા જ કરી દે છે કારણ કે તેને તે હીરા કરતાં વધુ વહાલો પોતાનો જીવ છે. તેમ આ સંસાર–સાગરના રાગ–દ્વેષાત્મક પ્રવાહમાં તણાતા જીવને શ્રી જિનેશ્વરદેવરૂપી નાવ મળી જાય છે તો તે આ દુનિયાનાં સર્વ શ્રેષ્ઠ સુખોની લાલચમાં આવીને તે નાવને નથી જ છોડતો, કારણ કે તેને તે સુખો કરતાં વધુ વહાલા પોતાના ભાવપ્રાણો છે.

જીવના જીવનનો આધાર તેના ભાવપ્રાણો છે.

ભાવપ્રાણોનું જતન એટલે આત્મ પરિણતિનું જતન, આત્માના ગુણોનું જતન.

જીવદ્રવ્ય શાશ્વત છે તે સાચું, પણ તેની સ્થિતિ ખાણમાં રહેલા સુવર્ણ જેવી છે. તેની શુદ્ધિ માટે ભેદ–છેદ, તાપ, કસોટી આદિ અનિવાર્ય છે.

પરમાત્મ–પદને પામવાના દૃઢ નિર્ધારમાંથી જન્મેલી ભક્તિમાં આત્મ–સુવર્ણને શુદ્ધ કરવાની આ બધી જ યોગ્યતાઓ રહેલી હોય છે.

ચરાચર વિશ્વમાં શ્રી અરિહંતભાવનું એક ચક્રી શાસન પ્રવર્તે છે એટલે અશુભના ગમે તેટલા બળ સામે પણ વિશ્વની વ્યવસ્થાના પાયા સુસ્થિર રહ્યા છે, રહે છે તેમજ રહેવાના છે

માટે જ શ્રી અરિહંત તીર્થંકર પરમાત્મા સર્વ કાળ અને સર્વ દેશમાં રહેતા સર્વ આત્માર્થી જીવોને પરમ આરાધ્ય લાગે છે.

જીવને મોક્ષાનુકૂળ જીવન કેમ જીવી શકાય તે દર્શાવનારા શ્રી જિનેશ્વરદેવ, પોતાના જીવથી યે વધુ વહાલા લાગે છે, ત્યારે તે પણ પૂજ્યપાદ મહર્ષિની માફક એક તેમને જ સમર્પિત થઈ જઈને શ્રેષ્ઠ પ્રકારની નિરાંત અનુભવે છે.

શ્રી જિનેશ્વરદેવ જેવા સ્વામી મારા માથે છે, એવી શુદ્ધ સમજથી વાસિત થએલા હૃદયવાળો માનવી વીર યોદ્ધાને છાજતું અટંકીપણું સાચવીને જીવે છે. તેના મનના કોઈ પ્રદેશમાં નિર્માલ્યતા ઘર કરી શકતી નથી. કાયરતા (કાય–રતતા) વસવાટ કરી શકતી નથી. એના શ્વાસોચ્છ્વાસમાં શ્રી જિનગુણની મોંઘેરી સુવાસ ઘુંટાતી હોય છે. ધર્મનો સગો બનીને એ જીવ માત્રનો મિત્ર બની રહે છે.

આવા મહાન જિનભક્તનું આ સ્તવન એટલું ચોટદાર છે કે જો આપણે તેને હૃદયની વીણાના તાર પર ઝીલતા થઈએ. તો આપણે એક નવા મંગળકારી જીવનમાં જરૂર દાખલ થઈ શકીએ.

તાત્પર્ય કે વીતરાગ પરમાત્માની સાચી ભક્તિમાં જ આપણી સર્વ શક્તિને કેન્દ્રીભૂત કરવામાં આપણું સર્વ-દેશીય હિત છે.

# ઉપસંહાર

જયવંતુ શ્રી જિનશાસન અદ્દભુત હીરાઓની ખાણ છે. કાળે–કાળે તેણે જગતમાં ધર્મનો પ્રકાશ ફેલાવનારા અનેક તેજસ્વી આત્માઓ પેદા કર્યા છે. ઉપસર્ગો અને આપત્તિઓના ઘણ પડવા છતાં આ મહાન આત્માઓએ ચૂંકારો કર્યા સિવાય ધર્મનો પ્રકાશ પાથરવામાં સહેજ પણ કચાશ નથી રાખી.

પ્રાતઃ સ્મરણીય આ મહાત્માઓની ઉજ્જવળ પરંપરાને દીપાવવામાં શૂરા–પરમપૂજ્ય મહામહોપાધ્યાય, ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી ગણિવરશ્રી ૧૭મા સૈકાના પ્રારંભમાં થઈ ગયા.

પડતા આ કાળમાં બાળજીવોને ધર્મનો બોધ પમાડવા માટે, તેમણે છેલ્લા શ્વાસ સુધી અખંડ જે શ્રુતોપાસના કરી, જે ગ્રન્થો લખ્યા, જે સ્તવનો રચ્યાં, જે સજ્ઝાયો બનાવી, તેનું મૂલ્ય અમાપ છે.

આવો અણમોલ વારસો આપણને વગર મૂલ્યે મળી ગયો તે એમ બતાવે છે કે, આપણે ખરેખર ભાગ્યશાળી છીએ.

પૂજ્યશ્રીની કૃતિઓમાં તેમણે રચેલી આ સ્તવન–ચોવીસી પણ આગવું સ્થાન ધરાવે છે.

આ સ્તવનોને શ્રી જિનભક્તિની નિર્મળ ગંગા પણ કહી શકાય.

દેહનો થાક પાણીમાં સ્નાન કરવાથી દૂર થતો હોય કે ન થતો હોય, પણ આ સ્તવનો વાંચતા–વિચારતાં મનનો થાક તરત દૂર થઈ જાય છે, વિષય–વાસના મંદ પડી જાય છે, કષાયો કમજોર બની જાય છે, બહિર્વૃત્તિ ઓસરવા માંડે છે, દેહભાવ દૂબળો પડી જાય છે, પરપદાર્થોનું મમત્વ ઓગળવા માંડે છે, આત્માને એના મૂળ સ્વરૂપની ભૂખ લાગે છે, રાગ–દ્વેષરૂપી સંસાર કેદ જેવો લાગે છે. મુક્તિમહેલના મનોરથ વેગવાન બને છે.

ઉત્તમ ભક્તિના શ્રેષ્ઠ નમુના સમા આ સ્તવનોમાં સાચો સમર્પણભાવ છે, આજ્ઞાપ્રધાનતા છે, શુભ ભાવના સામર્થ્યનું સચોટ પ્રતિપાદન છે, સામાયિકની સુવાસ છે, પ્રતિક્રમણનું મહાત્મ્ય છે.

સમગ્ર શ્રુતસાગરના મંથનને અંતે જે નવનીત પૂજ્યશ્રીને પ્રાપ્ત થયું તે તેમણે આ સ્તવનોમાં ભક્તિરૂપે ઠાલવી દીધું છે.

આ અવસર્પિણી કાળમાં આ ભરતક્ષેત્રમાં ચોવીસ જે જિનેશ્વરદેવો થઈ ગયા, તેમના અસીમ ઉપકારોને તેમજ અનંત ગુણોને પૂજ્યશ્રીએ આ સ્તવનોમાં એવી ખુબીથી વણી લીધા છે કે તેના સહૃદયી વાંચકને એમજ લાગે કે, આ સ્તવનો એ શબ્દોના માત્ર ઝુમખા નથી કે આડંબરી

રચના નથી. પણ સો ટચની ભક્તિનાં ઝરણાં છે. નિર્વ્યાજ ભક્તિની શ્રેષ્ઠ અભિવ્યક્તિ છે.

સંતાન જે ભાવપૂર્વક પોતાની માતા આગળ વાત કરે, તેવો નિર્દોષ ભાવ આ સ્તવનોમાં હોવા છતાં તેમાં માધુર્ય છે, સંગીત છે, લય છે, તાલ છે, સંવાદ છે, ખડકની કોરતી જળધારાની વેધકતા છે, ક્યાંક–ક્યાંક આંચકા–પ્રયોગ પણ છે.

પ્રભુ પ્રત્યેના અવિચળ વહાલને બીજા સ્તવનમાં જે રીતે વ્યક્ત કર્યું છે તે રીત જ તેમના રૂંવાડે–રૂંવાડે ફેલાઈ ગએલી ભક્તિની સાખ પૂરે છે.

બોલાતા શબ્દોની પાછળ નિષ્કપટ ભાવ હોય છે, તો તે શબ્દો સાંભળનારના હૃદયને જ સ્પર્શી શકે છે. પૂજ્યશ્રીના આ સ્તવનો તેમના નિષ્કપટ ભાવની પ્રતીતિ કરાવે છે અને તેનું મનન કરનારને અપૂર્વ શાન્તિ અર્પે છે.

ખાવા ખાતર ખાવું એ એક વાત છે અને ભૂખ લાગતાં ખાવું તે બીજી વાત છે, તેમ આ સ્તવનો કોઈ છાપું કે નવલકથા વાંચતાં હોઈએ તેવા ભાવપૂર્વક ન વાંચતા, દર્દી જે ભાવપૂર્વક ઔષધનું સેવન કરે છે, તેવા ભાવપૂર્વક વાંચવાની ખાસ જરૂર છે.

ત્રણ જગતના સર્વ જીવોનું પરમહિત ચિંતવનારા તથા તેનો મંગળકારી માર્ગ બતાવનારા શ્રી જિનેશ્વરદેવનું

સ્મરણ કરવું, તેમને મનમાં વસાવવા, નમન કરવું, હૃદય સોંપવું એ મોટું મંગળકારી કાર્ય છે. પરમ સૌભાગ્યને ખીલવનારૂં શ્રેષ્ઠ સત્કાર્ય છે.

પ્રભાતે પુણ્યશાળીનું મુખ જોનારનો દિવસ સારો જતો હોય છે, તો પરમ સૌભાગ્યવંતા શ્રી જિનેશ્વરદેવનું દર્શન કરવાથી, સ્મરણ કરવાથી, તેમના ગુણો ગાવાથી, તેમની ભક્તિ કરવાથી આખો ભવ મંગળમય, કલ્યાણમય, સૌભાગ્યમય, આનંદમય બની જાય તેમાં શી નવાઈ?

વાસણમાં મોં ઘાલતા કૂતરાને લાકડી પડે છે, તેમ સંસારની વાસનામાં જ રચ્યા પચ્યા રહેનાર જીવને કર્મસત્તા સજા કરે છે.

કોઈ ભવ્ય આત્માને આવી સજા ન ખમવી પડે એ ઉદાત્ત આશય પણ આ સ્તવનોની રચના પાછળ રહેલો છે, કારણ કે આપણે તેના સ્વાધ્યાયમાં ઓતપ્રોત બનીએ છીએ એટલે સંસાર પાછળ રહી જાય છે અને પરમાત્મા આગળ રહે છે.

નિશ્ચય દૃષ્ટિએ જોતાં આત્મા જ પરમાત્મા છે, સત્તાગત પરમાત્મત્વ આત્મામાં રહેલું જ છે. પણ તે મોહ, અજ્ઞાન, મિથ્યાત્વ આદિ વડે દબાએલું છે.

સંગ મુજબ રંગ લાગતો હોય છે, એ ન્યાયે વિચારતાં, વિવેકી માણસો ઉત્તમ ગુણવાન પુરુષોનો સંગ કરે છે.

અને ઉત્તમ ગુણવાન પુરુષોમાં સર્વોત્તમ શ્રી જિનેશ્વરદેવ છે. નથી તેમને ક્રોધ, નથી માન, નથી માયા, નથી લોભ, નથી રાગ, નથી દ્વેષ, નથી હર્ષ, નથી શોક, નથી ખેદ, નથી ઉદ્વેગ, પણ સર્વ ગુણોના પરમ શિખરે બિરાજે છે.

આવા અનંત ગુણવાન પુરુષોત્તમ પરમાત્માનો સંગ કરવા માટે આ સ્તવનો એ પણ શ્રેષ્ઠ સત્સંગ–ક્ષેત્રો પૈકી એક શ્રેષ્ઠ ક્ષેત્ર છે.

સૂર્યમાં અંધકાર નથી હોતો, તેમ આ સ્તવનોમાં મોહનો અંધકાર નથી, માલતી પુષ્પમાં દુર્ગંધ નથી હોતી, તેમ આ સ્તવનોમાં વિષય–કષાયની દુર્ગંધ નથી, ચન્દ્રમાં દાહકતા નથી હોતી, તેમ આ સ્તવનોમાં દેહભાવની દાહકતા નથી. સાગરમાં છીછરાપણું નથી હોતું તેમ આ સ્તવનોમાં છીછરા ઐહિક ભાવો નથી. સતીમાં શૈથિલ્ય નથી હોતું તેમ આ સ્તવનોમાં આજ્ઞા–શૈથિલ્ય નથી.

પરમાર્થ કાજે વહેતી સરિતાના નિર્મળ હૈયા જેવા નિર્મળ હૈયામાંથી પ્રગટેલાં આ સ્તવનોમાં જેટલી પરમાત્મ–સ્તવના છે, તેટલી જ આત્મ–સ્તવના છે.

પરમાત્મ–સ્તવનાના મૂળમાં કૃતજ્ઞભાવ છે. એ જ કૃતજ્ઞભાવ આત્મ–સભાનતા પેદા કરીને ભક્તને આત્મરતિવાન પણ બનાવે છે.

સાચી આત્મરતિનો આધાર પરમાત્મ પ્રીતિ પર છે.

આપણે પ્રભુને 'પ્રિયતમ' કહી તો દઈએ છીએ, પણ આત્મ સાક્ષીએ વિચારશું તો પ્રભુ ભક્તિમાં જોઈએ તેવી લીનતા પ્રગટતી નથી.

લીનતા કેમ પ્રગટતી નથી તેનો ઉપાય પણ આ સ્તવનોમાં છે. આ ચોવીસ સ્તવન પૈકી કોઈ એક સ્તવનને સતત એક કલાક સુધી મમળાવવાથી આ ઉપાય જડી જાય છે અને પરમાત્માને જીવનમાં પહેલું સ્થાન આપવાની ભાવના જાગે છે.

પ્રભુ કેવા છે?

પીતાં કદી ન ધરાઈએ એવા અમૃતના મહાસાગરથી યે સવાયા.

લાખ જોજનના મેરૂ પર્વત કરતાં ય અધિક ધીરજવાન.

આંતર–બાહ્ય વિભૂતિઓમાં પણ સર્વ શ્રેષ્ઠ.

તેમના શ્વાસમાં સ્વાર્થની દુર્ગંધ નથી હોતી, પણ પદ્મ જેવા નિર્લેપ ભાવની સુવાસ હોય છે.

પ્રભુનું ચિત્ત તો રાગરહિત–નિર્મળ હોય જ છે, પણ તેઓશ્રીના કાન્તિમાન પુણ્ય દેહમાં વહેતું રૂધિર પણ ગાયના દૂધની ધાર જેવું શ્વેત હોય છે.

તેમના ગુણો ગણાય તેમ નથી, ઉપકારો પૂરા વર્ણવી શકાય તેમ નથી.

આવા પરમ ગુણવાન અને અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવોને હૃદય પૂર્વક સ્તવવા માટેનાં આ સ્તવનો આપીને પૂજ્યશ્રીએ આપણા ઉપર જે ઉપકાર કર્યો છે, તેનો બદલો તેમણે તો નથી ઈચ્છ્યો, પણ જો આપણે સાચા આબરૂદાર હોઈએ તો આ ઋણ માથે રખાય નહિ.

આ સ્તવનોમાં નિત્ય સ્નાન કરીને મનને નિર્મળ બનાવવું, બુદ્ધિને શુદ્ધ બનાવવી, વૃત્તિઓને વશમાં કરવી, આત્માર્થીને છાજતું જીવન જીવવું, દેવ–ગુરૂની ભક્તિમાં શક્તિને ન ગોપવવી, સાત ક્ષેત્રોને હરિયાળા રાખવાં એ વગેરે કાર્યો દ્વારા આ ઋણ અદા કરી શકાય.

વૃક્ષ જાતે તડકો સહન કરીને પથિકને છાયા અને શિતળતા આપે છે તેમ પૂજ્યશ્રીએ પણ વિવિધ કષ્ટો સમભાવે સહતા રહીને મોક્ષ સુખની લગની લગાડનારાં આ સ્તવનો આપણને આપ્યાં છે.

મિથ્યામતિ યાને મિથ્યાત્વને વશ થઈને જીવ અવળા રાહે ચઢી જાય છે એટલે તેને સત્, અસત્ લાગે છે. અસત્ સત્ લાગે છે.

દૃષ્ટિના આ ભ્રમને ભાંગવાનું અંજન આ સ્તવનોમાં છે.

આ સ્તવનોમાં સાચા ભક્ત–હૃદયના ઉપાલંભ પણ છે. કટાક્ષ પણ છે પણ તે બધું સાચા ભક્ત પૂરતું જ છે.

ભગવાનમય બનેલો ભક્ત, ભાવવિભોર દશામાં માનવાચી શબ્દને બદલે 'તું'કાર પણ કરી દેતો હોય છે. પણ આંતરિક અંતર કપાવાને કારણે આમ બનતું હોય છે. પછી 'બે' રહેતા નથી, બે મટી એક થયા હોય છે એટલે 'એક' પોતે પોતાને 'તું' કહી દે, તે સ્વાભાવિક છે.

આ સ્તવનો સંપૂર્ણ શાસ્ત્રીય છે. આગમની આજ્ઞાને અજવાળે રચાયેલાં છે. તેમાં નય છે, નિક્ષેપ છે, સ્યાદ્વાદ છે, કર્મનો સિદ્ધાન્ત છે.

તાર્કિક શિરોમણી અને ન્યાયનિપુણ પૂજ્યવરે આગમ શાસ્ત્રોની ગહન વાતો આ સ્તવનોમાં એવી સરળતાથી ગૂંથી છે કે આ સ્તવનોના અર્થ અને ભાવાર્થને આત્મસાત્ કરવાથી આગમને અભિપ્રેત આત્મા હાથમાં આવે છે, આત્મા સિવાયનું બધું મનમાંથી વિદાય થવા માંડે છે.

૨૪ મા ભગવાનના સ્તવનમાં પૂજ્યશ્રી ગાય છે કે,

'અવર ન ધંધો આદરૂં,
નિશ–દિન તોરા ગુણ ગાઉં રે.'

તો વિચારો કે દેવાધિદેવ તેમના દિલમાં કેવા વસી ગયા હશે ?

રાત અને દિવસ ભગવાનના ગુણો ગાવામાં મશગુલ એ પૂજ્યવરનો જન્મ મૌન એકાદશીના શુભ દિવસે થયો

હતો તે ઘટના પણ જાણે કે પોતે સંસાર માટે કશું જ બોલવાના નથી અર્થાત્ સંસારની વકીલાત કરવાના નથી એ ભાવિની જ આગાહીરૂપ ન હોય એવી પ્રતીતિ કરાવે છે.

નગુણા સંસારની વકીલાત કરીએ તો પણ એ તો એના સ્વભાવ મુજબ આપણને દુઃખી જ કરવાનો, કારણ કે આત્માને સુખ આપવાનું સામર્થ્ય એનામાં છે જ નહિ.

એ સામર્થ્ય પરમાત્માની ભક્તિમાં છે. માટે પ્રભુનો ભક્ત ક્યારે ય દુઃખી નથી હોતો, પણ સતત શુભ ભાવમાં રહીને જીવલોકમાં મંગળનું વાતાવરણ ફેલાવે છે.

ભક્તિને મુક્તિની દૂતી કહી છે, તે સાચું જ છે.

સિંધુને સમર્પિત થયેલા બિંદુમાં આખા સિંધુની તાકાત આવી જાય છે, તેમ સર્વ દુન્યવી બંધનો ફગાવી દઈને, આશા-ઈચ્છાને વોસિરાવી દઈને પરમાત્માને સમર્પિત થવાથી આત્મા અનંત શક્તિશાળી બની જાય છે. તેનું આત્મવીર્ય એવું સ્ફુરાયમાન થાય છે કે, એક છલાંગે સિદ્ધશિલા પર પહોંચી જવાના ઉમળકાને તે શુક્લ ધ્યાનમાં રૂપાંતરિત કરીને જંપે છે.

સેવકને સ્વામીની આજ્ઞા શિરોમાન્ય હોય છે, તેમ ભક્તને ભગવાનની આજ્ઞા શિરોમાન્ય હોય છે. આજ્ઞાના પરિઘ બહાર પગ મૂકવાથી મળતા સ્વર્ગ તરફ તે નજર-

સુદ્ધાં નથી કરતો, જ્યારે આજ્ઞા પાળતાં થતી કસોટીઓ વચ્ચે તે સ્વસ્થ રહે છે.

અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશેલા ધર્મના સ્વરૂપને વિવેક અને વિધિપૂર્વક આત્મસાત્ કરીને પૂજ્ય-શ્રીએ રચેલા આ સ્તવનો દહેરાસરમાં કે એવા બીજા પવિત્ર સ્થળે દેવાધિદેવને સન્મુખ રાખીને ભાવવાહી ઢબે ગવાય છે તો ગાનાર અને સાંભળનાર ઉભયને અપૂર્વ આત્મોલ્લાસ થાય છે. સંસારનો કચરો મનમાંથી સાફ થઈ જાય છે.

મેલા વસ્ત્ર પર પાકો રંગ બેસતો નથી તેમ રાગ-દ્વેષયુક્ત મનને ભક્તિનો પાકો રંગ લાગતો નથી.

સાકરના ગાંગડાને ગમે ત્યાંથી ચગળવાથી મોં મીઠું થાય છે, તેમ ભક્તિરસ ભરપૂર આ સ્તવનોની કોઈ પણ પંક્તિને હૃદયપૂર્વક ગાવાથી મન મીઠું થાય છે.

મીઠું મોઢું કરાવનારા ઘણા ય માણસો આ દુનિયામાં હોય છે, પણ મન મીઠું કરાવનારા તો વિરલ હોય છે.

પૂજ્યવર આવા વિરલ કોટિના મહાપુરુષ હતા.

રાગ–દ્વેષની ખારાશથી ટેવાયેલા મનને, આત્માના ગુણોની મીઠાશ માણવા મળે છે. તે પછી જ રાગ–દ્વેષ કેટલા ખરાબ છે, તે બરાબર સમજાય છે.

'વાચક જશ'ના ટુંકા નામે ઓળખાતા પૂજ્યવર ૧૯ મા ભગવાનના સ્તવનમાં–

'રીઝવવો એક સાંઈ, લોક તે વાત કરિરી' કહીને, આ જીવનમાં આપણે કરવા જેવું શું છે તે સ્પષ્ટપણે બતાવી દે છે.

લોકને રાજી કરવાથી આત્મહિત સધાય એવો કોઈ નિયમ નથી, જ્યારે પરમાત્માને રીઝવવાથી–ભજવાથી આત્મહિત સધાય છે તે નક્કર હકીકત છે.

જો કે શ્રી જિનેશ્વરદેવ તો રાગ–દ્વેષથી પર હોય છે. તેમ છતાં તેમની આજ્ઞા અનુસાર ધર્મ–સાધના થાય છે, તો આત્મિક પ્રસન્નતા અનુભવવા મળે છે.

આત્માનુભૂતિનો સ્પષ્ટ અણુસાર પૂજ્યશ્રીએ અનેક સ્તવનોમાં આપ્યો છે.

કંજુસની કોથળીમાં રહેલા ધનની જેમ જીવતા જીવના દેહમાં આત્મા તો હોય છે, પણ એટલા માત્રથી આત્મ–સાર્થક્ય નથી સધાતું, દાનાદિ વડે ધનનું હોવાપણું સાર્થક થાય છે, તેમ દયા, સત્ય, સંયમ, ત્યાગ, મૈત્રી, કરુણા આદિ ગુણોના પાલન વડે સાચા આત્મવાન બનાય છે.

આત્માર્થીપણાનો દૃઢ સંસ્કાર પાડવામાં આ સ્તવનો અજોડ છે. કારણ કે તેના પદે–પદે પ્રભુ પ્રેમ એવો છલકાય છે કે, સાધકને સંસારની સેવા એક વેઠ જ લાગે. 'સાચી છે જિનભક્તિ', એવું સ્પષ્ટ ભાન થઈ જાય.

દેવ દુર્લભ માનવભવની ખરી મહાનતા સત્તા, સંપત્તિ આદિ મેળવવામાં નથી, પણ આત્માને પરમાત્માની ભક્તિમાં એકાકાર બનાવવામાં છે.

પરમાત્માની ભક્તિથી જ આત્મ–કલ્યાણ છે.

સર્વ કાળના સર્વ શ્રેષ્ઠ આત્માઓએ પરમાત્માને જીવન સોંપ્યાં છે, પણ સંસારને નથી સોંપ્યા.

માતાના ખોળે જે નિશ્ચિંતતા બાળક અનુભવે છે, એવી નિશ્ચિંતતા પ્રભુ–ભક્ત અનુભવતો હોય છે. જ્યારે સંસારના સેવકને હરહંમેશ અનેક ઉપાધિઓ પજવતી હોય છે. એટલે તેનું મન અસ્થિર રહે છે. અસ્થિર મન વડે સ્થિર આત્માનું અનુસંધાન શક્ય નથી.

મન, આત્મામાં આસન માંડવા માટે થનગની ઉઠે એવી ચુંબકીય અસર આ સ્તવનો ગાવા તેમજ તેના ઉપર ચિંતન કરવાથી થાય છે.

વીતરાગ પરમાત્માના ભક્તની ખરી ખુમારીનો સચોટ અનુભવ કરાવતાં આ સ્તવનો એ તો આપણી અણમોલ શ્રુત–સંપત્તિ છે.

સરાગીના સ્નેહને છોડીને વીતરાગતાને ભજવાની બુલંદ ઘોષણા આ સ્તવનોમાં છે. વીતરાગ જ જીવ માત્રના પરમ સ્નેહી છે એ સત્ય પણ આ સ્તવનોમાં ઝળહળી રહ્યું છે.

ભૂખ્યાને ઘેબર મળતાં જે હર્ષ થાય છે, તેવો હર્ષ આ સ્તવનો ભણતાં થાય એટલે માની લેવું કે આપણું ભાગ્ય સુધરી રહ્યું છે, આપણી આવતી કાલ અધિક ઉજ્જવળ છે.

લોકમાં નવધા ભક્તિ પ્રસિદ્ધ છે. સ્થળે સ્થળે આ ચોવીસીમાં તે પ્રકારો ઉપરાંત પણ ભક્તિ વિષયક હૃદય-સ્પર્શી બીજું પણ ઘણું ઘણું જાણવાનું મળે છે. પ્રભુ ભક્તે પ્રભુની સાથે કેવી રીતે પોકાર કરવો, કેવી રીતે હૃદય ખોલીને વાત કરવી, એની અનેક રીતિઓ આ ચોવીસીમાં છે.

સંસારના ત્રિવિધ તાપમાં શેકાતા જીવોને અમૃતના છંટકાવ સમાં આ સ્તવનોમાં વારંવાર ત્રિવિધે સ્નાન કરીશું તો આપણને આત્માનું સાન્નિધ્ય સાંપડશે અને દુન્યવી લાલસાઓ નાશ પામશે.

આવા સ્તવનો રચનારા પરમ પૂજ્યશ્રીને ઉત્પન્ન કરનારા શ્રી જિનશાસનને સાચા હીરાઓની ખાણ કહીને આપણે બેસી રહેવાનું નથી પણ સાચા હીરારૂપી આત્માને, પરમાત્માની ભકિત વડે અજવાળવાનો છે.

આત્માના પ્રદેશે પ્રદેશમાં પરમાત્મ–પ્રેમનો ઝંકાર પેદા કરનારાં આ સ્તવનોના રચયિતા ભગવંતને ત્રિવિધે–ત્રિવિધે પ્રણામ અને તેમને પકવનારા શ્રી જિન-શાસનને પુનઃ પુનઃ પ્રણામ.

પરમ કલ્યાણકારી જીવનના મહાગાનમાં મસ્ત બનીને આપણે સહુ પરમ કલ્યાણકર પદના ભાગી બનીએ એજ શુભાકાંક્ષા !

શ્રી નમિનાથ જૈન દેરાસર
C/o શ્રી ચંદ્રકાંત કાંતિલાલનો
બંગલો.
૧૧, નવરંગ કોલોની,
નવરંગપૂરા, અમદાવાદ–૯

પં. કુંદકુંદવિજય ગણી

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વિરચિત

# શ્રી જિન સ્તવન—ચોવીસી

## (૧) શ્રી ઋષભ જિન સ્તવન

[મહાવિદેહ ક્ષેત્ર સોહામણું—એ દેશી.]

જગ—જીવન જગ—વાલહો, મરુદેવીનો નંદ લાલ રે;
મુખ દીઠે સુખ ઉપજે, દર્શન અતિહી આનંદ લાલ રે. જગ૦ ૧
આંખડી અંબુજ—પાંખડી, અષ્ટમી શશી સમ ભાલ લાલ રે;
વદન તે શારદ ચંદલો; વાણી અતિહી રસાળ લાલ રે. જગ૦ ૨
લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલ રે;
રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલ રે. જગ૦ ૩
ઇંદ્ર ચંદ્ર રવિ ગિરિ તણા, ગુણ લઈ ઘડિયું અંગ લાલ રે;
ભાગ્ય કિહાંથકી આવિયું, અચરિજ એહ ઉત્તંગ લાલ રે. જગ૦ ૪
ગુણ સઘળા અંગે કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે;
વાચક જસવિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલ રે. જગ૦ ૫

---

## (૨) શ્રી અજિતનાથ જિન સ્તવન

[નિંદરડી વેરણ હુઈ રહી—એ દેશી.]

અજિત જિણંદશું પ્રીતડી, મુઝ ન ગમે હો બીજાનો સંગ કે;
માલતી ફૂલે મોહિયો, કેમ બેસે હો બાવળતરૂ ભૃંગ કે? અ૦ ૧
ગંગાજળમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાલ કે;
સરોવર જળધર જળ વિના, નવિ ચાહે હો જગ ચાતક બાળ કે. અ૦ ૨
કોકિલ કલ કૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે;
ઓછાં તરુવર નવી ગમે, ગિરુઆશું હો હોય ગુણનો પ્યાર કે. અ૦ ૩

કમલિની દિનકર કર ગ્રહે, વળી કુમુદિની હો ધરે ચંદ્રશું પ્રીત કે;
ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવી ચાહે હો કમલા નિજ ચિત્ત કે. અ૦ ૪

તિમ પ્રભુશું મુઝ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાય કે;
શ્રી નયવિજય વિબુધતણો, વાચક યશ હો નિત નિત ગુણ ગાય કે. અ૦ ૫

## (૩) શ્રી સંભવનાથ જિન સ્તવન

[મન મધુકર મોહી રહ્યો–એ દેશી]

સંભવ જિનવર વિનતિ, અવધારો ગુણ જ્ઞાતા રે;
ખામી નહિ મુઝ ખિજમતે, કદિએ હોશો ફલદાતા રે. સંભવ૦ ૧

કર જોડી ઉભો રહું, રાત દિવસ તુમ ધ્યાને રે;
જો મનમાં આણો નહિ, તો શું કહીએ થાને રે ? સંભવ૦ ૨

ખોટ ખજાને કો નહિ, દીજીએ વંછિત દાનો રે;
કરૂણા નજર પ્રભુજીતણી, વાધે સેવક વાનો રે. સંભવ૦ ૩

કાળ લબ્ધિ નહિ મતિ ગણો, ભાવિ લબ્ધિ તુજ હાથે રે;
લડથડતું પણ ગજ–બચ્ચું, ગાજે ગયવર સાથે રે. સંભવ૦ ૪

દેશો તો તુમહિ ભલું, બીજા તો નવી જાચું રે;
વાચક યશ કહે સાંઇશું, ફળશે એ મુજ સાચું રે. સંભવ૦ ૫

## (૪) શ્રી અભિનંદન જિન સ્તવન

દીઠી હો પ્રભુ ! દીઠી જગગુરુ તુજ,
મૂર્ત્તિ હો પ્રભુ ! મૂર્ત્તિ મોહન વેલડી જી;
મીઠી હો પ્રભુ ! મીઠી તાહરી વાણી,
લાગે હો પ્રભુ ! લાગે જેસી સેલડી જી. ૧

જાણું હો પ્રભુ ! જાણું જન્મ કયત્થ,
જો હું હો પ્રભુ ! જો હું તુમ સાથે મળ્યો જી;

સુરમણિ હો પ્રભુ ! સુરમણિ પામ્યો હત્થ,
આંગણે હો પ્રભુ ! આંગણે મુજ સુરતરુ ફળ્યો જી. 2

જાગ્યાં હો પ્રભુ ! જાગ્યાં પુન્ય અંકુર,
માગ્યાં હો પ્રભુ ! મુહ માગ્યાં પાશા ઢળ્યાં જી;
વુઠ્યા હો પ્રભુ ! વુઠ્યા અમીરસ મેહ,
નાઠા હો પ્રભુ ! નાઠા અશુભ શુભ દિન વળ્યા જી. 3

ભૂખ્યાં હો પ્રભુ ! ભૂખ્યાં મિલ્યાં ઘૃતપૂર,
તરસ્યાં હો પ્રભુ ! તરસ્યાં દિવ્ય ઉદક મિલ્યાં જી;
થાકયાં હો પ્રભુ ! થાકયાં મળ્યાં સુખપાલ,
ચાહતાં હો પ્રભુ ! ચાહતાં સજ્જન હેજે હળ્યાં જી. 4

દીવો હો પ્રભુ ! દીવો નિશા વન ગેહ,
સાખી હો પ્રભુ ! સાખી થળે જલ નૌ મળી જી;
કલિયુગે હો પ્રભુ ! કલિયુગે દુલહો તુજ,
દરિશન હો પ્રભુ ! દરિશન લહ્યું આશા ફળી જી 5

વાચક હો પ્રભુ ! વાચક યશ તુમ દાસ,
વિનવે હો પ્રભુ ! વિનવે અભિનંદન સુણો જી;
કહિએ હો પ્રભુ ! કહિએ મ દેશો છેહ,
દેજો હો પ્રભુ ! દેજો સુખ દરિશનતણો જી. 6

## (૫) શ્રી સુમતિનાથ જિન સ્તવન

[ઝાંઝરિયા મુનિવરની—એ દેશી]

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ;
તેલબિંદુ જેમ વિસ્તરેજી, જળમાંહે ભલી રીતિ;
સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ. સો૦૧

સજ્જનશું જે પ્રીતડી જી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તૂરી તણોજી, મહીમાંહે મહકાય. સો૦ ૨
આંગળીએ નવી મેરૂ ઢંકાએ, છાબડીએ રવિ-તેજ;
અંજલીમાં જેમ ગંગ ન માએ, મુજ મન તેમ પ્રભુ હેજ. સો૦ ૩
હુઓ છુપે નહિ અધર અરૂણ જિમ, ખાતાં પાન સુરંગ;
પીવત ભરભર પ્રભુ ગુણ પ્યાલા, તેમ મુજ પ્રેમ અભંગ. સો૦ ૪
ઢાંકી ઈક્ષુ પરાળશું જી, ન રહે લહી વિસ્તાર;
વાચક **યશ** કહે પ્રભુ તણોજી, તેમ મુજ પ્રેમ પ્રકાર. સો૦ ૫

---

## (૬) શ્રી પદ્મપ્રભ જિન સ્તવન

[સહજ સલુણા હો સાધુજી—એ દેશી]

પદ્મપ્રભ જિન જઈ અગળા રહ્યા, જિહાંથી નાવે લેખો જી;
કાગળ ને મસી તિહાં નવી સંપજે, ન ચલે વાટ વિશેષો જી.
સુગુણ સનેહા રે કદીય ન વિસરે. ૧
ઈહાંથી તિહાં જઈ કોઈ આવે નહિ, જેહ કહે સંદેશો જી;
જેહનું મળવું દોહિલું તેહશું, નેહ તે આપ કિલેશો જી. સુ૦ ૨
વીતરાગશું રે રાગ તે એકપખો, કીજે કવણ પ્રકારો જી;
ઘોડો દોડે રે સાહેબ વાજમાં, મન નાણે અસવારો જી. સુ૦ ૩
સાચી ભકિત રે ભાવના રસ કહ્યો, રસ હોય તિહાં દોય રીઝે જી;
હોડાહોડે રે બિહુ રસ રીઝથી, મનમાં મનોરથ સીઝે જી. સુ૦ ૪
પણ ગુણવંતા રે ગોઠે ગાજીએ, મોટા તે વિશ્રામ જી;
વાચક જસ કહે એહજ આશરે, સુખ લહું ઠામોઠામ જી. સુ૦ ૫

## (૭) શ્રી સુપાર્શ્વ જિન સ્તવન

[ લાછલદે માત મલાર— દેશી.]

શ્રી સુપાર્શ્વ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ;
આજ હો છાજે રે, ઠકુરાઈ પ્રભુ તુજ પદતણી જી. ૧
દિવ્યધ્વનિ સુરફૂલ, ચામર છત્ર અમૂલ;
આજ હો રાજે રે, ભામંડલ ગાજે દુંદુભિ જી. ૨
અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર;
આજ હો કીધા રે, ઓગણીશે સુરગણ ભાસુરે જી. ૩
વાણી ગુણ પાંત્રીશ, પ્રાતિહારજ જગદીશ;
આજ હો રાજે રે, દીવાજે છાજે આઠશું જી. ૪
+ સિંહાસન અશોક, બેઠા મોહે લોક;
આજ હો સ્વામી રે, શિવગામી વાચક યશ થુણ્યો જી. ૫

---

* આ સ્તવનની છેલ્લી ત્રણ ગાથા આ પ્રમાણે હોવી સંભવિત છે કારણ કે તો જ પ્રાતિહાર્યનો ક્રમ બરાબર જળવાય છે.

+ સિંહાસન અશોક, બેઠા મોહે લોક;
આજ હો રાજે રે, દીવાજે છાજે આઠશું જી. ૩
અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર;
આજ હો કીધા રે, ઓગણીશે સુરગણ ભાસુરે જી. ૪
વાણી ગુણ પાંત્રીશ, પ્રાતિહારજ જગદીશ;
આજ હો સ્વામી રે, શિવગામી વાચક યશ થુણ્યો જી. ૫

## (૮) શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન

[ પ્રાણુા ઢોલાની—એ દેશી. ]

ચંદ્રપ્રભ જિન સાહેબા રે, તુમે છો ચતુર સુજાણ, મનના માન્યા;
સેવા જાણો દાસની રે, દેશો પદ નિર્વાણ મનના૦
આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી;
ગુણગોઠે પ્રગટે પ્રેમ, મનના માન્યા. ૧

ઓછું અધિકું પણ કહે રે, આસંગાયત જેહ; મનના૦
આપે ફળ જે અણુ કહે રે, ગિરૂઆ સાહેબ તેહ. મનના૦ ૨

દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વાધે મામ; મનના૦
જળ દીએ ચાતક ખીજવી રે, મેઘ હુવો તિણે શ્યામ. મનના૦ ૩

પિયુ પિયુ કરી તુમને જપું રે, હું ચાતક તુમ મેહ; મનના૦
એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ. મનના૦ ૪

મોડું વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય ? મનના૦
વાચક **યશ** કહે જગધણી રે, તુમ તૂઠે સુખ થાય. મનના૦ ૫

---

## (૯) શ્રી સુવિધિનાથ જિન સ્તવન

લઘુ પણ હું તુમ મન નવી માવું રે, જગગુરુ તમને દિલમાં લાવું રે;
કુણને એ દીજે શાબાશી રે, કહો શ્રી સુવિધિ જિણંદ વિમાસી રે. ૧
મુજ મનઅણુ માંહે ભક્તિ છે ઝાઝી રે, તેહ દરીનો તું છે માઝી રે;
યોગી પણ જે વાત ન જાણે રે, તે અચરિજ કુણથી હુવો ટાણે રે. ૨
અથવા થિરમાં અથિર ન માવે રે, મોટો ગજ દર્પણમાં આવે રે;
જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે, તેહને દીજે એ શાબાશી રે. ૩

ઊર્ધ્વ મૂળ તરુઅર અધ શાખા રે, છંદ પુરાણે એવી છે ભાષા રે;
અચરિજવાળે અચરિજ કીધું રે, ભકતે સેવક કારજ સીધું રે. ૪
લાડ કરી જે બાળક બોલે રે, માતપિતા મન અમીયને તોલે રે;
શ્રી નયવિજય વિબુધનો શિષો રે, યશ કહે ઈમ જાણો જગદીશો રે. ૫

## (૧૦) શ્રી શીતળનાથ જિન સ્તવન

શ્રી શીતળ જિન ભેટીએ, કરી ભકતે ચોખ્ખું ચિત્ત હો;
તેહથી કહો છાનું કિશ્યું ? જેહને સોંપ્યા તન મન વિત્ત હો. શ્રી શી૦ ૧
દાયક નામે છે ઘણા, પણ તું સાયર તે કૂપ હો;
તે બહુ ખજવા તગતગે, તું દિનકર તેજ સ્વરૂપ હો. શ્રી શી૦ ૨
મોટો જાણી આદર્યો, દારિદ્ર ભાંજે જગતાત હો;
તું કરુણાવંત શિરોમણિ, હું કરૂણાપાત્ર વિખ્યાત હો. શ્રી શી૦ ૩
અંતરજામી સવી લહો, અમ મનની જે છે વાત હો;
મા આગળ મોસાળનાં, શ્યા વર્ણવવા અવદાત હો ? શ્રી શી૦ ૪
જાણો તો તાણો કિશું, સેવા ફળ દીજે દેવ હો;
વાચક યશ કહે ઢીલની, એ ન ગમે મુઝ મન ટેવ હો. શ્રી શી૦ ૫

## (૧૧) શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન

[ કર્મ ન છૂટે રે પ્રાણિયા—એ દેશી ]

તમે બહુમિત્રી રે સાહિબા, માહરે તો મન એક;
તુમ વિના બીજો રે નવિ ગમે, એ મુજ મોટી રે ટેક.
શ્રી શ્રેયાંસ કૃપા કરો. ૧
મન રાખો તુમે સવી તણા, પણ કિહાં એક મળી જાઓ;
લલચાવો લખ લોકને, સાથી સહજ ન થાઓ. શ્રી શ્રે૦ ૨

રાગ ભરે જન મન રહો, પણ તિહું કાળ વૈરાગ;
ચિત્ત તુમારા રે સમુદ્રનો, કોઈ ન પામે રે તાગ. શ્રી શ્રે૦ ૩

એહવાશું ચિત્ત મેળવ્યું, કેળવ્યું પહેલાં ન કાંઈ;
સેવક નિપટ અબુઝ છે, નિરવહેશો તુમ સાંઈ. શ્રી શ્રે૦ ૪

નિરાગીશું રે કિમ મિલે, પણ મળવાનો એકાંત;
વાચક યશ કહે મુઝ મિલ્યો, ભક્તિ એ કામણતંત. શ્રી શ્રે૦ ૫

---

## (૧૨) શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

[ મોતીડાની—દેશી ]

સ્વામી ! તુમે કાંઈ કામણ કીધું,
ચિત્તડું અમારૂં ચોરી લીધું;
સાહેબા વાસુપૂજ્ય જિણંદા,
મોહના વાસુપૂજ્ય જિણંદા.
અમે પણ તુમશું કામણ કરશું,
ભક્તે ગ્રહી મન ઘરમાં ધરશું. સાહેબા૦ ૧

મન ઘરમાં ધરિયા ઘર શોભા,
દેખત નિત્ય રહેશો સ્થિર થોભા;
મન વૈકુંઠ અકુંઠિત ભક્તે,
યોગી ભાખે અનુભવ યુક્તે. સાહેબા૦ ૨

ક્લેશે વાસિત મન સંસાર,
ક્લેશ રહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા,
પ્રભુ તો અમે નવનિધિ ઋદ્ધિ પામ્યા. સાહેબા૦ ૩

સાત રાજ અળગા જઈ બેઠા, (૪૬)
પણ ભગતે અમ મનમાં હે પેઠા;
અળગાને વળગ્યા જે રહેવું,
તે ભાણા ખડખડ દુઃખ સહેવું. સાહેબા૦ ૪
ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે,
ભેદ છેદ કરશું હવે ટેકે;
ખીર નીર પરે તુમશું મિલશું,
વાચક યશ કહે હેજે હલશું. સાહેબા૦ ૫

---

## (૧૩) શ્રી વિમળનાથ જિન સ્તવન

સેવો ભવિયા ! વિમળ જિનેશ્વર, દુલ્લહા સજ્જન સંગા જી;
એહવા પ્રભુનું દરિશન લેવું, તે આળસમાં ગંગા જી. સેવો૦ ૧
અવસર પામી આળસ કરશે, તે મૂરખમાં પહેલો જી;
ભૂખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલો જી. સેવો૦ ૨
ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડે જી;
વિકટ ગ્રંથિ જે પોળ પોળિયો, કર્મવિવર ઉઘાડે જી. સેવો૦ ૩
તત્ત્વ પ્રીતિકર પાણી પાયે, વિમલા લોકે આંજી જી;
લોયણગુરુ પરમાન્ન દીએ તવ, ભ્રમ નાખે સવી ભાંજી જી. સેવો૦ ૪
ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરું મન ખોલી જી;
સરળતણે જે હૈડે આવે, તેહ જણાવે બોલી જી. સેવો૦ ૫
શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચક યશ કહે સાચું જી;
કોડી કપટ જો કોઈ દિખાવે, તોહિ પ્રભુ વિણ નવી રાચું જી. સેવો૦ ૬

---

## (१४) श्री अनंतनाथ जिन स्तवन

[ साहेलडीआं—ए देशी. ]

શ્રી અનંત જિનશું કરો સાહેલડિયાં,
ચોળમજીઠનો રંગ રે, ગુણ વેલડિયાં;
સાચો રંગ તે ધર્મનો, સા૦ બીજો રંગ પતંગ રે. ગુણ૦ ૧

ધર્મ રંગ જીરણ નહિં, સા૦ દેહ તે જીરણ થાય રે; ગુણ૦
સોનું તે વિણસે નહિં, સા૦ ઘાટ ઘડામણ જાય રે. ગુણ૦ ૨

ત્રાંબું જે રસ વેધિયું, સા૦ તે હોય જાચું હેમ રે; ગુણ૦
ફરી તાંબું તે નવિ હુવે, સા૦ એવો જગગુરુ પ્રેમ રે. ગુણ૦ ૩

ઉત્તમ ગુણ અનુરાગથી, સા૦ લહીએ ઉત્તમ ઠામ રે; ગુણ૦
ઉત્તમ નિજ મહિમા વધે, સા૦ દીપે ઉત્તમ ધામ રે. ગુણ૦ ૪

ઉદકબિંદુ સાયર ભળ્યો, સા૦ જેમ હોય અક્ષય અભંગ રે; ગુણ૦
વાચક યશ કહે પ્રભુ ગુણે, સા૦ તિમ મુઝ પ્રેમ પ્રસંગ રે. ગુણ૦ ૫

---

## (૧૫) શ્રી ધર્મનાથ જિન સ્તવન

થાશું પ્રેમ બન્યો છે રાજ, નિરવહશો તો લેખે;
મેં રાગી થેં છો નીરાગી, અણજુગતે હોય હાંસી;
એકપખો જે નેહ નિર્વહવો, તે માંકી શાબાશી. થાશું૦ ૧

નિરાગી સેવે કાંઈ હોવે, એમ મનમાં નવી આણું;
ફળે અચેતન પણ જેમ સુરમણિ, તિમ તુમ ભક્તિ પ્રમાણું. થાશું૦ ૨

ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મીટાવે;
સેવકનાં તેમ દુઃખ ગમાવે, પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે. થાશું૦ ૩

વ્યસન ઉદય જે જલધિ અનુહરે, શશીને તેહ સંબંધે;
અણુસંબંધે કુમુદ અનુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે. થાશું૦ ૪
દેવ અનેરા તુમથી છોટા, થે જગમાં અધિકેરા;
યશ કહે ધર્મ જિનેશ્વર થાશું, દિલ માન્યા હે મેરા. થાશું૦ ૫

---

## (૧૬) શ્રી શાંતિનાથ જિન સ્તવન

[ શ્રી જયાનંદ કુમાર–એ દેશી ]

ધન દિન વેળા ધન ઘડી તેહ,
અચિરારો નંદન જિન જદિ ભેટશું જી;
લહીશું રે સુખ દેખી મુખ ચંદ,
વિરહ–વ્યથાના દુઃખ સવી મેટશું જી. ૧
જાણ્યો રે જેણે તુજ ગુણ લેશ,
બીજા રે રસ તેહને મન નવી ગમે જી;
ચાખ્યો રે જેણે અમી લવલેશ,
બાકસ બુકસ તસ ન રુચે કિમે જી. ૨
તુજ સમક્તિ રસ સ્વાદનો જાણ,
પાપ કુભકતે બહુ દિન સેવિયું જી;
સેવે જો કર્મને યોગે તોહિ,
વાંછે તે સમકિત અમૃત ધુરે લિખ્યું જી. ૩
તાહરું ધ્યાન તે સમક્તિ રૂપ,
તેહીજ જ્ઞાન ને ચારિત્ર તેહ છે જી;
તેહથી જાયે સઘળાં હો પાપ,
ધ્યાતા ધ્યેય સ્વરૂપ હોએ પછે જી. ૪

દેખી રે અદ્ભુત તાહરૂં રૂપ,
અચરિજ ભવિક અરૂપી પદ વરે જી;
તાહરી ગત તું જાણે હો દેવ,
સમરણ ભજન તે વાચક યશ કરે જી. ૫

---

## (૧૭) શ્રી કુંથુનાથ જિન સ્તવન

[ સાહેલા હે એ દેશી ]

સાહેલાં હે કુંથુ જિનેશ્વર દેવ, રત્ન દીપક અતિ દીપતો હો લાલ;
સાહેલાં હે મુજ મનમંદિર માંહે, આવે જો અરિબલ જીપતો હો૦ ૧

સાહેલાં હે મિટે તો મોહ અંધાર, અનુભવ તેજે જલહલે હો૦
સાહેલાં હે ધૂમ કષાય ન રેખ, ચરણ ચિત્રામણ નવી ચળે હો૦ ૨

સાહેલાં હે પાત્ર કરે નહિં હેઠ, સૂરજ તેજે નવી છીપે હો૦
સાહેલાં હે સર્વ તેજનું તેજ, પહેલાંથી વાધે પછે હો૦ ૩

સાહેલાં હે જેહ ન સમીરને ગમ્ય, ચંચળતા જે નવી લહે હો૦
સાહેલાં હે જેહ સદા છે રમ્ય, પૃષ્ટ ગુણે નવી કૃશ રહે હો૦ ૪

સાહેલાં હે પુદ્ગલ તેલ ન ખેય, જેહ ન શુદ્ધ દશા દહે હો૦
સાહેલાં હે શ્રી નયવિજય સુશિષ્ય. વાચક યશ ઈણિપરે કહે હો૦ ૫

---

## (૧૮) શ્રી અરનાથ જિન સ્તવન

[આસણરા યોગી—એ દેશી]

શ્રીઅરજિન ભવજળનો તારૂ, મુજમન લાગે વારૂ રે;
મનમોહનસ્વામી.
બાંહ્ય ગ્રહી ભવિજનને તારે, આણે શિવપુર આરે રે. મન૦ ૧

તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માને રે; મન૦
પણ નવી ભય મુજ હાથોહાથે, તારે તે છે સાથે રે. મન૦ ૨

ભક્તને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફલ દેઈ રે; મન૦
કાયા કષ્ટ વિના ફળ લઈએ, મનમાં ધ્યાન ધરેઈ રે. મન૦ ૩
જે ઉપાય બહુવિધની રચના, યોગમાયા તે જાણો રે; મન૦
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દીએ પ્રભુ સપરાણો રે. મન૦ ૪
પ્રભુપદ વલગ્યા તે રહ્યા તાજા, અલગા અંગ ન સાજા રે; મન૦
વાચક યશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે. મન૦ ૫

## (૧૯) શ્રી મલ્લિનાથ જિન સ્તવન

[નાભિરાયા કે બાગ—એ દેશી]

તુઝ મુજ રીઝની રીઝ, અટપટ એહ ખરી રી;
લટપટ નાવે કામ, ખટપટ ભાંજ પરી રી. ૧
મલ્લિનાથ ! તુજ રીઝ, જન રીઝે ન હુવે રી;
દોય રીઝણનો ઉપાય, સામું કાં ન જુવે રી ? ૨
દુરારાધ્ય છે લોક, સહુને સમ ન શશી રી;
એક દુહવાએ ગાઢ, એક જો બોલે હસી રી. ૩
લોક લોકોત્તર વાત, રીઝ છે દોય જુઈ રી;
તાત ચક્ર ધુર પૂજ્ય, ચિંતા એહ હુઈ રી. ૪
રીઝવવો એક સાંઈ, લોક તે વાત કરે રી;
શ્રી નયવિજય સુશિષ્ય, એહી જ ચિત્ત ધરે રી. ૫

## (૨૦) શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

[પાંડવ પાંચે વંદતાં—એ દેશી]

મુનિસુવ્રત જિન વંદતાં અતિ ઉલ્લસિત તન મન થાય રે;
વદન અનોપમ નિરખતાં, મારા ભવભવનાં દુઃખ જાય રે; મારાં૦
જગતગુરુ જાગતો સુખકંદ રે, સુખકંદ અમંદ આનંદ,
પરમ ગુરુ દીપતો સુખકંદ રે. જગ૦ ૧

નિશદિન સૂતાં જાગતાં, હઈડાથી ન રહે દૂર રે;
જબ ઉપગાર સંભારીએ, તબ ઉપજે આનંદ પૂર રે. જગ૦ ૨

પ્રભુ ઉપગાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન સમાય રે;
ગુણ ગણ અનુબંધી હુવા, તે તો અક્ષય ભાવ કહાય રે. જગ૦ ૩

અક્ષયપદ દીએ પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ રૂપ રે;
અક્ષર સ્વર ગોચર નહિ, એ તો અકળ અમાય અરૂપ રે; જગ૦ ૪

અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લિખાય રે;
વાચક યશ કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે. જગ૦ ૫

## (૨૧) શ્રી નમિનાથ જિન સ્તવન

[હું તુમ સાથે નહિ બોલું ઋષભજી—એ દેશી]

શ્રી નમિજિનની સેવા કરતાં, અલિયવિઘન સવી દૂરે નાસે જી;
અષ્ટમહાસિદ્ધિ નવનિધિલીલા, આવે બહુ મહમુર પાસે જી. શ્રી૦૧

મયમત્તા આંગણ ગજ ગાજે, રાજે તેજી તુખાર તે ચંગા જી;
બેટા બેટી બાંધવ જોડી, લહીએ બહુ અધિકાર રંગા જી. શ્રી૦૨

વલ્લભસંગમ રંગ લહીજે, અણવહાલા હોય દૂર સહેજે જી;
વાંછાતણો વિલંબ ન દૂજો, કારજ સીઝે ભૂરિ સહેજે જી. શ્રી૦૩

ચંદ્ર કિરણ યશ ઉજ્જવળ ઉલ્લસે, સૂર્ય તુલ્ય પ્રતાપી દીપે જી;
જે પ્રભુભક્તિ કરે નિત વિનયે, તે અરિયણ બહુ પ્રતાપી જીપે જી. શ્રી૦૪

મંગળમાળા લચ્છી વિશાળા, બાળા બહુલે પ્રેમ રંગે જી;
શ્રી નયવિજય વિબુધ પય સેવક, કહે લહીએ પ્રેમસુખ અંગે જી. શ્રી૦૫

## (૨૨) શ્રી નેમીનાથ જિન સ્તવન

[કાચી કળી અનારકી રે હાં–એ દેશી]

તોરણથી રથ ફેરી ગયા રે હાં, પશુઆં દેઈ શિર દોષ મેરે વાલમા;
નવ ભવ નેહ નિવારિયો રે હાં, સ્યો જોઈ આવ્યા જોશ ? મેરે૦ ૧
ચંદ્ર કલંકી જેહથી રે હાં, રામ ને સીતા વિયોગ; મેરે૦
તેહ કુરંગને વયણડે રે હાં, પતિ આવે કુણ લોગ ? મેરે૦ ૨
ઉતારી હું ચિત્તથી રે હાં, મુક્તિ ધૂતારી હેત; મેરે૦
સિદ્ધ અનંતે ભોગવી રે હાં, તેહ શું કવણ સંકેત ? મેરે૦ ૩
પ્રીત કરંતા સોહલી રે હાં, નિરવહતાં જંજાળ; મેરે૦
જેહવો વ્યાલ ખેલાવવો રે હાં, જેહવી અગનની જાળ. મેરે૦ ૪
જો વિવાહ અવસર દીઓ રે હાં, હાથ ઉપર નવિ હાથ; મેરે૦
દીક્ષા અવસર દીજીએ રે હાં, શિર ઉપર જગનાથ. મેરે૦ ૫
એમ વિલવતી રાજુલ ગઈ રે હાં, નેમિ કને વ્રત લીધ; મેરે૦
વાચક યશ કહે પ્રણમીએ રે હાં, એ દંપતી દોય સિદ્ધ. મેરે૦ ૬

---

## (૨૩) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

[રાગ મલ્હાર]

વામાનંદન જિનવર, મુનિવરમાં વડો રે કે મુનિવરમાં વડો;
જિમ સુરમાંહે સોહે, સુરપતિ પરવડો રે કે, સુર૦
જિમ ગિરિમાંહે સુરાચળ, મૃગમાંહે કેશરી રે કે, મૃગ૦
જિમ ચંદન તરુમાંહે સુભટમાંહે મુરારિ રે કે. સુભટ૦ ૧

નદીયાં માહિં જેમ ગંગ, અનંગ સુરૂપમાં રે કે, અનંગ૦
ફૂલમાંહે અરવિંદ, ભરતપતિ ભૂપમાં રે કે; ભરત૦
ઐરાવણ ગજમાંહે, ગરૂડ ખગમાં યથા રે કે, ગરૂડ૦
તેજવંતમાંહે ભાણ, વખાણમાંહિં જિન કથા રે કે. વખા૦ ૨

મંત્રમાંહે નવકાર, રતન માંહે સુરમણિ રે કે, રતન૦
સાગરમાંહે સ્વયંભૂ—રમણ—શિરોમણિ રે કે; રમણ૦
શુક્લ ધ્યાન જિમ ધ્યાનમાં, અતિ નિર્મળપણે રે કે, અતિ૦
શ્રી નયવિજય વિબુધપય-સેવક ઇમ ભણે રે કે. સેવક૦ ૩

---

## (૨૪) શ્રી મહાવીર જિન સ્તવન

[શ્રી જયાનંદજી સાંભળો—એ દેશી.]

ગિરૂઆ રે ગુણ તુમતણા, શ્રી વર્દ્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મળ થાયે કાયા રે. ગિરૂઆ૦ ૧

તુમ ગુણ ગણ ગંગાજળે, હું ઝીલી નિર્મળ થાઉં રે;
અવર ન ધંધો આદરૂં, નિશદિન તોરા ગુણ ગાઉં રે. ગિરૂઆ ૦૨

ઝીલ્યા જે ગંગાજળે, તે છિલ્લર જળ નવિ પેસે રે?
માલતી ફૂલે મોહિયા, તે બાઉલ જઈ નવી બેસે રે. ગિરૂઆ૦ ૩

એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે;
તે કેમ પરસુર આદરે, જે પરનારી વશ રાચ્યા રે. ગિરૂઆ૦ ૪

તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
વાચક યશ કહે માહરે, તું જીવ જીવન આધારો રે. ગિરૂઆ૦ ૫

